# ગુજરાતી આધ્યાત્મિક દર્શન

સંકલનઃ વિનોદભાઇ માછી (નિરંકારી)

- મનનો નિરોધ કરવાનો ઉપાય
- પુણ્ય કાર્યને કાલ ઉપર ના છોડવું...
- ગુરૂપૂર્ણિમાનો મહિમા
- અનુપમ માર્ગદર્શકઃ સદગુરૂ..
- અવધૂત ગુરૂ દત્તાત્રેય અને તેમના ૨૪ ગુરૂઓ
- દુઃખ નિવારણનો ઉપાયઃ સદગુરૂની શરણાગતિ
- સદગુરૂના ચરણોની મહિમા
- ગુરૂ વચનામૃત
- સંગતિનું ફળઃમહર્ષિ સૌભરીનું જીવન ચરીત્ર
- દેવર્ષિ નારદ ભક્તિ સૂત્ર
- ભવબંધન મુક્ત સમદ્દષ્ટા સંતોના લક્ષણો
- મામેકં શરણં વ્રજ
- ગુરૂ વચનામૃત
- જ્ઞાન કર્મમાં આવી જાય તો જીવનનો શૃંગાર બને
- અષ્ટાવક્ર મુનિનું જીવન ચરીત્ર તથા  જનક અષ્ટાવક્ર સંવાદ
- માનવજીવનની સાર્થકતા
- માનવ જીવનમાં તમામ સમસ્યાઓનું કારણ મન છે..!
- રામચરીત માનસ અનુસાર  મોહ સકલ વ્યાધિહ્ન કર મૂલા
- નમસ્કાર એક સુંદર પ્રક્રિયા છે
- પ્રભુ નામ સુમિરણનો મહિમા
- તુલસીદાસનાં પત્ની રત્નાવલીએ સ્ત્રીઓને આપેલ ઉપદેશ
- વિષયો વિપત્તિનું ઘર છે
- અનમોલ મનુષ્ય જીવનનો ઉદ્દેશ્યઃ પ્રભુદર્શન
- સુખની પ્રાપ્તિના ઉપાય
- ઇન્દ્રિય સંયમ જ મોક્ષનું દ્વાર છે
- ઇશ્ર્વર અંશ જીવ અવિનાશી
- કલ્યાણ પ્રાપ્તિનો સરળ ઉપાય
- જેવું અન્ન તેવું મન
- આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઃ    ભાગ-૧
- આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઃ    ભાગ-૨
- ધર્મનું કામ જોડવાનું છે,તોડવાનું નહીં
- શ્રીમદ્ ભગવદ્ ગીતા અનુસાર પ્રભુ પ્રિય ભક્તોનાં લક્ષણો
- યુધિષ્ઠિર અને સર્પ સંવાદ
- રામાયણમાં વર્ણવેલ જીવન ઉપયોગી વાતો
- રાવણની વેર ભક્તિ

- ❖ અખાત્રીજ-અક્ષયતૃતિયાનું આધ્યાત્મિક દર્શન
- ❖ વૈભવમાં નહી,ઇશ્વર કૃપાથી જ આનંદની પ્રાપ્તિ સંભવ
- ❖ શૌનકજીનો ધર્મરાજા યુધિષ્ઠિરને ઉપદેશ
- ❖ સફળ જીવન જીવવા માટેનાં નીતિસૂત્રો
- ❖ શ્રીમદ્ ભગવદગીતા અનુસાર  ગુણાતીત મહાપુરૂષોનાં લક્ષણો
- ❖ સાચી ભક્તિ
- ❖ નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મ પરમાત્માનું જ્ઞાન
- ❖ પ્રભુને પામવા આવો કેટલાક સંકલ્પો કરીએ
- ❖ રામાયણમાં વર્ણવેલ જીવન ઉપયોગી વાતો
- ❖ હનુમાન ચરિત્ર.....રામ દુઆરે તુમ રખવારે
- ❖ આવો કેટલીક રામચરીત માનસમાંની ચોપાઇઓ તરફ નજર નાખીએ
- ❖ આ જગતમાં ચૌદ પ્રકારના મનુષ્યો..જોવા મળે છે
- ❖ મણિરત્નમાળા
- ❖ મનુષ્ય ન ઇચ્છતો હોવા છતાં પાપનું આચરણ કેમ કરે છે ?
- ❖ આદિ ગુરૂ શંકરાચાર્યજીની સંસારને ચેતવણી
- ❖ સુવિચાર


.......................................................................................................................................

## મનનો નિરોધ કરવાનો ઉપાય

એક બોધ કથા છે કેઃએક વ્યક્તિ રૂમમાં બેસીને દિવાલ ઉપર લટકાવેલ ઘડીયાળમાંથી નિરંતર આવતો ટક ટક અવાજ અવાજ સાંભળી રહ્યો હતો,એટલામાં ફળીયામાંથી જ જોરશોરથી બેન્ડ વાજાંનો અવાજ કાને પડ્યો.જેથી તેમની ઘડીયાળની ટક ટક સંભળાવવાની બંધ થઇ ગઇ.ભયભીત થઇને તેમને નોકરને બોલાવીને પૂછ્યું કેઃઆ ઘડીયાળની ટક ટક સંભળાતી બંધ કેમ થઇ ગઇ છે? તપાસ કરો કે તે ચાલુ છે કે બંધ પડી ગઇ છે? નોકરે ધ્યાનથી ઘડીયાળ તરફ જોઇને કહ્યું કેઃ ઘડીયાળ તો ચાલુ છે પરંતુ બહાર ઘણો જ ઘોઘાટ હોવાથી ઘડીયાળની ટક ટક તમોને સંભળાતી નથી.

આ બોધકથામાંનું રૂમ એ આપણું મન  છે, તેની અંદર પરમાત્માની ધ્વનિ નિરંતર ચાલુ જ છે,પરંતુ તે ધ્વનિને બહારની ઇચ્છાઓ અને વાસનાઓના વાજાંના અવાજે દબાવી દીધી છે.અંદરનાં પટ ત્યારે જ ખુલે છે કે જ્યારે બહારના પટ બંધ થાય છે.બહારના પટનો અર્થ છેઃ વિષયોનો પરીત્યાગ,ઇચ્છા રહિત જીવન કે જે સહજમાં પ્રાપ્ત થતું નથી,કારણ કે,આ ઇચ્છાઓનો સબંધ અનેક વાસનાઓની સાથે છે.આ વાસનાઓ જ કર્મનું મૂળ છે.

ઉપનિષદ કહે છે કેઃ  !! જન્માન્તરશતાભ્યસ્તા મિથ્યાસંસારવાસના !!
!! સા ચિર અભ્યાસયોગેન વિના ન ક્ષિયતે કશ્ચિત !!

અનેક જન્મોની અધૂરી રહેલી આ સંસારની મિથ્યા વાસનાઓ લાંબા સમયના અભ્યાસ વિના ક્ષીણ થતી નથી અને જ્યાંસુધી વાસનાઓ છે ત્યાંસુધી કર્મ ચાલુ રહે છે.કર્મોને સમાપ્ત કરવાં હોય તો વાસનાને મારવી પડે છે અને તે ભગવાનનું નામ લેવાથી જ મરે છે.તેથી જ સુકરાત ભગવાનને પ્રાર્થના કરે છે કેઃ હું

અંદરથી ખુબસુરત બનું. અંદરથી ખુબસુરત બનવાનો અર્થ છે કે-મનને નિર્વિષય બનાવવું તથા શમ-વિચાર-સંતોષ અને સત્સંગ- આ ચારનું પ્રયત્નપૂર્વક સેવન કરવું.આ ચાર મોક્ષના દ્વારપાળ છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન કહે છે કેઃ

જેમ બધી બાજુંથી ભરપુર,અચળ,પ્રતિષ્ઠાવાળા સમુદ્રમાં અનેક નદીઓના પાણી તેને વિચલિત કર્યા વિના જ સમાઇ જાય છે તે જ પ્રમાણે સર્વ ભોગો જે સ્થિતપ્રજ્ઞ પુરૂષમાં કોઇપણ પ્રકારનો વિકાર ઉત્પન્ન કર્યા વિના જ સમાઇ જાય છે તે જ પુરૂષ પરમ શાંતિને પામે છે. (ગીતાઃ૨/૭૦)

માનવીની તમામ એષણાઓ આત્મકામ આત્મસ્વરૂપમાં વિલિન થઇ જાય છે ત્યારે જ પરમ શાંતિની પ્રાપ્તિ થાય છે.

અમે સંસારમાં રહીએ પરંતુ સંસાર અમારા મનમાં ના રહે તેવો પ્રયત્ન કરવો જોઇએ.

!! મન એવમ્ મનુષ્યાણાંમ્ કારણ બંધ મોક્ષયો !! મન જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે.વિષયાસક્ત મન બધ્ધ અને નિર્વિષય મન જ મુક્ત માનવામાં આવે છે.

શંકરાચાર્યજી કહે છે કેઃ જેને મનને જીતી લીધું છે તેને જગતને જીતી લીધું.મનનો પૂર્ણ નિરોધ કરવામાં વિષયવિહિન મન જ સમર્થ હોય છે.મનની શક્તિ વિશ્રામ નહી,પરંતુ અભ્યાસ છે.જેવી રીતે પ્રાતઃકાળ સૂર્યોદય થતાં જ અધકાર દૂર થઇ જાય છે,તેવી જ રીતે મનની પ્રસન્નતાથી તમામ બાધાઓ શાંત થઇ જાય છે.

મનના બે પ્રકારના દોષ માનવામાં આવે છેઃ સ્થાઇ અને આવેગ જન્ય..

લોભ-મોહ-આસક્તિ અને માન મેળવવાની ઇચ્છા એ સ્થાઇ દોષ છે.તે નિરંતર મનમાં રહેલા હોય છે.વિવેક-વૈરાગ્ય અને સત્સંગના દ્વારા તેને દૂર કરી શકાય છે.

કામ અને ક્રોધ આવેગજન્ય દોષ છે.રોગમાં તથા વૃધ્ધાવસ્થામાં કામવેગ સમાપ્ત થઇ જાય છે.જ્યાં ભય હોય ત્યાં ક્રોધ આવતો નથી.કામ અને ક્રોધ ક્યારે ઉત્પન્ન થઇ જાય તેની ખબર પડતી નથી.આવી ગયા પછી જો બુધ્ધિથી સાવધાની રાખીએ તો તેને દબાવવાનો પ્રયત્ન કરી શકાય છે.કામ-ક્રોધને આવવા જ ના દેવાય તેવી અગાઉથી કોઇ વ્યવસ્થા કરવી સંભવ નથી.આપણે જો સ્થાઇ દોષો ઉપર વધુ ધ્યાન આપીએ તો તેનું ઉન્મૂલન કરી દઇએ તો આવેગજન્ય દોષો આપણું કશું જ બગાડી શકતા નથી.

વિદૂરજીએ કહ્યું છે કેઃ !! મમત્વં પરમં દુઃખમ..!! મમતા એ જ સૌથી મોટું દુઃખ છે. મહાભારતમાં મમતાનો સર્વથા ત્યાગ કરવાનું કહ્યું છે. !! ત્યક્તોવ્યો મમકારઃ !! સાથે સાથે એવું કહ્યું છે કેઃ જો મમતા કરવી જ હોય તો તેને વ્યાપક બનાવો કે જેનાથી....

!! સિયારામમય સબ જગ જાની,કરઉં પ્રણામ જોરિ જુગ પાની !!

સંત નિરંકારી મિશનના પ્રસિધ્ધ ગ્રંથ અવતારવાણી-માં કહ્યું છે કેઃ

પૂત્ર-પત્નીની આશા ના રાખો, ના કોઇ કર્મ કમાણી પર,
રમતા રામનો રાખો ભરોસો, આ જગનો ના જરા વિશ્વાસ..
રાખ અવતાર ગુરૂ પર આશા, કણ કણમાં છે જેનો વાસ,
સમજી પ્રભુને હર ઘટ અંદર,સૌ માનવથી પ્રેમ કરો,
સમજી પ્રભુને હર ઘટ અંદર,આદર ને સત્કાર કરો,
ગુણ એ કેવળ એકના ગાયે, એક તણો આધાર ધરે..... અવતારવાણીઃ૨૨૮

श्रीमद् ભગવદ્ ગીતામાં ભગવાન કહે છે કેઃ

જે અનન્ય પ્રેમી ભક્તજનો મુજ પરમેશ્વરને નિરંતર ચિંતન કરતાં નિષ્કામભાવે ભજે છે, એ નિરંતર મારૂં ચિંતન કરનારા ભક્તોના યોગક્ષેમનું હું પોતે વહન કરૂં છું..

...............................................................................................................................

## પુણ્ય કાર્યને કાલ ઉપર ના છોડવું...

ધર્મરાજા યુધિષ્ઠિર પાસે એક બ્રાહ્મણ યાચના કરવા માટે આવ્યા.મહારાજ યુધિષ્ઠિર તે સમયે રાજ્યના કાર્યમાં અત્યંત વ્યસ્ત હતા.તેમને નમ્રતાપૂર્વક બ્રાહ્મણને કહ્યું કેઃભગવન ! આપ આવતી કાલે પધારજો.આપશ્રીને ઇચ્છિત વસ્તુ પ્રદાન કરવામાં આવશે.બ્રાહ્મણ તો ચાલ્યા ગયા, પરંતુ આ સાંભળીને ભીમસેન રાજસભાના દ્વાર ઉપર રાખવામાં આવેલ દુન્દુભિ વગાડવા લાગ્યા અને સેવકોને પણ મંગલ વાદ્ય વગાડવા માટે આજ્ઞા કરી.કસમયે મંગલ વાદ્ય વાગવાનો અવાજ સાંભળીને ધર્મરાજાએ પુછ્યું કેઃ આજે આ સમયે મંગલ વાદ્ય કેમ વગાડવામાં આવે રહ્યાં છે ? સેવકોએ તપાસ કહ્યું કેઃ ભીમસેનજીએ મંગલ-વાદ્ય વગાડવાની આજ્ઞા આપી છે અને તે પોતે પણ દુન્દુભિ વગાડી રહ્યા છે. ભીમસેનજીને બોલાવવામાં આવ્યા તો તેમને કહ્યું કેઃ મહારાજ યુધિષ્ઠિરે કાળને જીતી લીધો છે, આનાથી મંગળ અવસર બીજો કયો હોય ! યુધિષ્ઠિરએ આશ્ચર્યચક્તિ થઇને પૂછ્યું કેઃ મેં કાળને કેવી રીતે જીતી લીધો ? ભીમસેને સ્પષ્ટતા કરતાં કહ્યું કેઃ મહારાજ ! સમગ્ર વિશ્વ જાણે છે કેઃ આપ હંસી મઝાકમાં પણ જૂઠી વાત બોલતા નથી.આપશ્રીએ યાચક બ્રાહ્મણને ઇચ્છિત દાન આવતી કાલે આપવાનું કહ્યું છે, તેથી ઓછામાં ઓછું કાલ સુધી તો આપશ્રીનો કાળ ઉપર અધિકાર રહેવાનો જ છે. તે સમયે જ યુધિષ્ઠિરએ પોતાની ભૂલનું ભાન થયું. યુધિષ્ઠિરએ કહ્યું કેઃ ભીમસેનભાઇ.. તમે મને આજે સાવધાન કરી દીધો.પુણ્ય કાર્ય તત્કાલ કરવું જોઇએ તેને કાલ ઉપર ટાળી દેવું એ ભુલ છે તે યાચક બ્રાહ્મણ દેવતાને હમણાં જ બોલાવી તેમને ઇચ્છિત દાન આપીએ.

વિદ્વાનોએ આ શરીરને પાણીના પરપોટા જેવું ક્ષણભંગુર તેમજ નાશવાન બતાવ્યું છે.એક ક્ષણ પછી આ જીવન રહેશે કે કેમ ? તેનું કોઇ પ્રમાણ નથી, એટલે કેઃતમામ પ્રાણીઓનું જીવન પ્રતિક્ષણ વિનાશની તરફ જઇ રહ્યું છે, એટલે મનુષ્યએ નિરંતર પ્રભુ પરમાત્માનું જ ચિંતન કરવું.ધર્મકાર્ય-સત્કાર્યને કાલ ઉપર કયારેય ના છોડવું.કાલે કરવાનું કામ આજે જ કરી નાખવું, કારણ કેઃ મૃત્યુ એ નથી જોતું કે તેનું કામ હજુ પુરૂં થયેલ નથી.માનવ ભાવિ આયોજનો કરતો રહે છે અને મૌત તેને લઇને ચાલ્યું જાય છે.મન અત્યંત ચંચળ છે.આ ક્ષણે તે જે વિચાર કરે છે, બીજી જ ક્ષણે તે બદલાઇ જાય છે, એટલે જે ક્ષણે સારો વિચાર આવે તેને તે જ ક્ષણે કાર્યરુપ આપી સંપન્ન કરવાનો યથાશક્તિ પ્રયત્ન કરવો જોઇએ.

મનની ચંચળતા અને જીવનની ક્ષણભંગુરતા સમજીને સત્સંકલ્પને તત્કાળ જ પૂરો કરી દેવો,કારણ કેઃ કાલનો કોઇ ભરોસો નથી.મૃત્યુની સાથે જેને મિત્રતા કરી લીધી છે અને જેને અમૃતપાન કરીને અમરતા પ્રાપ્ત કરી લીધી છે તે જ કહી શકે છે કેઃ આ કામ હું કાલે કરીશ.પ્રતિક્ષણ વિનાશની તરફ જઇ રહેલા જીવનની પ્રત્યેક ક્ષણનો સદ્ઉપયોગ કરવો જોઇએ.

...............................................................................................................................

**વ્યાસપૂજા**

## ગુરૂપૂર્ણિમાનો મહિમા

ગુરૂપૂર્ણિમા એટલે સદગુરૂના પૂજનનું પર્વ. સદગુરૂનો આદર એ કોઇ વ્યક્તિનો આદર નથી પરંતુ સદગુરૂના દેહની અંદર જે વિદેહી આત્મા-પરબ્રહ્મ પરમાત્મા છે તેમનો આદર છે..જ્ઞાનનો આદર છે.. જ્ઞાનનું પૂજન છે..બ્રહ્મજ્ઞાનનું પૂજન છે.

સદગુરૂ સર્વેશ્વરનો સાક્ષાત્કાર કરાવીને શિષ્યને જન્મ-મરણના બંધનથી મુક્ત કરે છે,તેથી સંસારમાં સદગુરૂનું સ્થાન વિશેષ મહત્વનું છે.મહર્ષિ પરાશરની કૃપાથી ભગવાન વેદવ્યાસનું અવતરણ આ ભારત વસુન્ધરા ઉપર અષાઢ સુદ-પૂર્ણિમાના દિવસે થયું હતું.બદરીકાશ્રમમાં બોર ઉપર વનયાપન કરવાના કારણે તેમનું એક નામ "બાદનારાયણ" પણ કહેવામાં આવે છે.વ્યાસદ્વિપમાં પ્રગટ થયા એટલે તેમનું નામ "દ્વૈપાયન" પડ્યું. કૃષ્ણ (કાળા) હતા તેથી તેમને "કૃષ્ણદ્વૈપાયન" પણ કહેવામાં આવે છે.તેમને વેદોનો વિસ્તાર કર્યો એટલે તેમનું નામ "વેદ વ્યાસ" પડ્યું.જ્ઞાનના અસિમ સાગર.. ભક્તિના આચાર્ય..વિદ્વતાની પરીકાષ્ઠા અને અથાહ કવિત્વ શક્તિ ધરાવનાર ભગવાન વેદ વ્યાસથી મોટા કોઇ કવિ મળવા મુશ્કેલ છે.

આ વ્યાસપૂર્ણિમાને સૌથી મોટી પૂર્ણિમા માનવામાં આવે છે,કારણ કેઃપરમાત્માનું જ્ઞાન અને પરમાત્માની તરફ લઇ જનારી આ પૂર્ણિમા છે તેને વ્યાસપૂર્ણિમા પણ કહેવામાં આવે છે.જ્યાં સુધી મનુષ્યને સત્ય જ્ઞાનની જિજ્ઞાસા રહેશે ત્યાં સુધી આવા વ્યાસ પુરૂષોનું..બ્રહ્મજ્ઞાની સંત મહાપુરૂષો આદર પૂજન થતું રહેશે.વ્યાસપૂર્ણિમાના અવસર પર સત્સંગ સમારોહોનું ભવ્ય આયોજન કરવામાં આવે છે.ભગવાન વેદવ્યાસે વેદોના વિભાગ કર્યા..બ્રહ્મસૂત્રોની રચના કરી..પાંચમો વેદ મહાભારત તથા ભક્તિ ગ્રંથ "શ્રીમદ્ ભગવદ્ ગીતા"ની રચના કરી તથા આ સિવાય અન્ય ૧૮ પુરાણો લખ્યા. વિશ્વમાં જેટલા પણ ધર્મગ્રંથો છે,પછી ભલે તે કોઇપણ ધર્મ..પંથના હોય તેમાં જે કંઇ સાત્વિક અને કલ્યાણકારી વાતો લખવામાં આવી છે તે તમામ સીધી કે આડકતરી રીતે ભગવાન વેદ વ્યાસના શાસ્ત્રોમાંથી જ લેવામાં આવી છે એટલા માટે "વ્યાસોચ્છિષ્ટં જગત્સર્વમ્" કહેવામાં આવે છે.

વ્યાસ એ સમગ્ર માનવજાતિને સાચો કલ્યાણનો રસ્તો બતાવ્યો છે.વેદવ્યાસની કૃપા તમામ સાધકોના ચિત્તમાં ચિરસ્થાઇ રહે છે.જેના જેના અંતઃકરણમાં આવા વ્યાસનું જ્ઞાન..તેમની અનુભૂતિ અને નિષ્ઠા જોવા મળે છે તેવા પુરૂષો હજું પણ જે ઉંચા આસન ઉપર બેસે છે તે પીઠને આજે પણ "વ્યાસપીઠ" કહેવામાં આવે છે.વ્યાસપીઠ ઉપરથી વ્યાસને અમાન્ય એવો એક પણ વિચાર કહી શકાય નહી તેથી વ્યાસપીઠ ઉપર બેસનારે વ્યાસ સાહિત્યનો ઉંડો અભ્યાસ કરવો જોઇએ.વ્યાસપીઠ પરથી કોઇની ખોટી નિન્દા કે ખુશામત કરી શકાય નહી,તેમની વાણી સરળ..સ્પષ્ટ..ઉંડી અને સમાજની ઉન્નત્તિ કરાવનારી હોવી જોઇએ.

વેદવ્યાસના શાસ્ત્ર શ્રવણ વિના ભારત તો શું વિશ્વનો કોઇપણ વ્યક્તિ આધ્યાત્મિક ઉપદેશક બની શકતો નથી.વેદવ્યાસનું આવું અગાધ જ્ઞાન છે.જે મહાપુરૂષોએ કઠોર પરીશ્રમ કરીને અમારા માટે જે કંઇ કર્યું છે તે મહાપુરૂષોના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અવસર..ઋષિ ઋણ ચુકવવાનો અવસર.. ઋષિઓની પ્રેરણા અને આર્શિવાદ પામવાનો અવસર છે...વ્યાસ પૂર્ણિમા..!!

ભગવાન શ્રી રામ પણ પોતાના ગુરૂના દ્વારે જતા હતા અને માતાપિતા તથા ગુરૂદેવના શ્રીચરણોમાં વિનયપૂર્વક નમન કરતા હતા...

!! "પ્રાતઃકાળ ઉઠી કૈ રઘુનાથા..માતુ પિતા ગુરૂ નાવહિં માથા" !!

ગુરૂજનો..શ્રેષ્ઠજનો તથા પોતાનાથી મોટાઓ(વડીલો)ના પ્રત્યે અગાધ શ્રદ્ધાનું આ પર્વ ભારતીય સનાતન સંસ્કૃતિનું વિશિષ્ટ પર્વ છે.આમ,ગુરૂપૂર્ણિમાએ કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અને તપ..વ્રત.. સાધનામાં આગળ વધવાનો આ તહેવાર છે.સંયમ..સહજતા..શાંતિ..માધુર્ય તથા જીવતાં જીવ મધુર જીવનની દિશા બતાવનાર

પૂર્ણિમા એટલે...ગુરૂપૂર્ણિમા. ઇશ્વરની પ્રાપ્તિની સહજ..સાધ્ય..સાફ સુથરી દિશા બતાવનાર તહેવાર છેઃ ગુરૂપૂર્ણિમા. આ આસ્થાનું પર્વ છે..શ્રદ્ધાનું પર્વ છે..સમર્પણનું પર્વ છે.

જેવી રીતે જ્ઞાન વિજ્ઞાન વિના મોક્ષ થઇ શકતો નથી તેવી જ રીતે સદગુરૂની અનુકંપા વિના જ્ઞાનની પ્રાપ્તિ થઇ શકતી નથી.સદગુરૂ આ સંસાર સાગરમાંથી પાર ઉતારનાર નાવિક અને તેમના દ્વારા આપવામાં આવતું જ્ઞાન નૌકા સમાન છે.મનુષ્ય આ જ્ઞાન પ્રાપ્ત કરીને ભવસાગરથી પાર ઉતરી શકે છે.

ગોસ્વામી તુલસીદાસજી મહારાજ રામચરીત માનસના આરંભમાં ગુરૂની વંદના કરતાં લખે છે કેઃ

!! "બંદઉં ગુરૂ પદ કંજ કૃપા સિન્ધુ નરરૂપ હરિ ! મહામોહ તમ પૂંજ જાસુ બચન રવિ કર નિકર" !!

!! રામચરીત માનસ !!

(જે કૃપાના સાગર છે અને નરરૂપમાં શ્રી હરી છે તથા જેમનાં વચન મહા મોહરૂપ ઘોર અંધકારનો નાશ કરવા માટે સૂર્યનાં કિરણોના સમુહ સમાન છે એવા ગુરૂ મહારાજના ચરણકમળની હું વંદના કરૂં છું)

ગુરૂ શબ્દની વ્યાખ્યા અનેક રીતે કરવામાં આવે છે.

- જે શિષ્યના કાનમાં જ્ઞાનરૂપી અમૃતનું સિંચન કરે છે તે ગુરૂ છે..
- જે પોતાના સદઉપદેશના માધ્યમથી શિષ્યનું અજ્ઞાનરૂપી અંધકાર નષ્ટ કરે છે તે ગુરૂ છે.
- જે શિષ્યના પ્રત્યે ધર્મ..વગેરે જ્ઞાતવ્ય તથ્યોનો ઉપદેશ આપે તે ગુરૂ છે.
- જે વેદ વગેરે..શાસ્ત્રોના રહસ્યને સમજાવી દે તે ગુરૂ છે.
- જેમ જડ વસ્તુને ઉપર ફેંકવા ચેતનની જરૂર પડે છે તેમ જીવહીન અને પશુતુલ્ય બનેલા માનવને દેવત્વ તરફ મોકલવા જીવંત વ્યક્તિની આવશ્યકતા રહે છે.આ વ્યક્તિ એટલે ગુરૂ.
- જે લઘુ નથી અને જે લઘુને ગુરૂ બનાવે છે..જીવનને મનના વશમાં ના જવા દે,પરંતુ જે મનનો સ્વામી છે તે ગુરૂ છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કેઃ

ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ ગુરૂ દેવો મહેશ્વર,ગુરૂ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ !!

(બ્રહ્માની જેમ સદગુણોના સર્જક..વિષ્ણુની જેમ સદવૃત્તિના પાલક અને મહાદેવની જેમ દુર્ગુણો અને દુવૃત્તિઓના સંહારક તેમજ જીવ-શિવનું મિલન કરાવનાર ગુરૂ એ સાક્ષાત પરબ્રહ્મ પરમાત્મા સમાન છે) ગુરૂ કેવા હોવા જોઇએ ? તેના વિશે લખ્યું છે કેઃ

બ્રહ્માનંદં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિ,

દ્વંન્દ્વાતીતં ગગનસદ્રશં તત્વમસ્યાદિલક્ષ્યમ્ !

એકમ્ નિત્યમ્ વિમલમચલમ્ સર્વાધિસાક્ષીભૂતમ્,

ભાવાતિતમ્ ત્રિગુણરહીતમ્ સદગુરૂ તમ્ નમામિ !!

(બ્રહ્મના આનંદરૂપ..શિષ્યોને પરમ સુખ આપનાર..કૈવલ સ્વરૂપ જ્ઞાનની મૂર્તિ.. સુખ-દુઃખ..વગેરે દ્વંન્દ્વો થી મુક્ત..આકાશ જેવા નિર્લેપ અને ગંભીર..તત્વમસિ" વગેરે..મંત્રો જેનું લક્ષ્ય છે એવા એક સ્વરૂપ.. નિત્ય..નિર્મળ..અચળ..સર્વની બુદ્ધિના સાક્ષીરૂપ..સર્વભાવોથી મુક્ત અને ત્રણ ગુણ વિનાના (ગુણાતીત) એવા શ્રી સદગુરૂને હું નમન કરૂં છું)

જેમને જીવનમાં ભોગમાં પણ ભાવ જોયો..તેમના શ્રીચરણોમાં ગયા પછી ભવની ભીતિ(જન્મ-મરણનો ભય) ચાલી જાય તે સદગુરૂ છે.તે જ્ઞાનની મૂર્તિ હોય છે.જ્ઞાન એટલે પ્રકાશ. જેની પાસે પ્રકાશ..ઉત્સાહ..ચૈતન્ય અને સ્કુર્તિ છે તે જ્ઞાની..તે સુખ દુઃખમાં સમાન રહે છે.આકાશ જેમ બધી જગ્યાએ વ્યાપક છે છતાં નિર્લેપ રહે

છે,આવી રીતે જ તે મહાપુરૂષ બધામાં ફરે..સદગુણી-દુર્ગુણીમાં જાય..શ્રીમંત-ગરીબોમાં જાય તેમ છતાં નિર્લેપ રહે છે.

તત્વમસિના ત્રણ અર્થ છેઃતેના લીધે તૂં છે..તેનો તૂં છે..અને તે જ તૂં છે.

આ મહાપુરૂષનું કંઇ લક્ષ્ય હશે તો તે "તત્વમસિ" છે.જેની પાસે ગયા પછી આપણું મન એક પરમાત્મામાં ચોંટી જાય..કોઇપણ અવસ્થામાં હોઇશું..આપણે આપણું પાપ પણ તેમની સામે ઓંકીશું તો પણ તે આપણાથી નારાજ થઇ નફરત કરતા નથી તે ગુરૂ..! તે વિમલ શુદ્ધ અને અચલ હોય છે. સત્તા..સંપત્તિ..કીર્તિ કે સ્ત્રીના ઝંઝાવતી પવનો તેને હલાવી શકતા નથી..તે ભાવથી અતિત હોય છે..તે ત્રણ ગુણોથી પર હોય છે..આવા તનુમાનસા સદગુરૂના શ્રી ચરણોમાં નમન થાય છે..

માનવને ડગલેને પગલે ગુરૂની આવશ્યકતા પડે છે.વર્તમાન સમયમાં સાત પ્રકારના ગુરૂઓ જોવા મળે છે.

(૧) સૂચક ગુરૂઃ  ફક્ત ધર્મગ્રંથોની સૂચના આપે છે.

(૨) વાચક ગુરૂઃ વર્ણાશ્રમ..ધર્મ-અધર્મ ઉપર વ્યાખ્યાન આપે છે.

(૩) બોધક ગુરૂઃ  ફક્ત મંત્ર આપે છે.

(૪) નિષિધ્ધ ગુરૂઃ સંમોહન..મારન..વશીકરણ..વગેરે તુચ્છ મંત્રોનું જ્ઞાન આપે છે.

(૫) વિહિત ગુરૂઃ સંસારમાંના દુઃખ અને નશ્વરતા સમજાવી વૈરાગ્યનો માર્ગ બતાવે છે.

(૬) કારણ ગુરૂઃ મહામંત્રનો આદેશ આપીને સાંસારીક રોગ દૂર કરે છે.

(૭) પરમ ગુરૂઃ પરમાત્માનાં અંગસંગ દર્શન કરાવી દે છે.જે અહંકાર શૂન્ય તથા શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ હોય છે.આવા ગુરૂએ આપેલ જ્ઞાનથી જ શિષ્યનું કલ્યાણ થાય છે.ઘણા જન્મોના પુણ્યોથી આવા પરમ ગુરૂ મળે છે.જેને આવા ગુરૂ મળે છે તે જન્મ-મરણના ચક્કરમાંથી મુક્ત થાય છે.

આ બધી વાતો વાંચી પ્રશ્ન થાય કેઃ શું આપની દ્રષ્ટિમાં એવો કોઇ ગુરૂ છે જે સત્ય પરમાત્માની સાથે જોડે અને મને લક્ષચૌરાશીના આવાગમનથી મુક્ત કરી શકે,જેમના ચરણોની ભક્તિ કરવાથી મારૂં જીવન સાર્થક થાય ? જો આવી જિજ્ઞાસા હોય તો સંપર્ક કરજો,આપે જિજ્ઞાસા અને વિશ્વાસનું પ્રમાણ આપવું પડશે.શંકરાચાર્યજીએ જિજ્ઞાસાને વેરાગ્ય કહ્યો છે.વૈરાગ્ય અને વિશ્વાસની બે પાંખોથી ઉંડીને સદગુરૂના શ્રી ચરણોમાં પહોચી શકાય છે.....

................................................................................................................................

## અનુપમ માર્ગદર્શકઃ સદગુરૂ..

ગુરૂ શબ્દ પ્રાચિન અધ્યાત્મની ધરોહર છે.સંત મહાત્માઓએ ગુરૂને પુરાતન યુગીન શાસ્ત્રીય અર્થોથી અલગ અલગ સ્વરૂપે અપનાવ્યાં છે.તેમના મત અનુસાર ગુરૂ ફક્ત અધ્યાપક કે માર્ગદર્શક જ નહી,પરંતુ પરમપિતા પરમાત્માના અંશના નિર્મિત હોય છે.જેની કલ્પના પૌરાણિક વિચાર પધ્ધતિએ અવતાર ધારણા ની પરિભાષામાં કરી છે. તે દેહધારી દેખાવા છતાં દેહધારી નહી પરંતુ શબ્દ હોય છે. સ્વયં પરમાત્મા પોતાના જીવોની રક્ષા માટે તેમનામાં શબ્દની સ્થાપના કરે છે અને તે શબ્દનું રહસ્યોદ્ઘાટન તે ત્રસ્ત જનતાની સન્મુખ રાખીને તેમને શાંતિ પહોચાડે છે.પ્રસ્તુત વિચારધારા અનુસાર ગુરૂનું વાસ્તવિક રૂપ શબ્દ રૂપ છે અને તે પોતે પરમાત્માનું તત્વ છે જેનું પ્રમાણ છેઃ શ્રીમદ્ ભગવદ્ ગીતાઃ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કેઃ- "જ્યારે જ્યારે ધર્મની હાની અને અધર્મની વૃધ્ધિ થાય છે ત્યારે ત્યારે હું પોતાની જાતને સાકારરૂપે પ્રગટ કરૂં છું. સાધુઓ (ભક્તો)ની રક્ષા કરવા માટે,પાપ કર્મ કરવાવાળાઓનો વિનાશ કરવા માટે અને ધર્મની સારી રીતે સ્થાપના કરવાને માટે હું યુગ યુગમાં પ્રગટ થયા કરૂં છું."(ગીતાઃ૪/૭-૮)

રામચરીત માનસ-માં ગોસ્વામી તુલસીદાસજી લખે છે કેઃ-

"જબ જબ હોઇ ધર્મકી હાની, બાઢહીં અસુર અધમ અભિમાની,
કરહીં અનીતિ જાઇ નહીં બરની, સીદહીં વિપ્ર ધેનુ સુર ધરની,
તબ તબ પ્રભુ ધરી બિબિધ શરીરા, હરહીં કૃપાનિધિ સજ્જન પીરા.."

(રામચરીત માનસઃ૧/૧૨૦ઘ/૩-૪)

જ્યારે જ્યારે ધર્મની હાની થાય છે અને નીચ..અભિમાની તથા અસુરોની વૃધ્ધિ થાય છે અને જ્યારે તેઓ વર્ણવી ના શકાય તેવી અનીતિ કરે અને બ્રાહ્મણો..ગાયો..દેવતાઓ તથા પૃથ્વી ખેદ પામે ત્યારે ત્યારે કૃપાનિધિ પ્રભુ વિવિધ શરીરો ધારણ કરીને સજ્જનોની પીડાનું હરણ કરે છે.

સંસારમાં સાધારણમાં સાધારણ કાર્ય શીખવા માટે અમારે તેના જાણકાર ગુરૂનું શરણું લેવું પડે છે.એવા વ્યક્તિની શોધ કરવી પડે છે કે જે પહેલાંથી જ તે ક્ષેત્રનો જાણકાર હોય છે,તેવી જ રીતે આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ શાંતિ પ્રાપ્ત કરવા માટે કોઇ પરમ પુરૂષની શરણાગતિ અતિ આવશ્યક છે.જેવી રીતે પ્રકાશ વિના અંધકાર દૂર થતો નથી, જ્ઞાની વિના જ્ઞાન પ્રાપ્તિ ફક્ત કલ્પના જ છે,નાવિક વિના નૈયા પાર ઉતરી શકાતું નથી,શિક્ષક વિના શિક્ષણ પ્રાપ્ત થતું નથી,તેવી જ રીતે ગુરૂના જ્ઞાનરૂપી પ્રકાશ વિના માયાનો અંધકાર દૂર થઇ શકતો નથી.ગુરૂજ્ઞાન વિના રહસ્ય રહસ્ય જ રહી જાય છે.

માનસકાર કહે છે કેઃ-

"ગુરૂ બિન ભવનિધિ તરઇ ન કોઇ, જો બિરંચી શંકર સમ હોઇ" (રામાયણ)

ગુરૂની આવશ્યકતાની સાથે સાથે અહી કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય છે કેઃજો ગુરૂ મળી જાય તો તેમને શું પુછવું ? તેમની પાસેથી શું શિખવું ? ગુરૂ કેવી રીતે મળે ? જવાબ સ્પષ્ટ છે કેઃજે જિજ્ઞાસાવૃત્તિની શાંતિના માટે મનુષ્યને ગુરૂની ગુરૂની આવશ્યકતા પડી તે સમસ્યાનું નિરાકરણ ગુરૂ પાસેથી મેળવવું જોઇએ.સંસારચક્રમાં સુખ દુઃખના ગોરખધંધાથી અસંતુષ્ઠ વ્યક્તિ ગુરૂ પાસેથી સંતુષ્ઠિ જ ઇચ્છશે. આધુનિક વૈજ્ઞાનિક મસ્તિસ્ક તર્કક્ષેત્રમાં અસફળ રહ્યો છે.તેથી ગુરૂ શરણમાં શ્રધ્ધાને અપનાવશે.

સમગ્ર દુનિયાના માનવો પોતપોતાની રીતે પ્રભુનું નામ સુમિરણ કરી રહ્યા છે.કોઇ રામ રામ..કોઇ હરિ ૐ..કોઇ અલ્લાહ..કોઇ વાહેગુરૂ તો કોઇ GOD..એક જ માલિક પ્રભુ પરમાત્માનાં જે અનેક નામ છે તેનો બોધ કરાવવા માટે ગુરૂ તેનો પરીચય વ્યક્તિગત અનુભવથી પ્રદાન કરે છે.

" તુરંત મિલાવે રામસે ઉન્હે મિલે જો કોઇ "

જે પણ તેમને મળે છે તેમને રામની સાથે કે જે ઘટઘટમાં રમી રહ્યા છે.તે જ્યોતિસ્વરૂપ પ્રભુની સાથે જોડી દે છે.ગુરૂ શબ્દનો અર્થ પણ એ જ છે કેઃ જે અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરી જ્ઞાનરૂપી પ્રકાશ પ્રદાન કરે.ગુરૂ સત્યનો બોધ કરાવે છે કે જેનાથી અંતરનું અજ્ઞાનરૂપી અંધારૂં દૂર થાય છે.તેવા જ ગુરૂને ધારણ કરો કે જે સત્યની પ્રતીતિ કરાવી દે.જે અકથ છે..અવર્ણનીય છે..તેનો અમોને અનુભવ કરાવી દે.

કબીર સાહેબ કહે છે કેઃ-

સાધો સો સદગુરૂ મોહે ભાવે,પરદા દૂર કરે આંખનકા નિજ દર્શન દિખલાવે.

ગુરૂનું આ જ કામ છે.ગુરૂ તો તે છે જે અજ્ઞાનતાનો પડદો હટાવીને અંર્તમુખ જ્યોતિનો અનુભવ કરાવે છે.હરિનામનું અમૂલ્ય રત્ન પૂર્ણ ગુરૂની પાસે હોય છે.જે તેમના આદેશ મુજબ ચાલે છે,તેને પોતાનો વ્યક્તિગત અનુભવ કરાવી દે છે.સમય સમયે અનેક મહાન વિભૂતિઓ વિશ્વમાં અવતરીત થતી રહે છે.પૃથ્વી પર અવતરીત થવા છતાં ઇશ્વર સાથે તેમનો સબંધ અતૂટ રહે છે.આ વિભૂતિઓ ઇશ્વરના પ્રતિનિધિના રૂપમાં

આવે છે,તે આ વિશ્વના મિથ્યા રંગ તમાશાઓમાં ભાગ લેવા છતાં પણ તેનાથી અલિપ્ત રહીને પોતાના પ્રભુ પરમાત્માની યાદમાં તલ્લીન રહે છે અને જે પોતે પરમાત્મામાં લીન હશે તે જ સંસારના નરકમાં બળતા જીવોને પોતાના જેવી લીનતાનો માર્ગ બતાવી શકે છે.આવી વ્યાપક આત્માઓની શોધની આવશ્યકતા છે.ગુરૂની શોધ..જિજ્ઞાસા..ઉત્સુકતા..ની ઉગ્ર સ્થિતિ સાધકની પ્રથમ અને અંતિમ સીડી છે.કબીર સાહેબના શબ્દોમાં.....

!! જિન ઢૂંઢા તિન પાઇયા, ગહરે પાની પૈઠ, મૈં બાવરી ડુબનિ ડરી,રહી કિનારે બૈઠ !!

શોધની સત્યતાનું આ પ્રમાણ છે.જે શોધ કરે નહી,ઉંડાણમાં ઉતરશે નહી તે શું પ્રાપ્ત કરી શકશે? તે તો કિનારા ઉપર બેસીને જ જીવનની અનમોલ ઘડીઓને ગુમાવી દેવાનો ! ગુરૂની પ્રાપ્તિના માટે હું અને મારાપણાનો ત્યાગ તથા અભિમાન રહિત નિષ્કપટ શોધની આવશ્યકતા છે.મહાત્મા ઇસુએ New Testament માં ઉપદેશ આપતાં સુંદર શબ્દોમાં આ વાતનો સંકેત આપ્યો છે કેઃ"સાચા દિલથી માંગો તો મળશે,સાચા ભાવથી શોધો તો પ્રાપ્ત થશે, સત્ પથ ઉપર આચરણ કરતાં તેમનું દ્વારા ખટખટાવશો તો અવશ્ય ખુલશે."

મોક્ષ-પ્રદાતા ગુરૂને તે જ પ્રાપ્ત કરી શકે છે કે જેનું પ્રારબ્ધ ઉચ્ચકોટિનું છે અને જે સંસારમાં સદગુણોની ખાણ બનીને જીવનના ચરમ લક્ષ્યની પ્રાપ્તિના માટે પ્રયત્ન કરે છે.પ્રભુ પરમાત્માની પરમકૃપા જ જિજ્ઞાસુઓને ગુરૂ સાથે ભેટો કરાવે છે.જિજ્ઞાસુ ભાવથી યાચના કરનારને હરિદાન આપનાર,બ્રહ્માનુભૂતિ કરાવનાર ભૂલેલા ભટકેલા પ્રાણીઓને પરમતત્વમાં લીન કરવા તથા માયાન્ધ વ્યક્તિને વિવેક નેત્ર પ્રદાન કરી કાળની સીમાથી બહાર પરમપિતા પરમાત્મા સાથે સબંધ જોડી આપનાર શક્તિનું નામ ગુરૂ છે.

ભારતીય વિચારધારા જન્મ-મરણના ચક્રની યર્થાથતામાં વિશ્વાસ રાખે છે તેમાંથી ગુરૂ મુક્ત કરી શકે છે.ત્રણે લોકમાં ગુરૂ સિવાય કોઇ મુક્તિનું સાધન નથી.તેમની પ્રેરણા અને માર્ગદર્શનથી જ જીવ પ્રભુ ભક્તિ કરી શકે છે તથા રાત દિવસ તેનામાં મગ્ન રહીને પોતાની માનસિક તથા આધ્યાત્મિક ભૂખ શાંત કરી શકે છે.ગુરૂ પોતે એક તિર્થ છે.તેમના ચરણોમાં બેસવા માત્રથી પાપો ધોવાઇ જાય છે.તે સંતોષનો ભંડાર હોય છે.ગુરૂ ચિર નિર્મલ જળનો સંચાર કરનાર સ્ત્રોત છે,જેનાથી દુર્ગતિનો મેલ ધોવાઇ જાય છે.વાસ્તવમાં જો ગુરૂ પૂર્ણ હોય તો પશુ સમાન પતિત અને કુટિલ મનુષ્યને પણ દેવત્વ-પદ પ્રાપ્ત કરે છે.તેમના હૃદયમાંથી હંમેશાં નીકળતી બ્રહ્મજ્ઞાનની સુગંધી વિશ્વ પ્રકૃતિને સુગંધિત કરે છે.આવા મહામાનવના ચરણોમાં શિશ ઝુકાવવાથી અવશ્ય કલ્યાણની પ્રાપ્તિ થાય છે.સદગુરૂ સમાજના દરેક વ્યક્તિને બ્રહ્મજ્ઞાન પ્રદાન કરીને પોતાના મૂળ સ્વરૂપ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવીને વ્યક્તિ તથા સમાજને સ્વર્ગીય આનંદ પ્રદાન કરે છે.

હવે સહજમાં જ પ્રશ્ન થાય કેઃમુક્તિદાતા,જીવ-બ્રહ્મમાં એકત્વ સ્થાપિત કરનાર તથા સંસારના વિષય-વિકારોમાંથી મુક્તિ અપાવનાર ગુરૂ ક્યાંના નિવાસી હોય છે? શારીરિક રૂપમાં તે ભલે દુનિયાદારી દેખાય,પરંતુ વાસ્તવમાં તે આ વિલાસી જગતના હોતા નથી,તે દુનિયાના નરકમાં તડપતી માનવતાના મસીહા ભૌતિકરૂપ લઇને આવે છે,તેમછતાં તે સ્વયમ્  પરબ્રહ્મ પરમાત્માના પ્રતિનિધિ હોય છે.ગુરૂ દેહમાં જ સ્થિત હોતા નથી,તે પ્રભુથી અભિન્ન હોય છે,તે સાકાર હોવા છતાંપણ નિરાકાર હોય છે,તે જીવોનું કલ્યાણ કરવા માટે દેહ ધારણ કરતા હોય છે.તમામ સદગ્રંથોએ તેમની મહીમાનું વર્ણન કર્યું છે.ગુરૂ અમારી જેમ માનવીય આકારમાં હોય છે.તેમનું શરીર સંસારમાં કામ કરતું દેખાય છે,પરંતુ તે પ્રભુથી અભિન્ન હોય છે.આ જગતના કોઇ બંધન તેમને હોતા નથી.ગુરૂ એ પ્રભુએ મોકલેલ દૂત છે.જે સંસારના કલ્યાણના માટે પ્રભુથી વિખૂટા પડેલ જીવોને પરમાત્માની સાથે જોડવા માટે આવે છે.

ગુરૂ અને શિષ્યનો સબંધ પ્રગાઢ હોય છે.જેની તુલના કોઇની સાથે કરી શકાતી નથી.દુનિયાના તમામ સબંધો સ્વાર્થથી બંધાયેલ છે,જ્યારે ગુરૂ-શિષ્યનો સબંધ નિઃસ્વાર્થ હોય છે.ગુરૂ શિષ્યને મન અને ઇન્દ્રિયોને સ્થિર કરવાનું સાધન બતાવતા હોય છે.પોતાની કૃપા દૃષ્ટિથી શિષ્યને બુધ્ધિની નિર્મળતા પ્રદાન કરે છે,કેમ કે પરમાર્થમાં મન,ઇન્દ્રિયો તથા બુધ્ધિની સ્થિરતા નિતાન્ત આવશ્યક છે.સદગુરૂ શિષ્યના તમામ રોગ-સંતાપ દૂર કરી દે છે.પ્રારબ્ધ અનુસાર ભોગવવાના દુઃખોને પોતાની શક્તિથી હલકા બનાવી દે છે અને દુઃખ સહન કરવાની શક્તિ આપે છે.

જ્યો જનની સૂત જન પાલતી રખતી નજર મંઝાર,ત્યોં સદગુરૂ શિષ્યકો રખતા હરિ પ્રિત પ્યાર..

એટલે કેઃ માતાથી વધુ અધિક અટૂટ પ્રેમથી ગુરૂ શિષ્યની પાલના કરે છે.તે નામ-સત્યજ્ઞાનનું ભોજન જમાડી શિષ્યનું પાલન પોષણ કરે છે,તે પ્રેમની રોટી,જીવન અમૃત શિષ્યને આપે છે.ગુરૂનો અદૃશ્ય હાથ ઘણો લાંબો હોય છે.તેમના સામિપ્ય કે દુર વસવાથી કોઇ ફરક પડતો નથી,તેમાં કારણ-કરણ પ્રભુ સત્તા કામ કરતી હોય છે.

હવે પ્રશ્ન થાય કેઃ ગુરૂ પણ અમારી જેમ જ માનવ છે તો પછી તેમને વિશેષતા કેમ આપવામાં આવે છે? તેનો જવાબ એ છે કેઃગુરૂનો અમારી જેમ જ માનવ દેહ હોય છે,પરંતુ તેમનામાં પરમાત્મા પ્રગટ રૂપમાં હોય છે.પરમાત્મા દરેકમાં છે જ,પરંતુ.......

સબ ઘટ મેરા સાંઇયા સૂની સેજ ના કોઇ, બલિહારી તિસ ઘટકી જા ઘટ પ્રગટ હોય......

ગુરૂમાં જે સત્તા પ્રગટ છે તે બીજાઓમાં પણ પ્રગટ કરતા હોય છે,એટલા માટે જ તે માનવ શરીરને અમે વિશેષ માનીએ છીએ,તેમની પૂજા કરીએ છીએ.

ભારતીય વિચારધારા કર્મ અનુસારના જીવન-મરણ-આવાગમનના સિધ્ધાંતને સ્વીકારે છે.શાસ્ત્રોમાં ચૌરાશી લાખ યોનિયો(ઇંડજ..પિંડજ..સ્વેદજ અને ઉદભિજ)નું વર્ણન છે તથા દેવ દુર્લભ મનુષ્ય જન્મની પ્રાપ્તિ ઘણા જ સત્કર્મોનું પ્રતિક છે એમ કહેવામાં આવ્યું છે.સૃષ્ટિના વિકાસક્રમમાં ઉત્તરોત્તર ઉન્નતિનો ઉપાસક માનવ તમામ જીવોમાં મોટો કહેવાય છે,કારણ કેઃતેની પાસે બુધ્ધિ,વિવેક,મૂલ્યાંકન કરવાની તથા વાસ્તવિકતા શોધી કાઢવાની શક્તિ તેનામાં છે.આ શક્તિના આધારે તે પોતાના જીવન લક્ષ્યના વિશે વિચારી શકે છે તથા જીવન રહસ્યની શોધ કરી છેલ્લે આવાગમનના ચક્કરમાંથી છુટકારો મેળવીને પ્રભુમાં લીન થઇ શકે છે અને આ જ મનુષ્યજીવનની સાર્થકતા છે.પ્રભુ પરમાત્માની ગોદમાં સ્થાન પ્રાપ્ત કરી સાંસારિક ભોગો-સુખો-આકર્ષણો-વિકર્ષણોથી મુક્તિ મળે છે અને માયાના અંધકાર પાર કરી વિવેકરૂપી દિપક લઇ પોતાનો વાસ્તવિક માર્ગ શોધી લેવો.ભવસાગરમાં ગોથાં ખાવા કરતાં સત્યબોધ પ્રાપ્ત કરી અલૌકિક આનંદ પ્રાપ્ત કરવો તથા જીવતાં રહીને પોતાનાં પ્રારબ્ધ કર્મોનો હિસાબ પુરો કરી નવેસરથી સદવિચારી..સમવ્યવહારી તથા પરકલ્યાણકારી જીવન વિતાવવું – એ જ વાસ્તવમાં મનુષ્ય જીવનનું લક્ષ્ય છે, પરંતુ આ ક્યારે શક્ય બને ? સંસારમાં જન્મ લેતાં જ મનુષ્ય માયાવી ગોરખધંધામાં એવો ફસાઇ જાય છે કેઃઆધ્યાત્મિક જ્ઞાનનો દિપક અવિવેકરૂપી ભયંકર અંધકારમાં પોતાનો પ્રકાશ ફેલાવી શકતો નથી.દીપથી દીપ પ્રગટાવવાનો સિધ્ધાંત પ્રસિધ્ધ છે,એટલે જ્ઞાનરૂપી દિપકને ગુરૂની સહાયતાથી પ્રકાશિત કરી શકાય છે,એટલે સર્વપ્રથમ મનુષ્યએ પોતાના જીવન લક્ષને પ્રાપ્ત કરવા,જન્મ-મરણના ચક્કરમાંથી મુક્ત થવા કોઇ સાચા ગુરૂની શોધ કરવી જોઇએ.

ગુરૂ એક એવી શક્તિ છે જેમની અનુપસ્થિતિમાં મનુષ્ય પાસે બધું જ હોવાછતાં પણ શૂન્ય છે,તે કસ્તુરી મૃગની જેમ પોતાની અંદરથી જ આવતી સુગંધને જંગલોમાં,પહાડો,તિર્થોમાં શોધતો ફરે છે,તેને કોઇ

વાસ્તવિકતા સમજાવી દે તો તેને કેટલી અલૌકિક શાંતિ મળે ! સર્વત્ર સાક્ષાત બ્રહ્મ વિધમાન છે તેમની સુગંધી એટલે કેઃ માયા કે પ્રકૃતિ ચારે દિશામાં ફેલાયેલ છે,પરંતુ ગુરૂરૂપી સોપાન વિના આ સ્થિતિને પ્રાપ્ત કરવી અસંભવ છે.ગુરૂ સત્ય-અસત્યનો માપદંડ છે.સંસાર સાગરથી પાર કરાવનાર નાવિક તથા મહાનતમ તીર્થ છે,જેના દર્શન કરવાથી અડસઠ તીર્થોનું પુણ્ય પ્રાપ્ત થાય છે.

સદગુરૂના આદેશ-ઉપદેશને માનનાર,તેમના આદેશ મુજબ આચરણ કરનાર ઇશ્વરનો સાક્ષાત્કાર કરીને તેમાં લીન થઇ જાય છે.ગુરૂ વચનોની સહાયતાથી તેને કાળનો ભય રહેતો નથી.જ્યાંસુધી સદગુરૂની શરણાગતિ લેવામાં આવતી નથી ત્યાંસુધી પ્રભુ મિલનની વાતો ફક્ત કોરી કલ્પના જ છે.

આત્મા જ્યારે પોતાનું અલગ અસ્તિત્વ નથી –એવું સમજી ઇશ્વરમાં લીન થઇ જાય છે એટલે કેઃઅંશ અંશીમાં સમાઇ જાય છે તો મનુષ્યને સંસારમાં પુનઃજન્મ લેવો પડતો નથી.બ્રહ્મમાં લીન થયા પછી તેનું અલગ વ્યક્તિત્વ રહેતું નથી,તેને જ મોક્ષ કહેવામાં આવે છે.ગુરૂ માર્ગ-પ્રદર્શક જ્યોતિ છે તેના વિના અવિવેકના અંધકારમાં રસ્તાની શોધ કરવી અસંભવ છે.ગુરૂ અને પરમાત્મામાં મોટું કોન? આ પ્રશ્ન ઉપર પુરાતન કાળથી વિચારો થઇ રહ્યા છે.શું આ બંન્ને એક છે? શું બંન્નેમાં અંતર છે? આ પ્રશ્ન પણ આ સંદર્ભમાં વિચારણીય છે.અદ્વૈતવાદી વિચારક બંન્નેના એકત્વ સિધ્ધ કરવા માટે નિઃસંકોચ કહી ઉઠે છે કેઃ--

ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ ગુરૂ દેવો મહેશ્વરઃ
ગુરૂ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈઃ શ્રી ગુરવે નમઃ !!

એટલે કેઃ ગુરૂ જ બ્રહ્મા છે,ગુરૂ જ વિષ્ણુ છે અને ગુરૂ જ શંકર ભગવાન છે,ગુરૂ જ સાક્ષાત પરબ્રહ્મનું રૂપ છે,એટલે કેઃસંસારમાં ઉત્પત્તિ,પોષણ અને શાંત કરવાવાળી ત્રણે શક્તિઓ ગુરૂમાં હોય છે.

.........................................................................................................................

## અવધૂત ગુરૂ દત્તાત્રેય અને તેમના ૨૪ ગુરૂઓ.....

ભારતીય ઇતિહાસમાં એક મહાન ઋષિ થઇ ગયા,જેમનું નામ હતું : ગુરૂ દત્તાત્રેય.એકવાર યાદવ કૂળના પ્રમુખ યદુ મહારાજ તેમને મળવા આવ્યા અને પ્રશ્ન પુછ્યો કેઃમહાત્માજી ! આપ આટલા મહાન જ્ઞાની, વ્યવહાર કુશળ અને દરેક પ્રકારે જીવનમાં સફળ કેવી રીતે બન્યા? આ ભયાનક ખટપટથી ભરેલા સંસારમાં રહીને તમારી બુધ્ધિમત્તા,કર્મનિપુણતા,દક્ષતા અને તેજસ્વીતા કેવી રીતે ટકી રહી?કામ,ક્રોધમાં બળવાવાળી આ દુનિયામાં રહીને સમાધાની,તૃપ્ત,સંતૃષ્ટ અને પ્રસન્ન તમે કેવી રીતે રહી શકો છો?

અવધૂત ગુરૂ દત્તાત્રેય ઋષિએ સમજાવ્યું કેઃ હે રાજા ! મેં બૃધ્ધિના વિકાસ માટે તથા વિશ્ર્વમાં પોતાને સુરક્ષિત અને સફળ બનાવવા કુલ ૨૪ જીવો તથા પદાર્થોની પાસેથી તેમને ગુરૂ માનીને તેમની પાસેથી બોધ પ્રાપ્ત કર્યો છે.પોતાની સન્મુખ ઉપસ્થિત તમામ પદાર્થોના વિશેષ ગુણોને સમજીને તેને જીવનમાં અપનાવી લેવા,તેનામાંથી શિક્ષણ પ્રાપ્ત કરવું એ જ વાસ્તવિક શિષ્યભાવ છે.ઘણા લોકો એક જ ગુરૂ કે એક જ પ્રકારનું વિશેષ જ્ઞાન પ્રદાન કરે છે તેમની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવાનું ઇચ્છે છે,પરંતુ ઋષિએ સમજાવ્યું કેઃ જયાં સુધી પૂર્ણતઃ જ્ઞાન પ્રાપ્ત ના થાય ત્યાં સુધી અલગ અલગ વિષયોના ગુરૂઓને ધારણ કરતા રહો.

1) પૃથ્વીઃ પૃથ્વીનેસર્વપ્રથમ ગુરૂ માનીને મેં તેનામાંથી સહનશીલતાનો તથા ક્ષમાશીલતાનો ગુણલીધો છે.પૃથ્વીના એક ભાગને પર્વત કહેવામાં આવે છે.પર્વતમાંથી નીકળતી નદીઓ અને વૃક્ષો પાસેથી મને પરોપકાર કેવી રીતે કરવો? તેનો બોધ મળ્યો છે.
2) જળતત્વઃપાણી પાસેથી મેં સમતા,શિતળતા,નિરહંકારીતા અને ગતિશીલતાનો બોધ લીધો છે. પાણી પાસે અલૌકિક સમતા છે,તે ગરીબ શ્રીમંત બધાને પાસે છે,તે બધાના જીવનમાં ઉત્સાહ આપે

છે.ઉંઘમાંથી ઉઠ્યા પછી આંખ ઉપર પાણી છાંટતાં જ શિતળતા,સ્ફુર્તિ અને ઉત્સાહ આપે છે,તે બધી જગ્યાએ જાય છે તેથી નિરહંકારી છે.પત્થરની માફક પાણી સ્થિર નથી,તેમ આપણું જીવન પણ ગતિશીલ હોવું જોઇએ.

3) **અગ્નિઃ** મારા **ત્રીજા** ગુરૂ અગ્નિ છે.અગ્નિમાં તેજસ્વીતા,પરપીડાનિવારકતા,પરિગ્રહશૂન્યતા, નિર્મળતા, પાવકતા અને લોકસંગ્રહ છે.સાધના કરવી હોય તો આ બધા ગુણો જીવનમાં લાવવા પડશે.અગ્નિ લાકડામાં ગુપ્ત રહે છે તેમ સાધકે પણ પોતાની આધ્યાત્મિક શક્તિ ગુપ્ત રાખવી જોઇએ. પોતાની શક્તિ ગુપ્ત રાખવાનો બોધ સાધકે અગ્નિ પાસેથી લેવાનો છે.

4) **વાયુઃ** વાયુ મારો **ચોથા**ગુરૂ છે, તેની પાસેથી હું સંગ્રહ ન કરવો,ગતિ, નિર્લિપતા અને અપરીગ્રહતા ની વાતો શિખ્યો છું.વાયુ એટલે અંદર રહેવાવાળો પ્રાણવાયુ અને બહાર ફરવાવાળો વાયુ..અંદર રહેવાવાળો પ્રાણવાયુ જેટલાથી શરીર ચાલે તેટલો જ વાયુ ઉપાડે છે,તેવી જ રીતે જીવનમાં જરૂરી હોય તેટલા જ વિષયભોગ લેવા જોઇએ.આમ,સંગ્રહ ના કરવો, એ એક પ્રકારનો વિકાસ છે- તે હું વાયુ પાસેથી શિખ્યો છું.બહાર ફરવાવાળો વાયુ ફુલની સુગંધતથા દુર્ગંધ બંને લઇને આવે છે. સુગંધ તથા દુર્ગંધ બંનેને આશ્રય આપીને પોતે અલિપ્ત રહે છે. નિર્લિપતા અને અપરીગ્રહતા-આ બે વાતો હું વાયુ પાસેથી શિખ્યો છું.

5) **આકાશઃ**જીવનમાં આકાશના જેવી વ્યાપકતા-વિશાળતા હોવી જોઇએ, તે હું આકાશ પાસેથી શિખ્યો છું. આકાશ બધાને પેટમાં રાખે છે તેમ મારે પણ આગળ વધવું હશે તો બધું પેટમાં રાખવું પડશે. જીવન આકાશ જેવું હોવું જોઇએ.આકાશ કાલાતીત છે.આપણે પણ ત્રણ કાળમાંથી જવાનું છે.ભૂતકાળની ચિંતા નહી,ભવિષ્યના મનોરથો નહી અને વર્તમાનકાળને ચિંટકેલા નહી.ભૂતકાળ આપણા ઉપર પરીણામ કરે છે.ભવિષ્યકાળ આપણને પ્રેરણા આપે છે અને વર્તમાનકાળમાં આપણે રહેવાનું છે.આ ત્રણેય કાળથી અતિત બનવાનું છે.વર્તમાન સારો હોય તો તેની આસક્તિ નહી, ખરાબ હોય તો તેનો તિરસ્કાર નહી.આમ, આકાશ જેવા નિર્મળ,નિઃસંગ,વ્યાપક અને નિર્લેપ થવું જોઇએ-તે હું આકાશ પાસેથી શિખ્યો છું.

6) **ચંદ્રઃ** મારા છઠ્ઠા ગુરૂ ચંદ્ર છે.ચંદ્રમાની કળા વધે છે અને ઘટે છે તેમ આ શરીરની અવસ્થા અસ્થિ જાયતે વિપરિણમમતે અપક્ષીપતે અને નશ્યતિ - આ ક્રમ છે. ચંદ્ર પાસેથી મને દેહની ક્ષુદ્રતા અને આત્માની અમરતાનું શિક્ષણ મળ્યું છે.મારે ક્યાં અને ક્યારે મરવાનું તે ખબર નથી,એટલે જ્યાંસુધી આ શરીર છે ત્યાંસુધી પ્રભુનું કાર્ય કરી લેવું,સત્કર્મ કરવું હોય તો આજે જ કરી લો, આવતી કાલ ઉપર ના છોડવું.શુકલ પક્ષમાં બધા ચંદ્ર તરફ જુવે છે પરંતુ કૃષ્ણ પક્ષમાં એના તરફ કોઇ જોતું નથી,છતાં તે એટલો જ શાંત,સ્વસ્થ અને સમાધાની છે.આપણા જીવનમાં પણ એક દિવસ એવો આવશે કેઃજયારે આપણી કોઇને જરૂર નહી હોય,કોઇ આપણને પુછશે પણ નહી,આપણા અસ્તિત્વની કોઇ નોંધ પણ નહી લે,તેમછતાં તે વખતે તેવી જ શાંત અને સમાધાની વૃત્તિથી જીવવાનું શિક્ષણ ચંદ્ર પાસેથી લેવાનું છે.

7) **સૂર્યઃ** સૂર્ય પાસેથી તેજ તથા પોતાની ચમકથી બીજાઓને જીવિત રાખવા એ બોધ મળે છે.સૂર્ય પાસે ઉપકારકતા-પ્રકાશમયતા-નિર્લેપતા અને નિષ્કામતા..જેવા ગુણો છે.આપણા જીવનમાં પણ આ ગુણો આવવા જોઇએ.આજનો માનવ રાગ-દ્રેષ-મત્સર-દિનતા..વગેરેના અંધકારમાં ફસાયેલો છે.તેમની પાસે આશા-ઉલ્લાસ અને પ્રેમનો પ્રકાશ લઇ જવાનો છે, એ જ સાચી સૂર્ય ઉપાસના

છે.સૂર્ય પાસે નિર્લેપતા છે.ચોમાસામાં વાદળ આવે છે..ધૂળ ઉડે છે..તેનાથી ઢંકાઇ જવા છતાં સૂર્ય નિર્લેપ રહે છે.આપણે પણ જગતમાં ફરવાનું છે તેથી કચરો આવવાનો જ ! પરંતુ સૂર્ય પાસેથી આવી નિર્લેપતા લેવાની છે.ઉપકાર કરવો જોઇએ અને તેનું સાતત્ય ટકવું જોઇએ.

8) **કબૂતરઃ** કબૂતર પાસેથી એવો બોધ લીધો કેઃ માનવજીવનને પરિવારના સદસ્યોના પાલન પોષણ સુધી સિમિત ના રાખવું,નહી તો તેમના માટે જ હોમાઇ જવું પડશે.અત્યંત સ્નેહથી-આસક્તિથી બુધ્ધિનું સ્વાતંત્ર્ય ખતમ થઇ જાય છે,બુધ્ધિ વિચારી શકતી જ નથી..આ વાત કબૂતર પાસેથી શિખવાની છે.એક કબૂતર ફરતું હતું.ત્યાં એક કબૂતરી આવી.તે બન્ને સાથે રહેવા લાગ્યાં.બચ્ચાં પેદા થયાં,સાથે રહેવાથી પ્રેમ વધ્યો.એકબીજા ઉપર અત્યંત વહાલ કરવા લાગ્યાં.બચ્ચાંને પાંખો આવતાં ઉડવા લાગ્યાં.બંને બચ્ચાંના પાલન પોષણમાં આનંદ માનવા લાગ્યાં.કબૂતરને જોઇ તેની માદા(કબૂતરી) ખુશ થઇ ગઇ અને કબૂતરીને ખુશ રાખવી એ જ મારૂં કર્તવ્ય છે એમ કબૂતરને લાગ્યું.એક દિવસ લોભાવિષ્ટ થઇને બચ્ચાં પારધીની જાળમાં ફસાઇ ગયાં,તેમને બચાવવા જતાં કબૂતરી પણ જાળમાં ફસાઇ ગઇ,ત્યાં કબૂતર આવીને બેઠું.પોતાના આખા કુટુંબને જાળમાં ફસાયેલું જોઇને કબૂતર હતાશ થઇ ગયું.કબૂતરને લાગ્યું કેઃ પત્ની અને બચ્ચાંઓ વિના મારૂં જગતમાં કોણ? હવે મારે શા માટે જીવવું? હું પણ કેમ મરી ના ગયો? આ રીતે કબૂતર ત્યાં રડવા લાગ્યું. આ માનવ પરિવાર નું ચિત્ર છે.જે કબૂતર રૂપે સમજાવ્યું છે.શોક અને દુઃખથી માનવ ધર્મચ્યુત અને કર્તવ્યચ્યુત બને છે.પત્ની અને બાળકો મરી જવાથી કબૂતરને પોતાનું જીવન અતૃપ્ત-અકૃતાર્થ અને વ્યર્થ લાગ્યું,તેથી તે પોતે પણ જાળમાં પડી મરી ગયું.અહીં પ્રશ્ન ઉભો થાય કેઃહું શા માટે જન્મ્યો? શું હું ફક્ત કુટુંબ માટે જ છું? મારે જીવનમાં શું કરવાનું છે? જીવિત કોને કહેવાય?મનુષ્ય જીવનનો ઉદેશ્ય શું? હું ક્યાંથી આવ્યો? કેમ આવ્યો? ક્યાં જવાનો?- આ બાબતો વિશે જે વિચાર કરતો નથી તેની ખૂબ જ ખરાબ દશા થાય છે.પત્ની અને બાળકોનું પાલનપોષણ કરવું જ જોઇએ,પરંતુ અતિશય પ્રેમ અને આસક્તિમાં જોખમ છે, તેના લીધે મનુષ્ય પોતાનું કર્તવ્ય ભૂલી જાય છે. આ જગતમાં મારૂં કોન? મને જન્મ આપનારો કે કુટૂંબ? મારે કોના માટે જીવવાનું? મને પ્રભુએ માનવજન્મ આપ્યો છે.ચૌરાશી લાખ યોનિયોમાં સૌથી શ્રેષ્ઠ બુધ્ધિશાળી બનાવ્યો છે તો આત્મકલ્યાણના માટે કાર્ય કરવું જોઇએ. આધ જગતગુરૂ શંકરાચાર્યજી શતશ્લોકીઃશ્લોકઃપ માં કહે છે કેઃ"દેહ,સ્ત્રી,પૂત્ર,મિત્ર, સેવક, ઘોડા,બળદ..વગેરેને ખુશ રાખવામાં એટલે કેઃ માંસમિમાંસા પાછળ જ દરેક જણ પોતાનું આયુષ્ય ગુમાવે છે.જયારે વ્યવહાર કુશળ ચતુરજન જેનાથી પોતાને સૌભાગ્યવંત માને છે,તેના માટે જીવે છે,પરંતુ પ્રાણના અધીશ સમા, અંતર્ગત અમૃતરૂપ આત્મતત્વની મિમાંસા કોઇ કરતું નથી."- ભગવાનને ઓળખવા એ બ્રહ્મવિધા છે.આત્માનું ઉન્નતિકરણ કરીને ઉપર લઇ જવો એ આત્મજ્ઞાન છે.કબૂતર પાસેથી એ શિખવા મળ્યું છે કેઃ મારે "હું" ને ભૂલવો જ જોઇએ.

9) **અજગરઃ**સાધકને વિના માંગે,ઈચ્છા કર્યા વિના આપો આપ જ અનાયાસે જે કંઇ મળી જાય તે ભલે રૂખું સુખું હોય કે ભલે ખૂબ જ મધુર અને સ્વાદિષ્ટ હોઇ,થોડું હોય કે વધુ બુધ્ધિમાન સાધકે અજગરની જેમ ખાઇને જીવન નિર્વાહ કરી લેવો તથા પ્રાપ્ત થયેલ ભોજનમાં જ સંતુષ્ટ રહેવું.વધુ મેળવવા ઉતાવળા ન થવું,કારણ કેઃ માનવ જીવન ફક્ત ભોજન માટે,કમાવવા માટે જ મળ્યુ નથી. હું અજગર પાસેથી આગ્રહશૂન્ય જીવન શીખ્યો.આગ્રહશૂન્ય જીવન એટલે જે મળે તેનો સ્વીકાર.અજગર કંઇ મેળવવા પોતાની શક્તિ વાપરતો નથી,તેના મોઢામાં આવીને પડે છે તે જ

ખાય છે.તો પછી કંઇ કરવાનું જ નહી? ભોગો માટે ઉદાસિનતા અને ભક્તિના માટે શક્તિ વાપરવી.મનુષ્યને મનોબળ-ઇન્દ્રયિબળ અને દેહ બળ- આ ત્રણ શક્તિઓ મળેલી છે તેને ભગવાનના કામમાં વાપરવી જોઇએ.

10) સમુદ્રઃ સમુદ્ર પાસેથી મેં શિખ્યું છે કેઃસાધકે હંમેશાં મર્યાદામાં રહી પ્રસન્ન અને ગંભીર રહેવું.સાગર પોતાની મર્યાદા છોડતો નથી.સાગર બહારથી પ્રસન્ન અને અંદરથી ગંભીર છે.સાગર દુસ્તર અને અનંત છે.તેમ સાધકે પણ બહારથી પ્રસન્ન અને અંદરથી ગંભીર રહેવું જોઇએ.જીવન વિકાસ માટે પ્રસન્નતા હોવી જોઇએ.વર્ષાઋતુમાં નદીઓમાં પુર આવવાથી તે વધતો નથી અને ઉનાળામાં પાણી વરાળ બનીને ઉડી જવા છતાં તે ઘટતો નથી,તેવી જ રીતે ભગવત્‌પરાયણ સાધકે સાંસારીક પદાર્થોની પ્રાપ્તિથી પ્રફુલ્લિત ના થવુ તથા વિપત્તિમાં ઉદાસ ના થવું.

" જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ નિર્માણ થાય તેમ છતાં મનઃસ્થિતિ એકરસ રહેવી જોઇએ. "

11) પતંગિયુઃ પતંગિયા પાસેથી એ બોધ પ્રાપ્ત કર્યો કેઃજેમ પતંગિયું રૂપમાં મોહિત થઇને આગમાં કૂદી પડે છે અને બળી મરે છે તેવી જ રીતે પોતાની ઇન્દ્રિયોને વશમાં ન રાખવાવાળો પુરૂષ જયારે માયાની કોઇ પણ આકર્ષક વસ્તુને જુવે છે તો તેના તરફ આકર્ષિત થઇ જાય છે અને ઘોર અંધકારમાં, નરકમાં પડીને પોતાનું સત્યાનાશ કરી દે છે.જે મૂઢ વ્યક્તિ કંચન,ઘરેણાં,કપડાં..વગેરે નાશવાન માયિક પદાર્થોમાં ફસાઇને પોતાની તમામ ચિત્તવૃત્તિઓ તેના ઉપભોગના માટે જ વાપરે છે તે પોતાની વિવેક બુધ્ધિ ખોઇને પતંગિયાની જેમ નષ્ટ થઇ જાય છે.ઇન્દ્રિયોનો સારો ઉપયોગ કરવામાં આવે તો પવિત્ર અને તેનો ઉપભોગ માટે જ ઉપયોગ કરવામાં આવે તો તે અપવિત્ર.સુંદરતા એ પ્રભુની વિભૂતિ છે,પરંતુ જયાં પાવિત્ર્ય છે ત્યાં વાસના ઉભી થતી નથી.હંમેશાં ભોગમાં સૌદર્યનો નાશ થાય છે અને ભક્તિમાં સૌદર્યનું સાતત્ય છે. એકાદ સુંદર યુવતિ રસ્તા ઉપરથી જતી હોય તો તેને જોઇને કૂતરાને વાસના થતી નથી.તેવી જ રીતે સુંદર સ્ત્રીને જોઇને બાળકને કે વૃધ્ધના મનમાં પણ વાસના નિર્માણ થતી નથી,એનો અર્થ એ છે કેઃ વસ્તુમાં વાસના નથી, જોનારની દૃષ્ટિથી વાસના નિર્માણ થાય છે.જે ઈન્દ્રિયાસક્તિથી જોવામાં આવે તો તેને ભોગ કહેવામાં આવે છે.જે હૃદયાસક્તિથી જોવામાં આવે તેમાં ભાવ પ્રગટે છે.સુંદર વસ્‌તુ તરફ બધા જુવે છે,પરંતુ તે કંઇ દૃષ્ટિથી જુવે છે તે અગત્યનું છે.માનવ ભક્તિ નહી કરે તો સૌદર્યની પાછળ પતંગિયાની જેમ મરી જશે,એટલે કેઃમનુષ્ય શરીર ચાલ્યું જશે.આ માટે દરેક માનવે સાવધાન રહેવાનું છે.સૃષ્ટિનું સૌદર્ય ક્ષણિક છે,ખરાબ છે,નશ્વર છે..એવું ફક્ત બોલીને નહી ચાલે એ હકીકત નથી સૃષ્ટિ સુંદર છે એ હકીકત છે તેને ખરાબ ઠરાવીને ભાગવું એ પયાલનવાદ છે.જીવનની દૃષ્ટિ બદલવી જોઇએ અને આ કામ ભક્તિથી જ સંભવ છે.

12) ભમરોઃ ભમરો વિભિન્ન પુષ્પોમાંથી ભલે તે નાનું હોય કે મોટું તેનો સાર ગ્રહણ કરે છે,તેવી જ રીતે જે વિદ્રાન છે,પંડિત છે,બુધ્ધિમાન છે તે પુરૂષે નાના મોટા તમામ શાસ્ત્રોમાંથી તેનો સાર નિચોડ ગ્રહણ કરવો જોઇએ.

13) મધુમાખીઃમધુમાખી પાસેથી એ બોધ મળ્યો કેઃસાધકે બીજા દિવસના માટે ભિક્ષાનો સંગ્રહ ના કરવો.તેની પાસે ભિક્ષા લેવાનું કોઇ પાત્ર હોય તો બે હાથ અને ભેગું કરી રાખવાનું કોઇ પાત્ર હોય તો તે પોતાનું પેટ છે.જે ધન મળ્યું છે તેને વાપરો અને બીજાને આપો,તેનો ફક્ત સંચય ના કરો,નહી તો સંગ્રહેલું ધન બીજા ઉપાડી જશે.જે ખાય છે અને ખવડાવે છે તે જ ખરો ખાનદાન છે.શાસ્ત્રોમાં

ધનની ત્રણ ગતિઓ બતાવી છેઃદાન,ભોગ અને નાશ.દાન આપવામાં આપનારને સમાધાન અને લેનારને સંતોષ મળે છે.ભોગવવામાં ભોગવનારને જ સુખ મળે છે,જે આપતો નથી અને ભોગવતો પણ નથી તેના ધનનો નાશ થાય છે.એક પ્રાચિન ભજનની પંક્તિ છે કેઃ

ધન મળ્યુ પણ મોજ ન માણી કહું કરમની કહાણી રે,

કાં તો ભાગ્ય બીજાનું ભળ્યું, કાં તો ખોટી કમાણી મારા સંતો...જૂના ધરમ લ્યો જાણી રે...

14) હાથીઃ અવધૂતે જોયું કેઃહાથી હાથણના સ્પર્શ પાછળ ગાંડો થાય છે,તેને હાથણ સર્વસ્વ લાગે છે, તેના સ્પર્શ સુખની નબળાઇ માનવ સમજે છે તેથી તેનો સદઉપયોગ કરીને શક્તિશાળીને પણ પકડી લે છે.શિકારી એક ખાડો કરીને તેના ઉપર વાંસની પટ્ટીઓ ગોઠવી દે છે,તેના ઉપર ઘાસ પાથરીને જમીન જેવું બનાવી દે છે.ખાડાની બીજી તરફ હાથણને ઉભી રાખવામાં આવે છે.સ્પર્શસુખના માટે પાગલ બનીને હાથી દોડતો આવે છે અને ખાડામાં સપડાઇ જાય છે.હાથીને કેટલાક દિવસો સુધી ભૂખ્યો-તરસ્યો રાખવામાં આવે છે,પછી શિકારી તેને પોતાના તાબામાં લઇ લે છે.સ્પર્શ સુખની પાછળ ગાંડો થવાથી હાથી પોતાનું સ્વાતંત્ર્ય ગુમાવી બેસે છે.શક્તિશાળી હાથી પણ સ્ત્રી સ્પર્શમાં પાગલ બનીને બંધનમાં પડે છે.જગતમાં સ્ત્રી અને પુરૂષ ભગવાન નિર્મિત છે તેથી સ્ત્રીને ત્યાજ્ય સમજીને તેની નિંદા કરવાની નથી.જેના પેટથી આપણો જન્મ થયો,જેનું સ્તનપાન કરીને આપણે મોટા થયા તેની સાથે પશુવત્ વર્તન કરવાનો શાસ્ત્રમાં નિષેધ કર્યો છે.સ્ત્રી તરફ પશુવત્ વર્તન એટલે સ્ત્રી તરફ ઇન્દ્રિય સુખની દ્રષ્ટિથી જ જોવું.પશુને માનસિક,બૌધિક કે આત્મિક સુખની દ્રષ્ટિ હોતી જ નથી,તેને ફક્ત શારીરિક સુખની જ ખબર હોય છે.માણસ પણ તે જ દ્રષ્ટિથી જુવે તો તે પશુવત્ દ્રષ્ટિ છે.સ્ત્રી પુરષ સાથે અને ઉપભોગ કરે તો તેમાં કોઇ ખરાબી નથી,પરંતુ સ્ત્રીમાં પાવિત્ર્ય નિર્માણ કરો અને તેના માટે ભક્તિની જરૂર છે.ભગવાને તમામનાં શરીર બનાવ્યાં છે,ભગવાન જ તમામનાં શરીરને ચલાવે છે.આ શરીરની અંદર ભગવાન જ બેઠા છે તેથી આ શરીર પવિત્ર છે,બીજાનું શરીર પવિત્ર માનવા માટે આ ત્રણ વાતો ઘણી જ અગત્યની છે.

15) હરણઃ એક શિકારી હરણનો શિકાર કરતો હતો.અવધૂતે તે જોયું.હરણ અતિશય ચપળ હતું,તેથી શિકારી તેને પકડી શકતો ન હતો.શિકારીને હરણની નબળાઇની ખબર હતી.હરણ ગાયન-સંગીતથી લોભાય છે.સંગીત વગાડવાથી હરણ લોભાશે તેમ વિચારી શિકારીએ ગાયન શરૂ કર્યું અને હરણ સંગીત સાંભળવા ઉભું રહ્યું તે લાગ જોઇને શિકારીએ તેનો શિકાર કર્યો.આ ઘટના જોયા પછી ભાગવતકારે તેના ઉપર એક વાર્તા લખી છેઃ અયોધ્યા નગરી ઉપર આપત્તિ આવી હતી.તેમાંથી અયોધ્યાની રક્ષા કરવી હોય તો ઋષ્યશૃંગ ઋષિને અયોધ્યામાં લાવવા પડે.રાજાએ વિચાર કરીને વેશ્યાઓને ઋષ્યશૃંગ ઋષિને લાવવાનું કામ સોપ્યું.ઋષિ તપ કરતા હતા તે સ્થળે વેશ્યાઓ(નૃત્યાંગનાઓ) પહોચી ગઇ.ત્યાં તેમને ગાયન-નૃત્ય શરૂ કર્યું.તેમના હાવ,ભાવ,નૃત્ય..વગેરે જોઇને ઋષ્યશૃંગ ઋષિ તેમને અનુકૂળ થઇ ગયા.અત્યાર સુધી તેમને સ્ત્રીને જોઇ જ ન હતી.શરૂઆતમાં તો તેમને લાગ્યું કેઃઆ પ્રાણી કોન છે ? મહાન તપસ્વી હોવા છતાં ઋષ્યશૃંગ ઋષિ લુબ્ધ થયા.આમાં ભાગવતકાર સમજાવે છે કેઃજેને જીવન વિકાસ કરવો હોય તેમને ગાયન,નૃત્યના નાદમાં ના પડવું, તે પથચ્યુત બનાવી તકલીફ આપશે.અને જે પરતંત્ર બુધ્ધિનો છે તે જીવન વિકાસ કેમ કરી શકે?જીવન વિકાસ કરવો હોય તો સ્વતંત્ર બુધ્ધિ જોઇએ.જીવન વિકાસના માટે બુધ્ધિ

બગડવી ના જોઇએ.કપાળે તિલક કરીને આપણે બુધ્ધિની પૂજા કરીએ છીએ,કારણ કેઃબુધ્ધિ બગડે તો વિચાર અને કર્મ પણ બગડે છે.

16) **માછલીઃ** અવધૂતે માછલી પાસેથી એવો બોધ ગ્રહણ કર્યો કેઃજેને જીવન વિકાસ કરવો હોય તેને રસના નો મોહ છોડવો પડશે.માછીમાર કાંટામાં માંસનો ટૂકડો રાખીને માછલીને ફસાવે છે,તેવી રીતે સ્વાદના લોભી દુંબુધ્ધિ મનુષ્ય પણ પોતાના મનને મંથન કરનારી જીભને વશ થઇ જાય છે અને માર્યો જાય છે.વિવેકી પુરૂષ ભોજનને છોડીને બીજી ઇન્દ્રિયો ઉપર તો ખૂબ જ જલ્દીથી વિજ્ય પ્રાપ્ત કરી લે છે,પરંતુ તેનાથી રસના ઇન્દ્રિય(જીભ) વશમાં થતી નથી.

17) **ટિંટોડીઃ** અવધૂત એકવાર ટીંટોડીને જુવે છે.તેની ચોંચમાં માંસનો ટુકડો હતો,તેના લીધે બીજા બધા પક્ષીઓ તેની પાછળ પડ્યા હતા.છેવટે ટીંટોડીએ માંસનો ટુકડો ફેંકી દીધો કે તુરંત જ બધા હેરાન કરવાવાળા ચાલ્યા ગયા અને હેરાગતિ દૂર થઇ.આના ઉપરથી અવધૂત કહે છે કેઃઅપસંગ્રહના લીધે હેરાનગતિ થાય છે, તે છોડી દો તો તકલીફ દૂર થાય છે.અહી માંસના ટુકડાનો અર્થ થાય છેઃઉપભોગ્ય વસ્તુ.કવિએ કહ્યું છે કેઃજે છેડે એને કોઇ છોડતું નથી અને જે છોડે તેને કોઇ છેડતું નથી.

18) **પિંગલા વેશ્યાઃ** દત્તાત્રેય પિંગલા નામની વેશ્યા પાસેથી પણ જ્ઞાન મેળવ્યું છે.શ્રીમદ્ ભાગવત્ માં તેની કથા આવે છે કેઃ વિદેહ નગરી મિથિલા નગરીમાં એક નાચવા ગાવાવાળી પિંગલા નામની વેશ્યા રહેતી હતી,તે ધનની લોભી હતી.પ્રભુએ તેને સુંદરતા આપી હતી,પરંતુ તેનો તે દુર્પયોગ કરતી હતી.ધનવાન અને લાલચુ પુરૂષોને લોભાવીને તે તેમની પાસેથી ધન પડાવતી હતી,પરંતુ તેની યુવાની અસ્ત થતાં ધનવાન પુરૂષો તેની પાસે આવવાના બંધ થઇ ગયા.એક દિવસ તે ગ્રાહક શોધે છે અને તેમાં નિષ્ફળ જાય છે,તેથી તે પશ્ચાતાપ કરે છે કેઃ આ મારો દેહ વિલાસાર્થ નથી.પિંગલા સ્ત્રી હોવા છતાં સ્ત્રી શરીરની નિંદા કરે છે.તેને કામવાસના વિશે નફરત ઉભી કરી છે.કોઇની કામના પૂર્તિના માટે પોતાનું શરીર વાપર્યું,તેથી તે જીવનથી કંટાળી ગઇ,છેવટે તેને વિચાર કર્યો કેઃમારાથી સૌથી નજીકમાં નજીક, મારા હ્રદયમાં જ મારા સાચા સ્વામી ભગવાન વિરાજમાન છે કે જે વાસ્તવિક પ્રેમ,સુખ અને પરમાર્થનું સાચું ધન આપનાર છે.જગતના પુરૂષો અનિત્ય છે અને એક પ્રભુ જ નિત્ય છે તેમને છોડીને મેં તુચ્છ મનુષ્યોનું સેવન કર્યુ? કે જે મારી એક પણ કામના પુરી કરી શકે તેમ ન હતા,તેમને મને ફક્ત દુઃખ-ભય--વ્યાધિ-શોક અને મોહ જ આપ્યાં છે.આમાં મારી મૂર્ખતાની હદ છે કેઃહું તેમનું સેવન કરતી રહી..ખરેખર ધનની લાલચ અને આશા ઘણી ખરાબ છે.

મનુષ્ય આશાની ફાંસી ઉપર લટકી રહ્યો છે તેને તલવારથી કાપવાવાળી કોઇ વસ્તુ હોય તો તે ફક્ત વૈરાગ્ય છે.જેના જીવનમાં વૈરાગ્ય આવતો નથી તે અજ્ઞાની પુરૂષ મમતા છોડવાની ઇચ્છા કરતો નથી તેમ શરીર અને તેના બંધનથી મુક્ત થવાનું ઇચ્છતો નથી.પિંગલાએ પોતાને જ સમજાવ્યું કેઃહું ઇન્દ્રિયોના આધિન બની ગઇ ! મેં ખૂબ જ નિન્દનીય આજીવિકાનો આશ્રય લીધો ! મારૂ શરીર વેચાઇ ગયું !લંપટ લોભી અને નિંદનીય મનુષ્યોએ તેને ખરીદી લીધું અને હું એટલી મૂર્ખ છું કેઃઆ શરીરના બદલામાં ધન ઇચ્છતી રહી ! મને ધિક્કાર છે ! આ શરીર એક ઘટ છે તેમાં આડા ઉભા વાંસની જેમ હાડકાં ગોઠવાયેલાં છે.ચામડી,રોમ અને નખથી ઢંકાયેલું છે,તેમાં દશ દરવાજા છે કે જેમાંથી મળ-મૂત્ર નીકળતા જ રહે છે,તેમાંથી જો કોઇ સંચિત સંપત્તિ હોય તો મળ-મૂત્ર છે.મારા સિવાઇ એવી કંઇ સ્ત્રી હશે કે જે આ સ્થૂળ શરીરને પોતાનું પ્રિય સમજીને તેનું સેવન કરે ? આ મિથિલાનગરી વિદેહીઓ અને જીવન્મુક્ત મહાપુરૂષોની નગરી છે અને તેમાં એકમાત્ર હું જ મૂર્ખ અને દુષ્ટ છું,કારણ કેઃઆત્મદાની-

અવિનાશી પરમપ્રિય પરમાત્માને છોડીને બીજા પુરૂષોની અભિલાષા કરૂં છું.મારા હૃદયમાં વિરાજમાન પ્રભુ તમામ પ્રાણીઓના પરમ હિતૈષી,પ્રિયતમ સ્વામી અને આત્મા છે.હે મારા મૂર્ખ ચિત્ત ! તૂં બતાવ તો ખરૂં કેઃજગતના વિષયભોગોએ અને તેને આપવાવાળા પુરૂષોએ તને કેટલું સુખ આપ્યું ? અરે ! તે પોતે જ જન્મ-મરણધર્મી હોય તે તને શાશ્વત સુખ કેવી રીતે આપી શકવાના હતા ? હવે ખરેખર મારા કોઇ શુભ કર્મના ફળસ્વરૂપે મારા પ્રભુ મારી ઉપર પ્રસન્ન થયા છે,તેથી જ તો આ દુરાશાથી મને વૈરાગ્યનો ભાવ થયો છે અને આ વૈરાગ્ય જ મને સુખ આપશે.હવે હું ભગવાનનો આ ઉપકાર આદરપૂર્વક શિશ ઝુકાવીને સ્વીકાર કરૂં છું અને વિષયભોગોની દુરાશાને છોડીને જગદીશ્વરની શરણ ગ્રહણ કરૂં છું.હવે મને પ્રારબ્ધ અનુસાર જે કંઇ પ્રાપ્ત થશે તેનાથી મારો જીવન નિર્વાહ કરી લઇશ અને ઘણા જ સંતોષ અને શ્રધ્ધાથી બાકીનું જીવન જગતના કોઇપણ પુરૂષની તરફ ન જોતાં મારા હૃદયેશ્વર આત્મસ્વરૂપ પ્રભુની સંગ વિહાર કરીશ.

જે સમયે જીવ તમામ વિષયોથી વિરક્ત બની જાય છે તે સમયે તે પોતે જ પોતાની રક્ષા કરી લે છે,એટલે ખૂબ જ સાવધાનીની સાથે એ જોતા રહેવું જોઇએ કેઃસમગ્ર જગત કાળરૂપી અજગરથી ભયગ્રસ્ત છે.અવધૂત દત્તત્રેય કહે છે કેઃવાસ્તવમાં વિષયોથી મુક્તિ થઇ જવાથી જ માનવ વાસ્તવમાં મુક્ત થઇ જાય છે તે મેં પિંગલા પાસેથી શિખ્યું તથા જેને પોતાના શરીરને પોતાની અને બીજની કામનાપૂર્તિ માટે વાપર્યું છે તેને શરીરને અપમાનિત કર્યું ગણાય છે.ધનની ચિંતા અને ધનનું ચિંતન એ જ સર્વસ્વ નથી, ફક્ત વાસનાપૂર્તિ માટે જ માનવશરીર મળ્યું નથી,ક્ષુદ્ર પુરૂષોની સેવા કરવાથી કંઇ મળતું નથી.....આ પાંચ વાતોથી અવધૂત દત્તાત્રેયએ ગ્રહણ કરી.

**19) અર્ભકઃ** અર્ભક એટલે નાનું બાળક. અવધૂત દત્તાત્રેયે નાના બાળક પાસેથી પણ જ્ઞાન પ્રાપ્ત કર્યું. નાના બાળકને માન કે અપમાનનું ધ્યાન હોતું નથી અને ઘર તથા પરીવારજનોની કોઇ ચિંત્તા હોતી નથી.તે પોતાના આત્મામાં જ રમણ કરે છે- તે શિક્ષણ મેં નાના બાળક પાસેથી લીધેલ છે.આ જગતમાં બે જ વ્યક્તિ નિશ્ચિંત અને પરમાનંદમાં મગ્ન રહે છે.નાનું બાળક અને જે પુરૂષ ગુણાતિત બની ગયો છે તે. બાળકને માન અપમાનની કલ્પના નથી,જયારે આપણને એક જ કામના રહે છે કેઃ લોકો અમોને સારા કહે.માણસની ૮૦ ટકા શક્તિ લોક આરાધનામાં ખર્ચાઇ જાય છે.નાનું બાળક નિશ્ચિંત છે તેમ માણસે ચિંતા છોડી દેવી જોઇએ.જયાં સુધી ચિંતા છે ત્યાંસુધી વ્યથા રહેવાની જ ! સુભાષિતકાર કહે છે કેઃ"ચિન્તા ચિત્તા સમાનાસ્તિ" ચિત્તા માણસને મરી ગયા પછી બાળે છે પણ ચિન્તા તો માણસને જીવતાં જ બાળે છે.શ્રીમદ્ ભગવદ્ ગીતા કહે છે કેઃ ભૂતકાળની ચિંતા છોડી દો, ભવિષ્યકાળની લાલસા છોડી દો અને વર્તમાનને પકડો.ભગવાને વિસ્મૃતિ ના રાખી હોત તો ભૂતકાળમાં થયેલી ભૂલો, ભોગવેલા દુઃખો યાદ કરીને માણસ મરી જાત.આ ચિંતા દૂર કરવાનો ઉપાય છેઃખરાબમાં ખરાબ સ્વીકારવાની તૈયારી રાખો,જેથી માનસિક શાંતિ મળશે.ચિંતાનું બીજું કારણ છેઃમુઝવણ. *Confusion is the chief cause of worry.*માણસ નવરો હોય ત્યારે ચિંતા કર્યા કરે છે માટે કામમાં સતત વ્યસ્ત રહો.બીજું કુવિચારથી ચિંતા ઉભી થાય છે.ક્ષુદ્ર,દુર્બળ વિચારો સાંભળવાથી ચિંતા થશે,પરંતુ જે બીજાની ચિંતા કરવા લાગે છે તેના મન ઉપર ચિંતાની ખરાબ અસર થતી નથી.નાના બાળકને જોઇને અવધૂત દત્તાત્રેયને એ કલ્પના આવી કેઃવિષય સુખના બદલે આત્મિક સુખની ઇચ્છા કરવી, માન અપમાનથી દૂર રહેવું અને ચિંતા છોડી દેવી.

20) કુમારીકાઃ એક વખત અવધૂત ફરતા હતા.તે એક ઘરમાં ગયા તો એક કુંવારી કન્યા એકલી જ ઘેર હતી.ઘરના તમામ સદસ્યો બહાર ગયા હતા.ઓચિંતા વર પક્ષના લોકો ઘેર આવ્યા.ઘરમાં બીજું કોઇ હતું નહી.છોકરીએ વિચાર્યું કેઃ ઘરમાં ચોખા નથી તો શું કરવું ? આવેલા મહેમાનો બહારના રૂમમાં બેઠા હતા.તે અંદરના રૂમમાં ડાંગર ખાંડવા બેઠી તો બંગડીઓનો અવાજ થવા લાગ્યો.કુમારીકાએ બંગડીઓનો અવાજ ના થાય તે માટે બંને હાથમાં એક એક બંગડી જ રાખી તેના લીધે અવાજ બંધ થઇ ગયો.અવધૂતને લાગ્યું કેઃજ્યાં વધારે લોકો ભેગા થાય ત્યાં ઝઘડો થશે,અવાજ થશે, બે લોકો ભેગા થાય તો સંવાદ થાય.આનો અર્થ માણસે એકલા રહેવું જોઇએ,તો જ તે શાંતિથી વિચાર કરી શકે.ઘણા લોકો સાથે બેસીને પ્રાર્થના કરી શકે,પ્રાર્થના અને પૂજામાં અંતર છે.પૂજા હંમેશાં એકલા બેસીને જ થાય છે.આમ,તપ એકલાએ જ કરવું અને અધ્યયન-અભ્યાસ બે જણાએ સાથે મળીને કરવો- આ ગુણ તેમણે કુમારીકા પાસેથી જાણવા મળ્યો.

21) સાપ : સાપ પાસેથી અવધૂત એ શિખ્યા કેઃ સંન્યાસીએ સાપની માફક એકલા જ વિચરણ કરવું.તેને મંડળ કે મઠ બાંધવો જોઇએ નહી.જનસંગ્રહ ખોટો છે,ઘર રાખવું ખોટું છે.સાપ બોલતો નથી તમે માણસે પણ મૌનનું મહત્વ સમજીને મૌન રાખવું જોઇએ.સાપ છૂપાઇને ચાલે છે... આ પાંચ વાતો સંન્યાસી પાસે હોવી જોઇએ, તે સન્યાસી માટે પંચામૃત છે.

22) શરકૃત : શરકૃત એટલે બાણ બનાવનાર.બાણ બનાવનાર પોતાના કામમાં એટલો બધો તલ્લીન હતો કેઃતે જ સમયે રસ્તા ઉપરથી રાજાની સવારી ત્યાંથી પસાર થઇ ગઇ, તે સવારીમાં વાજિત્રો-ઢોલ-શરણાઇ..વગેરેનો ઘણો જ અવાજ થતો હતો, તેમછતાં બાણ બનાવનાર એટલો પોતાના કામમાં એકાગ્ર હતો કેઃઉપર સુધ્ધાં જોયું નહી.આ જોઇને અવધૂતને લાગ્યું કેઃ જગતમાં ઘણા અવાજો આવશે,પરંતુ જીવન વિકાસ સાધવાનો પ્રયત્ન કરનારે પોતાના કાર્યમાં એકાગ્ર રહેવું જોઇએ.આસન અને પ્રાણાયામ વડે પ્રાણને જીતીને અભ્યાસ અને વૈરાગ્યના દ્વારા પોતાના મનને વશમાં કરી લેવું અને પછી પોતાના લક્ષ્ય સ્વ-સ્વરૂપમાં લગાવવું.જયારે પરમાનંદ સ્વરૂપ પરમાત્મામાં મન સ્થિર થઇ જાય છે તો ત્યાર પછી ધીરે ધીરે વાસનાઓની ધૂળ ધોવાઇ જાય છે.જેમ ઇંધન વિના અગ્નિ શાંત પડી જાય છે તેમ સત્વગુણની વૃધ્ધિ થવાથી રજોગુણ અને તમોગુણી વૃત્તિઓનો ત્યાગ થવાથી મન શાંત બની જાય છે.

23) કીટકઃ (ભમરી) જેવી રીતે ભમરી એક કીડાને લાવીને દિવાલમાં પોતાના બનાવેલ ઘરમાં બંધ કરીને ડંખ માર્યા કરે છે.કીડાને ભય હોય છે કેઃભમરી મને ખાઇ જશે, આવા ભયથી તે સતત ભમરીનું જ ચિંતન કરે છે, આમ,સતત ચિંતનથી કીડો પોતાના પહેલાંના શરીરનો ત્યાગ કર્યા વિના જ ભમરી બની જાય છે.અવધૂત દત્તાત્રેયે આ કીટક પાસેથી બોધ લીધો કેઃ"જો પ્રાણી સ્નેહથી-દ્રેષથી અથવા ભયથી પણ જો જાણી જોઇને એકાગ્રરૂપથી પોતાનું મન તેમાં લગાવી દે તો તેને ચિંતન અનુસાર તે વસ્તુ,વ્યક્તિનું સ્વરૂપ પ્રાપ્ત થઇ જાય છે.જીવનમાં ચિંતન ઘણું જ મહત્વનું છે.જેવું ચિંતન કરીશું તેના જેવા થઇ જઇશું.આ ચિંતનમાં આપણે કોનું અને કેટલું ચિંતન કરીએ છીએ તે અગત્યનું છે.પવિત્ર વાતોનું ચિંતન કરવાથી જીવન બદલાય છે.

24) કરોળિયો : જેમ કરોળિયો પોતાની લાળથી જાળ બનાવે છે તેમાં વિહાર કરે છે અને પછી તેને ગળી જાય છે, તેવી જ રીતે તમામના પ્રકાશક અને અંતર્યામી સર્વશક્તિમાન પરમેશ્વર પૂર્વકલ્પમાં અન્ય કોઇની સહાયતા વિના પોતાની માયાથી આ જગતને પોતાનામાંથી ઉત્પન્ન કરે છે, તેમાં

જીવરૂપમાં વિહાર કરે છે અને કલ્પના અંતમાં કાળશક્તિના દ્વારા વિશ્વને પોતાનામાં જ લીન કરી લે છે.

આમ, મેં ૨૪ ગુરૂઓ પાસેથી જે શિક્ષણ મેળવ્યું તે મેં બતાવ્યું. હવે મેં પોતાના શરીર પાસેથી જે કંઇ શિખ્યો છું તે બતાવું છું.આ શરીર પણ મારો ગુરૂ છે કારણ કેઃ તે મને વિવેક અને વૈરાગ્યનું શિક્ષણ આપે છે.આત્માની અમરતા અને દેહની ક્ષુદ્રતા સમજાવે છે. આ શરીરને ક્યારેય પોતાનું સમજવું નહી, પરંતુ એવો નિશ્ચય કરવો કેઃતેને એક દિવસ શિયાળ કે કૂતરાં ખાઇ જાય છે અથવા અગ્નિના હવાલે કરી દેવામાં આવશે, એટલે તેનાથી અસંગ બનીને વિચરણ કરવું.

જીવ જે શરીરને સુખી રાખવા અનેક પ્રકારની કામનાઓ અને કર્મ કરે છે તથા સ્ત્રી-પૂત્ર-ધન-દૌલત-ભૌતીક સંપત્તિ-સગાં વહાલાંનો વિસ્તાર કરીને તેના પાલન પોષણમાં લાગેલો રહે છે, ઘણી મુશ્કેલીઓ વેઠીને ધનનો સંચય કરે છે.આયુષ્ય પુરૂ થતાં જ શરીર નષ્ટ થઇ જાય છે અને વૃક્ષની જેમ બીજા શરીરના માટે બીજ આરોપીને બીજાઓના માટે પણ દુઃખની વ્યવસ્થા કરીને જાય છે.

જેમ ઘણી બધી સ્ત્રીઓ(પત્નીઓ) એક પતિને પોતાની તરફ ખેંચે છે તેવી જ રીતે જીવને પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો પોત પોતાના વિષયો તરફ ખેંચે છે.પરમાત્માએ મનુષ્ય શરીરની રચના એવી બુધ્ધિથી કરી છે કેઃજે બ્રહ્મસાક્ષાત્કાર કરી શકે છે.જો કે આ મનુષ્ય શરીર અનિત્ય છે,પરંતુ તેનાથી પરમ પુરૂષાર્થની પ્રાપ્તિ પણ થઇ શકે છે.મૃત્યુ તેનો દરેક પળે પીછો કરી રહ્યું છે માટે અનેક જન્મો પછી મળેલો આ અત્યંત દુર્લભ મનુષ્ય જન્મ પામીને બુધ્ધિમાન પુરૂષોએ જેટલું બની શકે તેટલું વહેલું, મૃત્યુ પહેલાં મોક્ષ માટે પ્રયત્ન કરવો જોઇએ.વિષયભોગ તો અન્ય તમામ યોનિઓમાં પ્રાપ્ત થાય છે જ, પરંતુ મોક્ષ માટે ફક્ત મનુષ્ય જન્મ જ છે, માટે વિષયભોગોમાં અમૂલ્ય જીવન ખોવું ના જોઇએ.

આ વિચારોથી મને જગતમાંથી વૈરાગ્ય થયો.મારા હ્રદયમાં જ્ઞાન વિજ્ઞાનની જ્યોતિ જાગવા લાગી.હવે મને કશાયમાં આસક્તિ કે અહંકાર નથી.હવે હું સ્વછંદરૂપથી પૃથ્વી ઉપર વિચરણ કરૂં છું.ફક્ત ગુરૂ પાસેથી જ્ઞાનની પ્રાપ્તિ કરી લેવા માત્રથી કોઇ એમ વિચારે કેઃ હું ભવસાગર પાર થઇ જઇશ તો તે મનુષ્યની મોટી ભૂલ છે, કારણ કેઃ પોતાની બુધ્ધિથી વિચાર કરીને પોતાના કર્મોથી તે જ્ઞાનમાર્ગને અપનાવવામાં ના આવે તો તે શિષ્ય ગુરૂકૃપાનો પાત્ર બની શકતો નથી.ઋષિઓએ એક જ અદ્વિતિય બ્રહ્મનું અનેક પ્રકારથી વર્ણન કર્યું છે.

આમ, ગંભીર બુધ્ધિવાળા અવધૂત ગુરૂ દત્તાત્રેયે રાજા યદુને ઉપર મુજબનો ઉપદેશ આપ્યો હતો. રાજા યદુ અવધૂત દત્તાત્રેયની આવી વાતો સાંભળીને તમામ આસક્તિઓથી છૂટકારો મેળવીને સમદર્શી બની ગયા, તેવી જ રીતે આપણે પણ તમામ આસક્તિઓનો પરીત્યાગ કરી સમદર્શી બનવાનું છે, આ માટે પ્રભુ પરમાત્મા આપણે સૌને શક્તિ પ્રદાન કરે.....

.............................................................................................................................

## દુઃખ નિવારણનો ઉપાયઃ સદગુરૂની શરણાગતિ...

આજના વિજ્ઞાને મોટામાં મોટી નદીઓ..ઉંચા પર્વતો..વિશાળ સાગર અને લાંબી પહોળી ધરતીને માપી લીધી છે,પરંતુ માપી શક્યું નથી આ એક નિરાકાર પ્રભુ પરમાત્માને ! વાસ્તવમાં કર્મ કરે છે કોઇ(ઇશ્વર) અને વાહ ! વાહ ! લે છે કોઇ બીજો (અમે). અનાવશ્યક કર્તાપણાના બોજાથી દબાયેલ માનવને દુઃખમાં જીવવાની ટેવ પડી ગઇ છે.તેને સફળતા મળે તો ખુશ થઇ જાય છે અને નિષ્ફળતા મળે તો નિરાશ થઇ જાય છે.વાસ્તવમાં તે માથા ઉપર બોજો લઇને ફરે છે.બોજો કોઇ બીજાનો અને ઉપાડે છે કોઇ બીજો ! બોજો છે આ

નિરાકાર પ્રભુ પરમાત્માના કર્તાપણાનો, પરંતુ ઉપાડી રહ્યા છીએ અમે! તેના લીધે જ સફળતા મળતાં અમારામાં અહંકાર આવે છે અને નિષ્ફળતા મળતાં નિરાશ થઇ જઇએ છીએ.

અમારે ગમે તેવી હાલતમાં એ ભુલવું ના જોઇએ કેઃઆસક્તિનું પરીણામ જ વિપત્તિ છે.જ્ઞાન એ માનવનું ગૌરવ છે અને ધ્યાન..ધારણા ભગવાનનાં કરવાનાં છે.સૌથી મોટું આશ્ચર્ય તો ત્યારે જ થાય છે કે જ્યારે અમે કહીએસાંભળીયે છીએ કેઃ હું ના હોત તો આ કામ ના થઇ શકતું ! વિચારણીય વિષય એ છે કેઃ આજે કે કાલે અમારે આ દુનિયા છોડીને જવાનું છે.અમારા પૂર્વજો જઇ ચૂક્યાં છે તેમછતાં આ દુનિયા ચાલી રહી છે.તેમજ પહેલાંના કરતાં વધુ પ્રગતિ કરી છે.આજનો માનવ મંગળ ગ્રહ ઉપર જવાની તૈયારી કરી રહ્યો છે.આવા સમયે એમ કહેવું કેઃહું ના હોત તો આ ના થાત.! એ બિલ્કુલ અસંગત વાત છે.આપણને પ્રભુ પરમાત્માએ આ મહાયજ્ઞમાં કંઇક જવાબદારીઓ નિભાવવાની તક આપી છે તે માટે આ પ્રભુ પરમાત્માનો હૃદયથી આભાર વ્યક્ત કરવો જોઇએ.

જેમને આ જવાબદારી અમોને આપી છે તે પ્રભુ પરમાત્માને જાણવા એ આપણી ફરજ છે.તેમને જાણ્યા વિના કરવામાં આવેલ તમામ કર્મ દુઃખનાં કારણ છે.અમારૂં ખાવું-પીવું,પહેરવું-ઓઢવું તથા કુટુંબ-પરીવાર..વગેરે તમામ ધિક્કારલાયક છે કે જો અમોને આ નિરાકાર પ્રભુ-પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત ના કર્યું..! એટલા માટે જ યુગપુરૂષ બાબા અવતાસિંહજી મહારાજે પોતાના પ્રસિધ્ધ ગ્રંથ અવતારવાણી માં લખ્યું છે કેઃ-

અતિકૃપા ભગવાને કરીને,આપી સુંદર કાયા છે,
આ તો થાપણ છે ઇશ્વરની,જેને સહુને બનાવ્યા છે,
મનનું માનીને તૂં મૂરખ,વ્યર્થ જ કષ્ટ ઉઠાવે છે,
મારૂં મારૂં કહીને મૂરખ,ખોટો અહમ્ વધારે છે,
ભવ્ય ઇમારત,કુટુંબ-પરીવાર,આ તો સઘળી માયા છે,
દ્રશ્યમાન છે સકળ વિનાશી,હરતી ફરતી છાયા છે,
જે જે વસ્તુ છે જગમાંહી,પ્રભુ તણી જે માને છે,
એ જ કમળવત્ નિર્લેપ રહીને,સાર આ જગનો જાણે છે,
જેનું છે તન તેનું જ સમજો,આ બધું સર્જનહારનું છે,
કહે અવતાર આ પહેલી પ્રતિજ્ઞા,તન-મન-ધન નિરાકાર(પ્રભુ)નું છે....

(અવતારવાણીઃ૯/ક)

આ જ જ્ઞાન છે અને આ જ્ઞાનનો અભાવ એ જ દુઃખ છે.માનવના દુઃખનું બીજું કોઇ કારણ નથી.આ દુઃખને દૂર કરવાનો ઉપાય બતાવતાં સંતોએ કહ્યું છે કેઃ

!! જ્ઞાન અંજન ગુરૂ દીયા,અજ્ઞાન અંધેર વિનાશ !!

હરિ પ્રભુ-પરમાત્મા નિર્ગુણ નિરાકારની સાથે મિલાપ થવો એ જ અજ્ઞાનતાનો વિનાશ છે અને અજ્ઞાનતાનો વિનાશ એ જ દુઃખનો અંત છે.આમ,દુઃખોથી છુટકારો મેળવવાનો એકમાત્ર ઉપાય ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજ(નિરંકારી બાબા)ના શરણમાં જઇ અજ્ઞાનતાનો પર્દાફાશ કરવો તમામના માટે જરૂરી છે કે જેથી ભૌતિકતાની આંધળી દોટના પરિણામ સ્વરૂપ પ્રાપ્ત થનાર દુઃખોથી છુટકારો મેળવી શકાય.

દરેક સડક તથા ચાર રસ્તાઓ ઉપર કિ.મી. દર્શાવતું બોર્ડ કે પત્થર લગાવેલ હોય છે.જે અમોને તે માર્ગની સ્થિતિ દર્શાવે છે.જો આ નિર્દિષ્ટ દિશામાં ચાલવાનું શરૂ કરી દઇએ તો અમે લક્ષ્ય સુધી પહોંચી

જઇએ છીએ.

સંપૂર્ણ અવતારવાણી-માં યુગપુરૂષ બાબા અવતારસિંહજી મહારાજ કહે છે કેઃ-

ત્રણે લોકનો માલિક સ્વામી,યુગ યુગમાં ભંડાર ભરે,
ઉપજે દયા તો આવી જગમાં,પાપીઓને પાર કરે..
સ્વયં બનાવી સ્વયં જુવે છે,જગતનો સર્જનહાર આ,
આ રાજા છે નભ-ધરતીનો,સાચી છે સરકાર આ..
તને જ પ્રભુ પ્રણામ છે મારા,તૂં દેવાધિ દેવ મારો,
અવતાર ગુરૂ ના મરે ના જન્મે,યુગે યુગે એક વેશ તારો..... (અવતારવાણીઃ૩૦)

આ પદમાં સદગુરૂની વાસ્તવિકતાનો સંકેત કરવામાં આવ્યો છે.વિચારવાની વાત એ છે કેઃ શું અમે આ સંકેતને સમજી શક્યા છીએ...?

સંસારમાં જેટલા પણ ધાર્મિક ગ્રંથો છે તે તમામ માનવમાત્રના માટે કિ.મી.ના પત્થર (Milestone) જેવા છે.તમામ ગ્રંથો માનવમાત્રને સમજાવે છે કેઃ- જીવનની સફળતાના માટે સદગુરૂની શરણમાં આવવું અને તેમની કૃપાથી બ્રહ્માનુભૂતિ પ્રાપ્ત કરવી આવશ્યક છે,પરંતુ માનવ લગભગ આ દિશામાં ચાલતો નથી અને શબ્દો તથા ગ્રંથોની પૂજામાં જ લાગી જાય છે.ધાર્મિક ગ્રંથો તથા શબ્દોના સન્માનના માટે મોટા મોટા આડંબરો અને આયોજનો કરે છે,પરંતુ નિર્દિષ્ટ દિશાનું અનુકરણ કરતો નથી તેથી ચૌરાશી લાખ યોનિઓમાં ભટકતો ફરે છે.

સંસારની આવી દયનીય હાલત જોઇને હ્રદય દ્રવિત થઇ ઉઠે છે એટલે જ સમય-સમય પર ગુરૂ પીર પયંગબર અવતાર આવીને માનવને માયાના અંધકૂપમાંથી બચાવીને મુક્તિપથ પર આગળ વધારવાનો પ્રયત્ન કરે છે,પરંતુ આજનો માનવ તેમનું અનુકરણ અનુસરણ કરવાના બદલે બાહ્યપૂજા સુધી જ સીમિત રહી જાય છે.પરિસ્થિતિ અમોને વિવશ કરી રહી છે કેઃ-આપણે બધાએ એક ક્ષણ થોભાઇને વિચારવાનું છે કેઃ- શું અમે અમારા સદગુરૂ દ્વારા નિદિષ્ટ દિશામાં ચાલી રહ્યા છીએ...?

અમારે વિચારવું જોઇએ કેઃ કિ.મી.દર્શાવતા પત્થરની વિપરીત દિશામાં ચાલવાથી લક્ષ્ય સુધી પહોંચી શકાતું નથી.અમારા મનમાંથી એ ભ્રમ કાઢી નાખવાનો છે કેઃ ગુરૂદેવ જે મનમતિવાળા અને સાકત પુરૂષોની વાતો કરે છે તે અન્ય કોઇના માટે કહે છે ! પરંતુ નિષ્પક્ષરૂપથી આત્મ-વિશ્લેષણ કરવાનું છે કેઃ અમે ગુરૂભક્ત છીએ કે મનમુખ ?

જેવી રીતે માછલીનું જીવન પાણી છે,વૃક્ષની શોભા ફળ-પાન છે.નાવિક વિના નાવ મહત્વહીન છે,પંખી પાંખો વિના ઉડી શકતાં નથી,આત્મા વિના શરીર માટી જ છે, તેવી જ રીતે બ્રહ્મજ્ઞાન વિના માનવજીવન અર્થહીન છે.

સત્યનો માર્ગ છોડીને આજનો માનવ ખૂબ જ ખરાબ રીતે બૂરાઇઓમાં ફસાઇ ગયો છે. પાપોના બંધનમાં જકડાઇને ભયભીત છે,જીવન પથ ઉપર ડગમગી રહ્યો છે.પોતાની જ અજ્ઞાનતા તેને ઘૃણા, હિંસા તથા અનૈતિક કાર્યો કરવા પ્રેરિત કરે છે.તે અજ્ઞાનતાના કારણે જ આ અવગુણોનો ભાગીદાર બને છે.મનુષ્યનું દુર્ભાગ્ય છે કેઃ તે પોતાના વાસ્તવિક સ્વરૂપને ઓળખતો નથી તથા પોતાના સ્વરૂપને જાણવાનો પ્રયત્ન પણ કરતો નથી...! ઇશ્ર્વરીય જ્ઞાનને જાણ્યા વિના માનવજીવન અધૂરૂં છે.પૂર્ણ માનવ બનવા બ્રહ્મનું જ્ઞાન પરમ આવશ્યક છે.પરમાત્માને ન જાણવાના કારણે જ માનવ આલોક તથા પરલોક બંન્નેમાં કષ્ટ ભોગવે છે.

માનવજીવનનો મુખ્ય ઉદેશ્ય સર્વવ્યાપી..સર્વજ્ઞ..સર્વ શક્તિમાન..નિરાકાર પ્રભુ પરમાત્માને જાણવા તથા બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાનો છે.આ દિવ્યજ્ઞાન માનવજીવનમાં સમરસતા લાવે છે, જીવનને સુખી બનાવે છે,પરમાનંદ પ્રદાન કરે છે.ગુરૂદેવ હરદેવસિંહજી મહારાજ (નિરંકારી બાબા) આ દિવ્યજ્ઞાનને સહજતાથી સરળ વિધિથી ઉપલબ્ધ કરાવે છે.

બ્રહ્મજ્ઞાન પ્રદાન કરવા માટે કોઇપણ પ્રકારના કર્મકાંડની આવશ્યકતા નથી.વિભિન્ન પ્રકારના કર્મકાંડમાં લાગેલા લોકોને ગુરૂદેવ બ્રહ્માનુભૂતિની વાત કરે છે.સંત નિરંકારી મિશન તમામ ધારણાઓ તથા તેમના સિધ્ધાંતોનું સન્માન કરે છે તથા તમામ ધારણાઓના સારતત્વ ભાઇચારાની ભાવના માં વિશ્વાસ રાખે છે.બંધુત્વને મહત્વ આપે છે. ટૂંકમાં તમામ ધારણાઓની મૂળ ભાવના આપસી સદભાવ છે.ગુરૂદેવ હરદેવજી મહારાજ કહે છે કેઃ ઇશ્વર એક છે તથા એક જ ધર્મ છેઃ માનવતા. આ ધર્મનું મૂળ છેઃ પ્રેમ અને નમ્રતા. સદભાવના તેનાં પુષ્પો છે. સદગુરૂ વાસ્તવિક સત્યને અભિવ્યક્ત કરે છે.પ્રત્યેક માનવને સાર્થક જીવન જીવવાની કળા શિખવાડીને તેની વૃત્તિ આધ્યાત્મિક બનાવે છે.જીવન એવું હોવું જોઇએ કેઃજેમાં દિવ્યજ્ઞાનની જ્યોતિ હોય,વિનમ્રતા-કરૂણા-સહનશીલતા-સંવેદનશીલતાની ભાવનાથી રંગાયેલ હોય,ઇશ્વરના પ્રત્યે આસ્થાવાન હોય, બ્રહ્મજ્ઞાનમાં નિષ્ઠા હોય.

શાંત સ્વભાવ,સરળ જીવન,સહનશીલતા,સહિષ્ણુતા,સંવેદનશીલતા,સમરસતા,પ્રેમ,નમ્રતા અને સમદ્રષ્ટિ વગેરે..ગુણો ભક્ત હોવાનાં પ્રમાણ છે.

ધીરજ-સંયમને સમદૃષ્ટિ,સંતોનાં આભૂષણ છે,
અને શૃંગાર હરિના જનનો,હરિ ઇચ્છામાં જીવન છે. (અવતારવાણીઃ૨૮)

સદગુરૂ સંપૂર્ણ માનવજાતિને મુક્તિ(મોક્ષ) અપાવવા અવતરીત થાય છે.સદગુરૂ તે જ છે જે સર્વવ્યાપી નિરાકાર પ્રભુ પરમાત્માની વાસ્તવિકતાને અભિવ્યક્ત કરે છે.સદગુરૂ એ છે જે જિજ્ઞાસુઓને સાંસારીક મહાસાગરની પ્રજ્વલ્લિત અગ્નિથી બચાવીને સાંસારીક મોહ-માયાના બંધનોમાંથી છુટકારો અપાવે છે.

નિરાકાર પ્રત્યક્ષ દેખાડે, એ સદગુરૂ કહેવાય છે,
સદગુરૂ કૃપા કરી સેવકની,નૌકા પાર લગાવે છે... અવતારવાણીઃ૧૦૧

સદગુરૂના દિવ્યજ્ઞાનની ઝલક માત્રથી હ્રદય શુધ્ધ થઇ જાય છે.માનવની વૈરમનસ્યતા દૂર થાય છે.સદગુરૂના ચરણકમલોની રજ માથે લગાવવાથી તમામ માનસિક બાધાઓ નષ્ટ થાય છે.

ગુરૂદર્શનનું ફળ છે ઉત્તમ, મનને અતિ પવિત્ર કરે,
ગુરૂ ચરણોની રજને પામે, મનના મેલને દૂર કરે,
જેને ગુરૂની સંગત મળતી, એ પ્રભુના ગુણ ગાઇ શકે,
નિરાકાર(પ્રભુ)ના પાવન ઘરમાં, એ નર નિવાસ પામી શકે... (અવતારવાણીઃ૧૦૮)

સદગુરૂની મહિમા જાણવાથી સાચા ભક્તના વ્યક્તિત્વમાં નિખાર આવે છે.ભાષા સરળ,મધુર તથા ઓજસ્વી બને છે,તે બીજાઓને પ્રભાવિત કરીને પોતાની તરફ આકૃષ્ઠ કરે છે.તેવા સંતના ચેહરા ઉપર વિશેષ પ્રકારની લાલિમા દૃષ્ટિગોચર થાય છે.

સદગુરૂની મહિમા ગાવાથી કલહ-કલેશ દૂર થાય છે,મનની અંદર નૂર થાય,મનમાં શિતળતા આવે,પત્થરમાં પણ કોમળતા આવે છે,પાપી પણ પાવન થાય છે,અમરત્વની પ્રાપ્તિ થાય છે. સંતજનો ની કૃપાથી ગુરૂની મહિમા ગાવો જેથી જગતની તૃષ્ણા છૂટે છે.

સદગુરૂની શરણમાં જવાથી મારા મનમાં વ્યાપ્ત સંદેહ-ભ્રમો-ભ્રાન્તિઓ દૂર થઇ જાય છે.સદગુરૂની

શરણમાં જવાથી મારા દુઃખો તથા પરેશાનીઓ દૂર થયાં છે.સદગુરૂની કૃપાથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી દરેક સ્થાન પર, દરેક ક્ષણે,પલ પલ આ નિરાકાર પ્રભુ પરમાત્માનાં દર્શન કરૂં છું.આ પ્રભુની કૃપાથી પાપ તથા દુઃખોથી છુટકારો મળ્યો છે તેથી આત્મિક શાંતિ પ્રાપ્ત થઇ છે.આવી સ્થિતિ પ્રાપ્ત થયા પછી સંતે કોઇ અન્યની શરણમાં જવાની આવશ્યકતા નથી.સંતને સદગુરૂની કૃપા તથા અનુકંપા ઉપર પૂર્ણ વિશ્વાસ હોય છે.સદગુરૂની કૃપા થવાથી જન્મ-મરણના ચક્કરમાંથી છુટકારો મળી જાય છે.સાચો ભક્ત દિવસ રાત દરેક સમયે સદગુરૂની મહિમા ગાવામાં નિમગ્ન રહે છે,તે સમર્પિત ભાવથી પૂર્ણ શ્રધ્ધા,વિશ્વાસ તથા આસ્થાથી સદગુરૂના પ્રત્યે નિષ્ઠાવાન હોય છે.આ ભાવ વ્યક્ત કરતાં યુગપુરૂષ બાબા અવતારસિંહજી મહારાજ કહે છે કેઃ--

સદગુરૂના શરણે આવ્યો તો, ભ્રમ ભ્રાંતિ થઇ ગયાં દૂર,
ચિન્તા મનની મટી ગઇ છે, જ્યાં જોઉં ત્યાં તારૂં જ નૂર..... (અવતારવાણીઃ૨૭૦)

સર્વશક્તિમાન સર્વવ્યાપી નિરાકાર પ્રભુનાં દર્શન કર્યા વિના તેમની પ્રશંસા તથા મહિમાનાં ગાન કરવાં એ પાણીમાં આગ લગાવવા સમાન નિષ્ફળ જ છે.

વગર ઓળખે પ્રભુ યશ ગાવો, આકાશે અડવા જેવું છે,
વગર ઓળખે પ્રભુ યશ ગાવો, અજાણ રસ્તે જવા જેવું છે,
નિજ આંખે નિરખી યશ ગાવો, એ જ અસલ મોટાઇ છે,
અવતાર મળ્યા જેને સદગુરૂ પુરા,એને જ દૃષ્ટિ પામી છે..... (અવતારવાણીઃ૧૪૪)

નિરાકારને જાણી જે નર, માલિકના ગુણ ગાયે છે,
જન્મ મરણમાં કદિ ના જાતો, મુક્તિ પદને પામે છે,
વિના દેખે પૂજા અર્ચન, ભૂલી રહ્યો છે સૌ સંસાર,
અવતાર ગુરૂ જો કૃપા કરે નહી,તો ના દેખે નિરંકાર.....(અવતારવાણીઃ૧૪૬)

જે સાચા ભક્તો એ પ્રભુની ઓળખાણ કરી લીધી છે અને ત્યારબાદ પ્રભુની મહિમાનું ગાન કરે છે તે યોનિચક્રથી બચી જાય છે, તે હંમેશના માટે મુક્ત થઇ જાય છે.

ઇશ્વર પ્રભુ પરમાત્માનું કોઇ રૂપ રંગ આકૃતિ કે આકાર નથી તેથી સ્પષ્ટ છે કેઃપ્રભુ નિરાકાર છે. આ નિરાકાર પ્રભુ પરમાત્માનાં દર્શન ફક્ત સદગુરૂ જ કરાવી શકે છે.સંસારમાં લાખો દાની છે પરંતુ સદગુરૂ જેવો કોઇ દાતા નથી.સદગુરૂ કૃપા વિના હરિ મિલન સંભવ નથી.અવતારવાણીમાં કહ્યું છે કેઃ- માનવ ઇશ્વરને શોધવામાં પોતાનું જીવન વ્યર્થ બરબાદ કરે છે,તેમછતાં ઇશ્વરની પ્રાપ્તિ કરી શકતો નથી.સદગુરૂ સમર્થ હોય તો તે ક્ષણભરમાં નિરાકાર પ્રભુ પરમાત્માનો બોધ કરાવી દે છે.જ્યારે સદગુરૂની કૃપા થાય છે તો પ્રભુની પ્રતીતિ થાય છે,પ્રતીતિ પછી જ પ્રભુની સાથે પ્રીતિ થાય છે.

આપો આપ પ્રેમ ના ઉપજે, પ્રભુ ચાહે તો થાયે છે,
મનનો દિપક ગુરૂ પ્રગટાવે, તો પ્રજ્વલિત થાય છે,
પૂરા ગુરૂની કૃપા વિનાનો, કોઇ જ થાતો પાર નથી,
લાખ કરે પણ વિના પતિનો, નારીનો શૃંગાર નથી,
સત્ય પુરૂષને જે બતલાવે, એ જ સદગુરૂ પુરા છે,
જે મંત્ર આપે છે કેવળ, એવા ગુરૂ અધૂરા છે,

શું કરવા છે એવા ગુરૂને, જેઓ ભ્રમ મિટાવે નહી,
શાના જ્ઞાની ધ્યાની શાના,જો જ્ઞાની સમ કર્મ નહી,
પુરા સદગુરૂ એક જ ક્ષણમાં રામની સંગે મિલાવે છે,
વારંવાર "અવતાર" ગુરૂ પર, વારિ વારિ જાયે છે.... (અવતારવાણીઃ૧૬૮)

સર્વવ્યાપી નિરાકાર પ્રભુ જ સત્ય છે.સત્ય એ જ પરમાત્મા છે.માનવના અંતઃકરણમાં આ પ્રભુનો જ નિવાસ છે.આત્મા પરમાત્માનો જ સનાતન અંશ છે.આ મહાનતમ અનુપમ સત્તાની ઝલક સદગુરૂને પ્રસન્ન કર્યા વિના મળતી નથી.જેવી રીતે દિપક વિના અંધકાર દૂર થતો નથી,ગંદાં કપડાં સાબુ વિના સાફ થતાં નથી,અધ્યાપક વિના શિક્ષણ પ્રાપ્ત થઇ શકતું નથી.માર્ગદર્શક વિના ગન્તવ્ય સ્થાન સુધી પહોચી શકાતું નથી, જેવી રીતે શરીરને સ્વચ્છ બનાવવા માટે સ્નાન કરવું આવશ્યક છે તેવી જ રીતે દિવ્યજ્ઞાનની પ્રાપ્તિના માટે સદગુરૂની શરણમાં જવું પરમ આવશ્યક છે.

ભ્રમોથી બચવા માટે બ્રહ્મનું જ્ઞાન જરૂરી છે. તેના માટે ફક્ત ધર્મગ્રંથોનું પઠન-પાઠન સમાધાન નથી.ધર્મગ્રંથોમાં જે કંઇ લખ્યું છે તેના અનુરૂપ આચરણ  કરવું પડશે જ...!!

ગુરૂદેવ કહે છે કેઃતારી ચારે બાજું નિરાકાર પ્રભુ પરમાત્મા વિધમાન છે,તે પહેલાં પણ તારી સાથે હતા.આજે પણ તારી સાથે છે અને હંમેશા તારી સાથે જ રહેવાના છે તેમછતાં ગુરૂની કૃપા વિના તૂં તેને પામી શકતો નથી.જેવી રીતે દર્પણમાં ચહેરો અને દૂધમાં ઘી સમાયેલું છે.તેવી જ રીતે આ નિરાકાર પ્રભુ પરમાત્મા આ સૃષ્ટિમાં સમાયેલા છે.તેના માટે સદગુરૂની કૃપાથી જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત કરવાની જરૂરી છે અને આ જ દુઃખ નિવારણનો સાચો ઉપાય છે.

.......................................................................................................................................

## સદગુરૂના ચરણોની મહિમા

સદગુરૂની મહિમા સાંભળીને નિરઅહંકારી મનુષ્ય અહોભાવથી ઓતપ્રોત બની જાય છે અને તેની અંદર એક પ્રકારની અમૃતવર્ષા વરસવાની શરૂ થઇ જાય છે,પરંતુ અહંકારી વ્યક્તિને સદગુરૂની મહિમા સાંભળીને દુઃખ થાય છે કારણ કેઃ સદગુરૂની મહિમાનો અર્થ છે પોતે પોતાને મિટાવી દેવું.. પોતાનું અસ્તિત્વ ભૂલી જવું, કારણ કે જ્યાં સુધી મનુષ્યમાં અહંકારની હાજરી છે ત્યાં સુધી સદગુરૂ દ્વારા પ્રદત્ત તત્વજ્ઞાન તેનામાં ઉતરતું નથી.સદગુરૂ પ્રદત્ત જ્ઞાનને માનવાથી..જીવનમાં ઉતારવાથી જ અહંકારમાંથી મુક્તિ મળે છે.

સદગુરૂની મહીમા સાંભળવાથી માનવ મનમાં રહેલા અહંકાર ઉપર આઘાત થાય છે જ કારણ કેઃ માનવ કોઇની આગળ નતમસ્તક થવા તૈયાર નથી.તેનામાં પોતાનાથી શ્રેષ્ઠની પાસેથી કંઇપણ શીખવાની ભાવના નથી,તેથી તે સદગુરૂના શ્રીચરણોમાં નતમસ્તક બની શિષ્યત્વ ગ્રહણ કરવા પણ તૈયાર થતો નથી.મનુષ્યનો અહંકાર મનુષ્યને ખોટું માર્ગદર્શન આપે છે કેઃ જીવનમાં સદગુરૂની આવશ્યકતા છે..પરંતુ વાસ્તવિકતા એ છે કેઃ પૂર્ણ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી સદગુરૂના વિના પોતાની મેળે કંઇ જ શીખી શકતો નથી.આજનો માનવ અહંકારમાં મસ્ત બની આધ્યાત્મિકતાને પ્રાપ્ત કરવાનું ઇચ્છે તો છે પરંતુ તેના માટે કોઇ સંત-સદગુરૂની સમક્ષ નતમસ્તક થવા તૈયાર નથી. સદગુરૂની મહીમાનો અર્થ છે મનુષ્ય એ શિષ્ય બનીને જીવન જીવવાની કળા શીખી લેવી. મનુષ્યમાં કર્તાપણાનો ભાવ દૂર થાય..મનુષ્યના અંતરમાં સાક્ષીભાવ નિર્માણ થાય..આના માટે સદગુરૂના વચનોને માનીને જીવનમાં ઉતારવા ખૂબ જ જરૂરી છે.

પ્રસિદ્ધ ગ્રંથ સંપૂર્ણ અવતારવાણીમાં ગુરૂદેવ નિરંકારી બાબા કહે છે કેઃ

માનીએ જો અમે વચન ગુરૂના..ગુરૂની મહીમા થાય છે,
આપ મેળે થઇ જાતું સુમિરણ..મનનો મેલ દૂર થાય છે... (અવતારવાણી)

સદગુરૂની મહીમાનું રસાયણ એ છે કેઃ સદગુરૂની ઉપાસનાની ઝલક શિષ્યના કર્મોમાં દેખાવવી જોઇએ.તેનામાં શ્રદ્ધા..વિવેક..સહનશીલતા..પરોપકાર..વિનમ્રતા..સાચી પ્રાર્થના અને સંતુષ્ટિ..જેવા દૈવી ગુણોની સુગંધ દેખાવી જોઇએ.તે ઉપરાંત શિષ્યમાં તૃષ્ણા..કામ..ક્રોધ..લોભ..મોહ અને અહંકારરૂપી અગ્નિની જ્વાળાઓ શાંત થયેલી જોવા મળવી જોઇએ,એટલે કે શિષ્યના જીવનમાં રૂપાંતરણ જોવા મળવું જોઇએ.આવા સદગુરૂના શરણમાં જવાથી મનુષ્યના તમામ કલહ-ક્લેશ.. વિકારો દૂર થઇ જાય છે.

પ્રસિદ્ધ ગ્રંથ સંપૂર્ણ અવતારવાણીમાં ગુરૂદેવ નિરંકારી બાબા કહે છે કેઃ

ગુરૂનો મહીમા ગાવાથી જ, કલહ-ક્લેશ સૌ થાયે દૂર,
ગુરૂનો મહીમા ગાવાથી જ, મનની અંદર થાયે નૂર,
ગુરૂનો મહીમા ગાવાથી જ, મનમાં આવે શિતળતા,
ગુરૂનો મહીમા ગાવાથી જ, પત્થર ધારે શિતળતા,
ગુરૂનો મહીમા ગાવાથી જ, પાપી પણ પુનિત થાય,
ગુરૂનો મહીમા ગાવાથી જ, અમર વસ્તુને પામી જતા,
કહે અવતાર ગુરૂકૃપાથી જગ તૃષ્ણા છુટે મન થકી..." (અવતારવાણી)

વાસ્તવમાં સંત મહાત્માઓના આ કથનમાં ખૂબ ગૂઢાર્થ છુપાયેલો છે કે એવી અલૌકિક વિભૂતિ જેના દર્શન કરવાથી પરમાત્માની યાદ આવી જાય તેને સદગુરૂ કહેવામાં આવે છે અને જેન જોઇને સદગુરૂની મહીમા યાદ આવી જાય તેને સાચો શિષ્ય(ગુરૂમુખ) કહેવામાં આવે છે.

કોઇ એક ગૂફામાં હજારો વર્ષથી અંધકાર હોય અને આપણે તેમાં એક બાકોરૂં પાડી દઇએ અને તેમાં સૂર્યના કિરણોનો પ્રવેશ થઇ જાય તો તે ગૂફામાં તે જ ક્ષણે અંધકાર દૂર થઇ જાય છે.ગૂફામાં હજારો વર્ષથી રહેનારો અંધકાર એવું નથી કહેવાનો કેઃ હું અહીયાં આટલા વર્ષોથી આવ્યો છું તો ધીરે ધીરે જઇશ..! જેવો પ્રકાશ થાય છે કે તુરંત જ અંધકાર વિલિન થઇ જાય છે,તેવી જ રીતે હ્રદયમાં ભગવાનની દિવ્ય જ્યોતિના ઉદય થતાં જ અનાદિકાળનું અજ્ઞાન પણ નષ્ટ થઇ જાય છે અને અમોને સર્વત્ર ભગવાનની સત્તાનો જ અનુભવ થાય છે.

જગતના લોકોને એવો ભ્રમ ભરાઇ ગયો છે કે મનુષ્ય જે જન્મ જન્માન્તરથી પાપી છે તો તેનો ઉદ્ધાર કેવી રીતે થઇ શકે ? સંતો ઉપરોક્ત વાતો સમજાવીને અમારો ભ્રમ દૂર કરે છે અને કહે છે કેઃ જ્ઞાનનો પ્રકાશ થતાં જ મનુષ્ય ઉજ્જવલ બની જાય છે.આ જ વાત અર્જુનને સમજાવતાં ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યું છે કેઃ કર્મોની સીમા તો જ્ઞાન છે.આ જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રચલિત પ્રણાલીનું વર્ણન કરતાં ભગવાન કહે છે કેઃ

"તમામ કર્મો જ્ઞાનમાં સમાપ્તિને પામે છે એ જ્ઞાનને તૂં તત્વદર્શી જ્ઞાની જનો પાસે જઇને જાણી લે. એમને યોગ્ય રીતે દંડવત પ્રણામ કરવાથી..એમની સેવા કરવાથી તેમજ કપટ છોડીને સરળભાવે પ્રશ્ન પૂછવાથી પરમાત્માતત્વને બરાબર ઓળખનારાએ જ્ઞાની મહાત્માજનો તને એ તત્વજ્ઞાનનો ઉપદેશ આપશે.જ્ઞાનના આ માધ્યમથી તું તમામ ભૂતોમાં નિઃશેષભાવથી પહેલાં પોતાનામાં અને પછી મારા નિર્ગુણ નિરાકાર સ્વરૂપમાં જોઇશ."

સદગુરૂની કૃપાથી જ મનમાં વિદ્યમાન અજ્ઞાનરૂપી અંધકાર દૂર થાય છે અને આ જ્ઞાનનો પ્રકાશ થતાં તમામ ભૂલો-સંશયો દૂર થાય છે અને આ જ્ઞાનનો પ્રકાશ થતાં તમામ ભૂલો-સંશયો દૂર થાય છે.ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી સદગુરૂ વિના પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત થઇ શકતું નથી.

જેવી રીતે લાકડાનો વિશાળ ઢગ એકમાત્ર ચિનગારીથી કોલસો બની જાય છે..તેવી જ રીતે કોઇ ગમે તેટલો પાપી કેમ ના હોય જ્ઞાનરૂપી જ્યોતિના જાગ્રત થતાં જ તેના તમામ પાપો નષ્ટ થઇ જાય છે.શ્રીમદ્ ભગવદ્ ગીતા કહે છે કેઃજે રીતે ભડભડતો અગ્નિ ઘણા બધા ઇંધણોને ભસ્મીભૂત કરી નાખે છે તેવી જ રીતે જ્ઞાનરૂપી અગ્નિ સમગ્ર કર્મોને ભસ્મીભૂત કરી નાખે છે.

ઉપરોક્ત વાતોથી એ નક્કી થાય છે કેઃ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થતાં તમામ ભ્રમો સમાપ્ત થઇ જાય છે.. માનવ પવિત્ર બની જાય છે અને સંસારરૂપી ભવસાગરથી પાર ઉતરી જાય છે.ઘણા લોકો એવો ભ્રામક અને મિથ્યા પ્રચાર કરે છે કે મનુષ્યને એક ક્ષણમાં જ્ઞાન કરાવીને સુખી કરી શકાતો નથી..

સંસાર છે તો તેની સત્તા છે,કારણ કેઃ અમે પણ સંસાર એટલે કે સૃષ્ટિનું અંગ છીએ એટલે અમારી સત્તા પણ તે જ છે કે જે સમગ્ર સૃષ્ટિની સત્તા છે.આમ,આ પ્રભુ પરમાત્મા અમારી તથા સમગ્ર સૃષ્ટિની સત્તા છે.અમે બૂંદ છીએ અને પ્રભુ પરમાત્મા સાગર છે.બૂંદ જ્યારે સાગરમાં ભળી જાય છે તો પછી તે બૂંદ ક્યાં રહે છે ! બૂંદ સુખી બની જાય છે..મુક્ત બની જાય છે..સાગર બની જાય છે, એટલે જ લખ્યું છે કેઃ

બૂંદથી રોતી ફીરતી જગમેં, સાગરસે હો ગઇથી જુદા,
બૂંદ બનાદી સાગર ઇસને, ઝુક ઝુક કરતી હૈ સજદા...!!

આમ,સાગર પણ છે અને બૂંદ પણ છે તેથી બૂંદની મુક્તિ નિશ્ચિત છે.આ માટે બૂંદભાવ(જીવભાવ)નો સબંધ સાગર પરમાત્માની સાથે જોડી દેવો પરમ આવશ્યક છે.આના માટે પ્રભુ પરમાત્માના જ્ઞાનની આવશ્યકતા છે.પૂર્ણ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી સમરથ સદગુરૂના ચરણોમાં નતમસ્તક થવાથી આ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.જે સમયે આવા સદગુરૂની કૃપાથી પ્રભુ પરમાત્માના દર્શન થઇ જાય છે, ત્યારે સાધકમાં વિશાળતા..પ્રેમ..નમ્રતા..સમદ્દષ્ટિ..પરોપકાર..ભાઇચારાની ભાવના...વગેરે ગુણો પ્રગટ થાય છે.

આમ,પૂર્ણ સદગુરૂ મળી જાય તો એક ક્ષણમાં પ્રભુ પરમાત્માના દિદાર થઇ જાય છે.જન્મ જન્માન્તરથી કરોડો પાપોથી એક ક્ષણમાં છુટકારો મળી જાય છે.જગતમાંના ખોટા પાખંડી ગુરૂઓના કારણે જ જિજ્ઞાસુઓના ભ્રમો દૂર થતા નથી..વાસ્તવિકતાનો બોધ થતો નથી.ગુરૂદેવ નિરંકારી બાબા પ્રસિદ્ધ ગ્રંથ અવતારવાણીમાં કહે છે કેઃ

બની ગુરૂને ગાદીએ બેસે, દંડવત ખુબ કરાવે છે,
રાહ પૂછે જો કોઇ પ્રભુની, ગમે તે રાહ બતાવે છે,
સાધુવેશ ફસાવી ચેલા, માલ મફતનો આયે છે,
ચેલાઓને લઇ સંગાથે, પોતે પણ ડૂબી જાયે છે,
આવાગમનના ચક્કરમાં પડી, રોઇને બૂમો પાડે છે,
કહે “અવતાર” માનવતન મોધું, મૂરખ વ્યર્થ ગુમાવે છે....(અવતારવાણી)

વાસ્તવિકતા તો એ છે કે પૂર્ણ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી સદગુરૂની કૃપા થતાં જ પ્રભુ પરમાત્માના દર્શન થઇ જાય છે.અવતારવાણીમાં કહ્યું છે કેઃ

પ્રભુ વસે છે અંગસંગ મારી, હું એનામાં વાસ કરૂં,
રાહ પૂછે જો કોઇ પ્રભુની,ગમે તે રાહ બતાવે છે,
સાધુ વશે ફરાવી ચેલા,માલ મફતનો ખાયે છે,
ચેલાઓને લઇ સંગાથે,પોતે પણ ડૂબી જાયે છે,
આવાગમનના ચક્કરમાં પડી,રોઇને બૂમો પાડે છે,

કહે "અવતાર" માનવતન મોંઘુ,મૂરખ વ્યર્થ ગુમાવે છે...(અવતારવાણી)

વાસ્તવિકતા તો એ છે કેઃપૂર્ણ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી સદગુરૂની કૃપા થતાં જ પ્રભુ પરમાત્માનાં દર્શન થઇ જાય છે.

અવતારવાણીમાં કહ્યું છે કેઃ

પ્રભુ વસે છે અંગસંગ મારી,હું એનામાં વાસ કરૂં,
એમાં જ ખાવું-પીવુ-પહેરૂં,એમાં જ હસુ વિલાસ કરૂં,
શ્વાસે શ્વાસે કરૂં સુમિરણ,એ સંગાથે પ્રેમ કરૂં,
પ્રતિક્ષણ રહેતો આંખની આગળ,દર્શન વારંવાર કરૂં,
લાખ લાખ આભાર ગુરૂનો,જેને સત્ય વાત સમજાવી છે,
કહે અવતાર" પ્રભુ મિલાવી,યમથી જાન છોડાવી છે....(અવતારવાણી)

ખરેખર પૂર્ણ સદગુરૂ મળતાં જ સર્વસ્વ મળી જાય છે,કારણ કેઃપૂર્ણ સદગુરૂ પોતે પ્રભુ પરમાત્માનું સાકાર સ્વરૂપ હોય છે.

સમજે ના કોઇ રૂપ પ્રભુનું,જ્યાં સુધી ગુરૂ દેખાડે ના,
માયાનો ઘુંઘટ ના હટાવે,ત્યાં સુધી સામે આવે ના,
વાત ન સમજી શકતું કોઇ,જ્યાં સુધી ગુરૂ સમજાવે ના,
કરે ના જ્યાં સુધી દયા કૃપાળુ,કોઇપણ પ્રભુને પામે ના,
પ્રભુ માયાની ઓઢી ચુંદડી,સદગુરૂ બનીને આવે છે,
કહે "અવતાર"પરમાત્મા સાથે આત્માનું મિલન કરાવે છે... (અવતારવાણી)

ઘણા લોકોના મનમાં એવો ભ્રમ હોય છે કે પ્રભુ પરમાત્માના પ્રત્યક્ષ દર્શન ક્ષણમાં થઇ શકતા નથી. મુક્તિ મળતી નથી.આ વાતો નિરાધાર અને ભ્રામક છે.મનુષ્યના ઉત્તમ ભાગ્ય હોય તો સમરથ સદગુરૂ મળી જાય છે અને તેમની કૃપાથી પ્રભુના દિદાર થઇ જાય છે.

જ્ઞાન પ્રાપ્તિ પછીની અવસ્થા વિશે કહ્યું છે કેઃ

ગુરૂની આજ્ઞા માની મનથી,સેવા કરે તે સેવક છે,
સાચી લગનને તન-મન-ધનથી,સેવા કરે તે સેવક છે,
સેવા કરીને ગુરૂ રીઝવવા,એ જ કામ છે સેવકનું,
પ્રેમ નિભાવવો ગુરૂ સંગાથે,એ જ કામ છે સેવકનું,
માયાથી જે પ્રિત કરે ના,પ્રભુથી બાંધે જીવન દોર,
કહે "અવતાર" એ પૂરો જ્ઞાની,દેખે પ્રભુને ચારે કોર.....(અવતારવાણી)

સદગુરૂ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ જે ગુરૂભક્ત આ જ્ઞાનને જીવનમાં ઉતારે છે અને પ્રભુના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે તે જ સાચો ગુરૂભક્ત છે.જ્ઞાન પ્રાપ્તિ પછી શિષ્યમાં પોતાના સદગુરૂ અને પરમાત્મા ઉપર વિશ્વાસ આવી જાય છે.સદગુરૂ જે કઇ કહે છે તે સત્ય છે અને પ્રભુ પરમાત્મા જે કંઇ કરે છે તેમાં અમારૂં હિત સમાયેલું હોય છે.તેમનો દ્દષ્ટિકોણ એવો બની જાય છે કેઃતે દરેકમાં સદગુણો જ જુવે છે અને ગમે તેવી પરિસ્થિતિ નિર્માણ થાય તેમાં પોતાની મનઃસ્થિતિ એક સરખી રાખી પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.હંમેશાં પ્રસન્ન રહે છે.એકવાર ગુરૂદેવે એક દ્દષ્ટાંત સંભળાવ્યું હતું કેઃ

એક ચિત્રકાર પોતાના શિષ્યને ચિત્ર બનાવવાની કળા શિખવાડી તે સમયે ગુરૂ પણ ચિત્રો બનાવતા હતા.ગુરૂ

શિષ્ય બંન્નેના બનાવેલા ચિત્રો બજારમાં વેચતા હતા.તેમાં શિષ્યના બનાવેલા ચિત્રના રૂ. ૩.૦૦ ઉપજતા હતા અને ગુરૂના બનાવેલ ચિત્રના ફક્ત રૂ.૨.૦૦ ઉપજતા હતા.ગુરૂજી જ્યારે પોતાના શિષ્યને તેના ચિત્રમાં વધુ સુધારા કરવા માટે મંતવ્ય આપતા હતા ત્યારે એક-બે વાર શિષ્યએ વાત માની લીધી,પરંતુ અહંકારના કારણે એકવાર ગુરૂજી ચિત્રના સુધાર માટે સુઝાવ આપી રહ્યા હતા, ત્યારે શિષ્યએ કહી દીધું કે ગુરૂજી ! આપ મને શું સુઝાવ આપો છો ! તમારૂં બનાવેલ ચિત્ર બજારમાં ફક્ત બે રૂપિયામાં વેચાય છે જ્યારે મારૂં બનાવેલ ચિત્ર ત્રણ રૂપિયામાં વેચાય છે..! આ સાંભળી ગુરૂજીએ સમજાવ્યું કેઃ બેટા ! મેં પણ ભૂતકાળમાં આવી તારા જેવી જ ભૂલ કરી હતી અને જેના પરીણામ સ્વરૂપ મારૂં ચિત્ર આજદિન સુધી બે રૂપિયામાં જ વેચાય છે.તે સમયે મારૂ બનાવેલ ચિત્ર બે રૂપિયામાં વેચાતું હતું અને મારા ગુરૂજીનું બનાવેલ ચિત્ર એક રૂપિયામાં વેચાતું હતું.મારા ગુરૂજી મને સમજાવતા હતા ત્યારે મેં પણ તે આપ્યો તેવો જ જવાબ આપ્યો હતો અને તેના પરીણામ સ્વરૂપ હું આગળ વધી શક્યો નથી અને તેથી જ હું નથી ઇચ્છતો કે તારૂં ચિત્ર પણ ફક્ત ત્રણ રૂપિયામાં વેચાય,તેથી હું તને સુધારાત્મક મંતવ્ય આપી રહ્યો છું.

આમ,ગુરૂદેવ હંમેશાં આપણી ભલાઇના માટે જ વિચારતા હોય છે અને આપણે પોતાના અહંકારના કારણે આપણી પોતાની હાની જ કરી બેસીએ છીએ.

ઇશ્વરની ઓળખાણની વિધિ બતાવતાં સંપૂર્ણ અવતારવાણીમાં કહ્યું છે કેઃ

વિના દેખે મન ના માને, મન માન્યા વિના પ્રેમ નહી,
પ્રેમ વિના ના ભક્તિ થાયે, ભક્તિ વિના ઉદ્ધાર નહી,
ગુરૂ દેખાડે ગુરૂ મનાવે, ગુરૂ જ પ્રેમ શિખવાડે છે,
ગુરૂ વિનાની ભક્તિ નકામી,જીવન વ્યર્થ ગુમાવે છે,
સદગુરૂના ચરણોમાં આવી,ઇશ્વરની ઓળખાણ કરો,
અવતાર" ગુરૂની કૃપાળુ દ્દષ્ટિ જીવનનું કલ્યાણ કરે....!! અવતારવાણી !!

..........................................................................................................................

## ગુરૂ વચનામૃત

- ઉચ્ચ વિચાર..શુભ કર્મ અને કપટ રહિત વ્યવહાર ચરીત્ર નિર્માણનો મૂળ આધાર છે અને તેની પ્રગતિના માટે સત્સંગ ખૂબ જ જરૂરી છે.
- જે વ્યક્તિ પોતાના વ્યવહારથી કે પોતાની વાણીની કડવાશથી બીજાનું દિલ દુભાવે છે તેના જીવનમાં અંધકાર ભરાઇ જાય છે.
- કર્તાભાવનો ત્યાગ કરીને કરવામાં આવેલ કર્મ જ સાચો આનંદ આપે છે.
- જેવી રીતે ધીરજ ગુમાવીને છોડને વારંવાર ઉપાડી નાખવાથી તેનો વિકાસ થતો નથી,તેવી જ રીતે ભક્તિમાં ધીરજ ના રાખવાથી વિકાસ રૂંધાય છે.
- જ્યારે વચન અને કર્મમાં અંતર આવી જાય છે ત્યારે સંકોચ આવે છે.
- પસ્તાવાના આંસુથી ક્યારેય પાપ ધોવાતા નથી,પરંતુ તેના કારણે થયેલ વિનાશને ફરીથી સુધારી લેવું..એ જ સાચું પ્રાયશ્ચિત છે.
- જેનામાં અભિમાન છે..અહંકાર છે તેને મહાન માનવામાં આવતા નથી.મહાન તે છે કે જેનામાં દાસ ભાવના છે..વિનમ્રતા છે..જેના હ્રદયમાં મિઠાસ છે..જેને શુધ્ધ વ્યવહાર કર્યો છે.

- સંતુષ્ટિ અને તૃપ્તિનો એકમાત્ર રસ્તો છેઃ પ્રભુનું જ્ઞાન.
- નમ્રતાને અપનાવવાથી જ માનવતાનું કલ્યાણ સંભવ છે.
- સંતુષ્ટિ..કરૂણા..દયા અને પ્રેમની ભાવના ભક્તના જીવનમાં દેખાવવી જોઇએ.
- સહનશીલતા અને ક્ષમા માનવનો સૌથી મોટો ગુણ છે.
- નરક એ છે કે જ્યાં બેગુનાહ લોકોની હત્યા કરવામાં આવે છે અને સ્વર્ગ એ છે કે જ્યાં સંત પરમપિતા પરમાત્માના ગુણગાન કરે છે અને આ બન્ને આ ધરતી પર જ વિધમાન છે.
- સંસારમાં ભલાઇ કરનારની ભલાઇ કરનાર તો અનેક મળે છે,પરંતુ બુરાઇ કરનારનું ભલું કરનાર માનવ દુર્લભ હોય છે.
- જો અમારા હ્રદયમાં વેર..નફરત..ઇર્ષા તથા અભિમાનની ભાવના છે તો અમે સુખી થઇ શકવાના નથી,કારણ કેઃ આ ભાવના સળગતા કોલસા જેવી છે જે પોતે બળે છે અને બીજાને પણ બાળે છે.
- શુભ કર્મો કરવાથી જ શુભકામનાઓ સાર્થક થાય છે.
- ધૃણા અને હિંસાએ પ્રત્યેક સંપ્રદાય..સમાજ અને રાષ્ટ્રને ઘેરી લીધેલ છે અને તેથી જ એકબીજાને સમજવાની વાત તો દુર રહી,પરસ્પર વિશ્વાસ કરવા માટે પણ કોઇ તૈયાર નથી.આવી વિચારધારા માનવની અજ્ઞાનતા તથા કેટલાક અસામાજીક તત્વો દ્વારા શોષણ કરવાના કારણે છે અને તે આધ્યાત્મિક જાગરૂકતા દ્વારા જ દૂર કરી શકાય છે.અમે જાણી શકીએ છીએ કેઃ પ્રત્યેક માનવ એક જ પરમપિતા પરમાત્માની સંતાન છે,તેનાથી અમારામાં ભાઇચારો તથા સમાનતાની ભાવના જાગ્રત થાય છે.
- ભક્ત ભલે ગમે તે યુગમાં આવ્યા..તેમને હંમેશાં સંસારના ભલા માટે જ કામના કરી છે અને પોતાનો એક એક શ્વાસ આ કાર્ય માટે સમર્પિત કર્યો છે.તેમને પોતાનું જીવન સહજતા..પ્રેમ અને સુખદભાવથી વ્યતિત કર્યું છે.આવું જીવન જીવીને તેમને સંસારને માર્ગદર્શન આપ્યું.સંસારના માનવોને જીવન જીવવાની રીત શીખવી.
- જે વાતો સાંભળીએ..તેને જોઇએ..વિચારીએ તથા સમજીએ અને જ્યારે માની લઇએ ત્યાર પછી જ દ્દઢતા આવે છે.
- પ્રેમની ભાષા સર્વોત્તમ ભાષા છે.
- જો અમારી ભક્તિ પૂજા પાઠ સુધી સિમિત ના હોય તો ચોક્કસ અમે અમારૂં માનવીય સ્વરૂપ જોઇ શક્યા હોત.માનવ પૂજા તો ભગવાનની કરે છે,પરંતુ તેમના આદર્શ માનતા નથી.ભગવાન શ્રી રામ શબરીના આશ્રમમાં સામેથી ગયા,પરંતુ આજે અમે જાતિઓની દિવાલ મોટી કરી રહ્યા છીએ.જો માનવ માનવની ગોંદમાં જન્મ લઇને માનવની સેવા ન કરી શકે તો તે ભગવાનની સેવા કેવી રીતે કરી શકવાનો છે..?પરમાત્મા એક જ છે.જ્યારે અમે ભગવાન રામ અને ખુદાને એક જ માનીએ છીએ તો તેમનો પરીવાર અલગ કેવી રીતે હોઇ શકે..? જ્યારે અમે એકને જાણીશું તો જ એકતા સંભવ છે.
- જો મનને સુંદર બનાવવું છે..આ મનને આનંદ પ્રદાન કરવો છે તો અમારે પાપ કર્મોથી બચવાનું છે. જો અમે ધૃણા અને નફરત જેવા પાપ કર્મોથી મુક્ત છીએ તો અમારા જીવનમાં શાંતિ અવશ્ય આવશે.

- જીવનમાં સુખ..શાંતિ..આનંદ અને પ્રેમ ઇચ્છતા હો તો આ પ્રભુ પરમાત્મા સાથે સબંધ જોડવો પડશે. જે આત્મા પરમાત્માનું જ્ઞાન મેળવી તેની સાથે જોડાઇ ગયા તેમને જન્મ મરણના બંધનમાંથી મુક્તિ મળી જાય છે.
- નવાઇની વાત તો એ છે કેઃહોટલો..સિનેમાઘરો..તથા ગાડીઓમાં મુસાફરી કરતા સમયે કોઇ ભેદભાવ રાખવામાં આવતો નથી,પરંતુ ભક્તિમાં ભેદભાવ રાખવામાં આવે છે.
- સમજદાર જ્ઞાની ભક્તો મહાપુરૂષોની સંગત કરી..સેવા,સુમિરણ,સત્સંગ કરી પોતાનો ઉધ્ધાર કરે છે તથા તેમને જે કંઇ પ્રેમની દૌલત મળી હોય છે તે બીજાઓને વહેંચી..માર્ગ ભૂલેલાઓને.. જીવનયાત્રાના અંજાન લોકોને સદમાર્ગ ઉપર લાવી પરોપકારનું કાર્ય કરે છે.
- ભક્તજનો પરોપકારી હોય છે,તે માનવમાત્રને સંદેશ આપે છે કેઃ હે માનવ..! આ સત્ય પરમાત્માનો બોધ કરી લે..તેમને જાણીને..માનનીને ભક્તિ કરી લે..તેનું જ નૂર ઘટ ઘટમાં સમાયેલું જોઇ.. નફરતની તમામ દિવાલો પાડી દે અને ભાઇચારાની ભાવનાથી યુક્ત બની એક માનવ પરીવારનું અંગ બનીને રહે.
- ભક્ત ધન દૌલતથી ભરપુર હોવા છતાં..ખૂબ જ વિદ્વાન હોવા છતાં તે તન..મન..ધનનું કે પોતાની વિદ્વતાનું અભિમાન કરતા નથી.તેમનામાં વિનમ્રભાવ..દાસભાવના ભરેલી હોય છે.
- ભક્તના જીવનમાં માન-સન્માન..યશ કિર્તિની કોઇ લાલસા હોતી નથી.
- અમારા સારા કર્મોનું ફળ બીજાને મળવાનું નથી અને અમારા પાપ કર્મોની શિક્ષા બીજું કોઇ ભોગવવાનું નથી,આ બન્ને ભોગવવા માટે અમારે પોતે તૈયાર રહેવાનું છે.
- પૈસાથી બધુ ખરીદી શકાય છે,પરંતુ પ્રેમ..નમ્રતા..સહનશીલતા ખરીદી શકાતી નથી..તે તો સંત મહાત્માઓના સાનિધ્યથી જ પ્રાપ્ત થાય છે.
- એક તરફ મહેલોમાં રહેનાર કંગાલ હોય છે.જેમની પાસે તમામ સુખ સુવિધાઓ હતી,પરંતુ નામધન થી વંચિત હતા.બીજી તરફ ઝુંપડીઓમાં રહેનાર નામધન ને હ્રદયમાં વસાવી માલામાલ રહે છે.
- જેવી રીતે પક્ષી જે વૃક્ષની ઉપર બેસે છે તેને તે વૃક્ષનાં જ ફળ પ્રાપ્ત થાય છે,તેવી જ રીતે મનની અવસ્થા પણ તેવી જ હોય છે.જેવી સંગત મળે છે તેવો જ તેના ઉપર પ્રભાવ પડે છે.
- ભક્ત સંપૂર્ણ માનવજાતિના પ્રત્યે સદભાવ રાખે છે.
- ભક્તો પરહિતના માટે ફક્ત પ્રાર્થના જ નથી કરતા,પરંતુ પ્રયત્નો પણ કરે છે.પ્રાર્થનાની સાથે તેના અનુરૂપ કર્મ આવશ્યક છે.
- ધીરજ અને સંતોષની અવસ્થા ધારણ કરનારના જીવનમાં આનંદ પ્રાપ્ત થાય છે.જ્યારે પ્રભુ હ્રદયમાં વસી જાય તો વિનમ્રતાનો ભાવ સહજમાં જ આવી જાય છે.
- પરમાત્મા અનેક ગુણોના સ્વામી છે. તેમાંનો એક ગુણ નિર્મલ પાવન છે.મનને નિર્મલ બનાવવા દરેકે પરમાત્માની અનુભૂતિ કરવી જોઇએ.
- ધરતીને સ્વર્ગ બનાવવી હોય તો સુંદર ભાવ..સુંદર ચાલ અને વ્યવહારીક જીવન પણ સુંદર હોવું જોઇએ.
- આજે તમામ વ્યક્તિઓ પરમાત્માની ચર્ચા તો કરે છે,પરંતુ પરમાત્માને જાણ્યા વિના ભક્તિ કરી રહ્યા છે,તે પરમાત્માને જાણીને પૂજા કરે તો ભક્તિનો આનંદ આવે છે.

- બ્રહ્મવેત્તા સદગુરૂની ઓળખાણ..નિરાકાર પ્રભુ પરમાત્માનો બોધ પ્રાપ્ત કરવો..સદગુરૂ પરમાત્માની ઉપર દ્રઢ વિશ્વાસ રાખવો..સદગુરૂ સમક્ષ પૂર્ણ સમર્પણ કરવું..સદગુરૂની આજ્ઞાનું મન,વચન,કર્મથી કિંતુ પરંતુ કર્યા વિના પાલન કરવું..સાંસારીક ભોગોની આસક્તિનો ત્યાગ કરવો..માયાનો સકારાત્મક પ્રયોગ તથા લોભનો ત્યાગ..નમ્રતા..દયા..કરૂણા..વિશાળતા.. સહનશીલતા..પરોપકાર.. ઇષ્ટ ચિન્તન.. વગેરે સકારાત્મક ગુણો મનમાં વસાવવા..મૃદુવાણી..સત્ય વચન..પરગુણ વર્ણન..પ્રભુ ચર્ચા..વગેરે દ્વારા સકારાત્મક કાર્ય કરવાં... સેવા..સુમિરણ..સત્સંગ દ્વારા ઇન્દ્રિયોનું સંતુલન.. આ ભક્તિમાર્ગની પગદંડીઓ છે.
- જ્ઞાન અને કર્મના સંગમથી જ પૃથ્વી સ્વર્ગ બનશે.
- એક બનો...નેક બનો.
- નદીના કિનારે ઉભેલા વૃક્ષની જેમ જીવનની સ્થિતિ પણ ક્ષણભંગુર છે.
- ભોગી સંસારને જ પરમાત્મા સમજી લે છે અને જે પરમાત્મા છે તેનો ત્યાગ કરી દે છે.યોગી પરમાત્માને સંસારથી વિપરીત સમજે છે તેથી તે સંસારનો ત્યાગ કરી દે છે.
- યોગ અને ભોગનું મિલન છેઃ ભક્તિ.
- વર્તમાન સમયના માનવીની સામે મોટામાં મોટી ચારિત્રિક સમસ્યા છે.માનવીની પદાર્થવાદી વિચારધારાને તેને એટલો સંકુચિત બનાવી દીધો છે કેઃ તેને પોતાના નિજી સ્વાર્થ સિવાઇ કંઇ સુઝતું જ નથી.માનવના જીવનને સુખમય બનાવવા તેને આધ્યાત્મિક રૂપમાં જાગૃત કરવાની જરૂર છે.
- આજનો માનવ કામ..ક્રોધ..લોભ..મોહ તથા અહંકારની જાળમાં ફસાયેલો છે તેને જે કંઇ શક્તિ પ્રાપ્ત થાય છે તેથી પોતાની કુત્સિત ઇચ્છાઓને પુરી કરવા વિનાશ તથા પરપીડાનો અકલ્પનીય ખેલ ખેલી રહ્યો છે.
- સેવા કાર્ય ફક્ત સેવા ભાવથી જ કરો.સેવા કાર્યમાં જ્યારે અહમ્ તથા કર્તાભાવ આવી જાય છે ત્યારે સુખ-આનંદ મળતાં નથી.
- જે પ્રભુના બનાવેલ માનવોની સાથે પ્રેમ કરે છે તે જ સાચા અર્થમાં પ્રભુની સાથે પ્રેમ કરે છે. ભક્તજનો તપ અને ત્યાગની ભાવનાથી,વિનમ્રતા અને નિર્મલતાના ભાવમાં રહી પ્રેમને જ મહત્તા આપે છે.
- ધર્મની ઓળખાણ માનવતા છે..માનવમાં માનવતા છે તો જ તે ધાર્મિક કહેવાય છે.અનેક પ્રકારના કર્મકાંડમાં ફસાયેલો માનવ કર્મકાંડોને જ ધર્મ માને છે,પરંતુ તેનામાં માનવતાના ગુણ નથી તો તે ધાર્મિક કહેવાતો નથી.
- પરીવર્તન સંસારનો નિયમ છે.અમે જે કંઇ જોઇ રહ્યા છીએ તેમાં હરપલ પરિવર્તન થઇ રહ્યું છે. એકરસ રહેવાવાળી આ એક પરમ સત્તા ઇશ્વર છે.તેની સાથે સબંધ જોડીને એકરસ જીવન જીવવામાં જ જીવનની સાર્થકતા છે.
- સદભાવના હશે તો જ સદવ્યવહાર થશે.
- પ્રેમ..નમ્રતા..સમદ્રષ્ટિ..સહનશીલતાને જીવનનો આધાર બનાવો.
- ધર્મનું કામ જોડવાનું છે,તોડવાનું નહી- આ ફક્ત સૂત્ર નથી,પરંતુ વર્તમાન સમયની આવશ્યકતા છે.
- ભક્તિની શરૂઆત ભગવાનને જાણ્યા પછી જ થાય છે.જે સત્યનો મારગ અપનાવે છે,જગત તેની સાથે વેર કરે છે.હરિના સંતો કષ્ટ ઉઠાવીને હંમેશાં અવેર રહે છે.સ્વાર્થી લોકો પોતાના સ્વાર્થના

કારણે સંતની સાથે વાદ-વિવાદ કરે છે..માર્ગ ભૂલેલા અજ્ઞાનીઓ સંતની નિંદા કરે છે,પરંતુ જેની રક્ષા ભગવાન કરે છે તેનો કોઇ વાળ વાંકો કરી શકતો નથી.દેવદુર્લભ માનવ શરીર કોટિ જન્મના પુણ્યથી મળ્યો છે,કાળ-કર્મ-સ્વભાવ તથા ગુણને વશ થઇને અવિદ્યાની પ્રેરણાથી અનેક યોનિઓમાં ભટકતા જીવને પ્રભુ કૃપા કરી આ સર્વોત્તમ મનુષ્ય દેહ આપે છે,જે મોક્ષના દ્વારરૂપ છે તે પ્રાપ્ત કરીને જેઓ પોતાના પરલોકને સુધારતા નથી તે પાછળથી પસ્તાય છે અને પોતાની જ ભૂલથી થયેલ ખરાબ ફળ માટે કાળ,કર્મ કે ઇશ્વર પર મિથ્યા દોષ લગાવે છે.

- સદગુરૂની કૃપાથી પરમપિતા પરમાત્માને જાણીને તેમની સાથે પ્રેમ કરવાથી..ભજન કરવાથી આવાગમનનો ચક્કર પુરો થાય છે..જેવી રીતે માછીમાર માછલીઓને પકડવા નદીમાં જાળ નાખે છે તો જાળની અંદર આવવાવાળી તમામ માછલીઓ પકડાઇ જાય છે,પરંતુ જે માછલી જાળ નાખવાવાળાના ચરણો પાસે આવી જાય છે તે પકડાતી નથી,તેવી જ રીતે ભગવાનની માયા (સંસાર)માં મમતા કરીને જીવો ફસાય છે અને જન્મ મરણના ચક્કરમાં ફસાઇ જાય છે,પરંતુ જે જીવો માયાપતિ પરમાત્માને જાણીને માનીને તેમના શરણમાં આવી જાય છે તેઓ માયાને તરી જાય છે.પરમાત્માની પ્રાપ્તિ અને તેને અંગસંગ જાણવા એ જ માનવ જીવનનું લક્ષ્ય છે.ઉચ્ચ વિચાર,શુભ કર્મ અને કપટ રહિત વ્યવહાર ચરીત્રનિર્માણનો મૂળ આધાર છે અને તેની પ્રગતિના માટે સત્સંગ ખૂબ જ જરૂરી છે.આજે હોટલો..સિનેમાઘરો તથા ગાડીઓમાં મુસાફરીના સમયે કોઇ ભેદ રાખવામાં આવતો નથી,પરંતુ ભક્તિમાં ભેદભાવ રાખવામાં આવે છે.
- જીવનમાં જે વાતો સાંભળીએ..તેને જોઇએ..વિચારીએ તથા સમજીને અને જ્યારે માની લઇએ ત્યાર પછી પૂર્ણ વિશ્વાસ આવવાથી જ સુખ,શાંતિ તથા દ્રઢતા આવે છે.
- બીજો શું કરે છે તે ના જુવો.પોતાના પરીવારના સદસ્યોમાં પણ પ્રભુ દર્શન કરો.બાળકોને સારા સંસ્કાર અને શિક્ષણ આપો.
- બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ પછી પણ વેર..નફરત..નિંદા..ચુગલી ચાલુ રહી તો ભક્તિનો આનંદ નહી મળે. પરમાત્મા અંગસંગ છે..આવશ્યકતા તેના અસ્તિત્વનો અનુભવ કરવાની છે.નિષ્કામભાવથી ભક્તિ કરો..સ્વાર્થ રહિત સુમિરણ કરો..યશ-અપયશ,માન-અપમાનની અભિલાષા છોડી દેવી.
- મનુષ્ય જન્મ કરોડો જન્મના પુણ્ય કર્મોનું ફળ છે.આ જન્મમાં પ્રભુ પરમાત્માને જાણવા એ મનુષ્યનું પરમ કર્તવ્ય છે.

(ગુરૂદેવ હરદેવજી મહા.(નિરંકારી બાબા)ના પ્રવચનમાંથી સાભાર...)

.....................................................................................................................

## જ્ઞાન કર્મમાં આવી જાય તો જીવનનો શૃંગાર બને

વર્તમાન સમયના સદગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજ “નિરંકારી બાબા” માનવમાત્રને એક પ્રભુ પરમાત્માનું જ્ઞાન કરાવીને જાત-પાંત,વેશભૂષા,ધૃણા,નફરત,વેર વિરોધથી મુક્ત કરીને માનવીયતાનું વસ્ત્ર પહેરાવે છે.બ્રહ્મજ્ઞાનનો નકશો..પ્રેમ..નમ્રતા અને સમદ્દષ્ટિને જીવનનો આધાર બનાવી જીવન જીવવું એ જ મનુષ્યનું કર્તવ્ય છે.બ્રહ્મજ્ઞાન જ માનવને પોતાના નિજ સ્વરૂપનું જ્ઞાન કરાવે છે કેઃ તમામ માનવ સમાન છે..તમામ જીવોમાં એક જ આત્મા નિવાસ કરે છે.સંપૂર્ણ સૃષ્ટિ પરમાત્માનું રૂપ છે.

હું કંઇ જ નથી અને કંઇપણ કાર્ય કરી શકવા સમર્થ નથી..કરણકરાવનહાર પ્રભુ પરમાત્મા છે.. આવી ભાવનાથી યુક્ત થઇને જ મનુષ્યએ વર્તમાન સમયના સદગુરૂના માધ્યમથી એક નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મ પરમાત્માના જ્ઞાનને જાણીને તેને અનુરૂપ નેકીના માર્ગ ઉપર ચાલવું જોઇએ.માનવના જીવનમાં "જ્ઞાનનો નકશો,અમલનો રંગ" કેવો ચઢવો જોઇએ તેના વિશે એક દ્દષ્ટાંત જોઇએ.....

એક સંત મહાપુરૂષ રસ્તા ઉપર જઇ રહ્યા હતા.તેમને પાંચ બદમાશોએ પકડીને તેમની પાસેના પૈસા ઝુંટવી લીધા,ત્યારબાદ મારપીટ કરીને ભાગી ગયા.તે જ રસ્તે થઇને એક સજ્જન વ્યક્તિ પસાર થઇ રહ્યા હતા.સંતની આવી હાલત જોઇને તેમને દયા આવી ગઇ.તેઓ સંતને દવાખાને લઇ જઇ દાખલ કરી ઉપચાર કરાવ્યો.કેટલાક દિવસ પછી સંત મહાપુરૂષને હોંશ આવતાં પેલા સજ્જને પૂછ્યું કેઃ "મહારાજ ! શું આપને યાદ છે કે આપને મારપીટ કરનાર અને આપને લૂંટી લેનાર કોન હતા..?" અહીં દવાખાનામાં આપને કોન લાગ્યું હતું..? તેના જવાબમાં સંત મહાપુરૂષ કહે છે કેઃ "મને પુરેપુરૂ ભાન હતું કે તમે જ મને માર મારી લૂંટી લીધો હતો અને તમે જ મને અહી દવાખાનામાં દાખલ કરી ઉપચાર કરાવ્યો હતો." પેલા સજ્જને મહાત્માને કહ્યું કેઃ મહારાજ ! આપ જરા વિચાર કરીને બોલો ! મહાત્માએ કહ્યું કેઃ હું સાચું જ કહું છું કે તમે સાક્ષાત નિર્ગુણ નિરાકાર પરમેશ્વર આ મહાનુભાવના શરીરમાં આવીને મને પૂછી રહ્યા છો ! જ્યારે મને સજા આપવી હતી તો પાંચ બદમાશોના આત્માના રૂપમાં આવીને તમે જ મને માર્યો.સજા આપ્યા પછી તમે જ વિચાર્યું કે આને જાનથી મારી નાખવો નથી એટલે આ સજ્જનના રૂપમાં આવીને મારી તમામ પ્રકારની દેખભાળ કરાવી અને તમે જ મને પૂછી રહ્યા છો ! મારી દ્દષ્ટિમાં તો જિધર દેખતા હું તૂં હી તૂં હૈ !! કહેવાનો ભાવ સંત મહાપુરૂષના હ્રદયમાં સમયના સદગુરૂ દ્વારા આપવામાં આવેલ પ્રેમ..નમ્રતા..સમદ્દષ્ટિરૂપી જ્ઞાનનો નકશો જેવી રીતે રેખાંકીત કર્યો હોય છે તેના અનુરૂપ જ તેમના જીવનમાં કર્મરૂપમાં રંગ ચઢ્યો હતો.ઇશ્વર સમહ્રદય છે.અમારે પણ અમારા જીવનમાં સમદ્દષ્ટિનો ભાવ ઉત્પન્ન કરીને ભૌતિક તથા આધ્યાત્મિક બંન્ને સ્તર પર ઉન્નતિ કરવાની છે તથા જ્ઞાનના નકશા ઉપર અમલનો રંગ અમારા જીવનમાં ચઢાવવાનો છે..

સાચી માનવતાવાળું જીવન જીવન જીવવાની કામના કરનાર બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ પૂર્ણ ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂના માધ્યમથી સબ ઘટવાસી અંતર્યામી નિર્ગુણ નિરાકાર પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.જો પ્રત્યેક માનવ પોતાના વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મજ્ઞાનને પ્રાપ્ત કરી તે મુજબ જીવન જીવવાનું શરૂ કરી દે તો અશાંતિ..વૈરમનસ્ય..ચોરી અને વ્યભિચાર..અપરાધ તથા સ્વાર્થ પરાયણતા..માનવ માનવનું જે શોષણ કરે છે તે..લૂંટફાટ..ખૂના મરકી જેવા અત્યારચારો બંધ થઇ જાય તેમાં કોઇ શંકા નથી.

માનવતા એ જ માનવનો ધર્મ છે.જે માનવના હ્દયમાં બ્રહ્મજ્ઞાનો નકશો રેખાંકીત રહે છે,તેમનામાં વર્ગભેદ..વર્ણભેદ હોતો નથી એટલે જ જ્ઞાનીજનો યુગના અવતાર વર્તમાન સમયના સદગુરૂની વાણીને પરમાત્માના સાનિધ્યમાં લઇ જનારી વાણી સમજીને પોતાના જીવનમાં અનુસરણ કરી અમલનો રંગ ચઢાવી ઇમાનદારીના રસ્તે ચાલે છે...!

..........................................................................................................................

## અષ્ટાવક્ર મુનિનું જીવન ચરીત્ર તથા જનક અષ્ટાવક્ર સંવાદ

ઉદાલક મુનિના પૂત્ર શ્વેતકેતુ આ પૃથ્વીભરમાં મંત્રશાસ્ત્રમાં પારંગત સમજવામાં આવતા હતા.આ ઉદાલક મુનિના "કહોડ" નામથી પ્રસિદ્ધ શિષ્ય હતા,તેમને પોતાના ગુરૂદેવની ઘણી જ સેવા કરી હતી.જેનાથી પ્રસન્ન થઇને ગુરૂએ તેમને ઘણા જ થોડા સમયમાં તમામ વેદ-વેદાંગ ભણાવી દીધા હતા અને પોતાની કન્યા સુજાતાનો વિવાહ તેમની સાથે કર્યો હતો.થોડો સમય વિત્યા પછી સુજાતા ગર્ભવતી બને છે.અષ્ટાવક્ર જ્યારે

માતાના ગર્ભમાં હતા ત્યારે તેમની માતા સુજાતા, તેમના પતિ કહોડ અને પિતા ઉદ્દાલક વચ્ચેનો જ્ઞાનસંવાદ સાંભળતી જેથી અષ્ટાવક્ર માતાના ગર્ભમાંજ મંત્રોચ્ચાર શિખી ગયા હતા.આ ગર્ભ અગ્નિની સમાન તેજસ્વી હતો.એક દિવસ કહોડ મુનિ વેદ પાઠ કરી રહ્યા હતા.તેમના પિતા અશુદ્ધ પાઠ કરી રહ્યા હતા તેથી ગર્ભસ્થ બાળકે કહ્યું કેઃ પિતાજી ! આપ અશુદ્ધ વેદપાઠ કરી રહ્યા છો.પોતાના શિષ્યોની હાજરીમાં આવા પ્રકારનો આક્ષેપ કરવાથી તેમના પિતાજીને ઘણો જ ક્રોધ આવ્યો અને તેમને ઉદસ્થ બાળકને શ્રાપ આપ્યો કેઃ "તું પેટમાં જ આવી ટેઢી ટેઢી વાતો કરે છે એટલા માટે તૂં આઠ જગ્યાએથી વક્ર (ટેઢો-વાંકો) ઉત્પન્ન થઇશ." જ્યારે અષ્ટાવક્ર પેટમાં વધવા લાગ્યા ત્યારે તેમની માતા સુજાતાને ઘણી જ પીડા થવા લાગી.તે સમયે તેમને પોતાના નિર્ધન પતિને ધન લાવવા માટે વિનંતી કરી.કહોડ મુનિ ધન લેવા માટે રાજા જનકની પાસે જાય છે તે દિવસોમાં રાજા જનકના દરબારમાં બંદિનામનો પુરોહીત આવ્યા હતા.તેમને એવો નિયમ બનાવ્યો હતો કે જે મારી સાથે શાસ્ત્રાર્થમાં હારી જશે તેમને હું જળમાં ડુબાડી દઇશ.

ઘણા મોટા મોટા વિદ્વાનો..પંડીતો આવતા હતા અને તેમની સામે શાસ્ત્રાર્થમાં હારી જતા હતા.હારી જતા વિદ્વાનો..પંડીતોને આ પુરોહીત જળમાં ડુબાડી દેતા હતા.અષ્ટાવક્રજીના પિતાજી કે જે ધનની પ્રાપ્તિના અર્થે રાજા જનકના દરબારમાં ગયા હતા તેઓ આ પુરોહીતની સામે શાસ્ત્રાર્થમાં હારી ગયા અને શાસ્ત્રાર્થના નિયમો અનુસાર તેમને પણ પાણીમાં ડુબાડી દેવામાં આવ્યા.અષ્ટાવક્રજીના મામા...વગેરેને પણ આવી રીતે જ પાણીમાં ડુબાડી દેવામાં આવ્યા હતા.જ્યારે ઉદાલકને આ સમાચાર મળ્યા ત્યારે તેમને પોતાની પૂત્રી સુજાતાની પાસે જઇને તમામ વાતોથી સુજાતાને વાકેફ કરી અને કહ્યું કેઃ તમારે આ વિશે અષ્ટાવક્રજીને કોઇ વાત કરવી નહી.અષ્ટાવક્રજીના જન્મ પછી તેમના પિતાના વિશે કોઇએ કોઇ જાણકારી ન આપવાથી તે ઉદાલક(દાદા)ને જ પોતાના પિતા સમજતા હતા અને તેમના પૂત્ર શ્વેતકેતૂ(મામા)ને જ પોતાના ભાઇ સમજતા હતા.

એક દિવસ જ્યારે અષ્ટાવક્રજીની ઉંમર બાર વર્ષની હતી ત્યારે તે ઉદાલકના ખોળામાં બેઠા હતા તે જ સમયે ત્યાં શ્વેતકેતૂ આવે છે અને પોતાના પિતાના ખોળામાંથી અષ્ટાવક્રજીને ખેંચી લઇને કહે છે કેઃ આ તારા બાપની ગોદ(ખોળો) નથી.શ્વેતકેતૂની આવી કટૂક્તિથી અષ્ટાવક્રજીના ચિત્ર ઉપર આઘાત લાગ્યો, તેથી તેમને ઘેર જઇને તેમની માતાને પૂછ્યું કેઃ મારા પિતાજી ક્યાં ગયા છે ? આ સાંભળીને સુજાતાને ગભરામણ થાય છે અને શ્રાપના ભયથી બધી જ સત્ય વાતો જણાવી દે છે.તમામ રહસ્યની વાતો સાંભળીને અષ્ટાવક્રજી રાત્રીના સમયે પોતાના મામા શ્વેતકેતૂને મળીને બંન્ને મામા-ભાણેજ રાજા જનકના યજ્ઞમાં જવાનું નક્કી કરે છે.યજ્ઞશાળાના દ્વાર પર પહોંચીને જ્યારે તેઓ અંદર જવા લાગ્યા તે સમયે દ્વારપાળે કહ્યું કેઃ આપ લોકોને મારા પ્રણામ ! અમે તો આજ્ઞાનું પાલન કરવાવાળા છીએ.રાજા જનકના આદેશ અનુસાર અમે નિવેદન કરીએ છીએ કેઃયજ્ઞશાળામાં બાળકોને જવાની પરવાનગી નથી.ફક્ત વૃદ્ધ અને વિદ્વાનોને જ પ્રવેશ આપવામાં આવે છે, ત્યારે અષ્ટાવક્રજીએ કહ્યું કેઃ દ્વારપાલજી ! મનુષ્ય વધુ ઉંમરનો હોવાથી..વાળ ધોળા થઇ જવાથી..ધનથી અથવા વિશાળ કુટુંબથી તે મોટો કહેવાતો નથી.બ્રાહ્મણોમાં પણ તે જ મોટો છે જે વેદોનો વક્તા છે આવો ઋષિઓએ નિયમ બનાવ્યો છે. અમે રાજસભામાં આવેલ પુરોહીતને મળવા ઇચ્છીએ છીએ,એટલા માટે આપ અમારા તરફથી આ વિનંતી મહારાજને પહોચાડી દો.આજે તમે અમોને વિદ્વાન પુરોહીતની સાથે શાસ્ત્રાર્થ કરતા જોશો અને વાદ વધી જતાં પુરોહીતને મારાથી પરાજીત થતાં તમે જોશો..

દ્વારપાળે કહ્યું કેઃ હું ગમે તે ઉપાય કરીને આપશ્રીને સભામાં લઇ જવાનો પ્રયાસ કરૂં છું..પરંતુ ત્યાં જઇને આપશ્રીએ વિદ્વાનોને શોભે તેવું કાર્ય કરવું પડશે.આવું કહીને દ્વારપાળ તેમને રાજા જનકની પાસે લઇ

જાય છે, ત્યાં જઇને અષ્ટાવક્રજીએ કહ્યું કેઃ રાજન ! આપ જનક વંશમાં મુખ્ય સ્થાન ધરાવો છો અને આપ ચક્રવર્તી રાજા છો.મે સાંભળ્યું છે કેઃ આપની સભામાં એક પુરોહીત આવ્યા છે ? તે બ્રાહ્મણોને શાસ્ત્રાર્થમાં પરાસ્ત કરીને પછી હારેલા બ્રાહ્મણો..પંડીતો..વિદ્વાનોને પાણીમાં ડુબાડી દે છે ? આ વાત સાંભળીને હું અદ્વૈતબ્રહ્મ વિષય પર તેમની સાથે શાસ્ત્રાર્થ કરવા માટે આવ્યો છું..તે રાજ પુરોહીત ક્યાં છે ? હું તેમને મળવા ઇચ્છું છું.

રાજા જનકે કહ્યું કેઃ પુરોહીત બંદીનો પ્રભાવ ઘણા બધા વેદવેત્તા બ્રાહ્મણો જોઇ ચુક્યા છે, તમે તેમની શક્તિને ન જાણતા હોવાથી જ તેમને જીતવાની આશા કરી રહ્યા છો. આ પહેલાં કેટલાય વિદ્વાન બ્રાહ્મણો આવ્યા,પરંતુ સૂર્યની આગળ તારાઓ ફીક્કા પડી જાય છે તેવી જ રીતે તમામ તેમની સામે હતપ્રભ બની ગયા છે...આવું સાંભળીને અષ્ટાવક્રજીએ કહ્યું કેઃ હજુ સુધી તેનો મારા જેવાની સાથે સામનો થયો નથી તેથી જ તે સિંહની જેમ નિર્ભય બનીને આવી વાતો કરે છે.

અષ્ટાવક્રજીની વાતો સાંભળીને તેમની પરીક્ષા કરવાના વિચારથી જનકરાજાએ કહ્યું કેઃ

"જે પુરૂષ ત્રીસ અવયવ..બાર અંશ..ચોવીસ પર્વ અને ફક્ત આરોવાળા પદાર્થને જાણે છે તે મોટો વિદ્વાન છે."

આ સાંભળીને અષ્ટાવક્રજીએ કહ્યું કેઃ જેનામાં પક્ષરૂપ ૨૪ પર્વ..ઋતુરૂપ ૬ નાભિ..માસરૂપ બાર અંશ..દિવસો રૂપ ૩૬૫ આરાઓ છે તે નિરંતર ફરનારા સંવત્સરરૂપ કાળ ચક્ર આપની રક્ષા કરે."

આવો જવાબ સાંભળી રાજા જનકે પ્રશ્ન પૂછ્યો કેઃ સૂતી વખતે આંખ કોન બંધ કોન કરતું નથી ? જન્મ લીધા પછી કોનામાં ગતિ હોતી નથી ? અને વેગથી કોન આવે છે ?

અષ્ટાવક્રજીએ કહ્યું કેઃ "માછલી સૂતી વખતે આંખ બંધ કરતી નથી..ઇડું ઉત્પન્ન થવા છતાં ચેષ્ટા કરતું નથી..પત્થરમાં હૃદય હોતું નથી અને નદી વેગથી વહે છે."

વિવેચકોએ એનો જે આધ્યાત્મિક અર્થ કરેલો છે તેને પણ વિચારી લઇએ.

પ્રથમ ચરણનો અર્થઃ શ્રુતિમાં ચૈતન્ય પુરુષને મહામત્સ્યની ઉપમા આપી છે. જેમ મહામત્સ્ય નદીના બંને કિનારામાં ફરવાથી થાકી જાય છે તેમ ચૈતન્ય પુરુષ પણ જાગ્રત અવસ્થામાં અને સ્વપ્નાવસ્થામાં, આ લોક તથા પરલોકમાં, ભ્રમણ કરવાથી થાકીને સુષુપ્તિ પામે છે. પરંતુ એ સુષુપ્તિ તથા પ્રલયમાં, કાર્ય તથા કારણસમૂહની જ્યારે હલનચલનાદિ શક્તિ સંપૂર્ણ રીતે ઉપરામ પામી જાય છે ત્યારે, આ એક ચૈતન્ય પુરુષ જ જેની દૃષ્ટાપણાની શક્તિ નાશ ના પામી હોય એવા રહે છે. એ સંબંધમાં શ્રુતિ પણ કહે છે કે દૃષ્ટાની દૃષ્ટિનો લોપ થતો જ નથી, કારણ કે તે અવિનાશી છે. જો દૃષ્ટાની દૃષ્ટિનો લોપ સ્વીકારીએ તો કરેલાંનો નાશ અને નહિ કરેલાંની પ્રાપ્તિરૂપી દોષ પ્રાપ્ત થાય અને " હું આટલો વખત સુખે સૂતો હતો " એવું જ્ઞાન પણ અનુભવ કરનારાના અભાવમાં થાય નહિ, તેથી ચૈતન્ય પુરુષનું જ્ઞાન અખંડ છે અને તે અવિનાશી છે, માટે અજન્મા છે. આ પ્રથમ ચરણનો અર્થ છે.

બીજા ચરણનો અર્થઃ ઉત્પન્ન થયેલું ઇંડું એટલે આ અખિલ બ્રહ્માંડ. ઉત્પન્ન થયા પછી પણ પોતાની મેળે હલનચલન કરતું નથી, પરંતુ તેને ચૈતન્ય પુરુષ જ ગતિમાન કરે છે.

ત્રીજા ચરણનો અર્થ :- અશ્મન્ એટલે પાષાણ અને યાસ્ક મુનિએ શ્મન્ નો અર્થ શરીર કરેલો છે. એટલે શ્મનરહિત તે અશ્મન્ - અર્થાત્ શરીરરહિત-દેહાભિમાનરહિત એવા યોગીનું હૃદય શોકનું સ્થાન હોતું નથી. શ્રુતિ પણ એમ જ કહે છે કે શરીરાભિમાનરહિત યોગીને પ્રિય તથા અપ્રિયનો સ્પર્શ થતો નથી. દેહાભિમાન ગળી જાય છે ત્યારે યોગીના હૃદયના સર્વ શોકોને તરી જાય છે. અર્થાત્ મનરહિત જીવનમુક્ત થાય છે.

ચોથા ચરણનો અર્થ : નદી એટલે ચિત્તરૂપી નદી સમજવી. યોગી જ્યારે સમાધિમાંથી ઊઠે છે અર્થાત્ બાહ્ય પ્રપંચમાં દૃષ્ટિ કરે છે ત્યારે તેની ચિત્તરૂપી નદી, સર્વ પ્રપંચરૂપી વેગથી વધી જાય છે. અર્થાત્ યોગીની દૃષ્ટિએ વ્યાવહારિક પ્રપંચ પણ સ્વપ્નના પ્રપંચની પેઠે દૃષ્ટિના સમકાળમાં જ ઉત્પન્ન થાય છે.

એ આખા શ્લોકમાં સંક્ષેપમાં દર્શાવ્યું છે કે દૃષ્ટાની દૃષ્ટિનો લોપ થતો નથી, દૃષ્ય પદાર્થ જડ છે, દેહનો સંગ ના કરનારાની મુક્તિ થાય છે, અને સંસાર મનોમય છે.

આવો જવાબ સાંભળીને રાજા જનકે કહ્યું કેઃ આપ તો દેવતાઓની સમાન પ્રભાવશાળી છો.હું આપને સામાન્ય માણસ સમજતો નથી.આપ બાળક પણ નથી. હું તો આપશ્રીને જ્ઞાનવૃદ્ધ જ માનું છું.વાદ-વિવાદ કરવામાં આપ સમાન કોઇ નથી એટલા માટે આપશ્રીને બંદી પુરોહીત સાથે શાસ્ત્રાર્થ કરવા માટે સંમતિ આપું છું.

જનક રાજાની રાજસભામાં પ્રવેશ થતાં જ અષ્ટાવક્રજીના આઠ અંગ વાંકા હોવાથી આવું બેડોળ શરીર જોઇને તમામ સભાસદો હસી પડે છે અને જ્યારે સભાસદોએ જાણ્યું કે આ અષ્ટાવક્ર બાળક શાસ્ત્રાર્થ કરવા આવ્યા છે ત્યારે સભાસદો ખુબ જ ખડખડાટ હસી પડે છે.

અષ્ટાવક્રજી કહે છે કેઃ અમે તો સમજતા હતા કે વિદેહ રાજા જનકની સભામાં કેટલાય પંડીતો હશે,પરંતુ અહીયાં તો તમામ ચમારો જ જોવા મળે છે.

અષ્ટાવક્રજીનું આવું કથન સાંભળીને સભામાં ઉપસ્થિત તમામ પંડિતો વિદ્વાનો એક બીજાની તરફ જોવા લાગ્યા.રાજા જનકે પુછ્યું કેઃ બ્રહ્મણ ! આપે તમામ સભાસદોને ચમાર કેમ કહ્યા ? મારી સભામાં તો મોટા મોટા ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણો અને પંડીતો વિદ્યમાન છે.

અષ્ટાવક્રજીએ કહ્યું કેઃ જુઓ..! આત્મા નિત્ય શુદ્ધ નિર્લેપ અને નિર્વિકાર છે તેનામાં કોઇ વિકાર કે દોષ નથી. જેને આત્મા-પરમાત્માનું જ્ઞાન છે તે જ બ્રહ્મજ્ઞાની કે પંડીત છે.જે આત્મા-પરમાત્માને ઓળખતો નથી અને ફક્ત ચામડાથી ઢંકાયેલ આ અસ્થિ-માંસના શરીરને જોઇને હસે છે તેને આત્મજ્ઞાન નથી ફક્ત ચામડાનું જ જ્ઞાન છે અને જેને ચામડાનું જ્ઞાન હોય છે તે ચમાર જ છે.

અષ્ટાવક્રજીની આવી યુક્તિયુક્ત વાતો સાંભળીને મહારાજ જનક તથા સમસ્ત સભાસદોને ઘણો જ સંતોષ થયો.તેમને અષ્ટાવક્રજીનું અભિવાદન કર્યું..પૂજા કરી તથા સભામાં આવવાનું કારણ પુછ્યું..

અષ્ટાવક્રજીએ કહ્યું કેઃ હું આપના તે પંડીતની સાથે શાસ્ત્રાર્થ કરવા ઇચ્છું છું કે જે પોતાની સાથેના શાસ્ત્રાર્થમાં હારનાર પંડીતોને પાણીમાં ડુબાડી દે છે.મહારાજ જનકે તે પંડીત પુરોહીતની સાથે અષ્ટાવક્રજીનો શાસ્ત્રાર્થ યોજ્યો..ત્યારે અષ્ટાવક્રજીએ પંડીત પુરોહીતની તરફ ફરીને કહ્યું કેઃ પોતાને અતિવાદી માનનાર હે બંદી ! તમે પોતાની સામે હારી જનારને જળમાં ડૂબાડી દેવાની શરત રાખી છે,પરંતુ મારી સામે તમે જીતી શકવાના નથી.મારી સામે શાસ્ત્રાર્થમાં તમારી વાદશક્તિ નષ્ટ થઇ જશે.હવે તમે મારા પ્રશ્નોના જવાબ આપો અને હું તમારા પ્રશ્નોના જવાબ આપીશ.

જ્યારે ભરી સભામાં અષ્ટાવક્રજીએ શાસ્ત્રાર્થના માટે લલકાર કર્યો ત્યારે બંદી પુરોહીતે કહ્યું કેઃ અષ્ટાવક્રજી ! એક જ અગ્નિ અનેક પ્રકારથી પ્રકાશિત થાય છે..એક જ સૂર્ય સમગ્ર જગતને પ્રકાશિત કરી રહ્યો છે.. શત્રુઓનો નાશ કરનાર દેવરાજ ઇન્દ્ર એક જ વીર છે તથા પિતરોના યમરાજા પણ એક જ છે.

અષ્ટાવક્રજીઃ ઇન્દ્ર અને અગ્નિ...આ બે દેવતા છે..નારદ અને પર્વત...આ દેવર્ષિ પણ બે છે..અશ્વિનીકુમારો પણ બે છે..રથનાં પૈડાં પણ બે જ છે અને વિધાતાએ પતિ-પત્ની...આ સહચર પણ બે જ બનાવ્યાં છે.

બંદી પુરોહીતઃ આ તમામ પ્રજા કર્મવશ ત્રણ પ્રકારથી જન્મ લે છે.તમામ કર્મોનું પ્રતિપાદન પણ ત્રણ વેદ જ કરે છે.અધ્વર્યુજનો પણ પ્રાતઃ..મધ્યાન્હ અને સાંજે...આ ત્રણ સમયે યજ્ઞનું અનુષ્ઠાન કરે છે.કર્મ અનુસાર

પ્રાપ્ત થનાર ભોગોના માટે સ્વર્ગ..મૃત્યુ અને નરક...આ ત્રણ લોક પણ ત્રણ છે તથા કર્મજન્ય જ્યોતિઓ પણ ત્રણ છે.

અષ્ટાવક્રજીઃ બ્રાહ્મણોના માટે આશ્રમ ચાર છે.(બ્રહ્મચર્યાશ્રમ..ગૃહસ્થાશ્રમ..વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ) ૐકારના અકાર..મકાર..ઉકાર અને અર્ધમાત્રા...આ ચાર જ વર્ણ છે અને મુખ્ય દિશાઓ પણ ચાર છે (પૂર્વ.. પશ્ચિમ..ઉત્તર..દક્ષિણ) તથા પરા..પશ્યન્તિ..મધ્યમા અને વૈખરી...વાણી પણ ચાર પ્રકારની છે.

બંદી પુરોહીતઃ યજ્ઞની અગ્નિઓ પાંચ છે.(ગાર્હપત્ય,દક્ષિણાગ્નિ,આહ્વનિય,સભ્ય અને આવસથ્ય)..પંક્તિ છંદ પણ પાંચ પદોવાળા છે..યજ્ઞ પણ પાંચ પ્રકારના છે (અગ્નિહોત્ર..દર્શ..પૌર્ણમાસ..ચાર્તુમાસ્ય અને સોમ).. ઇન્દ્રિયો પાંચ છે..વેદમાં પંચ શીખાવાળી અપ્સરા પણ પાંચ છે (શરીરના આકારમાં પરિણામ પામેલાં જળપ્રધાન પ્રાણીઓમાં અનુસરનારી અપ્સરા ચિતશક્તિ છે. એને પ્રમાણ,વિપર્યય,નિદ્રા,સ્મૃતિ નામની તથા વિકલ્પ નામની પાંચ વૃત્તિઓ પાંચ શિખાઓ છે) તથા સંસારમાં પ્રસિદ્ધ નદો પણ પાંચ છે.(પાંચ વિષયપ્રવાહનો સમૂહ પાંચ નદો કહેવાય છે.)

અષ્ટાવક્રજીઃ કાલ ચક્રમાં ઋતુઓ છ છે..મન સહિત જ્ઞાનેન્દ્રિયો પણ છ છે..કૃતિકાઓ પણ છ છે તથા તમામ વેદોમાં સાદ્યસ્ક નામના યજ્ઞ પણ છ છે..

બંદિ પુરોહીતઃ ગ્રામ્ય પશુ સાત છે..વન્ય પશુ પણ સાત છે..યજ્ઞને પૂર્ણ કરનાર છન્દ પણ સાત છે..ઋષિઓ પણ સાત છે (મરીચિ..અત્રિ..અંગિરા..પુલસ્ત્ય..પુલહ..ક્રતુ અને વસિષ્ઠ)..માન આપવાના પ્રકાર પણ સાત છે અને વીણાના તાર પણ સાત છે.

અષ્ટાવક્રજીઃ સેકડો વસ્તુઓનો તોલ કરનાર શાણ(તોલ)ના ગુણ પણ આઠ છે..સિંહનો નાશ કરનાર શરભના ચરણ પણ આઠ છે..દેવતાઓમાં વસુ નામના દેવતાઓ પણ આઠ છે..તથા યજ્ઞમાં યજ્ઞસ્તંભના કોણ પણ આઠ જ છે.

બંદી પુરોહીતઃ પિતૃયજ્ઞ સમિધા છોડવાના મંત્ર નવ કહેવામાં આવે છે..સૃષ્ટ્રિમાં પ્રકૃતિના વિભાગ પણ નવ કરવામાં આવ્યા છે (ઉપરઃ સૂર્ય..ચંદ્ર..તારાઓ, નીચેઃધરતી..અગ્નિ..પાણી, મધ્યમાઃ જીવ..આકાશ..વાયુ)... બૃહતિ છંદના અક્ષર પણ નવ છે અને જેનાથી અનેક પ્રકારની સંખ્યા બને છે તેવા એકથી નવ અંક છે..

અષ્ટાવક્રજીઃ સંસારમાં દિશાઓ દશ છે..સહસ્ત્રની સંખ્યા પણ સો ને દશવાર ગુણવાથી થાય છે..ગર્ભવતી સ્ત્રી દશ માસ ગર્ભ ધારણ કરે છે..તત્વનો ઉપદેશ કરનારા પણ દશ છે તથા પૂજન યોગ્ય પણ દશ છે.

બંદી પુરોહીતઃ પશુઓના શરીરોમાં વિકારોવાળી ઇન્દ્રિયો અગિયાર છે..યજ્ઞના સ્તંભ અગિયાર શોય છે.. પ્રાણીઓમાં વિકાર પણ અગિયાર છે તથા દેવતાઓમાં રૂદ્ર પણ અગિયાર છે..

અષ્ટાવક્રજીઃ એક વર્ષના મહીના બાર હોય છે..જગતી છંદના ચરણોમાં અક્ષર બાર હોય છે..પ્રાકૃત યજ્ઞ બાર દિવસના કહેવાય છે અને ધીર પુરુષોએ આદિત્ય પણ બાર કહ્યા છે..(ધાતા,મિત્ર,અર્યમા,શુક્ર,વરુણ, અંશ કે અંશુમાન,ભગ,વિવસ્વાન,પૂષા, સવિતા,ત્વષ્ઠા અને વિષ્ણુ)

બંદી પુરોહીતઃ તિથિઓમાં ત્રયોદશીને ઉત્તમ કહેવામાં આવે છે..અને પૃથ્વી પણ તેર દ્વિપોવાળી છે.......... આમ, બંદી પુરોહીત અડધો શ્લોક કહીને ચૂપ થઇ ગયા..તેથી અષ્ટાવક્રજીએ શેષ અડધો શ્લોક પુરો કરતાં કહ્યું કેઃ અગ્નિ..વાયુ અને સૂર્ય...આ ત્રણેય દેવતાઓ તેર દિવસના યજ્ઞમાં વ્યાપક છે અને વેદોમાં પણ તેર આદિ અક્ષરોવાળા અતિછંદ કહેવામાં આવ્યા છે.

આટલું સાંભળતાં જ બંદીનું મુખ નીચે થઇ ગયું અને ઉંડા વિચારમાં પડી ગયા, પરંતુ અષ્ટાવક્રજીના મુખમાંથી શબ્દોની હારમાળા ચાલુ હતી.આ જોઇ સભામાંના બ્રાહ્મણો હર્ષ ધ્વનિ કરતાં કરતાં અષ્ટાવક્રજીની પાસે જઇને તેમનું સન્માન કરવા લાગ્યા.

અષ્ટાવક્રજીએ રાજા જનકને કહ્યું કેઃ આ પંડીત મારી સાથેના શાસ્ત્રાર્થમાં હારી ગયા છે તેમની સામે હારનાર અનેક બ્રાહ્મણોને તેમને પાણીમાં ડુબાડી દીધા છે તો હવે આ બંદી પુરોહીતની પણ તેવી દશા થવી જોઇએ.

પુરોહીતે કહ્યું કેઃ મહારાજ ! હું જલાધિશ વરૂણનો પૂત્ર છું.મારા પિતાને ત્યાં પણ આપની જેમ જ બાર વર્ષે પૂર્ણ થાય તેવો યજ્ઞ થઇ રહ્યો છે એટલા માટે મેં પાણીમાં ડુબાડી દેવાના બહાને પસંદગીના શ્રેષ્ઠ બ્રાહ્મણોને વરૂણલોક મોકલી આપ્યા છે. અષ્ટાવક્રજી મારા માટે પૂજનીય છે તેમની કૃપાથી પાણીમાં ડુબીને હું મારા પિતાજીના લોકમાં ઉપસ્થિત થઇશ.આ ચર્ચા ચાલતી હતી ત્યાં જ પાણીમાં ડુબાડી દેવામાં આવેલ તમામ બ્રાહ્મણો વરૂણ દેવ દ્વારા સન્માનિત થઇ પાણીમાંથી બહાર નીકળી રાજા જનકની સભામાં ઉપસ્થિત થયા.તે બ્રાહ્મણોમાં કહોડ કે જે અષ્ટાવક્રજીના પિતા હતા તેમને કહ્યું કેઃ મનુષ્ય આવા જ કામોના માટે પૂત્રોની કામના કરે છે જે કામને હું ના કરી શક્યો તે મારા પૂત્રએ કરી દેખાડ્યું. રાજન ! ક્યારેક ક્યારેક દુર્બળ મનુષ્યને પણ બળવાન અને મૂર્ખને ત્યાં પણ વિદ્વાન પૂત્ર ઉત્પન્ન થાય છે.ત્યારબાદ અષ્ટાવક્રજીએ પોતાના પિતાનું પૂજન કર્યું તથા પોતાના મામા શ્વેતકેતુ સહીત પોતાના આશ્રમમાં ગયા.આશ્રમમાં પહોચ્યા પછી કહોડે અષ્ટાવક્રજીને કહ્યું કેઃ તમે સભંગા નદીમાં સ્નાન કરો. અષ્ટાવક્રજીએ સભંગા નદીમાં ડૂબકી લગાવી કે તુરંત જ તેમનાં તમામ અંગો સીધાં થઇ ગયાં.આમ,એક જ ધર્માત્મા સત્પુરૂષ ઉત્પન્ન થાય તો તે સમસ્ત કૂળનો ઉદ્ધાર કરી દે છે.

લેખમાં ઉભા થયેલા નીચેના પ્રશ્નોના જવાબ આપશ્રીની પાસે છે ?

- વેદમાં પંચ શીખાવાળી અપ્સરા પાંચ છે તે કઇ ?
- કૃતિકાઓ છ છે કઇ ?
- ગ્રામ્ય પશુ સાત છે કયા ?
- વન્ય પશુ સાત છે કયા ?
- માન આપવાના પ્રકાર સાત છે કયા ?
- તત્વનો ઉપદેશ કરનારા દશ છે કયા ?
- પૂજન યોગ્ય દશ છે કયા ?
- પ્રાણીઓમાં વિકાર અગિયાર છે કયા ?
- દેવતાઓમાં રૂદ્ર અગિયાર છે કયા ?
- પૃથ્વી તેર દ્વિપોવાળી છે કયા ?

**વિશેષઃ**

અષ્ટાવક્ર (अष्टवक्र) પ્રાચિન ભારતના મહાન ઋષિ હતા. તેઓ કહોડ ઋષિ અને સુજાતાના પુત્ર હતા. તેમના આઠ અંગ (બે હાથ,બે પગ,બે ઘુંટણ,છાતી અને માથું) વાંકા હોવાથી તેઓ અષ્ટાવક્ર (અષ્ટ= આઠ + વક્ર=વાંકા) તરીકે જાણીતા બન્યા. તેઓ રાજા જનક અને ઋષિ યાજ્ઞવલ્ક્યના ગુરૂ હતા. તેમણે રાજા જનકને આત્મા વિષે જે જ્ઞાન આપ્યું એ અષ્ટાવક્ર ગીતા તરીકે જાણીતું છે.

ઋષિ ઉદ્દાલક કે જેમનો ઉલેખ છાંદોગ્ય ઉપનિષદમાં છે, તેઓ વેદ જ્ઞાન આપવા આશ્રમ ચલાવતા હતા. આ આશ્રમમાં ઋષિ કહોડ અત્યંત યોગ્ય અને તેમના પ્રિય શિષ્ય હતા. ઋષિ ઉદ્દાલકે તેમની પુત્રી

સુજાતાનાં લગ્ન તેમના શિષ્ય કહોડ સાથે કર્યા. અષ્ટાવક્ર જ્યારે માતાના ગર્ભમાં હતા ત્યારે તેમની માતા સુજાતા, તેમના પતિ કહોડ અને પિતા ઉદ્દાલક વચ્ચેનો જ્ઞાનસંવાદ સાંભળતી જેથી અષ્ટાવક્ર માતાના ગર્ભમાંજ મંત્રોચ્ચાર શિખી ગયા હતા.

એક વખત ઋષિ કહોડ મંત્રોચ્ચાર વખતે ખોટો ઉચ્ચારણ કરી રહ્યા હતા, તો અષ્ટાવક્ર માતાના ગર્ભમાંથી હલચલ કરી ઉચ્ચારણ ખોટું છે એમ જણાવા પ્રયત્ન કર્યો. આનાથી તેમના પિતાને લાગ્યું કે બાળક અભિમાની છે અને ગુસ્સામાં શ્રાપ આપ્યો કે બાળક આઠ અંગે વાંકુ જન્મે.

અષ્ટાવક્રના જન્મ બાદ, સુજાતાના આગ્રહના કારણે ઋષિ કહોડ રાજા જનકના દરબારમાં ગયા જ્યાં જનક રાજા પંડિતોની જ્ઞાન સભા બોલાવી તત્વજ્ઞાનની ચર્ચા કરાવતા. અનેક વખત આવી ચર્ચાઓ ભિન્ન વિચારધારા વાળા પંડિતો વચ્ચે સ્પર્ધાનું સ્વરૂપ લઇ લેતી અને હારનાર પ્રતિદ્વંદ્વીને જીતેલા વ્યક્તિની આકરી શરતોનું પાલન કરવું પડતું. ઋષિ કહોડે, વરુણપુત્ર બંદી સાથે સ્પર્ધા કરી અને હારી ગયા. બદીની શરતો મુજબ તેમને ગંગા નદીમાં જળસમાધી લેવી પડી. અષ્ટાવક્રનો ઉછેર ત્યારબાદ ઋષિ ઉદ્દાલક પોતાના પુત્રની જેમ કરવા લાગ્યા. ઋષિ ઉદાલકનો એક પુત્ર શ્વેતકેતુ અષ્ટાવક્રની ઉંમરનો જ હતો. અષ્ટાવક્ર એમજ સમજતા કે ઉદ્દાલક તેમના પિતા છે અને શ્વેતકેતુ તેમનો ભાઈ. જ્યારે અષ્ટાવક્ર બાર વર્ષના હતા અને ઉદ્દાલકના ખોળામાં બેઠા હતા ત્યારે શ્વેતકેતુએ તેમને ખેંચી નીચે ઉતાર્યા અને કહ્યું કે જઇને પોતાના પિતાના ખોળામાં બેસે. આ ઘટના પછી તેમને પોતાની માતા પાસેથી પિતાની જળસમાધી વિષે જાણવા મળ્યું. અષ્ટાવક્રએ નક્કી કર્યું કે તેઓ પિતાની હારનો બદલો પંડિત બંદી પાસેથી લેશે.

અષ્ટાવક્ર અને શ્વેતકેતુ રાજા જનકના દરબારમાં જાય છે. જયાં અષ્ટાવક્ર બંદીને તર્ક વિવાદ માટે પડકારે છે. આ ચર્ચામાં બન્ને પ્રતિદ્વન્દ્વીઓએ એકથી શરૂ કરી વારાફરતી અંકો પર સિઘ્ર છંદ રચના કરવાની હોય છે. આ છંદો અંકોના તત્વજ્ઞાન સંબંધી અર્થો માટે જાણીતા છે. તેરમા અંક માટે બંદી ફક્ત અડધો જ છંદ રચી શક્યા. આ અધુરા છંદને અષ્ટાવક્રએ પુરો કરી બતાવ્યો અને સ્પર્ધા જીતી ગયા. સ્પર્ધાની શરત મુજબ બંદીએ અષ્ટાવક્રની કોઇ પણ એક ઇચ્છા પુરી કરવાની હોય છે. અષ્ટાવક્ર જણાવે છે કે તેમની ઇચ્છા બંદી જળસમાધી લે તેમ છે જેવી રીતે બંદીએ અષ્ટાવક્રના પિતા કહોડ પાસે લેવડાવી હતી તેમ જ. આ સાંભળી બંદી એક રહસ્ય ઉજાગર કરે છે કે તે જલ દેવતા વરૂણનો પુત્ર છે અને તેના પિતા વરૂણના યજ્ઞ માટે યોગ્ય બ્રાહ્મણો પસંદ કરવા આ રૂપ ધારણ કર્યું હતું. કારણકે તે સમયે વરૂણનો યજ્ઞ પણ પુરો થયો હતો, બંદી અષ્ટાવક્રના પિતા સહીત બધા બ્રાહ્મણોને મુક્ત કરી દે છે અને તેઓ રાજા જનકના દરબારમાં હાજર થાય છે. અષ્ટાવક્રના પિતા અષ્ટાવક્ર અને શ્વેતકેતુ સાથે આશ્રમ પાછા ફરે છે, ત્યાં સુજાતાની હાજરીમાં અષ્ટાવક્રને સામંગ નદીમાં સ્નાન કરવા જણાવે છે જેથી અષ્ટાવક્રના અંગ સીધા થઇ જાય છે.

બાદમાં અષ્ટાવક્ર એક જાણીતા તત્વવેતા બને છે અને મિથિલા જઇ રાજા જનકને આત્મા સંબંધી જ્ઞાન આપે છે.

.........................................................................................................................................

## માનવજીવનની સાર્થકતા

બડે ભાગ્ય માનુષ તનુ પાવા,સુર દુર્લભ સબ ગ્રંથહી ગાવા,

સાધન ધામ મોક્ષ કર દ્વારા,પાઇ ન જેહિં પરલોક સઁવારા..(રામાયણઃ૭/૪૨/૪)

અમારા ધર્મશાસ્ત્રોમાં માનવજીવનને અદ્વિતિય..દેવ દુર્લભ કહ્યો છે.

ગોસ્વામી તુલસીદાસજી કહે છે કે આ મનુષ્ય જન્મ મોટા ભાગ્યના યોગથી જ મળતો હોય છે અને દેવતાઓને પણ દુર્લભ છે એમ વેદ..પુરાણ..વગેરે સદગ્રંથો પણ કહે છે.આ મનુષ્ય જન્મ જે સાધનોના

ધામરૂપ છે અને મોક્ષ દ્વારરૂપ છે તેને પ્રાપ્ત કરી જેઓ પોતાના પરલોકને સુધારતા નથી તે બધા પાછળથી દુઃખ પામે છે..માથું ધુણાવી ધુણાવીને પસ્તાય છે અને પોતાની જ ભૂલથી થયેલા ફળ માટે કાળ..કર્મ કે ઈશ્વર ઉપર મિથ્યા દોષ લગાવે છે.આ સર્વોત્તમ એવા મનુષ્ય શરીરની પ્રાપ્તિ થયાનું ફળ વિષયભોગનું સુખ નથી અને સ્વર્ગનું સુખ પણ નથી, કેમકે આ લોકમાં વિષયભોગનું સુખ અને પરલોકમાં સ્વર્ગનું સુખ અલ્પકાળ સુધી જ રહે છે અને પરીણામે દુઃખદાયી જ નિવડે છે.જે લોકો મનુષ્ય શરીર પામીને વિષયોમાં મન લગાવે છે તેઓ મૂર્ખતાથી અમૃતના બદલે વિષ ગ્રહણ કરે છે.જેઓ પારસમણીને ગુમાવીને ચણોઠી લે તેમને ક્યારેય લોકો ડાહ્યા કહેતા નથી.આ અવિનાશી જીવ ચૌરાશી લાખ યોનિઓમાં ભમ્યા કરે છે..કાળ..કર્મ..સ્વભાવ અને ગુણને વશ થઇને અવિદ્યાની પ્રેરણાથી તે અનેક યોનિઓમાં ભમ્યા કરે છે.કાળ..કર્મ..સ્વભાવ અને ગુણને વશ થઇને અવિદ્યાની પ્રેરણાથી તે અનેક યોનિઓમાં ભટકતા જીવને નિષ્કારણ..સ્નેહી ઈશ્વર કોઇ વખત કરૂણા કરીને આ સર્વોત્તમ મનુષ્ય શરીર આપે છે.પ્રભુના અનુગ્રહરૂપી અનુકૂળ પવને પ્રેરેલું અને જેમાં સદગુરૂરૂપી ખલાસી મળી શકે છે એવું આ સંસારરૂપી સમુદ્રને તરવાનું અતિ દુર્લભ મનુષ્ય શરીરરૂપી દ્દઢ વહાણ સુલભરૂપે મળ્યા છતાં જે પુરૂષ સંસારરૂપી સમુદ્રને તરે નહીં તે પુરૂષ મંદબુદ્ધિવાળો છે..ઇશ્વરે કરેલા ઉપકારની નિંદા કરનારો છે અને પોતાના હાથે કરીને પોતાના આત્માની ખરાબી કરનારાઓની ગતિને પ્રાપ્ત થાય છે એટલે વેદોથી લઇને આજદિન સુધીના અમારા ઋષિઓ,સંતો અને આચાર્યોએ ઉપદેશ આપ્યો છે કેઃ આ શરીર પામીને અમે અમારા એ મહાન લક્ષ્યને પ્રાપ્ત કરીએ કે જેના માટે અમોને આ દિવ્ય મનુષ્ય શરીર મળ્યું છે.

કેનોપનિષદ(૨/૫)માં મહર્ષિની ઘોષણા છે કેઃ આ મનુષ્યમાં પરબ્રહ્મ પરમાત્માને જાણી લેવા એ જ કુશળતા છે.આ શરીર છે ત્યાંસુધી તેને જાણી લેવામાં ન આવે તો મહાવિનાશ છે ! આવું વિચારીને બુદ્ધિમાન પુરૂષ પ્રાણીમાત્રમાં એ પરબ્રહ્મ પરમાત્માને સમજીને આલોકમાંથી પ્રયાણ કરીને અમર થઇ જાય છે. કહેવાનો ભાવ એ છે કેઃ માનવજન્મ ખુબ જ દુર્લભ છે તેને પામીને જે મનુષ્ય પરમાત્માની પ્રાપ્તિના સાધનમાં તત્પરતાથી નથી લાગ્યા તે ખુબ જ મોટી ભૂલ કરે છે એટલે જ્યાંસુધી આ દુર્લભ માનવશરીર વિદ્યમાન છે..ભગવાનની કૃપાથી ભૌતિક સાધન સામગ્રી ઉપલબ્ધ છે ત્યાંસુધી બને તેટલું વેળાસર પરમાત્માને જાણી લેવા જોઇએ,નહીં તો વારંવાર સંસારના પ્રવાહમાં વહેવું પડશે..!

ધર્મશાસ્ત્રોમાં અનેક દ્દષ્ટાંતો દ્વારા માનવજીવનની અદ્વિતિયતા અને દુર્લભતાનું વર્ણન કરીને એ બતાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે માનવજીવનનું એકમાત્ર લક્ષ્ય બ્રહ્મપ્રાપ્તિ..ભગવત પ્રાપ્તિ છે અને બ્રહ્મની પ્રાપ્તિ ભ્રમોની સમાપ્તિ થયા વિના થતી નથી.મહાભારતમાં આ દુર્લભ મનુષ્ય જીવનને સ્વર્ગનું સોપાન કહ્યું છે.

મહર્ષિ વ્યાસ પોતાના સુપૂત્ર શુકદેવજી મહારાજને વૈરાગ્ય અને ધર્મપૂર્ણ ઉપદેશ આપતાં કહે છે કેઃ આ દુર્લભ માનવ શરીર સ્વર્ગલોકમાં પહોચવાની સીડી સમાન છે.મનુષ્ય બ્રહ્માંડનું શ્રેષ્ઠતમ પ્રાણી છે.મહર્ષિ વ્યાસ કહે છે કેઃ આ સમયે તમે લોકોને એક ખુબ જ ગુપ્ત વાત બતાવી રહ્યો છું ! સાંભળો ! મનુષ્ય યોનિથી ઉત્તમ કોઇ યોનિ નથી...! (મહાભારતઃશાંતિપર્વઃ૨૯૯/૨૦)

અમારા પૂર્વજ ઋષિમુનિઓએ ચિંતન..મનન દ્વારા પ્રાપ્ત અનુભવને વ્યક્ત કરતાં સમજાવ્યું છે કેઃ માનવજીવનની સાર્થકતા ભગવતપ્રાપ્તિમાં જ છે અને ભગવતપ્રાપ્તિ ધર્મમય જીવન જીવવાથી જ સંભવ છે. બીજા શબ્દોમાં કહીએ તો બ્રહ્મ સાક્ષાત્કાર જ આ માનવજીવનનું એકમાત્ર લક્ષ્ય છે પરંતુ અમે આ અમૃતતુલ્ય જીવનને શાસ્ત્રનિષેધ આચરણો અને કુકર્મોથી નરક બનાવી રહ્યા છીએ.અમોએ સાંસારીક સુખ

ભોગોને જ અમારૂં એકમાત્ર સાધ્ય માની લીધું છે.વિષય સુખને જ અમારા જીવનનું લક્ષ્ય બનાવી લીધું છે એ કેટલો અનુચિત..હાસ્યાસ્પદ અને મૂર્ખતાપૂર્ણ દ્દષ્ટિકોણ છે !

તુલસીદાસજી મહારાજ કહે છે કે.....

એહી તન કર ફલ વિષય ન ભાઇ, સ્વર્ગઉ સ્વલ્પ અંત દુઃખદાયી,

નર તનું પાઇ વિષય મન દેહી, પલટિ સુધા તે શઠ વીષ લેહીં,

તાહિ કબહૈું ભલ કહઇ ન કલઇ, ગુંજા ગ્રહઇ પરસ મનિ ખોઇ !! રામચરીત માનસઃ૭/૪૪..૧-૩)

હે ભાઇ ! આ શરીરનું ફળ વિષય નથી..સ્વર્ગનું સુખ પણ સ્વલ્પ સમયવાળું તથા નાશવાન છે અને અંતમાં દુઃખ આપનારૂં છે.જે મનુષ્ય શરીર પામીને વિષયોમાં મન લગાવી દે છે તે મૂર્ખ અમૃતના બદલે વિષને પ્રાપ્ત કરે છે.જે માનવ પારસમણીને છોડીને પથરાને પકડે છે તેને કોઇ સમજદાર કહેતું નથી...!

વાસ્તવમાં અમે જેને ભોગ સમજીએ છીએ તે ભયંકર રોગ છે..જેને અમે સુખ માનીએ છીએ તે દુઃખ છે. આ માનવ જીવનનું ફળ વિષય સુખ નથી,પરંતુ બ્રહ્મ સુખ છે.

મુંડકોપનિષદ(૨/૨/૪)માં એક રૂપક દ્વારા માનવજીવનના લક્ષ્યને સમજાવતાં કહ્યું છે કેઃ ઓંમકાર ધનુષ્ય છે.. આત્મા જ બાણ છે..પરબ્રહ્મ પરમેશ્વર જ તેનું લક્ષ્ય છે..તેને પ્રમાદરહીત મનુષ્ય જ વિંધી શકે છે તેને વિંધીને બાણની જેમ તન્મય થઇ જવું પડે છે.

જે મનુષ્ય પોતાના દિવ્ય જીવનનો ઉપયોગ આ સંસાર સાગરમાંથી પાર ઉતરવા માટે કરતો નથી તેને શાસ્ત્રોમાં  આત્મઘાતી કહેવામાં આવ્યો છે.આત્મઘાતી સામાન્ય અર્થ છેઃ આત્મહત્યા કરનાર.. પરંતુ શાસ્ત્રો અને ધર્મગ્રંથોમાં જે પોતાના જીવનનો ઉપયોગ ભગવદ ભક્તિમાં ન કરતાં સાંસારીક સુખ ભોગોમાં જ કરે છે તેને આત્મઘાતી કહ્યો છે.

ઇશાવાસ્ય ઉપનિષદના ત્રીજા મંત્રમાં કહ્યું છે કેઃ

અસુરોના પ્રસિદ્ધ નાના પ્રકારના નરકરૂપ લોક અને યોનિઓ છે તે તમામ અજ્ઞાન અને દુઃખ ક્લેશરૂપ મહાન અંધકારથી આચ્છાદિત છે.જે કોઇ આત્મઘાતી છે તે મર્યા પછી તે ભયંકર નરકોની યાતના ભોગવે છે.

રામાયણમાં (૭/૪૪-૬..૮)માં કહ્યું છે કેઃ

આ દિવ્ય નર તન જીવને ભગવાને અતિકૃપા કરીને જન્મ-મૃત્યુરૂપ સંસાર સાગર તરવા માટે પ્રદાન કરેલ છે. માનવશરીરરૂપી આ સુદ્દઢ નૌકાને જો અમે ભવાબ્ધિ તરવાનું..પાર ઉતરવાનું સાધન નહીં બનાવીએ તો તે માનવજીવન વ્યર્થ છે.નાવ કે જહાજ પ્રાપ્તિની સાર્થકતા સાગર પાર કરવામાં જ છે..વચ્ચે સ્થિત રહીને ચંચલ લહેરોના ક્ષણિક સૌદર્યને જોવા માટે નથી.જો અમે આ સુદ્દઢ માનવશરીરરૂપી નૌકાને વિષયસુખના ઘાટ ઉપર જ બાંધી રાખીશું તો મૃત્યુપાશથી મુક્ત થઇ શકીશું નહીં...

શ્વેતાશ્વરોપનિષદમાં ઋષિ સ્પષ્ટ કહે છે કેઃ

પરમેશ્વરને જાણીને જ મનુષ્ય મૃત્યુનું ઉલ્લંઘન કરી શકે છે એટલે કે મૃત્યુના બંધનથી છુટકારો મેળવી શકે છે તેના સિવાય પરમપદ પ્રાપ્તિનો બીજો કોઇ માર્ગ નથી.."

દેવર્ષિ નારદજી શ્રી શુકદેવજીને ઉપદેશ આપતાં કહે છે કેઃ

આ સંસાર એક નદી સમાન છે.જેનું ઉપાદાન કે ઉદગમ્ સત્ય છે..રૂપ તેનો કિનારો છે..મન સ્ત્રોત.. સ્પર્શ દ્વિપ અને રસ એ પ્રવાહ છે.ગંધ એ નદીનો કિનારો છે..શબ્દ જળ અને સ્વર્ગરૂપ દુર્ગમ ઘાટ છે. શરીરરૂપી નૌકાની સહાયથી તેને પાર કરી શકાય છે.ક્ષમા તેને વહન કરનારી ડાંડી અને ધર્મ તેને સ્થિર રાખનારી રસ્સી છે.જો ત્યાગરૂપી અનુકૂળ પવનનો સહારો મળે તો આ શિઘ્રગામિની નદીને પાર કરી શકાય છે..તેને પાર કરવા

અવશ્ય પ્રયત્ન કરવો જોઇએ.એટલે જો અમારે આત્મઘાતી બનવું ના હોય તો સાંસારીક સુખ ભોગોમાંથી વિરક્ત બનવું પડશે.સંસાર સાગરનાં ભયાનક મોજા પાર કરીને..જન્મ-મરણના ભયંકર પાશને કાપીને આગળ વધવું પડશે તથા પરમાત્માનું સાંનિધ્ય પ્રાપ્ત કરીને પોતાના દિવ્ય માનવશરીરને સાર્થક કરવાનું છે.આ જગતમાં મૂર્ખ મનુષ્ય જ બાહ્ય ભોગોનું અનુસરણ કરે છે અને મૃત્યુના બંધનમાં પડે છે..પરંતુ બુદ્ધિમાન મનુષ્ય વિવેક દ્વારા નિત્ય અમર પદને જાણીને જગતના અનિત્ય ભોગો તરફ જોતા પણ નથી.

આ પરબ્રહ્મ પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવાની વિધિ બતાવતાં ભગવાન શ્રી કૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે કેઃ

તત્વજ્ઞાનને સમજવા માટે તત્વને જાણવાવાળા તત્વદર્શી જ્ઞાની મહાપુરૂષોની પાસે નિષ્કપટભાવે જઇ તેમને સાષ્ટાંગ દંડવત્ કરવાથી..તેમની સેવા કરવાથી અને સરળતાપૂર્વક પ્રશ્ન પુછવાથી તે તત્વદર્શી જ્ઞાની મહાપુરૂષ તને તત્વજ્ઞાનનો ઉપદેશ કરશે..(ગીતાઃ૪/૩૪)

આધ્યાત્મિક રામાયણમાં આ વાત સમજાવતાં કહ્યું છે કેઃ

સૌથી પહેલાં પોત પોતાના વર્ણ અને આશ્રમના માટે શાસ્ત્રોમાં વર્ણવેલ ક્રિયાઓનું યથાવત્ પાલન કરીને ચિત્ત શુદ્ધ થયા પછી તે ક્રિયાઓનો ત્યાગ કરી દેવો..પછી શમ (વારંવાર દોષદ્દષ્ટિ કરવાથી વિષયોમાંથી વિરક્ત થઇ ચિત્ત પોતાના લક્ષ્યમાં સ્થિર થઇ જાય તેને શમ કહેવામાં આવે છે) દમ (કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો તેમના વિષયોમાંથી ખેંચી પોતાના ગોલકોમાં સ્થિર કરવી તેને દમ કહે છે)..વગેરે સાધનોથી સંપન્ન થઇને આત્મજ્ઞાનની પ્રાપ્તિના માટે સદગુરૂના શરણમાં જવું..

(આધ્યાત્મ રામાયણઃ૫/૭)

અધ્યાત્મજ્ઞાનનો માર્ગ કઠિન છે તેથી ભગવાન આપણને ખુદ તેમનાથી શરૂ થતી પરંપરામાં સદગુરૂના ચરણ સેવવાની શીખ આપે છે કારણ કેઃ પરંપરાનો પુરૂષ જ સાચો ગુરૂ થઇ શકે.કોઇપણ મનુષ્ય પોતે ઉભી કરેલી રીતે અધ્યાત્મ(પ્રભુ)નો સાક્ષાત્કાર કરી શકે નહીં..આજકાલ પાખંડીઓની ફેશન થઇ ગઇ છે.

ભાગવત કહે છે કેઃ

!! ધર્મ હી સાક્ષાત ભગવત્પ્રણીતમ !!

ધર્મ સ્વયં ભગવાને પ્રબોધ્યો છે.જ્ઞાન મેળવવા માટે મનુષ્યએ ગુરૂ ચરણે બેસવું જોઇએ.ગુરૂનો સ્વીકાર સંપૂર્ણ શરણભાવથી કરવો જોઇએ અને પ્રતિષ્ઠાનો ખોટો ખ્યાલ રાખ્યા સિવાય ઘરઘાટીની જેમ તેમની સેવા ચાકરી કરવી જોઇએ.જીજ્ઞાસા અને શરણભાવ(નમ્રતા) આ બંન્નેનો સુયોગ સંયોગ આધ્યાત્મિક જ્ઞાનનું અંગ બને છે.મનુષ્યએ ગુરૂનો બોધ નમ્રતાપૂર્વક સાંભળવો જોઇએ તથા શ્રદ્ધાથી વિવેકથી..નમ્રતાથી..જીજ્ઞાસાથી અને સેવાથી તેમની પાસેથી જ્ઞાન મેળવવું જોઇએ..

સંત નિરંકારી મિશનના પ્રસિદ્ધ ગ્રંથ અવતારવાણીમાં લખ્યું છે કે....

ચતુરાઇ અને માન ત્યજીને, જે જન ગુરૂના શરણે જાય,
કહે અવતાર ગુરૂકૃપા કરે તો, ભેદ આનો એ સમજી જાય..
કરી પ્રયત્નો હજાર જોયા, પણ દ્દષ્ટિમાં આવ્યો નહીં,
કહે અવતાર ગુરૂએ જ્યાં સુધી, ભેદ અમને સમજાવ્યો નહીં...
જપ-તપથી ના જાણી શકાતો, કર્મ ધર્મથી ઘણો જ દૂર,
કહે અવતાર મળે જો સદગુરૂ, હટાવી પડદો દેખાડે નૂર..

લેખનથી ના લખી શકે લેખક, જીહ્વાથી ના બોલી શકે,
કહે અવતાર આ ઘરનું તાળું, ગુરૂ વિના કોઇના ખોલી શકે..
કરે કૃપા જો સ્વંય કૃપાળુ, સ્વંયનું રૂપ બતાવે છે,
અવતાર ગુરૂ મળે જો પુરા, ક્ષણમાં રામ બતાવે છે..
સંતને મળીને રામ જે જાણે, એનું જગમાં થાયે નામ,
કહે અવતાર કે ભક્ત હરિનો, મૃત્યુ પછી જાયે નિજધામ....(અવતારવાણી)

આવો ! અમે પણ અમારા જીવનને મૂલ્યવાન બનાવીએ..હરિ ભજનથી જન્મ-મરણના ક્લેશને દૂર કરીએ.ભક્તિના શિતળ જળથી સંસારના તાપને દૂર કરીએ.

કાલજયી કાકભુશુંડીજી ગરૂડને પોતાનો અનુભવ કહેતાં કહે છે કે....

હે માનવ ! ઉતાવળ કર ! નહીં તો પાછળથી પસ્તાવું પડશે..જ્યારે વૃદ્ધાવસ્થા આવશે ત્યારે ભજન થશે નહીં..આંખોની રોશની મંદ પડશે..પગ ડગમગાશે..કાનમાં બહેરાશ આવશે..દાંત તૂટી જશે..શરીર જર્જરીત બનશે. માટે હે અભાગી ! હમણાં જ હરિભજન કર ! તેથી તારો બેડો પાર થઇ જાય...!!

..........................................................................................................................................

## માનવ જીવનમાં તમામ સમસ્યાઓનું કારણ મન છે..!

માનવ જીવનમાં તમામ સમસ્યાઓ..દુઃખો અને તકલીફોનું પ્રમુખ કારણ મન છે,કારણ કેઃમનુષ્યની તમામ ઇન્દ્રિયોમાં મન જ મુખ્ય છે.આમ તો કર્મ કરવા માટે પાંચ કર્મેન્દ્રિયો(હાથ..પગ..મુખ..ગુદા અને ઉપસ્થ) તથા કોઇ પણ જાણકારી મેળવવા પાંચ જ્ઞાનેન્દ્રિયો(આંખ..કાન..નાક..જીભ અને ત્વચા) આપવામાં આવેલ છે,પરંતુ કોઇપણ કર્મેન્દ્રિય કે જ્ઞાનેન્દ્રિય મનના આદેશ વિના કામ કરી શકતી નથી.ક્યારેક એવું બને છે કેઃકોઇ વ્યક્તિ અમારી નજરની સામે જ પસાર થાય તેમછતાં અમે તેને જોઇ શકતા નથી..કોઇ વ્યક્તિ અમોને બોલાવે છે તેમ છતાં અમે સાંભળતા નથી,ત્યારે અમોને પૂછવામાં આવે તો અમો કહીએ છીએ કે મેં તે વ્યક્તિને જોયો જ નથી કે મેં તેની બૂમ સાંભળી જ નથી.આનું કારણ એ છે કેઃ આંખો દ્વારા જોવા છતાં તથા કાનો દ્વારા સાંભળવા છતાં અમારૂં ધ્યાન અન્યત્ર હોવાના કારણે જોઇ કે સાંભળી શકતા નથી.આનો અર્થ એ થયો કેઃમન જ જુવે છે અને મન જ સાંભળે છે,ઇન્દ્રિયો તો નિમિત્તમાત્ર છે.માનવ શરીરમાં મન જ સમ્રાટ છે.શરીરના તમામ અવયવો મનના ઇશારે જ કામ કરે છે.

એકવાર એક વ્યક્તિ પૂજા કરી રહ્યો હતો..તેના હાથમાં માળા ફરી રહી હતી..જીભથી પ્રભુ નામનો જપ થઇ રહ્યો હતો,તેની બિલ્કુલ સામે તેના ફાટેલા બૂટ પડ્યા હતા,રસોડામાં તેની પૂત્રી રસોઇ બનાવી રહી હતી કે જે બ્રહ્મજ્ઞાની હતી,તે જ સમયે તેના પિતાશ્રીને મળવા કોઇ આગંતુક આવે છે અને તેના પિતાશ્રીના વિશે પૂછતાં પૂત્રીએ જવાબ આપ્યો કેઃ મારા પિતાશ્રી તો ઘેર નથી તેઓ મોચીને ત્યાં તેમના ફાટેલા બૂટ રીપેર કરાવવા માટે ગયા છે,તે આગંતુકના ગયા બાદ પૂજા પુરી થતાં તેના પિતાશ્રી ગુસ્સામાં આવી પૂત્રીને કહે છે કેઃ તૂં જુઠું કેમ બોલી ? હું તો પૂજાખંડમાં પૂજા કરી રહ્યો હતો.પૂત્રીએ નમ્રતાપૂર્વક જવાબ આપ્યો કેઃ પિતાશ્રી ! આપનું શરીર ભલે પૂજાખંડમાં હતું પરંતુ આપનું મન ફાટી ગયેલા બૂટને રીપેર કરાવવા મોચીને ત્યાં ગયું હતું તો પછી હું જુઠું ક્યાં બોલી ! એટલે જ કબીરજીએ લખ્યું છે કેઃ

માલા તો કરમેં ફિરે..જીભ ફિરે મુખ માંહી,
મનુઆ તો દશો દિશામેં ફિરે..યહ તો સુમિરણ નાહીં....૧

માલા ફેરત જુગ ભયા..ગયા ન મનકા ફેર,

કરકા મનકા ડારી દે મનકા મણકા ફેર....૨

મનનો સ્વભાવ છેઃ અવગુણોની તરફ દોડવું..કોઇની નિન્દા કરવાની હોય..કોઇને નુકશાન થાય તેવી યોજના બનાવવાની હોય..વ્યભિચારની વાતો થતી હોય ત્યાં મન ઘણું જ રસપૂર્વક સાંભળતું હોય છે, એટલે જ તો લોકો પોતાની પ્રસંશા કરવામાં અને સાંભળવામાં..બીજાના અવગુણોની ચર્ચા કરવામાં..ગપ્પાં મારવામાં.. પોતાની મહત્તા વધારવામાં વ્યસ્ત જોવા મળે છે,પરંતુ જો સત્સંગમાં જવાનું હોય..પ્રભુની ચર્ચા કરવાની હોય તો તેમની પાસે સમય હોતો નથી.. મનની આ જ મૂઢતા છે કે પ્રભુ ભક્તિને છોડીને અસ્થાયી અને નિમ્ન કોટીના કામોમાં આનંદ પ્રાપ્ત કરવા ઇચ્છે છે.

મન જ પ્રાણીઓના ભવિષ્યનું નિર્માણ કરે છે.

!! આશા ત્યાં વાસા અને સૂરતા ત્યાં મૂકામ !!

મૃત્યુના સમયે મન જેમાં લાગે છે તેવી જ ગતિ થાય છે.સારૂં કર્મ હોય કે ખરાબ કર્મ હોય..જેમાં મન લાગી જાય છે તે બંધનનું કારણ બને છે.જો મનને વશ કરી લેવામાં આવે તો વ્યક્તિ બંધનમુક્ત થઇ જાય છે..એટલે કે મોક્ષને પ્રાપ્ત થઇ શકે છે તેના માટે ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂ પરમાત્માના ચરણકમળમાં ધ્યાન લગાવવાની આવશ્યકતા છે.મન ક્યારેક શાંત તો ક્યારેક અશાંત રહે છે. પરિસ્થિતિ અનુકૂળ અને પ્રતિકૂળ બંન્ને અસ્થાયી છે.જે અનુકૂળતાની રાહ જુવે છે તે સામાન્ય માનવ કહેવાય છે.જે પ્રતિકૂળતાને અનુકૂળ બનાવવાની હિંમત રાખે છે તે મહાન કહેવાય છે.ક્ષણભંગુર જીવનમાં અનુકૂળતા આવવાની રાહ જોયા વિના જે પ્રાપ્ત થયેલ છે તેનો ઉપયોગ કરવો પડતો હોય છે અને આવી જ રીતે જીવનચક્ર ચાલતું રહે છે.અમે જ્યાં સુધી જાગીએ છીએ ત્યાં સુધી લગભગ દોડતા જ રહીએ છીએ.દુનિયાના તમામ માનવો ભૌતિક પદાર્થો ભેગા કરવાની પ્રતિયોગિતામાં દોડી રહ્યા છે,તેમની દ્રષ્ટિ પોતાનાથી આગળ વધી રહેલાઓની ઉપર હોય છે અને તેઓ વિચારતા હોય છે કેઃહું તેનાથી કેવી રીતે આગળ નીકળું...?

સુતી વખતે લગભગ આપણે શાંત હોઇએ છીએ,પરંતુ દરેક સૂતેલો વ્યક્તિ શાંત જ હોય છે તેવો દાવો કરી શકાતો નથી.જેમ જાગવાવાળાઓની દુનિયા છે તેવી જ રીતે ઉંઘવાવાળાઓની પણ દુનિયા હોય છે.જ્યારે સ્વપ્ન પ્રતિકૂળ હોય છે તો બિસ્તર ગમે તેટલો નરમ કેમ ના હોય..મન અશાંત જ રહે છે.જાગનાર પણ અશાંત અને ઉંઘનાર પણ અશાંત ! તો પછી શાંતિ ક્યાંથી મળે ? નવજાત બાળકથી માંડીને વૃદ્ધાવસ્થાએ પહોચેલા તમામ શાંતિની શોધ કરી રહ્યા છે.આ બંન્નેને પોતપોતાના કારણો છે.નવજાત શિશુને હજુ ભાવિ જીવન જીવવાનું છે એટલે તેમની ઉપલબ્ધિઓનો કટોરો ખાલી છે.વૃદ્ધ જીવન જીવી ચુક્યા છે,પરંતુ પામવું (+) અને ખોવું (-) તેનું પરીણામ શૂન્ય છે. ગણિતના આ ખેલમાં એકનો અનિશ્ચય અને બીજાના જીવનમાં નિરાશા છે.જે કાલે રડી રહ્યો હતો તે આજે પણ રડી રહ્યો છે.રડવું એ તથ્યનું પરીચાયક છે કે બંન્નેને શાંતિ મળી નથી...!

સદીઓથી બુદ્ધિજીવીઓ ચિન્તન કરી રહ્યા છે..વક્તા ભાષણ આપી રહ્યા છે..મોટા મોટા સંમેલનો..મોટી મોટી જાહેર ખબરો...આ બધું અવિરતપણે ચાલી રહ્યું છે તેમછતાં શાંતિ મળતી નથી.આ બહું મોટી સમસ્યા છે.તમામ સમસ્યાઓ મનની છે.મનને ઠેકાણું જોઇએ. ચિંતન..મનન.. ભાષણ..સંમેલન....તમામ મુબારક છે કે જો મન આત્માને આધિન હોય..

મન અને આત્મા જીવનરૂપી વૃક્ષ ઉપર બેઠેલા બે પક્ષીઓ છે.તફાવત એટલો છે કેઃમન ફળ ખાવાની ઇચ્છા રાખ્યા કરે છે અને આત્મા ફળની ઇચ્છાથી રહીત હોય છે.આત્માની ઇચ્છા છેઃ પરમાત્મા કે જે આત્માનું

મૂળ સ્વરૂપ છે.આત્મા પરમાત્માની સાથે જોડાઇ જાય તો પરમ શાંત થઇ જાય છે.આ અવસ્થામાં મન આત્માની આધિનતા સ્વીકારી લે તો મન પણ શાંત બની જાય છે. સમસ્યા અંદરની છે તો સમાધાન પણ અંદરથી જ કરવું પડશે.સમાધાન એક જ છે કેઃ આત્માનું પરમાત્માની સાથે મિલન.આ જ આધ્યાત્મિકતાનું શિખર છે.વિશ્વના દરેક મનુષ્યનો આત્મા પરમાત્માની સાથે જોડાઇ જાય તો જ વિશ્વ શાંતિ સંભવ છે.શાંતિ જોઇએ તો આ કદમ ઉપાડવું જ પડશે....તો આવો આપણે સૌ આગળ વધીએ.....!!!

અમારા અંતઃકરણ ચતુષ્ટ્રયના ચાર ભાગ છેઃ મન..બુદ્ધિ..ચિત્ત અને અહંકાર.

મનમાં સંકલ્પ-વિકલ્પ થાય છે.ચિત્ત તેના ઉપર ચિન્તન કરે છે,ત્યારબાદ બુદ્ધિ તેના સબંધમાં નિર્ણય કરે છે..અહંકારથી કતૃત્વભાવ ઉત્પન્ન થાય છે..આમ,મન અમારા સંકલ્પ-વિકલ્પોનું ઉદગમ સ્થાન છે.મન અમારી ઇન્દ્રિયોનું પ્રેરક તથા નિયંત્રક છે.મનને કેન્દ્રિત કર્યા સિવાય કોઇપણ કાર્ય સંપૂર્ણપણે સંપાદન થઇ શકતું નથી.અમે જે કંઇ શુભ-અશુભ કર્મ કરીએ છીએ તેની રૂપરેખા પ્રથમ અમારા મનમાં જ બને છે અને તે મુજબ જ અમારી કર્મેન્દ્રિયો તેને કાર્યાન્વિત કરે છે.આમ,અમારા તમામ શુભ-અશુભ કર્મોનું પ્રધાન કારણ અમારૂં મન જ છે.

ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે કેઃ !! મન એવમ્ મનુષ્યાણામ્ બંધન કારણ મોક્ષયો !!

મન જ અમારા બંધન અને મોક્ષનું કારણ છે.આ સિવાય અમારા જીવનમાં સફળતા અને નિષ્ફળતાઓમાં પણ અમારૂં મનોબળનું મહત્વપૂર્ણ યોગદાન હોય છે.મનમાં ઉત્સાહ હોય તો કઠીન કાર્ય પણ સુગમતાપૂર્વક સંપન્ન થાય છે,પરંતુ ઉત્સાહહીન અધૂરા મનથી કરેલ કાર્યમાં અસફળતા જ મળે છે,એટલે વિજ્ય-પરાજયનું કારણ પણ અમારૂં મનોબળ છે.

!! મનકે હારે હાર હૈ ! મનકે જીતે જીત !!

મનની આ ચંચળતાનું કારણ મનનો વિષય ઇન્દ્રિયોની સાથેનો સંયોગ છે. ઇન્દ્રિયો વિષયોના સંયોગથી મનને પોતાનું અનુગામી બનાવી લઇ મનને સ્થિર થવા દેતું નથી.જો કે મનને ઇન્દ્રિયોથી શ્રેષ્ઠ..સબળ અને સુક્ષ્મ કહેવામાં આવ્યું છે.

શ્રીમદ્ ભગવદગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કેઃ

“ઇન્દ્રિયોને સ્થૂળ શરીર કરતાં પર (શ્રેષ્ઠ..સબળ..પ્રકાશક..વ્યાપક તેમજ સૂક્ષ્મ) કહે છે.ઇન્દ્રિયોથી પર મન છે..મનથી પર બુદ્ધિ છે અને જે બુદ્ધિથી પણ પર છે તે કામ છે.” !! (ગીતાઃ૩/૪૨)

સ્થૂળ શરીર વિષય છે..ઇન્દ્રિયો બહિઃકરણ છે અને મન..બુદ્ધિ અંતઃકરણ છે.સ્થૂળ શરીરથી ઇન્દ્રિયો પર છે તથા ઇન્દ્રિયોથી પર બુદ્ધિ છે.બુદ્ધિથી પર અહં છે જે કર્તા છે.આ અહં(કર્તા)માં કામ એટલે કેઃ લૌકીક ઇચ્છા રહે છે.સાધકના હ્રદયમાં રહેલી તમામ કામનાઓ જ્યારે સમુળગી નષ્ટ થઇ જાય છે ત્યારે મરણધર્મી મનુષ્ય અમર થઇ જાય છે અને અહી મનુષ્ય શરીરમાં જ બ્રહ્મનો સારી રીતે અનુભવ કરી લે છે.જે સમયે મનુષ્ય પોતાના મનમાં રહેવાવાળી તમામ કામનાઓનો પરીત્યાગ કરી દે છે તે જ સમયે તે ભગવત્સ્વરૂપને પ્રાપ્ત કરી લે છે.

શ્રીમદ્ ગીતાના છઠ્ઠા અધ્યાયમાં અર્જુને ભગવાનને પોતાની વિવશતા વ્યક્ત કરતાં કહ્યું કેઃ

“હે મધુસૂદન..! આપે સમતાયુક્ત જે યોગનો ઉપદેશ આપ્યો છે..મનની ચંચળતાના કારણે યોગની સ્થિર સ્થિતિ જોતો નથી.” (ગીતાઃ૬/૩૪)

સાંસારીક પદાર્થોની પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં ચિત્તની સમતા રહેવી જોઇએ.આ સમતાથી મનુષ્યનું કલ્યાણ થાય

છે.જ્યાં સુધી મનની ચંચળતા દૂર થાય નહી ત્યાં સુધી ધ્યાનયોગ સિદ્ધ થતો નથી અને ધ્યાનયોગ સિદ્ધ થયા વિના સમતાની પ્રાપ્તિ થતી નથી.

અર્જુનના આ કથનની સહમતી વ્યક્ત કરતાં ભગવાન શ્રી કૃષ્ણજીએ મનોનિગ્રહના બે ઉપાય બતાવતાં કહ્યું કેઃ

"આ મન ઘણું જ ચંચળ છે તેમજ મુશ્કેલીથી વશ થનારૂં છે.આ તારૂં કહેવું બિલ્કુલ બરાબર છે..છતાં પણ એ અભ્યાસ અને વૈરાગ્ય વડે વશમાં થાય છે."(ગીતાઃ૬/૩૫)

મનને વારંવાર ધ્યેયમાં લગાડવાને અભ્યાસ કહે છે.આ અભ્યાસની સિદ્ધિ નિરંતર સમય આપવાથી થાય છે.સમય પણ નિરંતર કાઢવો જોઇએ..દરરોજ કાઢવો જોઇએ.ક્યારેક અભ્યાસ કર્યો અને ક્યારેક ન કર્યો...આમ ન કરવું.અભ્યાસના બે પ્રકાર છેઃ

(૧) પોતાનું જે લક્ષ્ય કે ધ્યેય છે તેમાં મનોવૃત્તિ લગાડવી અને બીજી વૃત્તિ આવી જાય એટલે કેઃ બીજું ચિન્તન આવી જાય તેની ઉપેક્ષા કરી દેવી..તેનાથી ઉદાસીન થઇ જવું.

(૨) જ્યાં જ્યાં મન ચાલ્યું જાય ત્યાં ત્યાં પોતાના લક્ષ્ય પરમાત્માને જ જોવા..

અભ્યાસની અંદર સ્વાધ્યાય..ધ્યાન..સેવા..સુમિરણ..સત્સંગ...વગેરે સાધન આવે છે.ધાર્મિક સદગ્રંન્થો નું અધ્યયન કરવું તથા ચિંતન..મનન કરવાનો અભ્યાસ કરવો.ત્યારબાદ તે અનુસાર ધ્યાન કરવાનો તથા નામ સુમિરણ કરવાનો અભ્યાસ કરવો.મનની પ્રવૃત્તિ વિષયોન્મુખ હોય છે તેથી મનને વિષયોમાંથી હટાવીને ઇશ્વરોન્મુખ કરવું.મનને પરમાત્મામાં લગાડવું એ અભ્યાસ છે.

ઉપરોક્ત બે સાધનો સિવાય મન લગાડવાના બીજા કેટલાક ઉપાય છે જેવા કે.....

- પરમાત્મા તત્વને જાણીને તેમની સાથે સબંધ જોડીને નામનું સુમિરણ કરવું..
- જ્યારે ધ્યાન કરવા બેસીએ ત્યારે સૌથી પહેલાં બે ચાર શ્વાસ બહાર કાઢીને એવી ભાવના કરવી કે મેં મનથી સંસારને સર્વથા કાઢી નાખ્યો છે,હવે મારૂં મન સંસારનું નહી પરંતુ પરમાત્માનું જ ચિંતન કરશે અને ચિંતનમાં જે કંઇપણ આવશે તે પરમાત્માનું જ સ્વરૂપ હશે..

વૈરાગ્યનો અર્થ છેઃસાંસારીક વિષયોના પ્રત્યે દોષદ્દષ્ટિ અપનાવીને તેમના પ્રત્યે અનાસક્તિ અને ઉદાસીનતાનો ભાવ પેદા કરવો.વિષયોમાં દોષદર્શન અને વિષયાસક્તિના કુ-પરીણામના ચિંતનથી વિષયોન્મુખ મન વિષયોના પ્રત્યે વિરક્ત થઇ જાય છે.આ પ્રસંગમાં રાજર્ષિ ભતૃહરી લેખિત શ્લોક ઘણો જ ઉપયોગી છે.

"ભોગમાં રોગ થવાનો ભય...કુલાભિમાનથી પતનનો ભય...ધનથી રાજાનો ભય...મૌનમાં દીનતાનો ભય...બળવાન હોવામાં શત્રુનો ભય...સુંદરતામાં વૃદ્ધાવસ્થાનો ભય...શાસ્ત્રજ્ઞ હોવામાં વાદ-વિવાદ (વિરોધ)નો ભય...ગુણવાન હોવામાં દુષ્ટોનો ભય અને શરીરમાં મૃત્યુનો ભય બનેલો રહે છે...ફક્ત વૈરાગ્યમાં જ અભય(ભયમુક્ત) નો ભાવ છે." (વૈરાગ્ય શતકઃ૩૫)

અભ્યાસની સહાય માટે "વૈરાગ્ય" ની જરૂર છે,કારણ કેઃસંસારના ભોગોથી જેટલો રાગ દૂર થશે તેટલું જ મન પરમાત્મામાં લાગશે..

વૈરાગ્ય લાવવાના કેટલાક ઉપાય છે...!!

- સંસાર પ્રતિક્ષણ બદલાય છે અને પોતાનું સ્વરૂપ ક્યારેય અને કોઇપણ ક્ષણે બદલાતું નથી,આથી સંસાર આપણી સાથે નથી અને આપણે સંસારની સાથે નથી...આવો વિચાર કરવાથી સંસારથી વેરાગ્ય થાય છે.

- ❖ પોતાના કહેવાવાળા જેટલા કુટુંબીજનો અને સબંધીઓ છે તેઓ આપણી પાસે અનુકૂળતાની ઇચ્છા રાખતા હોય છે તેથી આપણી શક્તિ..સામર્થ્ય..યોગ્યતા અને સમજ અનુસાર તેમની ન્યાયયુક્ત ઇચ્છા પુરી કરી દેવી અને પરીશ્રમ કરીને તેમની સેવા કરવી,પરંતુ તેમની પાસેથી પોતાની અનુકૂળતાની તથા કંઇ લેવાની ઇચ્છાનો ત્યાગ કરવો..આમ કરવાથી સ્વાભાવિક જ વૈરાગ્ય આવી જાય છે.
- ❖ વિષયો અને ઇન્દ્રિયોના સંયોગથી જે સુખની અનુભૂતિ થાય છે તે ક્ષણિક અને પરીણામમાં વિષ બરાબર છે આ સત્યને હ્રદયમાં ઉતારી લેવાથી મનમાં વિષયોના પ્રત્યે વૈરાગ્યનો ભાવ આવી જાય છે..

શ્રીમદ ભગવદ્ ગીતામાં વર્ણવેલ ઉપરોક્ત બે ઉપાયો (અભ્યાસ અને વૈરાગ્ય) માં પ્રથમ બતાવેલ અભ્યાસ એ ભક્તપરક છે અને વૈરાગ્ય જ્ઞાનપરક છે.મનને વિષયોમાંથી હટાવીને ઇશ્વરોન્મુખ બનાવવું ભક્તિથી જ સંભવ બને છે.તેના માટે ઇશ્વરની શરણાગતિ અપેક્ષિત છે.વિષયોમાં દોષદર્શન જ્ઞાનમાર્ગની સાધનાથી સંભવ બને છે.જ્ઞાની અસતનો ત્યાગ કરીને સતને ગ્રહણ કરે છે. સંસાર અને તેના તમામ પદાર્થો અસત્ અને અનિત્ય છે એવું માનીને જ્ઞાની પોતાના મનને વિષયોન્મુખ થવા દેતા નથી.

ભારતીય દર્શનોમાં એક યોગદર્શન છે.તેના પ્રણેતા "મહર્ષિ પાતંજલી" છે.આ દર્શનમાં યમ..નિયમ.. આસન..પ્રાણાયામ..પ્રત્યાહાર..ધારણા..ધ્યાન અને સમાધિ...વગેરેના અભ્યાસ દ્વારા મન અને ઇન્દ્રિયોને નિયંત્રિત કરીને સમાધિની સ્થિતિ પ્રાપ્ત કરવાનું કહેવામાં આવ્યું છે.

પાતંજલી યોગદર્શનનું બીજું સૂત્ર છેઃ યોગશ્ચિત્તવૃત્તિ નિરોધઃ

એટલે કેઃ ચિત્ત(મન)ની વૃત્તિઓનો નિરોધ એ જ યોગ છે.ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવાનો અર્થ છે મનની ચંચળતાને રોકવી.આ નિરોધ કેવી રીતે થાય ? આ સબંધમાં મહર્ષિ પાતંજલીએ પણ બે સાધનોનો ઉલ્લેખ કર્યો છે કે જે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ કહેવામાં આવ્યો છે.

યોગદર્શનનું બારમું સૂત્ર છેઃ અભ્યાસવૈરાગ્યાભ્યાં તન્નિરોધઃ

પરંતુ જો આ બે ઉપાયો કરવા છતાં સફળતા ના મળે..એટલે કે મનની ચંચળતા દૂર ના થાય તો શું કરવું ? આનું સમાધાન કરતાં મહર્ષિ પાતંજલીએ આગળના સૂત્રમાં લખ્યું છે કે..................

!! ઇશ્વરપ્રણિધાનાદ્વો !! (સમાધિપાદઃ સૂત્ર-૨૩)

ઇશ્વર પ્રણિધાનનો અર્થ છે...ઇશ્વરની શરણાગતિ. ઇશ્વરની શરણાગતિ સ્વીકારી તેમના નામ..રૂપ.. ગુણ અને લીલાનું શ્રવણ..કિર્તન અને ચિંતન..મનન કરવું તથા તમામ કર્મો ભગવાનને સમર્પિત કરી દેવાં.ઇશ્વર સર્વ સમર્થ છે તે પોતાના શરણાગત ભક્ત ઉપર પ્રસન્ન થઇને તેમના ભાવ અનુસાર તમામ સુખો પ્રદાન કરે છે.ઇશ્વરમાં મન લગાડવાથી ચ;ચળતા આપોઆપ સમાપ્ત થઇ જાય છે.આના માટે ભગવત્કૃપાનું અવલંબન લેવું પડે છે કારણ કે વ્યક્તિની બુદ્ધિ..શક્તિ..પ્રયત્ન અને પુરૂષાર્થ સિમિત છે.સિમિત સાધનોથી અસિમિતને કેવી રીતે મેળવી શકાય !! એટલે પુરૂષાર્થની સાથે સાથે ભગવાનની કૃપાનો આશ્રય ગ્રહણ કરવો આવશ્યક છે.ભગવાનના શરણાગત થઇને પ્રભુને પ્રાર્થના કરવી જોઇએ..

જેવી રીતે ઢીમર(માછીમાર) માછલીઓને પકડવા માટે નદીમાં જાળ નાખે છે, તો જાળની અંદર આવવાવાળી તમામ માછલીઓ પકડાઇ જાય છે, પરંતુ જે માછલી જાળ નાખવાવાળા માછીમારના ચરણોની પાસે આવી જાય છે તે પકડાતી નથી, તેવી જ રીતે ભગવાનની માયા(સંસાર)માં મમતા કરીને જીવો ફસાઇ જાય છે અને જન્મ-મરણના ચક્કરમાં ફરતા રહે છે, પરંતુ જે જીવો માયાપતિ પરમાત્માને જાણીને,માનીને

તેમના શરણમાં આવી જાય છે તેઓ માયાને તરી જાય છે.

ગોસ્વામી તુલસીદાસજી મહારાજ વિનય પત્રિકામાં મનની ચંચળતા વિશે લખતાં કહે છે કે........

મેરો મન હરિજુ હઠ ન તજે !! નિસદિન નાથ દેઉં શિખ બહું બિધિ કરત સુભાઉં નિજૈ !!

હે હરી ! મારૂં મન હઠ છોડતું નથી.હે નાથ ! હું દિવસ રાત તેને અનેક પ્રકારથી સમજાવું છું,પરંતુ મન પોતાના સ્વભાવ અનુસાર જ કરે છે.હું અનેક પ્રકારના ઉપાયો કરી કરીને થાકી ગયો છું,પરંતુ આ મન અત્યંત બળવાન અને અજય છે.તુલસીદાસજી કહે છે કેઃ મારૂં મન ત્યારે જ વશમાં આવશે કે જ્યારે પ્રેરણા કરનાર પરમાત્મા પોતે જ તેને રોકે !!!

.................................................................................................................................

## રામચરીત માનસ અનુસાર મોહ સકલ વ્યાધિહ્ન કર મૂલા

મોહનો અર્થ છે વસ્તુના વાસ્તવિક જ્ઞાનનો અભાવ. આ અવસ્થામાં બે પ્રકારની સ્થિતિઓ ઉત્પન્ન થાય છે. પ્રથમમાં અમે અવસ્તુને વસ્તુ માની લઇએ છીએ,જેમ કેઃદોરડાને સાપ સમજી લેવો..તેને ભ્રમ કહેવામાં આવે છે.બીજામાં વસ્તુની યર્થાથતાના સબંધમાં સંદેહ રહે છે કેઃ દોરડું છે કે સાપ ! મોહ અમારી આંખોની સામે એવું આવરણ લાવી દે છે કે જેના કારણે અમે વસ્તુના વાસ્તવિક સ્વરૂપને જોઇ શકતા નથી.આ મોહ માયાની મુખ્ય શક્તિ છે. પરમાત્માએ મોહનું સર્જન એક વિશેષ ઉદ્દેશ્યના માટે કર્યું છે.માયાનો સહારો લઇને જ પરમાત્મા સૃષ્ટિની રચના કરે છે તેને જ અવિદ્યા-માયા કહેવામાં આવે છે. જે સત્યની ઉપર એવું આવરણ લાવી દે છે કે જેથી મનુષ્ય સત્યનું વાસ્તવિક સ્વરૂપ જોઇ શકતો નથી.માયાનું આ બીજું રૂપ મોહ છે તેના કારણે જ મનુષ્ય પોતાનું વાસ્તવિક સ્વરૂપ ભૂલી જાય છે.તે ભૂલી ગયો છે કે તે દેહ નથી પરંતુ આત્મા છે.વાસ્તવમાં જીવએ પરમાત્માનો અંશ છે.ભ્રમવશ તે દેહને જ પોતાનું વાસ્તવિક સ્વરૂપ માનીને અનેક પ્રકારના કષ્ટ ભોગવે છે.ગોસ્વામી તુલસીદાસજી રામચરીત માનસમાં કહે છે કેઃ

ઇશ્વર અંશ જીવ અવિનાશી, ચેતન અમલ સહજ સુખ રાશી,
સો માયા બસ ભયઉ ગોસાઇ, બંન્ધ્યો કીટ મરકટ કી નાઇ,
જડ ચેતનહિ ગ્રંથ પરિ ગઇ, જદપિ મૃષા છૂટત કઠિનાઇ,
તબ તે જીવ ભયઉ સંસારી, છૂટ ન ગ્રંથિ ન હોઇ સુખારી.... (રામચરીત માનસઃ૧૧૬/ખ/૧-૨-૩)

જીવ ઇશ્વરનો અંશ છે અને તેથી જ તે અવિનાશી..ચૈતન્યરૂપ..નિર્મળ અને સહજરૂપે સુખનો રાશી છે, તે માયાને વશ થઇને પોપટની જેમ કે વાંદરાની માફક બંધાઇ રહ્યો છે.આ રીતે જડ અને ચેતનમાં ગાંઠ પડીને તે એકરૂપ થઇ ગયાં છે.જો કે તે ગાંઠ મિથ્યા જ છે,પરંતુ તેના છૂટવાની વાત કઠન સમજવી અને એ ગાંઠ પડવાથી જીવ જન્મીને મરનારો સંસારી બની ગયો.હવે નથી તો તે ગાંઠ છૂટતી કે નથી તેને સુખ પ્રાપ્ત થતું.વેદો અને પુરાણોએ તેને ઉપાય બતાવ્યા હોવા છતાં પણ તે ગાંઠ છૂટતી નથી,પરંતુ વધારેને વધારે મજબૂત બનતી જાય છે.જીવોના હ્રદયમાં મોહરૂપી અંધકાર વિશેષ હોવાથી તેમને આ ગાંઠ નજરે પડતી નથી ત્યારે છૂટવાની તો કેવી રીતે હતી ? જો ઇશ્વર એવો સંયોગ ઉપસ્થિત કરે ત્યારે જ કદાચ તે ગાંઠ છૂટે એવી સંભાવના ખરી !

આ મોહના મૂળમાં અજ્ઞાન છે.જે જ્ઞાનની આંખથી સત્યના વાસ્તવિક સ્વરૂપને જોઇ શકે છે તે મોહમાં પડતા નથી.જ્ઞાનરૂપ દિપકથી જીવનનો અંધકાર દૂર થાય છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં જ્ઞાનને સૌથી પવિત્ર કહેવામાં આવ્યું છેઃ

!! ન હિ જ્ઞાનેન સદ્દશં પવિત્રમિહ વિદ્યત !!

અજ્ઞાનજનિન મોહમાં પડેલો વ્યક્તિ પોતાના કષ્ટના કારણોને સમજી શકતો નથી.

ગોસ્વામી તુલસીદાસજીએ મનુષ્યની આ દયનીય સ્થિતિનું સુંદર વિવેચન કર્યું છે.

સંસારના તમામ વ્યક્તિઓ બિમાર છે તે અનેક રોગોથી ગ્રસ્ત છે અને આ રોગોના કારણે તે અનેક પ્રકારના કષ્ટો ભોગવે છે.આ રોગ શારીરિક નહી પરંતુ માનસિક છે.આ એવો રોગ છે જેના લક્ષણો બહારથી દેખાતાં નથી તેમછતાં મનુષ્યના આચરણોથી તેનો પરીચય મેળવી શકાય છે.

આ રોગ છેઃકામ..ક્રોધ..લોભ વગેરે વિષયોની આસક્તિ..મમતા..ઇર્ષા..હર્ષ..વિવાદમાં ડૂબેલા રહેવું.. મનની કુટીલતા..અહંકાર,દંભ, કપટ,મદ,માન,તૃષ્ણા,ત્રિવિધ એષણાઓ (પૂત્રેષણા..વિતૈષણા તથા લોકેષ્ણા) મત્સર અને અવિવેક !

ગોસ્વામી તુલસીદાસજીએ રામચરીત માનસમાં કહ્યું છે કેઃ

મોહ સકલ વ્યાધિહ્ન કર મૂલા, તિન્હ તે પુનિ ઉપજહિં બહુ શૂલા,
કામ..વાત..કફ..લોભ અપારા, ક્રોધ પિત્ત નિત છાતી જારા,
પ્રિતિ કરહીં જૌ તીનિઉં ભાઇ, ઉપજઇ સન્યપાત દુઃખ દાઇ,
વિષય મનોરથ દુર્ગમ નાના, તે સબ શૂલ નામકો જાના,
મમતા દાદ્ર કંડુ ઇરષઇ, હરષ વિષાદ ગરહ બહુતાઇ,
પરસુખ દેખી જરનિ સોઇ છઇ, કુષ્ટ દુષ્ટતા મન કુટિલાઇ,
અહંકાર અતિ દુઃખદ ડમરૂઆ, દંભ કપટ મદ માન નેહરૂઆ,
તૃષ્ણા ઉદર વૃદ્ધિ અતિ ભારી, ત્રિવિધ ઇષના તરૂણ તિજારી,
જુગ બિધિ જવર મત્સર અવિવેકા, કહઁ લગિ કહો કુરોગ અનેકા !! (રામચરીત માનસઃ૭/૧૨૦/ખ/૧૫-ઇ)

બધા જ રોગોનું મૂળ એક માત્ર મોહ(અજ્ઞાન) જ છે.આ એક વ્યાધિના લીધે બીજી અનેક પ્રકારની તકલીફો તથા અનેક નાનાં મોટાં શૂળ જાગે છે.કામ વાત છે..લોભ અપાર(ઘણો જ વધી ગયેલો) કફ છે..ક્રોધ પિત્ત છે..જે હંમેશાં છાતીમાં પીડા ઉત્પન્ન કરતો રહે છે..બળતરા કરે છે.જો કોઇવાર આ ત્રણે ભાઇઓ (વાત..કફ અને પિત્ત) પ્રેમ કરી લે..એકબીજા સાથે મળી જાય તો પછી મહા મુશ્કેલી થાય છે,તેનાથી દુઃખદાયક એવો સન્નિપાત રોગ ઉત્પન્ન થાય છે.ઘણી મુશ્કેલીથી પૂર્ણ થઇ શકે એવા વિષયોના મનોરથો છે તે બધા જ શૂળ ઉત્પન્ન કરે છે.(કષ્ટદાયક રોગ છે) તેમનાં પૂરાં નામ તો ભલા કોન જાણે છે ? એટલે કે તેમનો કોઇ પાર નથી..તે અસંખ્ય છે.મમતા દાદર છે..ઇર્ષ્યા ખસ છે.. દુષ્ટતા અને કુટિલતા કોઢ છે..હર્ષ અને વિષાદ ગળાના રોગ છે(ગલગંડને કંઠમાળા જેવા રોગ) પારકાના સુખને જોઇને જે બળતરા થાય છે તે ક્ષય છે..તેવી જ રીતે દુષ્ટતા અને મનની કુટિલતાને જ કોઢ જાણવી.અહંકારને ઘણું દુઃખ આપનાર ડકરૂં એટલે કેઃ ગાંઠનો રોગ જાણો..દંભ.. કપટ..મદ અને અભિમાનને વાળો તથા નસોનો રોગ જાણજો..તૃષ્ણા એ તો મહાભયંકર ઉદર વૃદ્ધિ એટલે કે જળોધરનો રોગ છે.ત્રણ પ્રકારની(પૂત્ર..ધન અને માન) એષણા સેવવી એ તો એકાંતરિયો તાવરૂપ છે.આ ઉપરાંત મત્સર તથા અવિવેક બે પ્રકારના દોષોથી ઉત્પન્ન થયેલા જવર છે.આવા માનસિક રોગો અનેક પ્રકારના છે.

માણસ એક રોગથી જ અવસાન પામતો હોય છે ત્યારે આ તો રોગોનો પાર નથી અને વળી અસાધ્ય પણ છે માટે તેમના વિશે શું કહેવું ? આ રોગોના લીધે જ સદાય પીડાતો હોય છે તે માણસ ઇશ્વરનું ધ્યાન કેવી રીતે કરી શકવાનો હતો ? અને તેથી તેને સુખ પણ કેવી રીતે મળી શકવાનું હતું ? નિયમ..ધર્મ..આચાર..તપ..જ્ઞાન..યજ્ઞ..એ બધાં રૂપી કરોડો ઔષધો કરવા છતાં પણ આ રોગો ટળે તેવા

નથી.આ પ્રમાણે જગતના તમામ જીવો રોગથી પિડાય છે કે જે રોગોની પાછળ શોક..હર્ષ..ભય..પ્રિતિ તથા વિયોગ...આ બધાં લાગેલાં જ છે.આ બધા રોગોને ઓળખનારા તો કોઇ વિરલા જ હોય છે.લોકોને પરીતાપ આપનારા આ દુષ્ટ રોગો ઓળખાયા પછી કંઇક ઓછા થાય છે, પરંતુ નિર્મૂળ તો થતા જ નથી.આ દુષ્ટ રોગો વિષયોરૂપી કુપથ્યના સંયોગના લીધે અંકુરિત થાય છે.

જો ભગવાનની કૃપા થાય..સદગુરૂ રૂપી વૈદ્યના વચનો પર પૂરો વિશ્વાસ રાખવામાં આવે..વિષયોના પ્રત્યે આસક્તિ ઓછી થાય તથા મનમાં પાકું પથ્ય પાળવામાં આવે તો તમામ રોગ નિર્મૂળ થઇ જાય છે. ભગવાનની ભક્તિરૂપી અમૃત ઔષધ..અતિ સુંદર શ્રદ્ધારૂપી અનુપાતની સાથે પાળવામાં આવે તો જ એ તમામ દુષ્ટ રોગો નિર્મૂળ થાય છે.મનુષ્યને રોગ મુક્ત ત્યારે જ જાણવો જ્યારે તેનું ચિત્ત તમામ પ્રકારના વિકારોથી રહીત થઇને શાંત અને સ્થિર બની જાય..તે રાગ-દ્વેષ..ઇચ્છા..હર્ષ અને વિષાદના બંધનોથી મુક્ત થઇને ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂની કૃપાથી પોતાના શુદ્ધ..ચિન્મય સ્વરૂપનો સાક્ષાત્કાર કરી લે.આ સિવાય કરોડો ઉપાય કરવાથી પણ આ રોગો ટળતા નથી.જ્યારે મનમાં વૈરાગ્યરૂપી બળ..સુમતિરૂપી ક્ષુધા..નિત્ય દુર્બળતા પુરેપુરી ટળી જાય ત્યારે જાણવું કેઃ મન રોગ મુક્ત થયું છે.આવી રીતે બધા રોગોમાંથી મુક્ત થઇને જ્યારે મનુષ્ય નિર્મળ જ્ઞાનરૂપી જળમાં સ્નાન કરી લે છે ત્યારે જ તેના હ્રદયમાં પ્રભુ પરમાત્માની ભક્તિનો ઉદય થાય છે.પ્રભુ પરમાત્માની ભક્તિ સિવાય બીજા કોઇ માર્ગે સુખ મળવું અશક્ય છે.જે માનવ પ્રભુ પરમાત્માને ભજે છે તેઓ જ આ અતિ દુસ્તર સંસારને સફળતાપૂર્વક તરી જાય છે.

કામ..ક્રોધ..લોભ..મોહ અને અહંકાર..વગેરે શત્રુઓમાં કામ અને ક્રોધને શ્રીમદ્ ભગવદ્ ગીતામાં સૌથી પ્રબળ કહ્યા છે.અર્જુન ભગવાન શ્રી કૃષ્ણજીને પૂછ્યું કેઃ ક્યા કારણોસર મનુષ્ય ન ઇચ્છતો હોવા છતાં પણ પાપનું આચરણ કરે છે ? તેનો જવાર આપતાં ભગવાન શ્રી કૃષ્ણ કહે છે કેઃ

"રજોગુણથી ઉત્પન્ન આ કામ એટલે કે કામના જ તમામ પાપનું કારણ છે..આ કામ જ ક્રોધમાં રૂપાંતર થાય છે..આ ઘણું ખાનારો અને મહા પાપી છે.આ બાબતમાં તૂં આને વૈરી જાણ." (ગીતાઃ૩/૩૭)

મારૂં મનગમતું થાઓ...આ જ કામના છે.ઉત્પત્તિ વિનાશશીલ વડ પદાર્થોના સંગ્રહની ઇચ્છા.. સંયોગજન્ય સુખની ઇચ્છા..સુખની આસક્તિ...આ બધાં કામનાં જ રૂપો છે.ઉત્પત્તિ વિનાશશીલ પદાર્થોની કામના..પ્રિતિ અને આકર્ષણ જ તમામ પાપોનું મૂળ છે.કામનામાં વિધ્ન આવતાં કામ જ ક્રોધમાં પરીણમે છે.કામનાની પૂર્તિ થતાં લોભ ઉત્પન્ન થાય છે અને કામનામાં વિઘ્ન પહોચાડનારા ઉપર ક્રોધ ઉત્પન્ન થાય છે.જો વિઘ્ન પહોચાડવાવાળો પોતાનાથી વધુ બળવાન હોય તો ભય ઉત્પન્ન થાય છે.કામનાયુક્ત વ્યક્તિને જાગ્રતમાં સુખ મળવાનું તો દૂર રહ્યું ! સ્વપ્નમાં પણ ક્યારેય સુખ મળતું નથી.

રામચરીત માનસ કહે છે કેઃ !! કામ અછત સુખ સપનેહુઁ નાહિ !! (રામચરીત માનસઃ૭/૯૦/૧)

જે ઇચ્છે છે તે ના થાય અને જે નથી ઇચ્છતા તે થઇ જાય તેને દુઃખ કહે છે.નાશવાન પદાર્થોની ઇચ્છા જ કામના છે.આપણને શંકા થાય કેઃ કામના વિના સંસારનાં કાર્યો કેવી રીતે ચાલશે ? આનું સમાધાન એ છે કેઃ સાંસારીક કાર્યો મનની કામનાથી નહી પરંતુ વસ્તુઓથી અને ક્રિયાઓથી ચાલે છે.વસ્તુઓનો સબંધ કર્મોની સાથે હોય છે.કામનાના કારણે કર્મો થાય છે અને કામનાની વૃદ્ધિ થવાથી વિકર્મો થાય છે.કામનાના કારણે જ અસતમાં આસક્તિ દ્દઢ થાય છે.કામના ના રહેવાથી અસતથી સબંધ વિચ્છેદ થાય છે.જો મનુષ્ય નવી કામના ના કરે તો જુની કામના ક્યારેક પુરી થઇને અને ક્યારેક પુરી ના થઇને આપમેળે દૂર થઇ જાય છે.

કામનાઓના ચાર ભેદ છે....

(૧) શરીર નિર્વાહમાત્રની આવશ્યક કામનાઓ પુરી કરી દેવી.

આવી કામનાઓમાં ચાર વાતોનું હોવું આવશ્યક છે.

- જે કામના વર્તમાનમાં ઉત્પન્ન હોય..જેવી કેઃ ભૂખ લાગતાં ભોજનની કામના..
- જેની પૂર્તિની સાધન સામગ્રી વર્તમાનમાં ઉપલબ્ધ હોય..
- જેની પૂર્તિ કર્યા વિના જીવિત રહેવું સંભવ ના હોય..
- જેની પૂર્તિથી પોતાનું તથા બીજાનું કોઇનું પણ અહીત ના થતું હોય..

(૨) જે કામના વ્યક્તિગત તેમજ ન્યાયયુક્ત હોય અને જેને પુરી કરવાનું આપણા સામર્થ્યની બહાર હોય તેને ભગવાનને અર્પણ કરીને દુર કરી દેવી.

(૩) બીજાઓની તે કામના પુરી કરી દેવી જે ન્યાયયુક્ત અને હિતકારી હોય અને જેને પુરી કરવાનું સામર્થ્ય આપણામાં હોય..

(૪) ઉપરોક્ત ત્રણેય કામનાઓ સિવાયની બીજી બધી કામનાઓને વિચાર દ્વારા દૂર કરી દેવી..કોઇ વેરી એવો હોય છે જે ભેટપૂજા અથવા અનુનય અથવા વિનયથી શાંત થઇ જાય છે,પરંતુ કામ એવો વેરી છે જે કશાયથી પણ શાંત થતો નથી.આ કામની ક્યારેય તૃપ્તિ થતી નથી.

તુલસીદાસજી વિનય પત્રિકામાં લખે છે કેઃ

" બુઝે ન કામ અગ્નિ તુલસી કહું..વિષયભોગ બહુ ઘી તે "

જેવી રીતે ધન મળતાં ધનની કામના વધતી જ જાય છે..તેવી જ રીતે જેમ જેમ ભોગ મળતા જાય છે તેમ તેમ કામના વધતી જ જાય છે.કામના જ તમામ પાપોનું કારણ છે.કામના ઉત્પન્ન થતાં જ મનુષ્ય પોતાના કર્તવ્યથી..પોતાના સ્વરૂપથી અને ભગવાનથી વિમુખ થઇ જાય છે અને નાશવાન સંસારની સન્મુખ થઇ જાય છે.નાશવાનના સન્મુખ થવાથી પાપો થાય છે અને પાપોના ફળ સ્વરૂપે નરકોની તથા નીચ યોનિઓની પ્રાપ્તિ થાય છે.કામનાને નષ્ટ કરવાનો સરળ ઉપાય છેઃ

બીજાઓની સેવા કરવી..તેમને સુખ પહોચાડવું..!!

કામ અને ક્રોધની જેમ રાગ અને દ્વેષ પણ મનુષ્યના શત્રુ છે.આના કારણે તે વિષયોના બંધનોમાં બંધાઇ જાય છે.

ભગવાન શ્રી કૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે કેઃ

"ઇન્દ્રિયોના વિષયના અર્થમાં એટલે કેઃ પ્રત્યેક ઇન્દ્રિયના પ્રત્યેક વિષયમાં મનુષ્યના રાગ અને દ્વેષ વ્યવસ્થાથી અનુકૂળતા અને પ્રતિકૂળતાને લઇને સ્થિત છે.મનુષ્યએ બંન્નેના વશમાં ના થવું જોઇએ,કેમકે તે બંન્નેય એના કલ્યાણમાર્ગમાં વિઘ્ન નાખનારા શત્રુઓ છે." (શ્રીમદ્ ભગવદ્ ગીતાઃ૩/૩૪)

પ્રત્યેક ઇન્દ્રિય(શ્રોત..ત્વચા..નેત્ર..રસના અને ઘ્રાણ)ના પ્રત્યેક વિષય(શબ્દ..સ્પર્શ..રૂપ..રસ અને ગંધ) માં અનુકૂળતા પ્રતિકૂળતાની માન્યતાને લીધે મનુષ્યના રાગ દ્વેષ સ્થિર રહે છે.ઇન્દ્રિયોના વિષયમાં અનુકૂળતાનો ભાવ થવાથી મનુષ્યનો તે વિષયમાં દ્વેષ થઇ જાય છે.રાગ દ્વેષ માનેલા અહમ્(હુંપણા) માં રહે છે.રાગ દ્વેષનું જ સ્થૂળરૂપ કામ ક્રોધ છે.ઇન્દ્રિયો દ્વારા વિષયોને ગ્રહણ ન કરવાવાળા પુરૂષના વિષયો તો નિવૃત થઇ જાય છે..પરંતુ તેઓમાં રહેવાવાળો તેનો રાગ નિવૃત થતો નથી.આ રાગ પરમાત્માનો સાક્ષાત્કાર થતાં નિવૃત થઇ જાય છે.

જ્યારે આપણે સંસારનું કાર્ય છોડીને ભજનમાં લાગીએ ત્યારે સંસારની અનેક સારી અને ખરાબ સ્કુરણાઓ ઉત્પન્ન થવા લાગે છે જેનાથી ગભરાવવું જોઇએ નહી.સંસારનું કાર્ય છોડતાં જ તક મળવાથી જૂના સંસ્કારો સ્કુરણાના રૂપમાં બહાર નીકળવા લાગે છે.શરીર સૃષ્ટિનો એક અંશ છે.જ્યાં સુધી શરીર પ્રત્યે મમતા રહે છે

ત્યાં સુધી રાગ દ્વેષ થાય છે.

વિષયોનું આકર્ષણ અત્યંત પ્રબળ છે.પ્રત્યેક વ્યક્તિ સુખ સુવિધાઓવાળું જીવન જીવવા ઇચ્છે છે.તેમની ઇચ્છાઓ અનંત છે જેની પૂર્તિ કરવા માટે તે અનેક મુસિબતોમાં ફસાય જાય છે અને તેને આત્મસાક્ષાત્કાર કરવાનો માર્ગ સુઝતો નથી.માનવ જન્મ દુર્લભ છે તેને વિષય ભોગોમાં નષ્ટ ના કરવો.યોગ..તપ..જ્ઞાન..વગેરે..આ રોગોથી મુક્તિનાં જેટલાં પણ સાધન છે તે અત્યંત કઠિન છે અને તેના માર્ગમાં અનેક મુશ્કેલીઓ આવે છે.આ તમામ સાધનો ભક્તિ વિના નિરર્થક છે.વાસ્તવમાં આ તમામ સાધનોનું ફળ ભક્તિ છે.

ભાતિકવાદના રોગથી ગ્રસ્ત વર્તમાન યુગના મનુષ્યોને ગોસ્વામી તુલસીદાસજીનો આદેશ છે કેઃ

વિષયોની આસક્તિથી ઉપર ઉઠીને પોતાને પૂર્ણ મનુષ્યના રૂપમાં વિકસિત કરવાનો પ્રયાસ કરવો જોઇએ, તેના માટે આધ્યાત્મિકના વિરાટ ક્ષેત્રમાં પ્રવેશ કરવો આવશ્યક છે.

સંતવાણી કહે છે કેઃ

નારાયણ હરિ ભજનમેં યહ પાંચો ન સુહાત,
વિષય ભોગ, નિન્દા હઁસી, જગત પ્રિતિ બહુ બાત...!!

..............................................................................................................................

## નમસ્કાર એક સુંદર પ્રક્રિયા છે

અમોને બ્રહ્મજ્ઞાન (આત્મજ્ઞાન) પ્રદાન કરીને સદગુરૂએ સહજ ભક્તિ સમજાવી છે.જીવનનાં તમામ કર્તવ્યકર્મો કરતાં કરતાં પ્રભુના યશોગાન કરતા રહીને ભક્તિ પથ પર આગળ વધવાનું છે.જે પ્રભુને યાદ કરે છે તે યશ અને માનને સહજમાં પામે છે.બ્રહ્મજ્ઞાન(સત્યની પ્રાપ્તિ) થવાના કારણે તેના તમામ ભ્રમો સમાપ્ત થઇ જાય છે.દ્દશ્યમાન જગતને સત્ય સમજવાનો ભ્રમ બ્રહ્મજ્ઞાનની દિવ્ય રોશનીથી દૂર થાય છે.ભક્તિમાં અહંકારને કોઇ સ્થાન નથી..કારણ કેઃભક્તિમાં નમ્ર ભાવની મહત્તા હોય છે.અમારા અંતઃકરણમાં પ્રભુ-પરમાત્માનો ભાવ અહંકારની અનુપસ્થિતિમાં જ થાય છે.

માનવ જેટલો નમ્ર બને છે એટલો તેનો અહંકાર ઓછો થાય છે.સદગુરૂદેવ આપણને પોતાનાથી અધિક બીજાઓનો આદર સત્કાર કરવાનું શિખવે છે. નમસ્કાર(ચરણસ્પર્શ)નું શું માહાત્મય છે ? તેના વિશે મનોવિશ્લેષણ કરતાં અમે નીચેના નિષ્કર્ષ ઉપર પહોચ્યા છીએ...

- નમસ્કાર(ચરણસ્પર્શ) એક સુંદર પ્રક્રિયા છે.
- અમે જ્યારે સંતોના ચરણોમાં નમસ્કાર કરીએ તે સમયે જો અમારૂં અંતઃકરણ વિરોધ કરે તો સમજી લેવું જોઇએ કે આ વાસ્તવમાં અહંકાર જ છે જે અમોને રોકી રહ્યો છે..કારણ કેઃ અહંકાર નમવાનું નહી પરંતુ અક્કડ રહેવાનું જાણે છે.અમારા હ્દયમાં આવી ભાવના હોય તો તેને દૂર કરવી જોઇએ.અહંકાર ના આવે તેના માટે નિરંતર સંતોના ચરણોમાં ઝુકતા રહેવું જોઇએ...
- બ્રહ્મની સાથે જોડાયેલા વ્યક્તિઓમાં પ્રભુના તેજનો પ્રવાહ પ્રગટ હોય છે.જે પરમ સત્યની સાથે જોડાયેલા છે તેમનામાં આધ્યાત્મિક શક્તિનો વાસ હોય છે.જ્યારે અમારૂં મન બ્રહ્મજ્ઞાનીઓના ચરણોમાં ઝુકે છે ત્યારે મનના વિકારો દૂર થાય છે..તે અમોને અનેક મુશ્કેલીઓમાંથી બચાવે છે.
- ખરાબમાં ખરાબ વ્યક્તિ પણ પોતાની સમક્ષ ઝુકેલા વ્યક્તિના પ્રત્યે કરૂણાશીલ બની જાય છે.

- બ્રહ્મજ્ઞાની મહાપુરૂષોના ચરણ સદગુરૂના ચરણ તુલ્ય જ છે..કારણ કેઃતન..મન..ધન.. સદગુરૂ પરમાત્માની અમાનત છે એટલે આધ્યાત્મિક સ્તરે કોઇ નાનો મોટો નથી.તમામનું શરીર પાંચ તત્વોનું બનેલું છે તથા છઠ્ઠું તત્વ આત્મા પરમાત્માનો અંશ છે જે તમામમાં સમાનરૂપે વિદ્યમાન છે.

સંત નિરંકારી મિશનના પ્રસિદ્ધ ગ્રંથ "અવતારવાણી"માં કહ્યું છે કે...

જેને પ્રભુના દર્શન કીધા, એને તમે નમસ્કાર કરો,
એમની અંદર પ્રભુ બોલે છે, એમનો તમે સત્કાર કરો,
નકલની અંદર અસલ છુપ્યો છે, એ અસલથી પ્રેમ કરો,
આ જીવનના ધ્યેયને જાણો, જીવનના બેકાર કરો,
નિરખી પ્રભુને માની લીધો, એ પર વારી જાઉં હું,
કહે "અવતાર"એ પ્રભુ ભક્તને, પલ પલ શિશ ઝુકાવું હું........(અવતારવાણી-૩૧૭)

એટલે કે શરીરને નહી,પરંતુ આ પરમ શક્તિને જ નમસ્કાર કરવામાં આવે છે..પરંતુ અહંકાર દૂર થયો છે કે નહી તેની ખબર તો ત્યારે જ પડે છે કે જ્યારે અમે અમારાથી નાની ઉંમરની વ્યક્તિ સમક્ષ પણ નમ્ર ભાવથી શરીરની શ્રેષ્ઠતાનો ત્યાગ કરીને કણકણમાં વ્યાપક પરમ સત્તાનું રૂપ સમજીને નમસ્કાર કરીએ.નમસ્કારમાં શરીરથી વધુ મનને ઝુકાવવું પડે છે.જ્યારે શરીરમાંથી આત્મા (જીવ) નીકળી જાય છે તો તે શરીરને નમસ્કાર કરવામાં આવતા નથી..સાથે સાથે એ તથ્ય પણ ઉલ્લેખનીય છે કે નમસ્કાર તે જ કરે છે જેનામાં આત્મા છે !

"ઝુકતે હૈ વો જિસમે જાન હોતી હૈ..અક્કડ રહેના મુર્દેકી પહેચાન હૈ"

સંતવાણી કહે છે કેઃ

સબ ઘટ મેરા સાંઇયા સુની સેજ ના કોઇ,
બલિહારી ઉસ ઘટકી જા ઘટ પ્રગટ હોઇ....!

આનો અર્થ એ છે કેઃદરેક ઘટમાં પરમાત્માનો વાસ છે તેથી દરેક ઘટમાં પરમાત્માનાં દર્શન કરીને નમસ્કાર કરવા જોઇએ,કારણ કે આ નિરાકાર પ્રભુ પરમાત્માની પૂજા થઇ શકતી નથી,તેમની પૂજા અમે સાકાર રૂપમાં જ કરી શકીએ છીએ, જેમ કે પ્રકાશની પૂજા ત્યારે જ થઇ શકે છે કે જ્યારે તેને પ્રગટ કરવાનાં સાધન દીવો અને વાટ હાજર હોય ! અમે જો પ્રકાશને પ્રગટ કરવાનું ઇચ્છતા હોઇએ તો દિપકનો સહારો લેવો પડે છે..પરંતુ પ્રકાશ અલગ છે..દિપક અલગ છે.જેમકે આત્મા અલગ છે..શરીર અલગ છે.શરીરનું મૃત્યુ થાય છે પરંતુ આત્માનું મૃત્યુ થતું નથી.જ્યારે અમે પ્રણામ કરીએ છીએ ત્યારે શરીરને નહી,પરંતુ ઇશ્વરના અંશ આત્માને પ્રણામ કરીએ છીએ.

ઇમાનદારી એક સારો ગુણ છે, તેની વ્યાખ્યા એક ઇમાનદાર વ્યક્તિ પાસેથી જ સમજી શકાય છે. ઇમાનદારીની પૂજા ઇમાનદાર વ્યક્તિની પૂજા કરવાથી જ થાય છે.આ તથ્ય સાકારની મહત્તાને પ્રગટ કરે છે.અજ્ઞાની માનવ લગભગ રોશનીની પૂજાને જ દિપકની પૂજા સમજી બેસે છે.આ જ અમારી ભૂલ છે.

"હમ પૂજારી હૈ રોશની કે, સમજતી હૈ દુનિયા દિયા પૂજતે હૈ"

જો નમસ્કાર કરતી વખતે અમોને ભ્રમ થઇ જાય છે કે..અમે કોઇને નમસ્કાર કેમ કરીએ છીએ ? અથવા તો હું કેટલો મહાન છું કે લોકો મને નમસ્કાર(ચરણસ્પર્શ) કરી રહ્યા છે.આમ,આ બંન્ને ભાવ અહંકારના સૂચક છે..તે અમોને અધઃપતન તરફ લઇ જનારા છે માટે આ ભાવથી બચવું શ્રેયસ્કર છે.ભૂલથી બચવા માટે પોતાની હસ્તીને સદગુરૂ પરમાત્માના શ્રીચરણોમાં ન્યોછાવર કરીને ભક્તિમય જીવન જીવવાનું છે અને આ

જ ગુરૂ ભક્તનું લક્ષણ છે.કહ્યું છે કેઃ

મિટાદે અપની હસ્તી કો અગર કુછ મર્તબા ચાહે,

કી દાના ખાકમેં મિલકર ગુલ એ ગુલઝાર હોતા હૈ

## પ્રભુ નામ સુમિરણનો મહિમા

કોઇપણ શબ્દ કે પ્રભુના નામનું જીભથી વારંવાર રટન કરવું તેને સુમિરણ કહેવાતું નથી.

કબીરજીએ કહ્યું છે કેઃ

માલા તો કરમેં ફીરે, જીભ ફિરે મુખમાંહી,

મનુવા તો ચહું દિશા ફિરે યહ તો સુમિરણ નાહી...!

હાથમાં માળાના મણકા ફરી રહ્યા છે અને જીભથી રટન થઇ રહ્યું છે,પરંતુ મન તો બીજે ક્યાંક ભટકી રહ્યું હોય તો તેને સુમિરણ કહેવાતું નથી.સુમિરણ કોઇ શબ્દ કે શબ્દોનો સમુહ જ નથી,પરંતુ સદગુરૂ દ્વારા પ્રદત્ત સર્વમંગલકારી મહાવાક્ય છે,જેનું સુમિરણ ત્રિવિધ દુઃખહારી તથા સર્વ સુખકારી છે.સર્વવ્યાપક,સર્વશક્તિમાન પ્રભુ પરમાત્માને સદગુરૂ પાસેથી દ્દષ્ટિ પ્રાપ્ત કરીને સર્વત્ર જોવા એ "જ્ઞાન" છે અને જોયા(દર્શન કર્યા) પછી તેમને યાદ કરવા એ "સુમિરણ" છે.જ્ઞાન એ ગુપ્ત નિધિ છે.સદગુરૂ જ તેને પ્રગટ કરે છે પરંતુ સુમિરણના માટે સદગુરૂના દ્વારા આપવામાં આવેલ મંત્ર એ ગોપનીય નહી,પરંતુ પ્રગટ છે.હરિ પરમાત્માને જાણ્યા વિના સુમિરણનો કોઇ સાર નથી.હરિ પરમાત્માને જાણ્યા વિના ભક્તિ કે સુમિરણ થઇ શકતું નથી.

રામચરીત માનસમાં ગોસ્વામી તુલસીદાસજીએ સુમિરણની અતિ મહત્તા સમજાવતાં કહ્યું છે કેઃ

"કલયુગ કેવલ નામ આધારા, સુમિર સુમિર નર ઉતરત ભવપારા..."

સુમિરણનો અર્થ છેઃ પરમ જ્યોતિ સ્વરૂપ પરમાત્મા તથા સાકાર સદગુરૂના પાવન ચરણો તથા સ્વરૂપનું સુમિરણ કરવું.જે વ્યક્તિ વસ્તુ કે સ્થાનને અમે જોયું નથી..ઓળખ્યું નથી..અનુભવ્યું નથી તે વ્યક્તિ..વસ્તુ કે સ્થાનનું અમે ગમે તેટલીવાર નામ લઇએ તેમછતાં તે ક્યારેય અમારી કલ્પના કે સુમિરણમાં આવતું નથી.યાદ હંમેશાં તેની જ આવે છે કે જેને અમે જાણીએ છીએ..જેને અમે જોઇ હોય..જેની સામે અમારી ઓળખાણ હોય તે વસ્તુ કે વ્યક્તિનું નામ લેતાં જ તેનો ચહેરો તથા સ્વરૂપ અમારા માનસ પટલ પર ચલચિત્રની જેમ અંકિત થઇ જાય છે.કહેવાનો ભાવ એ છે કેઃ જે સ્વરૂપની યાદ હંમેશાં બનેલી રહે તેને જ સુમિરણ કહેવામાં આવે છે...

જ્યોં તિરિયા પીહર બસે, ધ્યાન રહે પિયે માંહીં,

વૈસે ભગત જગતમેં, હરિકો ભૂલત નાહીં...!

જે છોકરીનું લગ્ન થઇ ગયું છે તે ભલે પોતાના માતા-પિતાના ઘેર આવી જાય,પરંતુ ત્યાં આવીને પણ તે પોતાના પતિને ભુલતી નથી પછી ભલે તે પિયરમાં આવીને પોતાના પતિનું નામ ના લે.. વાતચીતમાં પણ ક્યારેય પોતાના પતિની ચર્ચા ના કરે તેમછતાં માનસિક રીતે પોતાના પતિની યાદ હંમેશાં બનેલી રહે છે,તેવી જ રીતે જે જ્ઞાની ભક્ત હોય છે જેમને સદગુરૂની કૃપાથી પ્રભુ પરમાત્માની ઓળખાણ કરી લીધી હોય છે તે આ જગતમાં રહેવા છતાં શરીરના માધ્યમથી પ્રભુ પરમાત્માના ધ્યાનમાં મગ્ન રહેતા હોય છે.

સુમિરણકી સુધિ યોં કરો, જ્યો ગાગર પાનિહાર,

હાલે ડોલે સૂરતમેં, કહે કબીર વિચાર.....(કબીરવાણી)

જેમ બહેનો પાણી ભરવા માટે નદી..તળાવ કે કૂવા ઉપર જાય છે ત્યારે પાણી ભરેલું માટલું માથા ઉપર હોય છે ત્યારે ચાલતાં ચાલતાં સહેલીઓ સાથે વાતચીત કરે છે..રસ્તાની આસપાસનાં દ્દશ્યોનું અવલોકન કરે

છે.આ બધાં કાર્યો કરવા છતાં તેમનું ધ્યાન સુક્ષ્મ રીતે પાણી ભરેલા માટલામાં જ રહે છે અને તેથી ડગલેને પગલે સંભાળીને ચાલે છે જેથી શરીરનું સંતુલન બનેલું રહે અને માથા ઉપરનું માટલું પડી ના જાય..પ્રભુ સુમિરણમાં પણ આવી અવસ્થા હોય છે કે તમામ કાર્યો કરવા છતાં પણ ધ્યાન પ્રભુ પરમાત્મામાં જ લાગેલું રહે છે..

આ વિશે રામચરીત માનસમાં કહ્યું છે કેઃ

"કરસે કરમ કરો વિધિ નાના, સુરત રખો જહાં કૃપા નિધાના...."

એટલે કે સંસારનાં તમામ કાર્યો કરવા છતાં ધ્યાન એક પ્રભુ પરમાત્મામાં લાગેલું રહે, તેને જ સાચું સુમિરણ કહેવામાં આવે છે.આવા જ સુમિરણને પોતાના જીવનનું અનિવાર્ય અંગ બનાવવાની આવશ્યકતા છે.ઘણીવાર અમે પોતાને ભગવાનનું નામ ઉચ્ચારવાનું શિખવીએ છીએ અને પોપટ સિતારામ-સિતારામ બોલ્યા જ કરે છે તે રાત દિવસ નામનું રટન કર્યા જ કરે છે તેમછતાં તે પોતાના જીવનને સુંદર બનાવી શકતો નથી..પોતાને ભક્ત બનાવી શકતો નથી,કારણ કેઃ તેના સુમિરણમાં શબ્દ જ્ઞાનનો બોધ કે મનનો યોગ હોતો નથી, એટલા માટે સંતો કહે છે કેઃ

"અલ્લાહ બોલીએ ચાહે રામ બોલીએ, પહેલે પહચાનકે ફિર નામ બોલીએ"

મનુષ્ય જીવનને સુધારવા માટે સુમિરણ એ શાસ્ત્ર છે.જેનાથી તમામ સંકટો દૂર થાય છે.પ્રભુ સુમિરણથી કેટલાય પતિત આત્માઓ પાવન થયા છે,તેમનો ઉદ્ધાર થયો છે, કારણ કેઃ પ્રભુ સુમિરણ જ સુખનો સ્ત્રોત છે અને પ્રભુને ભુલી જવા એ જ દુઃખ છે.

રામચરીત માનસમાં કહ્યું છે કેઃ

" કહે હનુમંત વિપત્તિ પ્રભુ સોઇ, જબ તવ સુમિરણ ભજન ન હોઇ "

કબીરજીએ તો એટલે સુધી કહ્યું છે કેઃ

"દુઃખમેં સુમિરણ સબ કરે, સુખમેં કરે ના કોઇ,
જો સુખમેં સુમિરણ કરે, દુઃખ કાહે કો હોય..."

દ્રોપદીએ સુમિરણ કરવાથી ભગવાન શ્રી કૃષ્ણએ આવીને તેની લાજ બચાવી..પ્રહ્લાદે જ્યારે પ્રભુને યાદ કર્યા તો હોલિકા ભસ્મ થઇ ગઇ અને પ્રહ્લાદની રક્ષા થઇ...નિભાડામાં રાખેલાં બિલાડીનાં બચ્ચાંની રક્ષા પણ પ્રભુ સુમિરણના કારણે જ થઇ હતી.સુમિરણનો પ્રભાવ તમામ સિમાઓથી પર હોય છે..તે હોનીને અનહોનીમાં બદલી શકે છે.પૂર્ણ સમર્પણથી કરવામાં આવેલ સુમિરણની શક્તિ કલ્પનાથી પર હોય છે.સુમિરણથી અહંકાર..મોહ-માયા..ક્રોધ..નિંદા-નફરત..લોભ-દ્વેષ...વગેરે દોષો દૂર થાય છે.

સુમિરણ કરવા માટે કોઇ સ્થાન કે સમયની સીમા હોતી નથી.સૂતાં-જાગતાં,ઉઠતાં-બેસતાં,ખાતાં-પીતાં, ફરતાં-ફરતાં,રાત્રે-દિવસે, નહાતાં-ધોતાં,સુખ-દુઃખ...વગેરે ગમે ત્યારે પ્રભુ સુમિરણ કરી શકાય છે.

સંતવાણી કહે છે કેઃ

ઉઠત બૈઠત હર ભજો, સાધુ સંગ પ્રિત,
નાનક દુરમતિ છૂટિ ગઇ, પારબ્રહ્મ બસે ચિત્ત..."

સુમિરણના માટે કોઇ પથ્ય..પરહેજ કે વિધિની પણ આવશ્યકતા નથી.નાહી ધોઇને..શુદ્ધ પાક પવિત્ર ભાવથી જ ઉત્તમ સુમિરણ થાય છે તે પણ એક ભ્રાંત માન્યતા છે.સુમિરણમાં મનનું સમ્મિલિત થવું એ ખુબ જ આવશ્યક છે.અમારા મનને કાબૂમાં રાખવા માટે અમારે અમારા ગુરૂદેવની છબી પોતાની આંખોમાં..ધ્યાનમાં..મનમાં વસાવવાની છે,તેમના વચનો(પ્રણો)ને અમારી જીવન યાત્રામાં સંગી બનાવી

આચરણમાં લાવી અમારૂં કલ્યાણ કરવાનું છે.

ધન ધન રાજા જનક, જિન સિમરણ કિયા વિવેક,
એક ઘડી કે સિમરણસે, પાપી તરે અનેક.....!

નિરાકાર પરબ્રહ્મ પરમાત્મા સાકાર (દ્દશ્ય) રૂપમાં એટલે કેઃ સદગુરૂના રૂપમાં અવતાર લઇને આવ્યા છે,તેમની નિરાળી મહિમાનો ભેદ ઓળખવામાં ભક્ત જ સફળ થાય છે અને આ જ સંદેશ ધર્મગ્રંથો પણ આપે છે કે.........

ધ્યાનમૂલં ગુરૂ મૂર્તિ, પૂજા મૂલં ગુરૂ પદં,
મંત્ર મૂલં ગુરૂ વાક્ય, મોક્ષ મૂલં ગુરૂ કૃપા !!

સદગુરૂએ આપણને જ્ઞાનરૂપી નેત્ર પ્રદાન કરીને સમજાવ્યું છે કેઃ તમામ દ્દશ્યમાન વસ્તુઓ નાશવંત છે, હંમેશાં શાશ્વત રહેનાર એક પ્રભુ પરમાત્મા જ છે,તેમનું ધ્યાન કરો.તેમને એ કર્મ બતાવ્યું છે કે.. સંતોની સેવા કરો..સંતોની ચરણરજ બનીને રહો અને પ્રભુ પરમાત્માનું સુમિરણ કરો..કે હે પ્રભુ પરમાત્મા ! તમોને ક્યારેય ના ભૂલું કારણ કેઃ તમોને ભુલવાથી દુઃખ જ દુઃખ છે..અરે ! સુખ પણ દુઃખ બની જાય છે.જો હું તમોને ના ભુલૂં તો દુઃખની શું તાકાત છે કે તે મારી નજીક આવી શકે ? સંતોનો સંગ કરીને જે સદગુરૂ પરમાત્માનું ધ્યાન કરે છે તેમનું મન જેમ અપવિત્રથી અપવિત્રથી જળ જેમ ગંગામાં ભળીને ગંગાજળ બની જાય છે તેમ વિકારોથી રહીત થઇ જાય છે.પ્રભુને જે હંમેશાં અંગસંગ સમજીને તેમનું સુમિરણ કરે છે તેમના ચરણોમાં તમામ સુખો આવી જાય છે..મનની તૃષ્ણાઓ શાંત થઇ જાય છે.

સેવા..સુમિરણ..સત્સંગ આ ત્રણ કર્મ પરમાત્મા બોધ બાદ અપનાવવાનું સદગુરૂ કહે છે.આ ત્રણેને અપનાવવાથી જીવનમાં અનંત સદગુણો આવી જાય છે.ભક્તિમાર્ગમાં સેવા-સુમિરણ-સત્સંગમાંથી એકપણ દૂર થઇ જાય તો આનંદાનુભૂતિથી દૂર જવાય છે.સુમિરણ દાનવનું માનવ તથા માનવને દેવત્વની તરફ લઇ જાય છે.ગુરૂ પાસેથી પ્રાપ્ત ઇશારા બાદ રત્નાકર ડાકુ સુમિરણના પ્રભાવથી મહાન સંત બની ગયા.

કહ્યું છે કેઃ

!! ઉલ્ટા નામ જપે જગ જાના, વાલ્મિકી ભયે બ્રહ્મ સમાના !!

સુમિરણની દિવ્ય શક્તિની અનુભૂતિ તે ભક્તને જ થાય છે કે જેને પોતાના સદગરૂની કૃપાથી આત્મ સાક્ષાત્કાર કર્યો છે અને જે દરેક સમયે પ્રભુ પરમાત્માનો અંગસંગ અનુભવ કરે છે..

વસ્તુકે બિના નામકા કોઇ કામ નહી હોતા,
સિર્ફ નામસેં દુનિયાકા કોઇ કામ નહી હોતા,
રોગીકો લાજિમ હૈ દવાઇ ઔર હકીમ દોનો,
નુસ્ખોકી ઇબાદતસે તો આરામ નહી હોતા.......!!!

## તુલસીદાસનાં પત્ની રત્નાવલીએ સ્ત્રીઓને આપેલ ઉપદેશ

- શુભ વચન પણ સમય આવે ઝેર સાથે મળીને તે ઝેર રૂપે થાય છે અને સારા સંગથી રત્ન જેવું કામ આપે છે.

- પોતાના અનુષંગી સાથે પણ વિચારીને વચન વિલાસ કરવો.
- પતિ વિયોગનું કઠણ દુઃખ સાધારણ સ્ત્રીઓ ના જાણી શકે.
- તે સ્ત્રી સદભાગી છે જેનો પ્રિય પતિ તેની પાસે છે..જેને નિત્ય નિરખીને તે નેત્ર શિતળ કરે છે અને હૈયામાં ઉલ્લાસ ભરે છે.
- ભોજન..વસ્ત્ર..ઘરેણાં અને ઘર..એ સૌ પતિ વિના ગમતાં નથી..જીવન ભારરૂપ બની જાય છે અને પળે પળે જીવ અકળાય છે.
- પતિ એ જ ગતિ છે..પતિ જ ધન છે..પતિ મિત્ર છે..પતિ જ ગુરૂ છે અને પતિ જ દેવતા છે.
- પતિના સુખને જે સુખ માને છે..પતિનું દુઃખ જોઇને જે દુઃખી થાય છે તે સ્ત્રી ધન્ય છે..તે સ્ત્રી ધન્ય છે જે દ્વૈતભાવ મુકીને બધું પતિરૂપ જ જુવે છે.
- તમામ રસો કરતાં એક બ્રહ્મરસ મીઠો લાગે છે,પરંતુ પતિ પ્રેમનો રસ સૌથી વધારે મીઠો છે.
- સ્ત્રી જીવનમાં તેના મનને ત્યાં સુધી કંઇ પણ રૂચીકર નથી જ્યાં સુધી પતિનો સ્નેહરૂપી રામરસ (લવણ) તેમાં ભળતો નથી,કેમકે ભોજન મસાલેદાર હોવા છતાં મીઠા વિના ફિક્કુ લાગે છે.
- સ્ત્રી માટે પતિ સાચો શણગાર છે..પતિ વિના બધા શણગાર નકામા છે.
- સ્નેહ..શીલ..સદાચાર અને ધનથી રહીત કામી પતિ હોય તો પણ તે નારીના માટે પૂજ્ય દેવતા સમાન છે.
- આંધળો..લૂલો..રોગી..દેવાદાર..દરિદ્ર અને મુરખ પતિ હોય તો પણ તે નારી ભલા માટે પૂજ્ય દેવતા સમાન છે.
- ક્રુર..કુટીલ..રોગી..દેવાદાર..દરિદ્ર અને મુરખ પતિ મળવા છતાં સ્ત્રીએ દુભાવું નહી,પરંતુ સતીએ તેનો નિભાવ કરવો.
- વનમાં રહેનારી વાઘણ માંસ ખાય છે અને ઘણીવાર ભૂખી રહેવા છતાં ઘાસ ખાતી નથી તેવી જ રીતે સતી દુઃખ સહન કરીને પણ સુખ માટે પાપની કમાણી (વ્યભિચાર) કરતી નથી.
- દુઃખરૂપી કસોટી ઉપર કસવાથી જેનું ચારીત્ર વધુ નિર્મળ જણાય છે તે સ્ત્રી જગતમાં વખાણવા યોગ્ય છે.
- સતી બનવામાં આખું જીવન લાગી જાય છે પણ અસતી(વ્યભિચારી) બનવામાં જરાય વાર લાગતી નથી..નીચે પડવામાં શું વાર લાગે ?
- બાળપણથી દયા..ધર્મ..કૂળ અને વ્યવહારને સુધારવો જોઇએ..નહિતર મોટા થયા પછી તે કઠણ થઇ પડે છે.
- નાચવું..વિષયરસની વાતો..ગીત..સુગંધી દ્રવ્ય સેવન..ઘરેણાં પહેરી બહાર ફરવું..શરીર પર પ્રિતિ.. આળસ...આ બધી વાતો કન્યાઓના હિતની નથી.
- માતા પિતા સંતાનમાં બાળપણથી જેવા સંસ્કાર આપે છે તે મોટા થયા પછી છોડાવ્યા છુટતા નથી.
- છોકરાઓ સાથે રમવું..હસવું..એકાંતે બેસવું...આ બધી બાબતો કન્યાના ચારિત્ર્ય અને શીલને હરવાવાળી છે.
- કન્યાઓએ પોતાના નેત્ર..વસ્ત્ર અને વચન નિર્મલ અને નીચાં ઢળતાં રાખવાં જોઇએ.
- હાંસી..ખાંસી..હેડકી..છીંક ખાવી..અંગ મોડવું..ઉંચા અવાજે બોલવું...આ બધી વાતો પોતાનાથી મોટાની સામે ન કરવી તથા ગુરૂજનોની સામે ઉંચા આસને ન બેસવું અને નેત્ર પણ ઉંચા ન કરવા.

- પોતાના ઘરનો ભેદ..શરીર..ધન..સંજોગ..સુઓસડ,અન્ન..દાન..ધર્મ..ઉપકાર...આ બધી વાતો ગુપ્ત રાખવી.
- સંસારમાં અનેક રત્ન છે,પરંતુ શીલ સમાન કોઇ રત્ન નથી.
- પતિ ઘેર ના હોય ત્યારે સ્ત્રીએ હસવું..પારકા ઘેર જવું..નાચગાન જોવા જવું..શણગાર સજીને રંગારંગ ઉત્સવમાં સામેલ થવું...આનાથી સ્ત્રીનું પતન થાય છે.
- ઝરૂખામાં બેસીને જોવું..ઘરના ઉંમરા ઉપર બેસવું..વાતો કરતાં મોટેથી હસવું...આ બધી વાતો સ્ત્રીઓ માટે કલંકરૂપ છે.
- ક્યારેય એકલા સંત પાસે પણ ના જવું..કારણ કેઃ સ્ત્રીને એકલી જોઇને સંતોનું જ્ઞાન પણ હવામાં ઉડી જાય છે.
- ઘેર ઘેર ફરવાવાળી સ્ત્રીઓ સાથે વાત ન કરવી તેમજ બહુ પ્રિતિ પણ ના રાખવી તથા ઘરનો ભેદ ના ખોલવો.
- ક્રોધ..જુગાર..વ્યભિચાર..લોભ..ચોરી..દારૂ પીવો...આ બધા દુર્ગુણોથી સારી સ્ત્રીનું પણ પતન થાય છે.
- બહુ હસનારી..બહુ બોલનારી ઘણી વાચાળ..સ્વાદ કરનારી અને બટકબોલી સ્ત્રીઓ ભારે કલંકિત થઇ દુઃખ પામે છે.
- ઉતરેલી (પતિત વ્યભિચારી) સ્ત્રીઓ સાથે ક્યારેય વેર કે સ્નેહ ના કરવો, કારણ કેઃ તે બંન્ને રીતે કલંકિત કરે છે.
- ફેરો ફરનારો અને ભિખારીઓનો ક્યારેય વિશ્વાસ ના કરવો..ઠગ લોકો એવું રૂપ ધરીને સ્ત્રીઓને ભરમાવી દે છે.
- અજાણ્યા માણસોનો ક્યારેય ભરોસો ના કરવો કે તેની આપેલી કોઇ ચીજ ના ખાવી તથા ઘરમાં તેમને રહેવા ના દેવા.
- ઘરના નોકર સાથે પણ કામ પુરતી જ વાત કરવી..બહુ બોલવાથી તે નિષ્ઠુર બની જાય છે.
- જુઠું બોલવું અને માયા રચવી છોડી દો,કારણ કેઃમાયા રચવાથી અને જુઠું બોલવાથી ભગવાન શંકરે પણ સતી(પોતાની સ્ત્રી)નો ત્યાગ કર્યો હતો.
- સાહસથી ક્યારેય પતિની આજ્ઞા વિરૂદ્ધ કોઇપણ કાર્ય ન કરવું.
- આળસ ત્યજીને યથા સમય કામ કરી લેવું..હમણાં કરવાનું કાર્ય હમણાં જ કરી લેવું.
- સૌના પહેલાં જાગીને ઘરનું કામ કરી લેવું..ઘરના સૌ સૂઇ જાય ત્યાર પછી ઘરકામ પરવારીને પછી સૂઇ જવું.
- સ્ત્રી લક્ષ્મી સમાન સુખ આપનારી..શારદા જેવી જ્ઞાનધારી અને દુષ્ટોનો નાશ કરવાના સમયે કાલિકા બની શકે છે.આમ,સ્ત્રીઓમાં લક્ષ્મી..શારદા અને કાલિકાની શક્તિઓ મૌજૂદ છે.
- સ્ત્રીએ પ્રભાતે વહેલા ઉઠીને સાસુ..સસરા અને પતિના ચરણે નમીને આદર અને સ્નેહથી તેમની સેવા કરવી.
- સાસુ..સસરા અને પતિના ચરણકમળોની સેવા સ્ત્રીના માટે તીર્થરૂપ છે..તેની સેવાથી તે સંસારમાં યશ અને મૃત્યુ બાદ શુભ પવિત્ર દેવલોકને પ્રાપ્ત કરે છે.
- માતા-પિતા..સાસુ-સસરા..નણંદ અને પતિના કડવા બોલ પણ કડવી દવાની માફક પચાવી દેવાથી સંતાપો નાશ પામે છે.

- જો પોતાના પિતા..જમાઇ..પૂત્ર..સસરા..દિયર અને ભાઇ યુવાન હોય તો તેઓની સાથે પણ ક્યારેય એકાંતમાં વાત ન કરવી.
- પોતાના પતિ સિવાયના જેટલા પુરૂષો છે તેમાંના નાનાને પોતાની સમાન..સરખાને ભાઇ સમાન અને મોટાને પિતા સમાન સમજવા જોઇએ.
- તન..મન..વસ્ત્ર..વાસણ..ભોજન અને ઘરને જે પવિત્ર રાખે છે તે સ્ત્રીનાં સ્વર્ગમાં દેવતાઓ પણ વખાણ કરે છે.
- જે પોતાની આવક પ્રમાણે યોગ્ય ખર્ચ ન કરતાં વ્યર્થ ધન ઉડાડે છે તે પાછળથી પસ્તાય છે અને ગરીબીનું દુઃખ ભોગવે છે.
- તન-મનથી જે પતિની સેવામાં રહે છે..જે પતિને જોઇને પ્રસન્ન થાય છે.જે એકમાત્ર પોતાના પતિને જ પુરૂષ માને છે તે સંત શિરોમણી કહેવાય છે.
- બાળપણમાં પિતાને આધિન..યુવાનીમાં પતિને આધિન..વૈધવ્ય કે વૃદ્ધાવસ્થામાં પૂત્રને આધિન રહેવું..કારણ કેઃ જે સ્વાધિન રહે છે તે પતિત પાપી વ્યભિચારી થઇ જાય છે.
- પિતા..પતિ અને પૂત્રના કૂળથી જે જુદી રહે છે તે સ્ત્રીનું કલ્યાણ થતું નથી તે પતિત બનીને બંન્ને કૂળોનું માન ખોઇ બેસે છે.
- જેમ નાની ચિનગારી કપાસનો ઢગલો બાળી દે છે તેમ એક નાનો કુસંગ પણ સ્ત્રીના પતિવ્રતા ધર્મનો નાશ કરી દે છે.
- સતી સ્ત્રીએ ક્ષણ માત્ર પણ કુલટા સ્ત્રીનો સંગ ના કરવો.
- જે સ્ત્રી પરપુરૂષનું સેવન કરે છે તેને ધિક્કાર છે તેમજ સંસાર તેની નિંદા કરે છે..તેનો આલોક અને પરલોક બંન્ને બગડી જાય છે અને તે જન્મોજન્મ વિધવા થાય છે.
- જગદાધાર ઇશ્વર એક છે તેમ સ્ત્રીનો પતિ પણ એક જ છે.જે સ્ત્રી પોતાના મનમાં પારકા પુરૂષ વિશે વ્યભિચારનો વિચાર સરખો કરે છે તે કરોડો કલ્પો સુધી નરકમાં વાસ કરી કૂતરીનો જન્મ પામે છે.
- પારકા પુરૂષ સાથે પ્રીતિ કરવાવાળી સ્ત્રી ધર્મ..ધન..ઘર..સંતાન..ચારિત્ર્ય અને કૂળનો નાશ કરે છે.
- સ્ત્રી ઘી થી ભરેલો ઘડો છે..પુરૂષ સળગતો અંગારો છે માટે ઘી અને અગ્નિનો સંગ કરવો યોગ્ય નથી.
- જે સ્ત્રી સંતાનની કામનાથી પરપુરૂષ સાથે સંભોગ કરે છે તે નરકમાં પડે છે.
- પોતાના પતિનું અપમાન કરીને તેમનું મન દૂષિત ન કરવું..કારણ કેઃ પતિના અપમાનથી ભગવાનનું અપમાન થાય છે.
- પતિને જ્યારે અનાચાર તથા ધનનો નાશ કરતા જોઇએ ત્યારે તેને તક જોઇને એકાંતે મીઠાં વચનોથી સમજાવવો..પરંતુ તેમનું અપમાન ના કરવું તથા બીજાઓની આગળ પોતાના પતિના અવગુણ ન ગાવા.
- જે પોતાના પતિના હીતમાં લાગી તેમના મન પ્રમાણે વર્તે છે તથા સ્વપ્નમાં પણ પોતાના પતિ સિવાય પારકા પુરૂષને જોતી નથી તે બન્ને કૂળોને તારે છે.
- સ્ત્રી મિત્રની જેમ સલાહકાર..માતા સમાન સ્નેહ કરે છે..દાસીની જેમ સેવા કરે છે આવી સ્ત્રીને ધન્યવાદ !!
- હે સ્ત્રી ! આ શરીર તો તારા પતિનું થયું તેમાં તારો શો અધિકાર ? માટે તૂં પતિની સાથે..પતિની પાછળ પાછળ તેમના મન પ્રમાણે ચાલ !
- અપયશ ઝેર જેવો છે અને યશ અમૃત સમાન છે.
- દુષ્ટ નારી..શઠ મિત્ર..સામે બોલનાર સેવક અને સાપવાળા ઘરમાં રહેવું...એ મૃત્યુને નોતરૂ દેવા જેવું છે.

- જે દુઃખના સમયે સ્નેહ આપે તે જ ખરો સ્નેહી (સગો) છે.સુખ સંપત્તિ જોઇને તો ઘણાય સ્નેહાગાર (સગા) બની જાય છે.
- મુખથી નીકળેલું વચન પણ સુખ-દુઃખનું કારણ બને છે.મીઠા વચનો બોલવાથી હ્રદયમાં સુખ ઉપજે છે અને કડવું વચન દુઃખ ઉત્પન્ન કરે છે.
- બાળકોને એવા સંસ્કાર આપો કે જેથી તે અવગુણી ના બને..દિન પ્રતિદિન ગુણોની વૃદ્ધિ થાય એનું નામ જ સાચો પ્રેમ છે.
- શસ્ત્ર..શાસ્ત્ર..વાજાં..ઘોડા..વચન..સ્ત્રી...એ અન્ય પુરૂષને મળતાં અયોગ્ય બની જાય છે.
- વિષયોનો ઉપભોગ કરવાથી શાંતિ મળતી નથી પણ અગ્નિમાં ઘી નાખીએ તેમ જ્વાળાઓ વધતી જ જાય છે.
- ઘણા સ્ત્રી પુરૂષો બોર જેવા હોય છે, જે ઉપરથી મનોહર લાગે છે,પરંતુ હ્રદયમાં કામરૂપી ઠળીયો જ હોય છે.કેટલાક નારીયેલ જેવા ઉપરથી કઠોર લાગે,પરંતુ અંદરથી કોમળ હોય છે.કોઇક સ્ત્રી પુરૂષ દ્રાક્ષ જેવા બાહ્ય ભિતર એક સરખાં હોય છે.
- યુવાની..મોટાઇ..પુષ્કળ ધન અને અવિવેક..આ દરેક અનર્થ કારક છે તો પછી આ ચારેય ભેગા થાય પછી કહેવું જ શું ?
- પોતાની યુક્તિથી જે દુષ્ટો અને મુરખાઓની વચ્ચે રહીને પતિવ્રતા ધર્મની રક્ષા કરે છે તે પતિવ્રતા સ્ત્રીના ચરણરજ બનવામાં મને ગર્વ થાય છે.
- પોતાનું કર્તવ્ય સમજીને પતિની નિષ્કામ સેવા કરે છે તેને તપ..તિર્થ અને વ્રતનું સંપૂર્ણ ફળ ઘેર બેઠાં જ મળી જાય છે.
- તારો પતિ નિત્ય પ્રભુનું ભજન કરે છે અને સ્ત્રી તે પતિનું સેવન કરે છે.આમ, પતિના ભજનમાં સ્ત્રીનો ધર્મ સમાઇ જાય છે માટે મનમાં ભેદભાવ રાખવો નહી.
- પતિના ચરણારવિંદના સબંધ વિનાના બાકીના તમામ સબંધ વૃથા છે.
- મન..વચન અને શરીરથી પતિના જ ચરણોમાં પ્રેમ કરવો..એ સ્ત્રીના માટે બસ એક જ ધર્મ છે.. આ એક જ વ્રત છે.
- જે સ્ત્રી પતિની વિરૂદ્ધ ચાલે..પ્રતિકૂળ રહે..તેવી સ્ત્રી જ્યાં જ્યાં જન્મ લે ત્યાં ત્યાં યુવાવસ્થામાં જ વિધવા બને છે.
- સ્ત્રી જાતિ જે સહજ રીતે અપવિત્ર છે તે પતિની સેવા કરવાથી શુભ ગતિ પામે છે.
- પતિને ઠગીને વિશ્વાસઘાત કરનારી સ્ત્રી..જે પારકા પુરૂષ સાથે પ્રેમ કરે છે અને શરીર સુખ (સંભોગ) માણે છે તે સો કલ્પો સુધી "રૌરવ" નામના નરકમાં પડે છે.
- વિષયોનું સેવન કરવાથી કામ..ભોગ ભોગવવાની મહેચ્છા દિવસે દિવસે વધારેને વધારે જાગ્રત થાય છે.

..............................................................................................................................

## વિષયો વિપત્તિનું ઘર છે

આપણને પ્રશ્ન થાય કેઃ તમામ મનુષ્યો એ જાણે છે કેઃ વિષયો વિપત્તિઓનું ઘર છે તેમ છતાં તેઓ કૂતરાં.. ગધેડાં અને બકરાંઓની જેમ દુઃખ ભોગવીને પણ વિષયોને ભોગવે છે તેનું કારણ શું ?

અજ્ઞાની પોતાના હ્રદયમાં "હું" અને "મારૂં" આવી મિથ્યા આસક્તિ કરી લે છે તે જ તેમના દુઃખનું કારણ છે. વાસ્તવમાં મન સ્વરૂપથી સત્વપ્રધાન હોવાથી સ્વરૂપથી શુદ્ધ છે,પરંતુ અહંતા-મમતાના કારણે તેને ઘોર

રજોગુણ ઘેરી લે છે પછી રજોગુણ દ્વારા ઢંકાયેલું મન અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ કરવા માંડે છે..નિરંતર તે ગુણોનું ચિંતન થાય છે તેનાથી કામના ઉત્પન્ન થાય છે..બુદ્ધિ દૂષિત થાય છે.આ પ્રમાણે દૂષિત બુદ્ધિવાળો પોતાની ઇન્દ્રિયો પરનો કાબૂ ગુમાવી બેસે છે. કામનાઓના વશમાં થઇને તથા રજોગુણના વેગથી મોહિત થયેલો મનુષ્ય એવાં કર્મોમાં ફસાઇ જાય છે કે જેનું પરીણામ માત્ર દુઃખ જ દુઃખ છે.

વિદ્વાનોની પણ બુદ્ધિ રજોગુણ અને તમોગુણથી ચલિત થાય છે4પરંતુ તે સાવધાની પૂર્વક મનને ભગવાનમાં જોડીને તે કર્મો પ્રત્યે દોષદ્દષ્ટિ કરીને તેમાં આસક્ત થતા નથી.કલ્યાણની કામનાવાળા મનુષ્યોએ સાવધાન રહેવું જોઇએ.ક્રમશઃ અભ્યાસ દ્વારા મનને પરમાત્મામાં પરોવી સાધનામાં ધીરજ રાખી પ્રયાસ કરતા રહેવું..પ્રાણ અને આસન ઉપર કાબૂ રાખવો..બધા જ વિષયોમાંથી મનને સારી રીતે ખેંચી લેવાથી નિર્વિષય બનેલું મન પરમાત્મામાં દ્દઢતાથી સ્થિર થઇ જાય છે.

વારંવાર વિષયોનું સેવન કરતા રહેવાથી ચિત્ત તે વિષયમાં ઘુસી જાય છે.આ વિષયો ચિત્ત દ્વારા સંકલ્પ વિકલ્પ કરવાથી જ પૈદા થાય છે.સાધકે પરમાત્મામાં તન્મય થઇને ચિત્તને સ્થિર કરવું અને વિષયોનું ચિંતન ન કરવું.સાધકે તૃષ્ણારહીત થઇને વિષયો પરથી દ્દષ્ટિને હટાવીને અંતર્મુખ બની જવું જોઇએ.

તમામે એ વાતનું ધ્યાન રાખવું જોઇએ કેઃ જે લોકો વિષયોના સેવન અને ઉદર પોષણમાં જ લાગેલા છે તેવા અજ્ઞાની મનુષ્યોનો ક્યારેય સંગ ના કરવો.સ્ત્રીએ જેનું મન હરી લીધું છે તેનું જ્ઞાન વ્યર્થ છે..તેની તપસ્યા..ત્યાગ શાસ્ત્રોના અભ્યાસથી કોઇ લાભ થતો નથી.આવા મનુષ્યનો એકાંતવાસ અને મૌન પણ વૃથા છે.જેમ આહૂતિઓ આપવાથી અગ્નિ તૃપ્ત થતો નથી તેવી જ રીતે પોતાનામાં ઉત્પન્ન થનારો કામ પણ તૃપ્ત થતો નથી.પોતાનું હીત ઇચ્છનારા વિવેકી મનુષ્યે સ્ત્રીઓ તથા સ્ત્રી લંપટ પુરૂષોનો સંગ ના કરવો.વિષયો અને ઇન્દ્રિયોના સંયોગથી જ મનમાં વિકાર પેદા થાય છે.જે લોકો વિષયો અને ઇન્દ્રિયોનો સંયોગ થવા દેતા નથી તેમનું આપમેળે નિશ્ચળ થઇ શાંત થઇ જાય છે.બુદ્ધિમાન પુરૂષે કુસંગ ત્યજીને સત્પુરૂષોનો સંગ કરવો જોઇએ. તેઓ પોતાના સદઉપદેશથી મનની આસક્તિ દૂર કરી દે છે.સંત મહાપુરૂષોનું ચિત્ત પરમાત્મામાં જોડાયેલું હોવાથી બીજી કશી વસ્તુની તૃષ્ણા હોતી નથી.તેમનું અંતઃકરણ સર્વથા શાંત હોય છે.તેઓ સર્વમાં અને સર્વત્ર પરમાત્માને જુવે છે.મમતા અને અહંકારથી તેઓ પર હોય છે.ઠંડી-ગરમી,સુખ-દુઃખ..વગેરે દ્વન્દ્વો તેમને સ્પર્શી શકતા નથી અને તેઓ કોઇપણ પ્રકારનો સંગ્રહ કરતા નથી.

જેને મોક્ષની ઇચ્છા છે તે પુરૂષે ભોગી પ્રાણીઓનો સંગ છોડી દેવો અને એક ક્ષણ માટે પણ પોતાની ઇન્દ્રિયો બર્હિમુખ થવા દેવી જોઇએ નહી.એકાંતમાં પોતાના ચિત્તને સર્વશક્તિમાન પરમાત્મામાં જ પરોવી દેવું.જો સંગ કરવાની જરૂર જણાય તો ભગવાનના અનન્ય પ્રેમી નિષ્ઠાવાન મહાત્માઓનો જ સંગ કરવો.ક્યાંય કોઇની પણ સાથે વિશેષ સ્નેહ અથવા આસક્તિ કરવી જોઇએ નહી....!

**આજનો સુવિચાર**

- કીમત પાણીની નહિ તરસની થાય છે...કિંમત મૃત્યુની નહિ શ્વાસની થાય છે,
- સત્ય બોલવાનો સૌથી મોટો લાભ એ છે કે, આપણે એ યાદ નથી રાખવું પડતું કે મેં પહેલાં શું કહ્યું હતું.
- આ પૃથ્વી પર બે જણા સુખી છે: એક બાળક અને બીજો ગાંડો...! તમારું લક્ષ્ય સિદ્ધ કરવા ગાંડા બનો અને પછી તમારી પાસે જે કઈ છે તે માણવા બાળક બનો.
- અભિમાનથી માનવી ફુલાઈ શકે છે...ફેલાઈ શકતો નથી.
- તમારા કદીયે નિષ્ફળ ન જનારા મિત્રોમાં પુસ્તકો સૌથી મોખરે છે.

- વિવેક એ મનુષ્યની જીવનરૂપી ગાડીની 'હેડલાઈટ' છે. એના અજવાળે જ અંધકારરૂપી વિપરીત પરિસ્થિતિઓમાં માર્ગ કાપી શકાય છે. 'ઓવરટેઈક' કરવાની ક્ષમતા પ્રાપ્ત થાય ત્યારે વિવેક ચૂકવો ન જોઈએ. વિવેકનો ઉપયોગ કરીને માનવીએ નમ્રતાપૂર્વક જીવનમાં આગળ વધવું જોઈએ.
- અજ્ઞાની વ્યક્તિ દુઃખનું કારણ શોધે છે, જયારે જ્ઞાની વ્યક્તિ દુખનું નિવારણ શોધે છે.
- જે ખુશી આપણે પ્રાપ્ત કરીએ છીએ તેનો શ્રમ લાગે છે પણ જે ખુશી બીજાને આપીએ છીએ તેનો શ્રમ ક્યારેય લાગતો નથી.
- ક્યારેક નાના નિર્ણયો પણ જીવનમાં કાયમ માટે પરિવર્તન લાવી દેતા હોય છે.
- મૃત્યુ એ વાસ્તવમાં મૃત્યુ નથી હોતુ એ તો જીવન પછીના જીવનની વચ્ચેનો માત્ર એક પડદો હોય છે.

..............................................................................................................................

## અનમોલ મનુષ્ય જીવનનો ઉદ્દેશ્યઃ પ્રભુદર્શન

સૃષ્ટિના તમામ પ્રાણીઓ સુખ અને શાંતિ ઇચ્છે છે.તે ઇચ્છે છેઃ મને રોટી..કપડાં અને મકાન મળે.. મારી આસપાસનું વાતાવરણ શાંત અને સુખમય હોય.કોઇપણ મનુષ્ય અશાંતિમાં રહેવાનું પસંદ કરતો નથી..તો પછી કયું કારણ છે કેઃ સૃષ્ટિનો સૌથી વધુ બુદ્ધિમાન પ્રાણી મનુષ્ય આજે સુખનાં તમામ સાધનો હોવા છતાં દુઃખી કેમ છે ?

પ્રત્યેક વસ્તુ પોતાના મૂળથી અલગ થવાથી દુઃખ પામે છે.જ્યાં સુધી તેને તે સ્ત્રોત મળતો નથી ત્યાંસુધી ભટકતી રહે છે.અનેક સૃષ્ટિ પદાર્થોમાં સુખની શોધ કરતાં ચૌરાશી લાખ યોનિઓમાં ભ્રમણ કરવા છતાં તેને સુખ મળતું નથી..કારણ કેઃ સંસારનો કોઇપણ સબંધ-પદાર્થો માનવને કાયમી સુખ આપતાં નથી.જ્યારે તેનો અભાવ થાય છે ત્યારે માનવ દુઃખી થાય છે, જેમ કેઃ સુંદર સ્ત્રી..સુંદર મકાન..સુંદર કાર..બાળકો વગેરે તમામ પ્રિય લાગે છે,પરંતુ આ સુખનાં સાધન સ્થાઇ હોતાં નથી.જે આજે છે તે કાલે જૂનાં થઇ જાય છે અને પરમ દિવસે રહેતાં નથી.કોઇ વસ્તુ અધવચ્ચે જ વિદાય લઇ લે તો માનવ દુઃખી થઇ જાય છે.આ કુચક્રથી પૂર્ણ સંત જીવને મુક્ત કરે છે.પૂર્ણ સંત સમજાવે છે કેઃ આ બધાં સાધનો જીવનનો આધાર જરૂરી છે,પરંતુ જીવનનું લક્ષ્ય નથી.મનુષ્ય જીવનનું લક્ષ્ય તેના મૂળ સ્ત્રોતને પામીને તેમાં ભળવાનું છે.(મુક્તિ પામવાનું છે) આવા પ્રકારનો દ્દષ્ટિકોણ પ્રત્યેક યુગમાં અવતારી પુરૂષોએ સંસારને પ્રદાન કર્યો છે.આજ કાર્ય આજે સંત નિરંકારી મિશન કરી રહ્યું છે.

સંસારને ભવસાગર કહેવામાં આવે છે,તેને કોઇ છલાંગ મારીને પાર કરી શકાતો નથી.પ્રત્યેક પ્રાણીએ તેની વચ્ચેથી પસાર થવું પડે છે.સુખ દુઃખ ભોગવતાં ભોગવતાં મુક્તિ સુધી પહોંચવું એ જીવનનું લક્ષ્ય છે.આપણે જોઇએ છીએ કેઃ સામાન્ય જળાશયને પાર કરવા માટે પણ કોઇ નાવ કે કેવટની જરૂર પડતી જ હશે ને ? આ જ વાત સંત મહાપુરૂષો પોકારી પોકારીને કહે છે કેઃ સદગુરૂ જ નામ ધન આપીને ભવસાગરમાંથી પાર કરાવી દે છે.સદગુરૂ જિજ્ઞાસુઓને સમજાવે છે કેઃ નામ ધન કોઇ મંત્ર નથી કે જેનું કોઇ એકાંત જગ્યાએ જઇને આંખો બંધ કરીને સ્મરણ કરવામાં આવે કે જેનાથી ભગસાગર પાર કરી શકાય ! કેવી નવાઇની વાત છે ! જો અમે આંખો બંધ કરીને રસ્તો ઓળંગવાનો પ્રયત્ન કરીએ તો શું તે શક્ય છે ? આમ કરવાથી અકસ્માત થઇ શકે છે, તો પછી આટલા મોટા ભવસાગરને પાર કરવા ફક્ત પોપટની જેમ રટન કરવાથી કેવી રીતે પાર ઉતરી શકાય ? એટલે ફક્ત નામ લેવાથી..ફક્ત એકલા મંત્રજાપથી કામ થઇ શકતું નથી. જેમ કાગળ ઉપર લખેલ દવાના પ્રિસ્ક્રિપશન(*Prescription*)ને વાંચવા માત્રથી આરામ થતો નથી.પ્રિસ્ક્રિપશનમાં લખેલી

દવા ખરીદીને ખાવી પડે છે..તેવી જ રીતે નામ લેવાનો અર્થ છેઃ જાણકારી પ્રાપ્ત કરવી. જ્યારે અમોને જાણકારી પ્રાપ્ત થાય છે પછી પ્રાર્થના કરી શકાય છે અને સાંભળી શકાય છે.જો અમારે નોકરી મેળવવી હોય તો તેના માટે પ્રાર્થના-પત્ર(અરજી) લખીને મોકલવું પડે છે.હવે પ્રાર્થના-પત્ર લખ્યું..પરંતુ નોકરી આપનારનું સરનામું અમને ખબર નથી તો ફક્ત પ્રાર્થના-પત્ર નોકરી આપી શકતું નથી.આવી જ હાલત સદગુરૂ વિનાના માનવની છે કે તે સદગુરૂ વિના સદ્ ગ્રન્થોના અધ્યયયનથી મુક્તિ મેળવવા ઇચ્છે છે કે જેને આજસુધી કોઇ મેળવી શક્યો નથી.સંત નિરંકારી મિશન આજે પ્રભુ પરમાત્માની જાણકારી કરાવીને પ્રાર્થના કરાવી રહ્યું છે અને માનવ મુક્તિનું સાધન બની રહ્યું છે.

આજે વિશ્વની વસ્તી ખૂબ જ ઝડપથી વધી રહી છે.તેના કારણે બેકારી..ભૂખમરો..જેવી સમસ્યાઓ ઉભી થઇ છે.યુવાવર્ગ પથભ્રષ્ટ થઇ વિનાશકારી કાર્યોમાં લાગી જાય છે.આવી ભયાવહ સ્થિતિ સંસારમાં વ્યાપ્ત છે.સંત આવી અવસ્થામાં એવા સમાજવાદની સ્થાપના કરવાનું ઇચ્છે છે જેમાં તમામ મનુષ્યો અંદરો અંદર સુખ દુઃખ વહેંચે.જેની પાસે પોતાની જરૂરીયાત કરતાં વધુ છે તે જરૂરતમંદોને વહેંચી દે. સંત પોતાના શિષ્યોને એવું શિક્ષણ આપે છે કેઃ જરૂરતમંદોને મદદ કરવી.. યુવાશક્તિને યોગ્ય દિશા પ્રદાન કરી માનવ હિતના કાર્યોમાં લગાવવી.યુવાશક્તિ પ્રત્યેક મિશન.. સંપ્રદાયમાં હોય છે,પરંતુ સંત નિરંકારી મિશનના યુવકો શાંતિ..પ્રેમ અને ભાઇચારો સ્થાપિત કરવામાં દિવસ રાત પ્રયત્નશીલ છે,જે આજના ઉગ્ર વાતાવરણમાં શાંતિ સ્થાપવાનું એક કદમ છે.

આજે દરેક ઘરમાં ક્લેશ..વડીલોનો નિરાદર..જીવન મૂલ્યોનો હ્રાસ..સ્ત્રીઓનું શોષણ અને દુર્દશા જોવામાં આવે છે,પરંતુ નિરંકારી પરીવારોમાં ગુરૂદેવ હરદેવના ઉપદેશ દ્વારા જે શાંતિ અને પ્રેમની વર્ષા થઇ રહી છે તે બાકીના જગતના માટે અનુકરણીય છે.

જ્યારે પણ ધર્મમાં પાખંડ,મિથ્યાચાર..અંધ વિશ્વાસ વધી જાય છે.સંત નિરંકારી મિશન આ તમામને જીવનમાંથી કાઢી નાખવા અને એક પરબ્રહ્મ પરમાત્મા કે જે સમગ્ર સૃષ્ટિના કર્તા છે..સર્વવ્યાપક તથા સર્વશક્તિમાન છે તેમને જાણીને વિશ્વના માનવને ધર્મનો સાચો મર્મ પ્રદાન કરે છે.

આજે વિશ્વમાં જાતિવાદ..પ્રાંતિયવાદ..ધર્મોની સંકિર્ણતા માનવને ભવસાગર તરવામાં વિઘ્ન બનીને અધ્ વચ્ચે જ ડુબાડી રહી છે..પરંતુ જે માનવતાવાદી સદગુરૂની શરણાગતિ લઇ લે છે તેના માટે મુક્તિ સરળ બની જાય છે.મુક્તિ મેળવવા માટે કોઇ ખર્ચ કરવો પડતો નથી..વેશભૂષા બદલવી પડતી નથી.તેના માટે ગુણ-અવગુણ,ઉંચ-નીચનો પ્રશ્ન હોતો નથી.

ગુરૂની શરણમાં આવીને ફક્ત ચરણોમાં શિશ ઝુકાવીને શરણાગતિ સ્વીકારવાથી સદગુરૂ આગળ આવીને શિષ્યની તમામ પ્રકારની જવાબદારીઓ નિભાવીને શિષ્યના રક્ષક બની જાય છે,એટલે કે દરેક માનવે આવા સંત (ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂ)ની શરણમાં આવી મુક્તિ પથના રાહી બની જવું જોઇએ.

કેટલીક બાહ્ય વાતોને ધ્યાન ઉપર લાવવામાં ના આવે તો મનુષ્યમાત્ર પછી તે ગમે પ્રાંત કે રાજ્યનો હોય..દરેકનું શરીર પાંચ તત્વનું એક સરખું જ હોય છે...

તો પછી માનવ માનવ સાથે કેમ ઝઘડે છે ?

તમામ જીવ નર અને માદા જ્યારે એક જ જ્યોતિ(બ્રહ્મ)થી બનેલા છે અને એક તેમનો નિર્માતા છે..એક જ પરમાત્માની સૃષ્ટિ શરીર પણ તમામનાં એક સરખાં જ છે તો પછી આ જાત-પાંતના ભેદ અને બ્રાહ્મણ..ક્ષત્રિય..શૂદ્ર..વૈશ્યના ચાર વર્ણ તથા લોકાચાર..વગેરેના વિવાદ કેમ ઉભા કરવામાં આવે છે ?

તમામ જાતિઓની જેમ તથાકથિક ધર્મ અને સંપ્રદાયો સાથે સબંધિત વ્યક્તિઓ પણ એક જ પરમાત્માનાં સંતાન છે તો પછી એમને માનવ સમજીને સમાનરૂપથી પ્રેમ કરવામાં કેમ નથી આવતો ?

ભલે કોઇ સારો હોય કે ખરાબ ! જ્યારે તમામ માનવ એક બ્રહ્મનાં જ રૂપ છે તો પછી તેમનાં સારા ખોટાની કલ્પના જ મિથ્યા છે.તમામ માનવોને આપવામાં આવતી ધાર્મિક વાતો (શિક્ષણ)માં પણ તમામ ધર્મગ્રંથો કહે છે કેઃ

"માનવ બનો" પરોપકાર..ત્યાગ..તમામના ભલાઇની કામના વ્યક્ત કરો.

તમામ ધાર્મિક ગ્રંથોમાં ફક્ત ભાષાનું જ અંતર છે.તમામ પીર..પયંગબરો.. અવતારોએ યુગની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને માનવમાત્રને સાચા માનવ બનવાની પ્રેરણા આપી છે.સમય બદલાતાં યુગ બદલવા છતાં સંતો કે પયંગબરોના ઉપદેશ બદલાતા નથી..હા..! પયંગબરોના શિષ્યોનાં નામ અલગ અલગ મળે છે જેવા કેઃ આર્ય..બૌદ્ધ..જેન..મુસલમાન..ખાલસા..વગેરે. જો આ શબ્દોના શબ્દાર્થની વાસ્તવિકતાની ખબર પડે તો તમામ ભ્રાંતિઓ દૂર થાય છે.

આર્ય શબ્દ ઉચ્ચ શુદ્ધ વ્યક્તિ એવો અર્થ સૂચવે છે.

બૌદ્ધ નો અર્થ છેઃ એવો જ્ઞાની કે જેને પ્રભુની જાણકારી થઇ ગઇ છે.

મુસલમાન શબ્દ બે શબ્દોને ભેગા કરીને બનાવેલ છે. મુસલમ્ + ઇમાન..એટલે કે જે ખુદાને જાણે અને તેના પર યકીન (વિશ્વાસ) કરે છે.

જૈન શબ્દ જિન (ઇન્દ્રિયો)નો નિગ્રહ એટલે કેઃ ઇન્દ્રિયો ઉપર જેને કાબૂ મેળવી લીધો છે એવા વ્યક્તિ માટે વપરાય છે.

ખાલસા શબ્દ ખાલીશ એટલે કે શુદ્ધ જીવનવાળો એવો થાય છે.

ઉપરોક્ત શબ્દ ભલે અલગ અલગ સમય ઉપર બન્યા,પરંતુ આ તમામનો શાબ્દિક અર્થ એક સમાન છે.આ તમામ શબ્દો શુદ્ધ..સદાચારી..બ્રહ્મજ્ઞાની સંતનો અર્થ પ્રગટ કરે છે..તેમછતાં માનવ મનમાં દરાર કેમ ? અવશ્ય અમોને કોઇ ગેરસમજમાં ફસાવ્યા છે.આવી ભૂલ ત્યારે જ થાય છે જ્યારે અમે શબ્દના સાચા અર્થને છોડીને શબ્દના અનર્થ કરીએ છીએ,જેમ કેઃ મોહમ્મદ સાહેબ પછી કેટલાક શાસકોએ મુસલમાનોને જ્ઞાની અને બાકીનાઓને "કાફિર" કહ્યા.વાસ્તવમાં કાફિર શબ્દ તેમના માટે જ વપરાય છે કે જે ખુદાને જાણતા નથી..જે સર્વત્ર હાજરાહજૂર છે.હવે પેલા શાસકોએ બાકીના માનવોનો નરસંહાર..કત્લેઆમ કર્યો ! તો શું તેમનામાં ખુદાનું નૂર નહોતું ? આવા પ્રકારની અનેક ભૂલો માનવજાતિ કરતી આવી છે.

માનવ એક બીજાને ધાર્મિક સ્તર ઉપર નાનો મોટો સમજે છે.હિન્દુ મુસલમાનને..ઇસાઇ હિન્દુંને પોતાનાથી તુચ્છ સમજે છે.તમામ ધાર્મિક સ્થાનો પર જે ધાર્મિક શાસ્ત્રોનો પાઠ કરવામાં આવે છે તેમાં વર્ણવેલ છે કેઃ

વિશ્વના તમામ પ્રાણીઓ એક જ પરમાત્માની સંતાન છે...

તેમછતાં એક ભાઇ બીજાથી દૂર જઇ રહ્યો છે.આજે વિશ્વમાં ભાષાઓના પણ ઝઘડાઓ થઇ રહ્યા છે.ઉંડાણપૂર્વક વિચાર કરવામાં આવે તો...

ભાષા તો ફક્ત વિચાર વ્યક્ત કરવાનું એક માત્ર સાધન છે.જે ભાષાને તમે ઉત્તમ સમજો છો તે ભાષામાં કોઇને ગાળ બોલવામાં આવે તો સાંભળવાવાળાનું લોહી ગરમ ના થઇ જાય ? અને જે ભાષાને તમે હલકટ સમજો છો તે ભાષામાં કોઇને મીઠા શબ્દો કહેવામાં આવે તો શું તેને શિતળતા નથી મળતી ? કોઇપણ ભાષા સારી કે ખરાબ નથી.જો તેનાથી ગાળ બોલવામાં આવે તો ખરાબ અન્યથા પ્રેમની જ ભાષા છે એટલે ભાષાઓના ઝઘડાઓ પણ વ્યર્થ છે.

ખૂબ જ સમજવા લાયક વાત છેઃ ઇશ્વરનાં રૂપ..મૂર્તિઓ..ચિત્ર તથા પૂજનનાં ચિન્હ !

આ રૂપો તો પયંગમ્બર..અવતારોનાં છે, જે સમય સમય પર અવતરીત થયા હતા..એટલા માટે તે બધા પૂજનીય છે,કારણ કેઃ તેમના ઉપદેશ સમસ્ત માનવતાની ભલાઇ માટેના હતા..એટલે તે પણ પૃથકવાદી તત્વ નથી,તો પછી પ્રભુ પરમાત્મા કે જે નિર્ગુણ નિરાકાર છે તે શું અલગ અલગ માનવના અલગ અલગ છે ? શું તેમને પ્રત્યેક માનવે જોયા છે કે જે સમગ્ર સૃષ્ટિના સર્જનહાર.. પાલનકર્તા તથા સંહારકર્તા છે ? બસ...! આ એક ભૂલને કારણે જ આજનો માનવ પ્રભુ પરમાત્માને ઉપર કે કોઇ એક સ્થાનમાં સ્થિત સીમિત માનીને લડાઇ ઝઘડા કરી રહ્યો છે.

આજના પરીવેશમાં સંત નિરંકારી મિશન માનવ એકતાના માટે નિઃસંદેહ પ્રશંસનીય કાર્ય કરી રહ્યું છે.તેના પાંચ સિદ્ધાંત કે જે માનવને અહંકાર રહીત વિશાળતા પ્રદાન કરે છે..ભાઇચારો..પ્રેમ..પ્રીતિ શિખવે છે.તે "જીવો અને જીવવા દો" નો પાઠ ભણાવે છે.સાથે સાથે નિરાકાર પ્રભુ પરમાત્મા કે જે ઘટ ઘટમાં વ્યાપક છે.શરણમાં આવનાર માનવને તેમનાં દર્શન (અનુભૂતિ) કરાવી મુક્તિના અધિકારી બનાવે છે.

આવો...! સંત નિરંકારી મિશનના પાંચ સિદ્ધાંત વિશે વિસ્તૃત ચર્ચા કરીએ.....!!

સિદ્ધાંતઃ ૦૧

અતિકૃપા ભગવાને કરીને, આપી સુંદર કાયા છે,
આ તો થાપણ છે ઇશ્વરની, જેને સહુને બનાવ્યા છે..
મનનું માનીને તૂં મુરખ, વ્યર્થ જ કષ્ટ ઉઠાવે છે,
મારૂં મારૂં કહીને મૂરખ, ખોટો અહમ્ વધારે છે..
ભવ્ય ઇમારત કુટુંબ-પરીવાર, આ તો સઘળી માયા છે,
દ્દશ્યમાના છે સકળ વિનાશી, હરતી ફરતી છાયા છે..
જે જે વસ્તુ છે જગમાંહી, પ્રભુ તણી જે માને છે,
એ જ કમળવત્ નિર્લેપ રહીને, સાર આ જગનો જાણે છે..
જેનું છે તન એનું સમજો, આ બધું સર્જનહારનું છે,
કહે અવતાર" આ પહેલી પ્રતિજ્ઞા, તન મન ધન નિરાકારનું છે....!! અવતારવાણી !!

માનવનું શરીર જ પ્રભુ દ્વારા માનવને આપવામાં આવેલ સર્વશ્રેષ્ઠ ઉપહાર છે..એટલે આ દેહને પ્રભુની અમાનત અને પારકો માલ સમજીને તેનો પ્રયોગ કરવો જોઇએ,એટલે કે દેહમાં પણ આત્મભાવ ના કરવો.મનથી અહંકાર અને અહંકારથી અનેક પ્રકારનાં દુઃખ પેદા થાય છે..કારણ કેઃ મન જેને મારૂં મારૂં કહે છે તે ક્યારેય પોતાનું થતું નથી અને જે પોતાનું છે તેની ખબર નથી.ચલ અચલ સંપત્તિ અને પરીવાર જે દેખાય છે તે સાકાર વસ્તુઓ છાયાની જેમ અસત્ય અને જૂઠી (અસ્તિત્વહીન) છે.પ્રભુની આપેલ આ વસ્તુઓનો પ્રભુની આજ્ઞાથી..પ્રભુના માટે સમર્પિતભાવથી ભોગ કરવાથી અહંકારનો રોગ દૂર થઇ આનંદનો અનુભવ થાય છે.આ તન..મન..ધન તથા તેનાથી પેદા થયેલા સબંધો જેના છે નિર્વિવાદરૂપથી પ્રભુના સમજવા.તન..મન..ધનમાં પોતાપણાનો ત્યાગ અહંકારને ઓછો કરી વિનમ્રતામાં વૃદ્ધિ કરશે.તન..મન..ધનનો અભિપ્રાય..તેનાથી પેદા થયેલ સબંધો છે જેમ કેઃ

તનના સબંધઃ માતા..પિતા..પૂત્ર..પત્ની..ભાઇ..પરીવાર...વગેરે

મનનો સબંધઃ પોતાનો..પારકો..શત્રુ..મિત્ર..ઉદાસીન...વગેરે

ધનના સબંધઃ નાનો..મોટો..સ્વામી..સેવક..અમીર..ગરીબ..ઘર..જમીન..રૂપિયા...વગેરે

જો તન..મન..ધન જ પોતાનાં નથી તો તેના ઉપર ટકેલા સબંધો અને પદાર્થો આપણા કેવી રીતે હોઇ શકે ? કારણ કેઃ આધાર વિના આધારીત રહેતાં નથી.આ પ્રતિજ્ઞા દ્વારા સમજાવવામાં આવ્યું છે કેઃ દ્ષ્યમાન તમામ માયા છે.

ગો ગોચર જહં લગિ મન જાઇ,
સો સબ માયા જાનહું ભાઇ...! !! રામચરીત માનસ !!

જગતમાં સર્વ કંઇ પ્રભુ પરમાત્મા છે એટલે તેમની આજ્ઞાથી તેનો ઉપભોગ કરો અને કોઇના ધન ઉપર લલચાવું નહી.દ્દશ્યમાન જગત માયા છે..તે ક્ષણભંગુર છે..અસ્થાઇ છે.તેનો ત્યાગભાવથી પ્રભુનાં માનીને ઉપભોગ કરો.બ્રહ્મજ્ઞાન બાદ જો જગત સત્ય લાગે તો સમજો કે..નિર્મલ બ્રહ્મજ્ઞાન થયું નથી.જો સ્વપ્ન સત્ય લાગે તો સમજો કેઃ હજુ જાગ્યા જ નથી.સ્વપ્ન અને જગતમાં ફરક જ નથી..જીવનો સંકલ્પ સ્વપ્નું છે અને બ્રહ્મનો સંકલ્પ આ જગત છે.આ બંન્નેમાં ફર્ક એટલો જ છે કે સ્વપ્ન ત્યારે પુરૂ થાય છે જ્યારે આંખ ખુલે છે અને જગત ત્યારે ખતમ થાય છે જ્યારે આંખો બંધ થાય છે.જગત પણ સ્વપ્નની જેમ જુઠું છે.આનું વર્ણન કરતાં ગોસ્વામી તુલસીદાસજી કહે છે કેઃ

મોહ નિશા જગ સોવન હારા, દેખહિ સપન અનેક પ્રકારા,
એહિ જગ જામિનિ જાગહિં જોગી, પરમારથી પ્રપંચ વિયોગી,
જાનિએ જબહિં જીવ જગ જાગા, જબ સબ વિષય વિલાસ બિરાગા...!! રામચરીત માનસ !!

સમગ્ર સંસાર મોહરાત્રિમાં દેખાતું એક સ્વપ્ન છે.આ સ્વપ્ન જીવ જોઇ રહ્યો છે.પરમાર્થના માર્ગ પર ચાલનાર જીવ ગુરૂકૃપાથી જાગે છે..તેનો આ પ્રપંચ (જગતરૂપી સ્વપ્ન) થી છુટકારો થઇ જાય છે. જાગ્યો છે તેની ઓળખાણ એ છે કેઃ

વિષય વિલાસ જે અસત્ય છે તે તેને આકર્ષિત કરતી નથી.જગત ફક્ત નામ અને રૂપનો સમુહ છે. તમામ નામ કલ્પિત છે અને રૂપ પરીવર્તનશીલ છે..મિથ્યા છે..અસત્ય છે.તન..મન..ધનને પરમાત્માની દેન માનનાર સાકાર સૃષ્ટિમાં પણ નિરાકારનું દર્શન કરતાં કરતાં નિર્લિપ્ત રહીને કર્તવ્યકર્મ કરતો રહે છે.

સિદ્ધાંતઃ ૦૨

એક તત્વ છે સહુની અંદર, ભલે એ નર કે નારી છે,
બ્રાહ્મણ..ક્ષત્રિય..વૈશ્યને શૂદ્દ, પ્રભુની રચના સઘળી છે.
એક તત્વ છે સહુ માનવમાં, એક જ સરખી કાયા છે,
હિન્દુ..મુસ્લીમ..શીખ..ઇસાઇ, વાદ-વિવાદ નકામાં છે.
દરેક માનવ પ્રભુના માનવ, સહુ માનવનો એક જ દેશ,
સમદ્દષ્ટિથી સરખા જાણો, ભલે ઉજળો કાળો વેશ.
નર-નારીમાં એક જ ઇશ્વર, સૌ પ્રાણી છે એક સમાન,
જે જે નદીઓ ભળે ગંગામાં, એ સૌને તૂં ગંગા જાણ.
સૌ માનવને સરખા માની, સૌનું સૌ સન્માન કરો,
કહે "અવતાર" આ બીજી પ્રતિજ્ઞા, જાતિ-વર્ણનું છોડો માન...!! અવતારવાણી-૯/ખ !!

આ પદમાં પ્રાચિન..વૈદિક કે સનાતન ધર્મની વર્ણવ્યવસ્થાનો વિરોધ નથી,કારણ કેઃ વર્ણવ્યવસ્થા એક તત્કાલિન સામાજીક માન્યતા હતી.અવતારવાણી એક આધ્યાત્મિક ગ્રંથ છે તેને આધ્યાત્મિક દ્દષ્ટિથી જોવો જોઇએ.વૈદિક સાહિત્યના આધ્યાત્મિક પ્રસંગમાં પણ તમામ વર્ણોમાં સમદ્દષ્ટિ રાખવાનો આદેશ છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા કહે છે કેઃ

"જ્ઞાનીજનો વિદ્યા અને વિનયશીલ બ્રાહ્મણમાં તથા ગાય કૂતરા અને ચાંડાલમાં પણ સમાન દ્દષ્ટિવાળા હોય છે." (ગીતાઃ૫/૧૮)

રામાયણમાં કહે છે કેઃ

તુલસી મમતા રામ સો, સમતા સબ સંસાર,
રાગ ન રોષ ન દોષ દુઃખ, દાસ ભયે ભવપાર...(રામાયણ)

આ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરીને વ્યક્તિ બ્રહ્મસ્વરૂપ બની જાય છે.

!! બ્રહ્મવિદ્ બ્રહ્મોવ ભવતિ !! બ્રહ્મજ્ઞાની બ્રહ્મ જ હોય છે. (ઉપનિષદ)

બ્રહ્મનું જ્ઞાન એટલું પવિત્ર છે કે તે અગ્નિની જેમ તમામ પાપોને નષ્ટ કરીને પતિતને પાવન અને દાનવને માનવ બનાવી દે છે.

સંત સૂરદાસજી પોતાના પદમાં લખે છે કેઃ

એક નદી ઇક નાર કહાવત મૈલો નરી ભરો,
જબ દોઉં મિલિ એક બરન ભયે સુરસરી નામ પરો,
ઇક લોહા પૂજામેં રાખત ઇક ઘર બધિક પરો,
પારસ ગુન અવગુણ નહી ચિંતવૈ કંચન કરત ખરો...!!

ૠગ્વેદમાં કહ્યું છે કેઃ

"કોઇ નાનું નથી કે કોઇ મોટું નથી.તમામ એક ઇશ્વરનાં જ સંતાન છે..ભાઇ ભાઇ છે.બધા ભેગા મળીને સફળતાના માટે આગળ વધો." (ૠગ્વેદ-૫/૬૦/૫)

કબીરજી કહે છે કેઃ

!! જાતિ પાંતિ પૂછે નહી કોઇ, હરિ કો ભજે સો હરિકા હોઇ !!

ટૂંકમાં અહી જાતિ-પાંતિ,વર્ણ-આશ્રમ...વગેરેથી સબંધિત અહંકારને છોડવાની પ્રેરણા આપી છે.

સિધ્ધાંતઃ ૦૩

જુદી જુદી ૠતુઓ છે જગમાં, સમય સમય પર આવે છે,
ૠતુ ૠતુમાં જગના પ્રાણી મનથી ખાયને પીવે છે..
પ્રભુ નિર્મિત આ ખાવા પીવાની, નીતિ અને રીતિ નથી,
ખાન પાન આધાર છે તનનો, આત્મા ખાતી પીતી નથી..
શાંત ચિત્તથી હે મન મૂરખ ! કરી લે એનો ઉંડો વિચાર,
શરીરનો પોષક છે કેવળ, શું ધોતીને શું સલવાર ?
પર ઉપદેશક બની જગતમાં, એની ના લે તૂં તકરાર,
કહે અવતાર" પ્રભુ મળે છે, મનનો અહમ્ ગુમાવીને,
ત્રીજી પ્રતિજ્ઞા ઘૃણા ના કરવી, કોઇના ખાવા પીવા પર.... (અવતારવાણીઃ૯/ગ)

કોઇપણ વ્યક્તિના ખાનપાન અને વસ્ત્રો કેવા હોવા જોઇએ તે અધ્યાત્મનો નહી,પરંતુ ચિકિત્સાનો વિષય છે.શરીરના ભોગોથી આત્મા નિર્લિપ્ત છે કારણ કેઃ

"જીવ અને ઇશ્વર આ બંન્ને સુંદર પાંખોવાળા બે પક્ષી પરસ્પર મિત્ર છે અને આ શરીર રૂપી વૃક્ષ ઉપર બેઠેલા

છે.આ બંન્નેમાંથી જીવ આ વૃક્ષના ફળનો સ્વાદ સુખ અને દુઃખનો ભોગ કરે છે.બીજો સચ્ચિદાનંદ પરમાત્મા ફક્ત સાક્ષીભાવથી જોઇ રહ્યો છે." (શ્વેતાશ્વર ઉપનિષદઃ૪૬)

આનાથી સિદ્ધ થાય છે કેઃ બ્રહ્મનું ખાન..પાન..ભોગ...વગેરેથી કોઇ સબંધ નથી.એ તો સાક્ષી..માત્ર દ્દષ્ટા છે.ખાન પાન મુક્તિમાં બાધક થતાં નથી કેમકે.......

ગીધ અધમ અતિ આમિષ ભોગી,

ગતિ દિન્હ જેહી જાચત જોગી............(રામાયણ)

એટલે કે આમિષ(માંસ) ભોગી ગીધને પણ તે જ મુક્તિ મળી કે જે યોગીઓ અને તપસ્વીઓને મળે છે કારણ કેઃ

રામહિ કેવલ પ્રેમ પિયારા, જાન લેહું જો જાનન હારા !! રામાયણ !!

આ પદમાં ગુરૂદેવ નિરંકારી બાબાએ કોઇપણ પ્રકારના ભોજન કે વસ્ત્રોની અવહેલના કે પ્રેરણા આપી નથી,પરંતુ આદેશ આપ્યો છે કેઃ તમે જે કંઇ ખાતા પીતા પહેરતા હો..પરંતુ કોઇ અન્ય વ્યક્તિના ખાનપાન વસ્ત્ર પરીધાનના આધારે તેમની ધૃણા ના કરવી.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન કહે છે કેઃ

ભોજન પણ સૌને પોતપોતાના સ્વભાવ અનુસાર ત્રણ પ્રકારનું ગમતું હોય છે. (ગીતાઃ૧૭/૭)

આયુષ્ય..બુદ્ધિ..બળ..આરોગ્ય..સુખ અને પ્રીતિ વધારનારા..રસયુક્ત..સ્નિગ્ધ..સ્થિર રહેનારા (જે પદાર્થોનો સાર લાંબા સમય સુધી સ્થિર રહી શકે એવા ઓજ ઉત્પન્ન કરનારા પદાર્થો) અને સ્વાભાવિક રીતે જ મનને ગમે તેવાં ભોજન સાત્વિક માણસોને ગમતાં હોય છે.

કડવા..ખાટા..ખારા..ઘણા ગરમ..તીખા..ભૂંજેલા..દાહ જન્માવનારા અને દુઃખ..ચિંતા તથા રોગોને જન્માવનારા આહાર રાજસી માણસોને ગમે છે.

જે ભોજન અડધું પાકેલું અને અડધું કાચું..સૂકાઇ ગયેલા રસનું..સ્વભાવે જ દુર્ગંધવાળું..વાસી અને એઠું છે તથા જે અપવિત્ર છે એ ભોજન તામસી માણસને ગમતું હોય છે. (ગીતાઃ૧૭/૮ થી ૧૦)

માંસ..ઇંડા જેવા હિંસામય પદાર્થો કે જે સ્વભાવે જ અપવિત્ર છે તેમજ અન્યાય અને અધર્મથી ઉપાર્જીત અસત્ ધનથી મેળવેલ આહાર પણ અપવિત્ર કહેવાય છે.

સિદ્ધાંતઃ ૦૪

ત્યાગી ઘરને કુટુંબ પરીવાર, જંગલમાં તમે જાવો નહી,

રહો જગતમાં બની ગૃહસ્થી, વેશ કોઇ બનાવો નહી..

બની બાવાને ભીખ માંગવી, એ સાચો વ્યવહાર નથી,

કર્મ કરો સેવા અપનાવો, બનો પૃથ્વી પર ભાર નહી..

પ્રભુ ઇચ્છાને શુભ માનીને, મન પોતાનું બહેકાવો નહી,

કહે અવતાર" ગૃહસ્થ અતિ ઉત્તમ, ત્યાગી વનમાં જાઓ નહી... (અવતારવાણીઃ૯/ધ)

પ્રાચીન અને અર્વાચીન ભારતીય સંસ્કૃતિમાં ક્યાંય ગૃહસ્થનો ત્યાગ કરી સમાજ પર બોજારૂપ બનવાનું કહ્યું નથી.

!! દેવસ્ય સવિતુઃ સર્વે કર્મકૃણ્વન્તું માનુષ !! (અથર્વવેદઃ૬/૨૩/૩)

એટલે કે "તમામના નિર્માતા જ્યોતિ સ્વરૂપ પરમાત્માની સૃષ્ટિમાં તમામ મનુષ્યે પોતપોતાનાં કર્મો કરવાં..કોઇ પ્રાણી અકર્મણ્ય ન રહે.."

યર્જુવેદ (૪૦/૨) માં કહ્યું છે કેઃ

"માનવે કર્મ કરતાં કરતાં ૧૦૦ વર્ષ સુધી જીવવાની ઇચ્છા કરવી..તેના સિવાય અન્ય કોઇ માર્ગ નથી.માનવ કર્મથી નહી,પરંતુ કર્મફળથી લિપ્ત થાય છે."

ગોસ્વામી તુલસીદાસજીના મત અનુસાર ભગવાનની ભક્તિમાં ગૃહસ્થ નહી,પરંતુ આસક્તિ જ બાધક છે.

"ઘર કિન્હે ઘર જાત હૈ, ઘર છાંડે ઘર જાઇ,
 તુલસી ઘર બન બિચહીં રામ પ્રેમ પુર છાઇ.."

"ઘર કરવાથી (ગૃહસ્થમાં રહેવાથી) પોતાના અસલી ઘર (પરલોક) નષ્ટ થાય છે અને ઘર છોડવાથી (સંન્યાસ ધારણ કરવાથી) અહીનું ઘર (પોતાનું ગૃહસ્થ) નષ્ટ થાય છે..એટલા માટે તૂં ઘર અને વનની વચ્ચે જ એટલે કે ઘરમાં જ ગૃહત્યાગની જેમ રહીને શ્રી રામજીના પ્રેમનું નગર વસાવ."

ગૃહસ્થ ત્યાગ કરીને બાહ્ય સ્વાંગ સાધુનો ધારણ કરીને મનમાં વિષયભોગનું ચિન્તન કરનારને શ્રીમદ્ ભગવદ્ ગીતામાં મિથ્યાચારી (પાખંડી) કહ્યો છે.

"જે કર્મેન્દ્રિયોને (બધી ઇન્દ્રિયોને) બળ પૂર્વક રોકીને મનથી ઇન્દ્રિયોના વિષયોનું ચિંતન કરતો રહે છે તે મૂઢ બુદ્ધિવાળો મનુષ્ય મિથ્યા આચરણ કરવાવાળો કહેવાય છે." (ગીતાઃ૩/૬)

આ જ સંદર્ભમાં ભગવાન આગળ કહે છે કેઃ

જે મનુષ્ય મનથી ઇન્દ્રિયો ઉપર નિયંત્રણ રાખીને આસક્તિ રહીત થઇને નિષ્કામ ભાવથી તમામ ઇન્દ્રિયો દ્વારા કર્મયોગનું આચરણ કરે છે તે જ શ્રેષ્ઠ છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાનો મુખ્ય મુદ્દો એ છે કેઃ અર્જુન જ્યારે કર્મ છોડીને ભાગવાની વાત કરવા લાગ્યો તો ભગવાન શ્રી કૃષ્ણજીએ સમજાવ્યું કેઃ

ગૃહસ્થનો..કર્મક્ષેત્ર (કુરૂક્ષેત્ર) તો તારે જીતવું જ પડશે અને પરમ તત્વને જાણીને જીવન્મુક્તિ પ્રાપ્ત કરવી એ પણ તારૂં કર્તવ્ય છે.ગૃહસ્થાશ્રમમાં રહીને જ ભગવાને અર્જુનને નિરાકાર બ્રહ્મનું જ્ઞાન આપીને મુક્તિ અને પ્રથમ સંસારથી અનાસક્ત કરી દીધો હતો.

ભગવાન શ્રી રામ..જનકજી..સપ્તઋષિઓ..વગેરે તમામ ગૃહસ્થી હતા અને ભગવાનના ઉચ્ચ કોટીના ભક્ત બની પ્રભુ સ્વરૂપ બની ગયા હતા.

સંત ગંગાદાસજી કહે છે કેઃ

!! મન રંગા નહી ઉસ રંગમેં, ક્યા હં કપડે રંગનેમેં !!

ગુરૂદેવ કહે છે કેઃ "પ્રભુ ઇચ્છામાં જીવન પસાર કરવાનું છે.ગૃહસ્થ આશ્રમ સૈથી ઉત્તમ આશ્રમ છે તેને છોડીને પ્રભુ પ્રાપ્તિના માટે વનમાં જવાની જરૂર નથી."

મનુ મહારાજે ગૃહસ્થાશ્રમ વિશે કહ્યું છે કેઃ

"તમામ પ્રાણ ધારી વાયુનો આશ્રય લઇને જીવિત રહે છે તેવી જ રીતે તમામ આશ્રમીઓ ગૃહસ્થમાં આશ્રય લે છે." (મનુસ્મૃતિઃ૭/૭૭)

બાહ્ય વેશભૂષા..આડંબરો વિશે તુલસીદાસજી લખે છે કેઃ

જાકે નખ અરૂ જટા વિશાલા,સોઇ તાપસ પ્રસિદ્ધ કલિકાલા,
મિથ્યારંભ દંભ રત જોઇ, તાકો સંત કહૈ સબ કોઇ,
અશુભ બેષ ભૂષણ ધરે, ભચ્છાભચ્છ જે ખાહિં,
તેઇ જોગી તેઇ સિદ્ધ નર પૂજ્ય તે કલિયુગ માહિં !! રામચરીત માનસઃઉત્તરકાંડઃ૯૭-૯૮ !!

જેને પોતાના નખ તથા જટા વધાર્યા હોય તેને તપસ્વી ગણવામાં આવે છે..

જે માણસ ખોટાં કર્મો શરૂ કરવામાં તથા દંભમાં તત્પર હોય તેને જ તમામ લોકો સંત કહે છે.

જે માણસ અશુભ વેશને તથા ખોપરી..વગેરે અશુભ ભૂષણોને ધારણ કરે છે તથા ભોજનમાં ભક્ષ્ય કે અભક્ષ્યનો વિવેક કરતો નથી તે માણસ કળિયુગમાં યોગી તથા સિદ્ધજન તરીકે પૂજાય છે.

નિરંકારી સંતો જ્ઞાન અને કર્મ ઉપર વિશેષ ભાર મૂકે છે.સાદું જીવન અને ઉચ્ચ વિચાર રાખીને સેવા..સુમિરણ..સત્સંગથી જ પરમાત્માની પ્રાપ્તિ થાય છે.

સિદ્ધાંતઃ ૦૫

બેસી જઇ સોનીની દુકાને ઘરેણાં ઘડી શકાય નહિ,

વિદ્યાર્થી હોય ઘણો જ લાયક શિક્ષક એ કહેવાય નહિ.

પોતે જ જ્યારે હોય વિદ્યાર્થી શિક્ષણ એ શું ભણાવી શકે ?

ભણી ગણીને પાસ થાય તો શિક્ષક બનીને ભણાવી શકે..

ભેદ પ્રભુનો જે બતલાવ્યો તેમાંથી તમે ડગો નહિ,

કહે "અવતાર" આ પાંચમી પ્રતિજ્ઞા ગુરૂ આજ્ઞા વિના જ્ઞાન ખોલો નહિ... (અવતારવાણી)

આ પદના ત્રણ પ્રયોજન છે...

1. અનાધિકારી ગુરૂ દ્વારા જ્ઞાન આપવામાં ના આવે..
2. અનાધિકારી ગુરૂ માયા સંચય વગેરે..ના માટે જ્ઞાનનો દુરપયોગ ના કરે તથા જ્ઞાનનો અહંકાર ના કરવા લાગે..
3. અનાધિકારી શિષ્યને બ્રહ્મજ્ઞાન જેવી પવિત્ર વિદ્યા ન મળે,કારણ કે તેનાથી સમાજની હાની થવાનો ભય હોય છે.અધિકારી ગુરૂ (પરમ ગુરૂ) જ જાણી શકે છે કેઃ કયું પાત્ર પરાવિદ્યાનો અધિકારી છે અને કોન નથી ! હવે આ વિશે વિગતવાર ચર્ચા કરીએ..

વર્તમાન સમયમાં સાત પ્રકારના ગુરૂઓ જોવા મળે છેઃ

1. સૂચક ગુરૂઃ વર્ણોની જાળયુક્ત લૌકિક બાહ્ય શાસ્ત્રમાં નિપુણ હોય છે.તે ફક્ત ધર્મગ્રંથોની સૂચના આપે છે.
2. વાચક ગુરૂઃ વર્ણાશ્રમ..ધર્મ-અધર્મ ઉપર વ્યાખ્યાન આપે છે.
3. બોધક ગુરૂઃ ફક્ત મંત્ર આપે છે.પંચાક્ષરી..વગેરે મંત્રોના ઉપદ્રેષ્ટા હોય છે.
4. નિષિધ્ધ ગુરૂઃ સંમોહન..મારન..વશીકરણ..વગેરે તુચ્છ તંત્ર મંત્રના વિષયનું જ્ઞાન આપે છે.
5. વિહિત ગુરૂઃ સંસારમાંના દુઃખ અને નશ્વરતા સમજાવી વૈરાગ્યનો માર્ગ બતાવે છે.
6. કારણ ગુરૂઃ મહામંત્રનો આદેશ આપીને સાંસારીક રોગ દૂર કરે છે.
7. પરમ ગુરૂઃ (કારણ ગુરૂ) મહામંત્રનો આદેશ આપીને સાંસારીક રોગ..વગેરે દૂર કરનાર..ચાર વેદોનો એક મહામંત્ર મળીને ચાર પ્રસિદ્ધ મહામંત્ર કહેવાય છે.

   અયમાત્મા બ્રહ્મઃ આ આત્મા એ જ બ્રહ્મ છે.. (અથર્વવેદ)

   પ્રજ્ઞાન બ્રહ્મઃ જ્ઞાન એ જ બ્રહ્મ છે.. (ઋગ્વેદ)

   તત્વમસિઃ તે બ્રહ્મ તું જ છે... (સામવેદ)

   અહં બ્રહ્માસ્મિઃ હું જ બ્રહ્મ છું.. (યર્જુવેદ)

વેદોના મહામંત્રોનો આદેશ આપનાર ગુરૂ પણ કારણ ગુરૂ કહેવાય છે.

બધામાં સર્વશ્રેષ્ઠ પરમગુરૂ (સદગુરૂ) હોય છે જે પરમાત્માનાં અંગસંગ દર્શન કરાવી દે છે એટલે કે બ્રહ્મની પરોક્ષ અનુભૂતિ કરાવે છે તથા જે અહંકાર શૂન્ય તથા શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ હોય છે.આવા પરમગુરૂએ આપેલ જ્ઞાનથી જ શિષ્યનું કલ્યાણ થાય છે.ઘણા જન્મોના પુણ્યોથી આવા પરમ ગુરૂ મળે છે.જેને આવા ગુરૂ મળે છે તે જન્મ-મરણના ચક્કરમાંથી મુક્ત થાય છે.

સદગુરૂ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરી લેવા માત્રથી કોઇ જ્ઞાનવાન બની જતો નથી તેમજ બીજાને જ્ઞાન પ્રદાન કરવાનો અધિકારી બની શકતો નથી..કારણ કે,

બ્રહ્મજ્ઞાનનાં ત્રણ સોપાન છે.

બ્રહ્મતત્વને જાણવું..તેને જીવનમાં તારવું.. અને બ્રહ્મમય બની જવું..

આ ત્રીજી અવસ્થા જ જીવનમુક્તિ ની અવસ્થા છે કે જેને પ્રાપ્ત કરીને જ બીજા કોઇપણ જિજ્ઞાસુને પરાવિદ્યાની કૃપા વરસાવી શકાય છે..

જીવનમાં બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પણ ધ્યાન અને પ્રેમ (ભક્તિ)ની પરમ આવશ્યકતા છે.. કારણ કે,

રામચંદ્રકે ભજન બિનુ જો ચહ પદ નિર્વાણ,

જ્ઞાનવંત અપિ સો નર પશુ બિન પૂંછ વિષાન...

એટલે કે પ્રભુના ધ્યાન અને ભક્તિ વિના જ્ઞાની પણ પૂંછડા અને શિંગડા વિનાનો પશુ જ છે જ. બીજાને કેવી રીતે જ્ઞાન પ્રદાન કરી શકે ?

બ્રહ્મજ્ઞાનનું નાટક બતાવીને ધન હરણ કરનારા ગુરૂ સામાજીક હાનિના પહોચાડે એટલા માટે આ પ્રણની પરમ આવશ્યકતા છે.

ગુરૂગીતામાં કહ્યું છે કેઃ

શિષ્યનું ધન હરણ કરનારા ગુરૂઓ તો ઘણા હોય છે પરંતુ શિષ્યના દુઃખને દૂર કરનાર ગુરૂ દુર્લભ છે.

પરમગુરૂ પોતે જીવન્મુક્ત હોય છે અને તે જ જાણી શકે છે કેઃબ્રહ્મ વિદ્યાનો સાચો અધિકારી કોન છે ? અનાધિકારીને બ્રહ્મજ્ઞાન ન આપવાની શાસ્ત્રાજ્ઞા છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન કહે છે કેઃ

આ ગુહ્યત્તમ જ્ઞાન એવા વ્યક્તિને ના કહેવું કે જે તપસ્વી ના હોય..ભક્ત ના હોય..જે સાંભળવા ઇચ્છતો ના હોય અને જે મારામાં દોષદ્દષ્ટિ કરે છે. (ગીતાઃ૧૮/૬૭)

પોતાના કર્તવ્યનું પાલન કરતાં સ્વાભાવિક જે કષ્ટ આવી જાય તેને પ્રસન્નતાપૂર્વક સહન કરવાનું નામ તપ છે.તપના વિના અંતઃકરણમાં પવિત્રતા આવતી નથી અને પવિત્રતા આવ્યા વિના સારી વાતો ગ્રહણ થતી નથી.જે ભક્તિથી રહીત છે..જેનો ભગવાન ઉપર ભરોસો..શ્રદ્ધા.. વિશ્વાસ નથી તેમજ રૂચી વિના જબરજસ્તીથી સંભળાવવાથી તે આવી ઉત્તમ બ્રહ્મવિદ્યાનો તિરસ્કાર કરી દે છે.સત્યનો વિવેક કરનારી બ્રહ્મવિદ્યા બ્રહ્મજ્ઞાનીઓ પાસે હોય છે.આ વિદ્યાને નાસ્તિકોથી..નિંદક..ઇર્ષ્યાળુ..ઇન્દ્રિયાધિન (ભોગોમાં લિપ્ત) અસાવધાન અને કપટી મનુષ્યોને નહી આપવાનું વિધાન છે.

અધ્યાત્મ રામાયણ (૧૧/૧૫૨) માં કહ્યું છે કેઃ

" હે નિષ્પાપ હનુમાન ! આ પરમ રહસ્ય (બ્રહ્મજ્ઞાન) મુજ આત્મસ્વરૂપ રામનું હ્રદય છે અને સાક્ષાત મેં તને સમજાવ્યું છે.જો તને ઇન્દ્રલોકના રાજ્યથી પણ વધુ ધન કોઇ આપી દે તો પણ આ જ્ઞાનનો ભેદ ખોલવો નહિ."

.................................................................................................................

## સુખની પ્રાપ્તિના ઉપાય

1) નિત્ય પ્રાતઃકાળ ઈશ્વર સુમિરણ કરવું...
2) જીવનના દરેક પ્રસંગોએ વિનયપૂર્વક વ્યવહાર કરવો...
3) આપણી સાથે સંપર્કમાં આવતા દરેક મનુષ્યોની સાથે ક્રોધરહીત..પ્રેમભર્યો વાર્તાલાપ કરવો...
4) પ્રતિકૂળ પ્રસંગોમાં ગમે તેવી પરીસ્થિતિ નિર્માણ થાય તો પણ ગભરાયા વિના ધીરજ રાખવી..
5) આપણા પરીચયમાં આવનારા તમામ મનુષ્યોને આદર ભાવ આપવો...
6) પોતાની પત્નીને ગૃહલક્ષ્મીનું સ્થાન આપી તેમને સન્માન આપવું..
7) કોઇ જ્યારે બોલાવે ત્યારે સન્માનસૂચક શબ્દમાં પ્રત્યુત્તર આપવો..
8) માતા-પિતાને દેવતુલ્ય માની તેમની આજ્ઞાનું પાલન કરવું..
9) દરેક સમયે વ્યવહારીક કાર્યો કરતી વખતે પણ ઈશ્વર સુમિરણ ના ભુલવું..
10) દરેક પ્રસંગોએ સત્ય બોલવું અને સત્યનું જ આચરણ કરવું..
11) પોતાનું ચારિત્ર્ય સુધારી આધ્યાત્મિક ઉન્નત્તિના માટે પ્રયાસ કરવો..
12) વિચારશક્તિની રોજેરોજ વૃદ્ધિ થાય તેવા પ્રયાસો કરવા..
13) કોઇપણ કામ કરવું મારા માટે અશક્ય નથી તે કામ હું કરીને જ જંપીશ એવો દ્રઢ નિશ્ચય રાખવો.
14) બ્રહ્મજ્ઞાની સંત-મહાપુરૂષોનો સંગ કરી તેમના ઉત્તમ ગુણોનું અનુકરણ-અનુસરણ કરવું..
15) આરોગ્ય સારૂં રાખવા પ્રાકૃતિક ઉપાય તરીકે દરરોજ ખુલ્લી હવામાં હરવું ફરવું...
16) આત્મામાં સ્થિત અખંડ આનંદનો અનુભવ કરવો...
17) દરરોજ એકાદ કલાક ઉત્તમ પુસ્તકોનું વાંચન કરવું..
18) જીવનમાં ગમે તે સમયે ગમે તેવી પરિસ્થિતિ નિર્માણ થાય તેમ છતાં સંતોષ રાખવો..
19) પ્રારબ્ધને દોષ ન આપતાં પ્રયત્નશીલ બનવું..
20) ફક્ત ધનથી જ સુખ પ્રાપ્ત થતું નથી,પરંતુ ધન જ દુઃખનું કારણ છે.
21) મનની વૃત્તિઓ સ્થિર કરવાથી જ સંતોષ અને સુખ પ્રાપ્ત થાય છે..
22) સંસારના મિથ્યા પ્રલોભનોમાં ફસાયા વિના ફક્ત સત્યનું પાલન કરી તમામમાં ઇશ્વરનાં દર્શન કરવાં.

.................................................................................................................

## ઇન્દ્રિય સંયમ જ મોક્ષનું દ્વાર છે

જીવના કલ્યાણનું સાધન છે:તપ, અને તેનું મૂળ છે: શમ(મનોનિગ્રહ) તથા દમ(ઇન્દ્રિય સંયમ). મનુષ્ય મનવાંછિત જે જે પદાર્થોને મેળવવા ઇચ્છે છે તે તમામને તે તપ દ્વારા પ્રાપ્ત કરી લે છે. તપનો અર્થ છે:ઇન્દ્રિયોનો નિગ્રહ. ચિત તથા ઇન્દ્રિયોને જગતની તરફથી ખેંચીને પરમાત્માની તરફ લગાવવાનું નામ તપ છે. બુધ્ધિમાન તથા ધીર મનુષ્યએ બુધ્ધિને પોતાના વશમાં કરવી, પછી બુધ્ધિના દ્વારા મનને અને મનના દ્વારા પોતાની ઇન્દ્રિયોને વિષયોની તરફથી રોકીને પોતાના આધીન કરવી. શુધ્ધ મન જ જીવાત્માને બ્રહ્માભિમુખી કરે છે અને સંસાર સાગરથી તેનો ઉધ્ધાર કરે છે.આમ, જેને ઇન્દ્રિયોને વશમાં કરીને મનને પોતાના વશમાં કરી લીધું છે, આ અવસ્થામાં મન ઇશ્ર્વરની તરફ પ્રવૃત થાય છે. ઇન્દ્રિયોના વિષયોનો પાર પામવો કઠિન છે.જે મનુષ્ય તેમાં આસક્ત થાય છે તે દુઃખ ભોગવતો રહે છે અને જે તેનામાં આસક્ત થતો

નથી તે પરમગતિને પ્રાપ્ત થાય છે.

બુધ્ધિના દ્વારા મનને સંયમિત કરી તમામ પ્રાણીઓમાં સ્થિત પરમાત્મામાં લગાવવું. મિથ્યા પદાર્થોનું ચિંતન ન કરવું. મન અને ઇન્દ્રિયોની એકાગ્રતા જ સૌથી મોટી તપસ્યા છે.મન સહિત ઇન્દ્રિયોને રોકવી એ જ યોગ છે.આ જ તપસ્યાનું મૂળ છે અને ઇન્દ્રિયોને પોતાના આધિન ન રાખવી એ જ નરકમાં જવાનો રસ્તો છે. જેની વાણી અને મન સુરક્ષિત બનીને હંમેશાં તમામ પ્રકારથી પરમાત્મામાં લાગેલું રહે છે તે વેદાધ્યાન, તપ અને ત્યાગ- આ તમામ ફળને પામે છે.

જેનું મન ઇન્દ્રિયોના વશમાં હોય છે તે મનુષ્ય વિવેક શક્તિ ખોઇ બેસે છે અને પોતાને કામ,ક્રોધ વગેરે શત્રુઓના હાથમાં સોંપીને અધોગતિ પ્રાપ્ત કરે છે,એટલે તમામ પ્રકારના સંકલ્પોનો નાશ કરીને ચિત્તને શુક્ષ્મ બુધ્ધિમાં લીન કરવું.કામ,ક્રોધ,લોભ,મોહ,મત્સર,મદ અને મત્સર - આ મનમાં નિત્ય રહેવાવાળા શત્રુઓ છે, આને જે વશમાં કરી લે છે તે જીતેન્દ્રિય પુરુષ પાપમાં લિપ્ત થતો નથી.ધ્યાન, અધ્યયન,દાન,સત્ય,લાજ, સરળતા, ક્ષમા, અંદર બહારની પવિત્રતા, આહાર શુધ્ધિ અને ઇન્દ્રિયોનો સંયમ- આ યોગનાં સાધન છે.વિધા,તપ,ઇન્દ્રિય નિગ્રહ અને લોભ ત્યાગ- આ શાંતિ પ્રાપ્તિના ઉપાય છે.કામ સંકલ્પથી ઉત્પન્ન થાય છે, તેનું સેવન કરવામાં આવે તો તે વધે છે અને જયારે બુધ્ધિના દ્વારા પુરુષ તેનાથી વિરક્ત બની જાય છે ત્યારે તે કામ તત્કાળ નષ્ટ્ર થઇ જાય છે. વૈરાગ્યથી મનુષ્યને આત્મતત્વની જીજ્ઞાસા થાય છે.જીજ્ઞાસાથી શાસ્ત્રોના અધ્યયનમાં મન લાગે છે.

પ્રભુ પરમાત્માના ચરણારવિંદમાં અહમ અને મમત્વ નું સમર્પણ કરીને મનની શુધ્ધિ અને ભાવ શુધ્ધિ દ્વારા જે એકમાત્ર પ્રભુ પરમાત્માનો આશ્રય લે છે તેના હ્રદયમાં પ્રભુ પરમાત્મા વિરાજે છે.જેના આચાર વિચાર શુધ્ધ અને અંતઃકરણ નિર્મળ છે,જેની કામનાઓ શુધ્ધ છે તથા જે ભોગોથી વિરક્ત થઇ ચુક્યો છે તે આત્મજ્ઞાની પુરુષ તમામ કર્મોનો ત્યાગ કરીને આલોકમાં સન્માનિત થઇને પરલોકમાં જઇ બ્રહ્મભાવને પામે છે.

મન અતિ ચંચળ છે અને વિષયોની તરફ દોડતું રહે છે,તેના ઉપર સતત નજર રાખીને જયારે જયારે તે સાંસારીક પ્રપંચની તરફ જાય ત્યારે તેને ત્યાંથી હટાવીને પ્રભુ પરમાત્માના ચિંતનમાં લગાડવું જોઇએ.વિષયોનું ચિંતન કરવાથી વિષયોમાં આસક્તિ થઇ જાય છે, આસક્તિના કારણે જીવ પ્રભુ પરમાત્માથી વિમુખ બની જાય છે.

મનને વશીભૂત કરવાનો ઉપાય બતાવતાં ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે કેઃ

અસંશય મહાબાહો મનો દુર્નિગ્રહ ચલમ્
અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ગૃહ્યતે (ગીતાઃ૬/૩૫)

આ મન ઘણું ચંચળ છે તેમજ મુશ્કેલીથી વશ થનારૂં છે, આ તારૂં કહેવું બરાબર છે છતાંપણ અભ્યાસ અને વૈરાગ્ય વડે વશમાં થાય છે.

મનને વારંવાર ધ્યેયમાં લગાડવાને અભ્યાસ કહે છે.આ અભ્યાસની સિધ્ધિ નિરંતર સમય આપવાથી થાય છે. સમય પણ નિરંતર કાઢવો જોઇએ,દરરોજ કાઢવો જોઇએ.કયારેક અભ્યાસ કર્યો અને કયારેક ના કર્યો- આમ ન કરવું તથા પોતાના ધ્યેયમાં મહત્વ અને આદર બુધ્ધિ હોવાં જોઇએ.

અભ્યાસના બે પ્રકાર છેઃ

- પોતાનું જે લક્ષ્ય કે ધ્યેય પરમાત્મામાં છે તેમાં મનોવૃતિ લગાડવી અને બીજી વૃતિ આવી જાય એટલે કે બીજું કંઇપણ ચિંતન આવી જાય તેની ઉપેક્ષા કરી દેવી,તેનાથી ઉદાસિન થઇ જવું.

- જ્યાં જ્યાં મન ચાલ્યું જાય ત્યાં ત્યાં પોતાના લક્ષ્ય(પરમાત્મા)ને જ જોવા.

ઉપરોકત બે સાધનો સિવાય મન લગાડવાના બીજા કેટલાક ઉપાય છે.

જેવા કે,પરમાત્મા તત્વને જાણીને તેમની સાથે સબંધ જોડીને નામનું સુમિરણ કરવું.જ્યારે આપણે ધ્યાન કરવા બેસીએ ત્યારે સૌથી પહેલાં બે ચાર શ્વાસ બહાર કાઢીને એવી ભાવના કરવી કે મેં મનથી સંસારને સર્વથા કાઢી નાખ્યો છે, હવે મારૂં મન સંસારનું નહી,પરંતુ પરમાત્માનું જ ચિંતન કરશે અને ચિંતનમાં જે કંઇ આવશે તે ભગવાનનું જ સ્વરુપ હશે

અભ્યાસની સહાયતા માટે વૈરાગ્ય ની જરૂર પડે છે, કારણ કેઃ સંસારના ભોગોથી જેટલો રાગ હટશે તેટલું મન પરમાત્મામાં લાગશે.

વૈરાગ્ય થવાના કેટલાક ઉપાયો છેઃ

- સંસાર પ્રતિક્ષણે બદલાય છે અને સ્વરુપ કયારેય અને કોઇપણ ક્ષણે બદલાતું નથી.આથી સંસાર આપણી સાથે નથી અને આપણે સંસારની સાથે નથી, આવો વિચાર કરવાથી સંસારથી વૈરાગ્ય થાય છે.
- પોતાના કહેવાવાળા જેટલા આપણા કુટુંબીઓ અને સબંધિઓ છે તેઓ આપણી પાસે અનુકૂળતાની ઇચ્છા રાખતા હોય તો આપણી શક્તિ,સાર્મથ્ય,યોગ્યતા અને સમજ અનુસાર તેમની ન્યાયયુક્ત ઇચ્છા પુરી કરી દેવી અને પરીશ્રમ કરીને તેમની સેવા કરવી,પરંતુ તેમની પાસેથી પોતાની અનુકૂળતાની તથા કંઇ લેવાની ઇચ્છાનો ત્યાગ કરી દેવો,એથી સ્વાભાવિક જ વૈરાગ્ય થઇ જાય છે અને રાગ દૂર થાય છે.
- જેટલા પણ દોષ,પાપ અને દુઃખ સંસારના રાગથી પેદા થાય છે,એવો વિચાર કરવાથી વૈરાગ્ય થઇ જાય છે.

મનને પ્રભુ પરમાત્માના ચરણારવિંદમાં જોડીને નિરંતર નામ સુમિરણ કરતાં કરતાં સાંસારીક કાર્યો કરવાં જોઇએ.પરમગતિ (મોક્ષ) પ્રાપ્ત કરવા માટે હંમેશાં પ્રભુ પરમાત્માનું ચિંતન જ  શ્રેષ્ઠ ઉપાય છે.

મનુષ્યનું આ શરીર જ રથ છે,આત્મા સારથી છે,ઇન્દ્રિયો ઘોડાઓ છે.જેવી રીતે કુશળ સારથી ઘોડાઓને પોતાને વશમાં કરીને સુખપૂર્વક યાત્રા કરે છે,તેવી જ રીતે સાવધાન મનુષ્ય ઇન્દ્રિયોને કાબૂમાં રાખીને સુખપૂર્વક જીવનયાત્રા પસાર કરે છે.મનુષ્ય જે કંઇ શુભ અથવા અશુભ કર્મ કરે છે તેનું ફળ તેને અવશ્ય ભોગવવું પડે છે.

મન એવમ્ મનુષ્યાણાં  કારણં બન્ધમોક્ષયોઃ મનુષ્યનું મન જ જગતમાં બંધન અને મોક્ષનું મુખ્ય કારણ છે.વિષયાસક્ત મનથી બંધન થાય છે અને વિષયવૃતિ રહિત મનથી મુક્તિ થાય છે,એટલે મુક્તિની ઇચ્છા રાખનારાઓએ હંમેશાં મનને વિષય રહિત બનાવવું જોઇએ.મન અને ઇન્દ્રિયોનો સંયમ જ શાસ્ત્રનું મૂળ છે.

જયારે જયારે મનમાં અશાંતિ થાય ત્યારે સમજવું જોઇએ કે, અમે પ્રભુ પરમાત્માને ભુલી ગયા છીએ,એટલે તે સમયે પ્રભુ પરમાત્માનું સ્મરણ કરવું જોઇએ.જીવનનું સાચું ધન તો ધર્મ,સેવા,સુમિરણ,સત્સંગ,ભજન છે.પ્રભુ પરમાત્માના સિવાય આ જગત દુઃખની ખાણ છે.ઇન્દ્રિય સંયમ જ મોક્ષનું દ્વાર છે.ઇન્દ્રિયોને ખરાબ વિષયોની તરફ ના જવા દેવી તથા હંમેશાં તેને પોતાના વશમાં રાખીને કલ્યાણકારી વિષયોમાં લગાવવું એ જ ઇન્દ્રિય નિગ્રહ છે.જેના મનમાં આસક્તિ છે તેની કયારેય મુક્તિ થતી

નથી.સદગુરૂ કૃપાથી પ્રભુ પરમાત્માને જાણ્યા બાદ તેમની શરણાગતિ લીધા વિના,મનને પ્રભુ પરમાત્મામાં લીન કર્યા સિવાય જીવની આનંદની ભુખ અન્ય કોઇપણ ઉપાયથી દૂર થતી નથી. પ્રભુ પરમાત્માની ઉપર થોડો ઘણો પણ પ્રેમ હોય તો મનમાં આનંદનો સંચાર થાય છે.

કઠોપનિષદ(૧/૩/૮) માં કહ્યું છે કેઃ "ઇન્દ્રિયોના દ્વારા જે પ્રભુ પરમાત્માની આજ્ઞાનુસાર પવિત્ર કર્મોનું નિષ્કામભાવથી આચરણ કરે છે તથા પ્રભુ પરમાત્માને અર્પણ કરેલ ભોગોનું રાગ-દ્રેષ રહિત બનીની નિષ્કામભાવથી શરીર નિર્વાહના માટે ઉપભોગ કરે છે તે પ્રભુ પરમાત્માના પરમધામને પ્રાપ્ત કરી લે છે,જયાં ગયા પછી પાછું સંસારમાં આવવું પડતું નથી."

મનુષ્યએ અન્નદોષ અને રાગદોષથી બચવું જોઇએ,તેનાથી મન ઉપર વિશેષ અસર પડે છે અને આ અસરથી મનુષ્ય પુરેપુરો બદલાઇ જાય છે.અન્ન અને જળના સૂક્ષ્મ અંશથી મન બને છે.ચિત્તમાં જેવા સંસ્કાર અને જેવી પ્રાણશક્તિ હોય છે તે પ્રમાણે જ ક્રિયાઓ થાય છે.આ સંસ્કાર બે પ્રકારના હોય છેઃદ્રવ્ય સંસ્કાર અને ભાવ સંસ્કાર.ખાનપાન દ્વારા જે સંસ્કાર ઉત્પન્ન થઇને ચિત્તને પ્રભાવિત કરે છે તે દ્રવ્ય સંસ્કાર છે તથા ઇન્દ્રિયો અને મનના અનુભવના દ્વારા ચિત્તમાં જે સંસ્કાર-ભાવના જાગૃત થાય છે તે ભાવ સંસ્કાર છે.આપણે શુધ્ધ સાત્વિક આહાર, સેવા,સુમિરણ, સત્સંગથી,પ્રભુ પરમાત્માની નિષ્કામ ભક્તિથી,પ્રભુ પરમાત્માની કથા શ્રવણથી, પરોપકાર, દાન, સ્વાધ્યાય..વગેરેથી સારા સંસ્કાર લાવવાનો હંમેશાં પ્રયાસ કરવો જોઇએ. પ્રાણીઓની ઉપર જન્મ-જન્માંત્તરના કર્મોની વાસના ભરેલી પડી છે,તેથી હંમેશાં સત્કર્મો કરવાની ચેષ્ટા કરવી જોઇએ.તમામ પ્રાણીઓમાં પ્રભુ પરમાત્માનો વાસ છે, આવો નિશ્ર્ચય કરીને તમામની સેવા કરવાથી શરીર પવિત્ર બની જાય છે, દાન આપવાથી ધન પવિત્ર બની જાય છે અને પ્રભુ પરમાત્માનું ભજન કરવાથી અંતઃકરણ નિર્મળ બની જાય છે.

તન પવિત્ર સેવા કિયે, ધન પવિત્ર કર દાન,
મન પવિત્ર હરિભજન કરે, હોત ત્રિવિધ કલ્યાણ.....

..........................................................................................................................................

## ઇશ્ર્વર અંશ જીવ અવિનાશી...

સદગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજ(નિરંકારી બાબા)એ પોતાના પ્રવચનોમાં જણાવ્યું છે કેઃ ધાર્મિક ગ્રંથોને ફકત એકલા વાંચવાના નથી,પરંતુ તેને સમજવાની પણ જરૂરત છે.સદગુરૂના મુખારવિંદથી નીકળેલો એક એક શબ્દ ખૂબ જ ઉંડાણમાં વિચાર કરવા પ્રેરે છે.ગુરૂભક્તનું કામ તો તેને અમલમાં લાવવાનું હોય છે.સદગુરૂએ સર્વવ્યાપી પરમપિતા પરમાત્માના દર્શન(અનુભૂતિ) કરાવ્યાં છે જે પરિપૂર્ણ, અભેદ અને અછેદ છે.પરમપિતા પરમાત્મા કણ કણ અને ઘટ ઘટમાં વ્યાપ્ત છે,પરંતુ કણ કણ અને ઘટ ઘટ પરમપિતા પરમાત્મા નથી.પરમાત્માનું નૂર બધામાં છે,ભલે પછી તે જડ હોય કે ચેતન.આ સૃષ્ટિમાં અમે જે કંઇ જોઇ રહ્યા છીએ તે તમામમાં પરમાત્માનું નૂર છે.કહ્યું છે કેઃ

આદમકો ખુદા મત કહો,આદમ ખુદા નહી, લેકિન ખુદાકે નૂરસે,આદમ જુદા નહી...

જીવ ઇશ્ર્વરનો જ અંશ છે,પરંતુ ઇશ્ર્વર નથી.જીવને ચૌરાશી લાખ યોનિઓમાંથી મુક્તિ મેળવવી છે, એટલા માટે સંત મહાત્માઓએ પરમાત્માને ઓળખવાની વાત કહી છે.હવે સવાલ એ પેદા થાય કેઃ શું પોતાના મૂળની ઓળખાણ થઇ ગયા પછી જીવ પોતાના મૂળ (નિરાકાર પ્રભુ પરમાત્મા)માં વિલિન થઇ જાય છે? અથવા તેનું પોતાનું અસ્તિત્વ રહે છે? આ જાણતાં પહેલાં જીવ શું છે?તેને જાણવું ખૂબ જ જરૂરી છે.જીવ શું છે? અને તેને મુક્તિ કેમ જોઇએ?

ભક્ત શિરોમણી તુલસીદાસજીએ રામચરીત માનસમાં કહ્યું છે કેઃ

સુનહું તાત યહ અકથ કહાની,સમુઝત બનઇ ન જાઇ બખાની,

ઇશ્વર અંશ જીવ અવિનાશી,ચેતન અમલ સહજ સુખરાશી,(રામચરિત માનસઃ૧૧૬/ખ/૧)

હે તાત ! આ કથનીય કથા તો સાંભળો ! જે સમજવાથી જ બને તેમ છે,પણ તે સંપૂર્ણ રીતે વર્ણવી શકાય તેમ નથી.જીવ ઇશ્વરનો અંશ છે અને તેથી જ તે અવિનાશી,ચૈતન્યરૂપ,નિર્મળ અને સહજરૂપે સુખનો રાશિ છે.તે માયાને વશ થઇને પોપટની જેમ કે વાંદરાની માફક બંધાઇ રહ્યો છે.આ રીતે જડ અને ચેતનમાં ગાંઠ પડીને તે એકરૂપ થઇ ગયાં છે.જો કે તે ગાંઠ મિથ્યા જ છે,પરંતુ તેના છુટવાની વાત કઠણ સમજવી. અને એ ગાંઠ પડવાથી જીવ સંસારી બની ગયો(જન્મીને મરનારો).હવે નથી તો તે ગાંઠ છૂટતી કે નથી તેને સુખ પ્રાપ્ત થતું.વેદોએ તથા પુરાણોએ એને ઉપાયો બતાવ્યા હોવા છતાં પણ તે ગાંઠ નથી છૂટતી ઉલ્ટાની વધારેને વધારે મજબૂત થતી જાય છે.જીવોના હ્રદયમાં મોહરૂપી અંધકાર વિશેષ હોવાથી તેમને આ ગાંઠ નજરે પડતી નથી ત્યારે છૂટવાની તો કેવી રીતે હતી ?

અવિનાશી તે જ હોય છે જે ક્યારેય નષ્ટ થતો નથી.જે નષ્ટ થઇ જાય અથવા જેનું અસ્તિત્વ સમાપ્ત થઇ જાય તે અવિનાશી ન કહેવાય.વિલય પછી તો અસ્તિત્વ જ સમાપ્ત થઇ જાય છે,જેમ નદી સમુદ્રમાં ભળી જાય છે તો તેના નામ તથા પોતાનું અસ્તિત્વ જ સમાપ્ત થઇ જાય છે.

મન,બુધ્ધિ,ચિત્ત,અહંકાર,પાંચ જ્ઞાનેન્દ્રિયો,પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ પ્રાણથી જીવ બને છે અને મુક્તિની આવશ્યકતા પણ આ જીવને જ છે. "સત્યાર્થ પ્રકાશ" અનુસાર જીવ બળ,પરાક્રમ,આકર્ષણ,પ્રેરણા, ગતિ, ભિષણ,વિવેચન,ક્રિયા,ઉત્સાહ,સુમિરણ,નિશ્ચય,ઇચ્છા,પ્રેમ,દ્વેષ,સંયોગ-વિયોગ,વિભાગ,સંયોજક,વિભાજક, શ્રવણ,સ્પર્શ,દર્શન,સ્વાદન અને ગંધગ્રહણ- આ ૨૪ પ્રકારના સામર્થ્યથી યુકત હોય છે.

જીવ જયારે સ્થૂળ શરીરને છોડે છે તો પાંચ મહાભૂત(પૃથ્વી,પાણી,અગ્નિ,વાયુ,આકાશ) પોતાના મૂળ તત્વમાં ભળી જાય છે.શેષ રહે છેઃ જીવાત્મા. જે અજર અમર છે.જીવ અને આત્માનો એક પ્રકારનો સમવાય સબંધ છે.આત્મા નિરાકાર પરમાત્માનું જ સુક્ષ્મરૂપ છે.જયારે અમે નિરાકાર પ્રભુ પરમાત્માનું વિરાટરૂપ જોઇએ છીએ તો તેને પરમાત્મા કહીએ છીએ અને સુક્ષ્મરૂપ જોઇએ છીએ તો આત્મા કહીએ છીએ, જો કે પરમાત્મા અને આત્મા એક જ પરમસત્તાનાં બે અલગ અલગ નામ છે.આત્મા એટલા માટે તમામ પ્રકારના બંધનોથી મુક્ત છે.કર્મોનું બંધન તો જીવની સાથે છે,જે તેને વારંવાર વિભિન્ન યોનિઓમાં જન્મ લેવા માટે વિવશ કરે છે.

અજામેકાં લોહિતશુકલ કૃષ્ણ, બહુ વીઃપ્રજા સૃજમાનાં સરૂપા,

અજો હ્મકો જુષમાણોડનુશેને, જહાત્યેનાંમુક્તભોગામજોઅન્યાઃ (શ્વેતાશ્વર ઉપનિષદઃ૪/૫)

એટલે કેઃપ્રકૃતિ,જીવ અને પરમાત્મા ત્રણે અજન્મા છે,અર્થાત્ આ ત્રણે તમામ જગતના કારણરૂપ છે,તેમનું કારણરૂપ કોઇ નથી.આ અનાદિ પ્રકૃતિનો ભોગ અનાદિ જીવ કરીને ફસાય છે,પણ આમાં પરમાત્મા ફસાતા નથી કે ભોગ પણ કરતા નથી.

જયારે માનવી ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી સદગુરૂના શરણમાં નતમસ્તક થઇને પોતાને પૂર્ણરૂપે સમર્પિત કરી દે છે તો સદગુરૂ તેને બ્રહ્મજ્ઞાન આપીને તમામ પ્રકારના બંધનોમાંથી મુક્ત કરી દે છે,ભલે પછી તે કર્મો પૂર્વજન્મોના હોય કે આ જન્મનાં હોય.સદગુરૂ જ્ઞાનરૂપી અગ્નિથી જીવનાં તમામ કર્મો બાળી નાખે છે અને આ જન્મ મરણના ચક્કરમાંથી મુક્ત થઇ જાય છે.જીવની મુક્તિ માનવયોનિમાં જ સંભવ છે.મનુષ્ય યોનિઓમાં જ જીવ તમામ યોનિઓથી વધુ ચેતન હોય છે,બાકીની તમામ યોનિઓ ભોગ યોનિઓ

છે,ફક્ત માનવ યોનિ જ એક માત્ર એવી યોનિ છે જેમાં જીવને પૂર્વજન્મના કર્મોના ફળ ભોગવવાની સાથે સાથે નવા કર્મો કરવાની પણ સ્વતંત્રતા હોય છે.મનવયોનિમાં જ જીવ કર્મોના બંધનથી બંધાય છે.જેમ કીચડ પાણીથી જ બને છે અને જયારે કીચડથી પગ બગડે છે ત્યારે પાણી દ્વારા જ સાફ કરી શકાય છે-તેવું જ માનવયોનિનું છે.

આ એક મોટી વિડંબણા છે કેઃકેટલાક લોકો એવું માને છે કેઃ મૃત્યુ બાદ મુક્તિ મળે છે.આ વાત પૂર્ણતઃ સાચી નથી,કારણ કેઃરાજા જનક જીવત જીવ જ વિદેહી કહેવાયા તથા સંત કબીરે પણ કહ્યું છે કેઃ

હમ ન મરૈ મરિહૈ સંસારા, હમકો મિલ્યા જીયાવનહારા......

આધ્યાત્મિક દ્રષ્ટિમાં મુક્તિ શબ્દનો અર્થ થાય છેઃજીવિત અવસ્થામાં જ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરીને તમામ પ્રકારના બંધનોથી મુક્ત થવું.મરણ પછી તો આ અમૂલ્ય માનવજન્મથી જ મુક્તિ મળે છે,કોઇપણ પ્રકારના બંધનથી નહી ! એકવાર આ માનવજન્મ છૂટી ગયા પછી પુનઃ મળતો નથી.

હવે મુખ્ય વિષયની ચર્ચા કરીએ કે- જે જીવને સદગુરૂ દ્વારા બ્રહ્મજ્ઞાન નથી મળતું તે તો પુનઃ લક્ષચૌરાશી યોનીઓમાં ચક્કર ફર્યા જ કરે છે,પરંતુ જે જીવને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય છે તે જીવ આવાગમનના ચક્કરમાંથી મુક્ત થઇ જાય છે.જો જીવનું નિરાકાર પ્રભુ પરમાત્મામાં વિલય થઇ જાય તો પછી જીવ મુક્તાવસ્થાનો આનંદ કેવી રીતે ભોગવે?મુક્તાવસ્થામાં જ જીવ પરમાનંદના આનંદને કોઇપણ પ્રકારની શ;કા,ભય,શોકથી રહિત થઇને ભોગવે છે,વાસ્તવમાં મુક્ત જીવની સાથે જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો રહેતી નથી,મુક્ત જીવ જયારે જેવી રીતે આનંદને ભોગવવાની કલ્પના કરે છે તો તેના સંકલ્પમાત્રથી તેને તે ઇન્દ્રિય પ્રાપ્ત થાય છે અને તે ઇન્દ્રિય દ્વારા તે કલ્પિત આનંદને ભોગવી લે છે.

જે સૌથી મુખ્ય વાત છે તે નિરાકાર પ્રભુ પરમાત્માની પરિપૂર્ણતા. જો જીવનો નિરાકાર પ્રભુ પરમાત્મામાં વિલય થાય છે તો તેનો અર્થ એ થાય કેઃનિરાકાર પ્રભુ પરમાત્મા પૂર્ણ નથી.પરમાત્મા તો અભેદ અને અછેદ છે.કોઇપણ વસ્તુનો બીજી વસ્તુમાં વિલય ત્યારે જ સંભવે છે કે તેમાં વિલય થવા માટે જગ્યા ખાલી હોય,જેમકેઃપાણીમાં ખાંડ/મીઠું ઓગળીને સમસ્ત પાણીને મીઠું/ખારૂં બનાવી દે છે.હવામાં ખુશ્બુ(સુગંધ)ભળી જાય છે,આકાશમાં શબ્દ ભળી જાય છે. એક નિરાકાર પ્રભુ પરમાત્મા સિવાય તમામમાં વિલય કરવા માટે જગ્યા હોય છે.જો થોડો ઉંડાણપૂર્વક વિચાર કરવામાં આવે તો શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે તે પ્રમાણે

આ આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી,આને અગ્નિ બાળી શકતો નથી,આને પાણી ભિંજવી શકતું નથી અને પવન આને સુકવી શકતો નથી.(ગીતાઃ૨/૨૩) એનું કારણ એ છે કેઃ આ નિરાકાર પ્રભુ પરમાત્મા એટલો પરિપૂર્ણ છે કેઃ સોઇની અણી જેટલી જગ્યા પણ તેના વિના ખાલી નથી,જયારે તેના વિના કોઇ જગ્યા જ ખાલી નથી તો શસ્ત્ર ચલાવવા માટે જગ્યા જ બચતી નથી તો પછી શસ્ત્ર ચલાવશો કેવી રીતે? કારણ કેઃશસ્ત્ર ચલાવવા માટે પણ જગ્યા જોઇએ,આવું જ અગ્નિ,હવા,પાણી પર લાગુ પાડી શકાય.

..........................................................................................................................

## કલ્યાણ પ્રાપ્તિનો સરળ ઉપાય..

ભગવાનના નામની મહિમા અપાર છે.ફક્ત નામ સુમિરણના પ્રભાવથી કલ્યાણ થઇ શકે છે,એટલે મરણ પર્યંત જો ભગવાનને ના ભુલીએ,નિત્ય નિરંતર ભજન-ધ્યાન,સેવા,સુમીરણ,સત્સંગ કરતા રહીએ તો આપણું કલ્યાણ થતાં વાર લાગતી નથી.

ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે કેઃ

અનન્યચેતાઃ સતતં યો માં સ્મરતિ નિત્યશઃ,તસ્યાહં સુલભઃ પાર્થ નિત્યયુક્તસ્ય યોગિનઃ ગીતાઃ૮/૧૪)
(અનન્ય ચિત્તવાળો જે મનુષ્ય મારામાં મુજ પુરૂષોત્તમનું નિત્ય નિરંતર સ્મરણ કરે છે તે નિત્ય નિરંતર મારામાં જોડાયેલા યોગીને માટે હું સુલભ છું એટલે કેઃતેને સુલભતાથી પ્રાપ્ત થઇ જાઉં છું.)

જો આપણને શંકા થાય કે ભગવાન સુલભ છે,પરંતુ તેમનું ચિંતન સુલભ નથી,પરંતુ એવી વાત નથી કારણ કેઃજયારે આપણને નિરંતર ચિંતનથી ભગવાનની સુલભતાનો અનુભવ થઇ જાય છે તો ચિંતન પણ સરલ બની જશે અને જો ચિંતન ના થાય તો સમજવાનું કેઃ આપણામાં શ્રધ્ધાની ખામી છે.

નામની મહીમા જે શાસ્ત્રોમાં વર્ણવી છે તે અલ્પ છે.નામની મહીમા તેનાથી અધિક છે.નામની મહીમાનું જેટલું વર્ણન કરવામાં આવે તે ઓછું જ છે.અમો ક્યારેક વિચારીએ છીએ કેઃઅમે ભજન કરીએ છીએ પણ પાપોનો નાશ થયો નથી,તો આમાં આપણી માન્યતા પાપોનો નાશ થયો નથી જ કારણભૂત છે.જો અમે એવી શ્રધ્ધા રાખીએ કેઃભજનથી પાપોનો નાશ થઇ રહ્યો છે તો જુવો ! કેટલો ફાયદો થાય છે.સંત મહાપુરૂષો શાસ્ત્રો માં કહે છે કેઃકળિયુગમાં નિષ્કામ કર્મના થોડા ઘણા સાધનથી ઉધ્ધાર થઇ જાય છે.પરમાત્મામાં થોડોક પ્રેમ થઇ જાય તો તે આપોઆપ વધીને ઉધ્ધાર કરાવી દે છે.મહાત્માઓના,શાસ્ત્રોના આ વચનો ઉપર અમારે શ્રધ્ધા રાખવાની જરૂર છે.ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે કેઃ

અપિ ચેત્સુદુરાચારો ભજતે મામનન્યભાક્ !
સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યગ્વ્યવસિતો હિ સે !!
ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વચ્છાન્તિં નિગચ્છતિ !
કૌન્તેય પ્રતિજાનીહિ ન મે ભક્ત પ્રણશ્યતિ !! (ગીતાઃ૯/૩૦-૩૧)

(જો કોઇ અત્યંત દુરાચારી પણ અનન્ય ભક્ત બનીને મને ભજે છે તો તેને સાધુ જ માનવાયોગ્ય છે,કેમકેઃ તેણે ખૂબ સારી રીતે દ્રઢ નિશ્ચય કરી લીધો છે,એ સત્વરે એ જ ક્ષણે ધર્માત્મા થઇ જાય છે અને સદા રહેનારી પરમશાંતિને પામે છે,તમે મારી પ્રતિજ્ઞા જાણો કે મારા ભક્તનો વિનાશ(પતન) થતો નથી.)

હવે શંકા એ થાય છે કેઃ એવો દુરાચારી અનન્યભાવથી ભગવાનના ભજનમાં કેવી રીતે લાગશે ? તેના લાગવામાં કેટલાક કારણો છે,જેમકેઃતે કોઇ આફતમાં પડી જાય અને તેને કયાંયથી સહેજપણ સહારો ના મળે,એવામાં અચાનક તેને પુર્વે સાંભળેલી વાત યાદ આવી જાય કેઃભગવાન બધાના સહાયક છે અને એમના શરણમાં જવાથી બધું કામ સારૂં થઇ જાય છે...

- તે કયારેક કોઇ એવા કોઇ વાયુ મંડળમાં ચાલ્યો જાય,જ્યાં મોટા મોટા સંત મહાપુરૂષો થયા હોય અને વર્તમાનમાં પણ હોય તો તેમના પ્રભાવથી ભગવાનમાં રૂચિ પેદા થઇ જાય છે...
- વાલ્મિકી,અજામિલ,સદન કસાઇ...વગેરે પાપીઓ પણ ભગવાનના ભક્તો બની ચૂક્યા છે અને ભજનના પ્રભાવથી તેઓમાં વિલક્ષણતા આવી છે - એવી કોઇ કથા સાંભળીને પૂર્વનો કોઇ સારો સંસ્કાર જાગી ઉઠે..
- કોઇ પ્રાણી એવી આફતમાં આવી ગઇ જ્યાં તેને બચવાની કોઇ સંભાવના જ ન હતી,પરંતુ તે બચી ગયું,એવી ઘટના વિશેષને જોઇને તેના હેયામાં એ ભાવ પૈદા થઇ જાય કે કોઇ એવી વિલક્ષણ શક્તિ છે,જે આવી આફતથી બબચાવે છે...
- તેને કોઇ સંતનાં દર્શન થઇ જાય અને તેનાં પતન કરવાવાળાં દુષ્કર્મોને જોઇને તેના ઉપર સંતની કૃપા થઇ જાય.

અનન્યભાવ થવામાં ખાસ વાત એ છે કેઃ હું ભગવાનનો છું અને ભગવાન મારા છે - આ રીતે પોતાની અહંતાને બદલી દેવી.અહંતા પરિવર્તનથી જેટલી જલ્દી શુધ્ધિ આવે છે,એટલી શુધ્ધિ જપ,તપ,યજ્ઞ,દાન વગેરે ક્રિયાઓથી આવતી નથી.આ અહંતાના પરિવર્તનના વિષયમાં ત્રણ વાતો છે.

- અહંતાને દૂર કરવી : -જ્ઞાનયોગથી અહંતા દૂર થાય છે.
- અહંતાને શુધ્ધ કરવી : -કર્મયોગથી અહંતા શુધ્ધ થાય છે.
- અહંતાનું પરિવર્તન કરવું : -ભક્તિયોગથી અહંતા બદલાઇ જાય છે.

ભક્તિયોગની દ્રષ્ટિએ તમામ દુર્ગુણ દુરાચારો ભગવાનની વિમુખતા ઉપર જ ટકી રહે છે,જ્યારે પ્રાણી અનન્યભાવથી ભગવાનની સન્મુખ થઇ જાય છે ત્યારે તમામ દુર્ગુણો દુરાચારો દૂર થઇ જાય છે અને તત્કાળ તે ધર્માત્મા થઇ જાય છે,મહાન પવિત્ર બની જાય છે,કારણ કેઃ આ જીવ પોતે પરમાત્માનો અંશ છે અને જયારે તેનો ઉદ્દ્શ પણ પરમાત્માની પ્રાપ્તિ કરવાનો થઇ ગયો તો હવે તેને ધર્માત્મા થવામાં શું વાર લાગવાની ? હવે તે પાપાત્મા કેવી રીતે રહેશે ? જીવ માત્ર પરમાત્માનો અંશ હોવાથી તત્વતઃ નિર્દોષ છે.સંસારની આસક્તિને કારણે જ તેનામાં આગંતુક દોષ આવી જાય છે.દુરાચરી પણ જ્યારે ભક્ત થઇ શકે છે તો પછી ભક્ત થયા બાદ તે ફરીથી દુરાચારી પણ થઇ શકે છે એમ ન્યાય કહે છે,પરંતુ ભક્ત થયા બાદ તેમનું ફરીથી પતન થઇ શકતું નથી.આમ, ભગવાને બધાના ઉધ્ધાર માટે રસ્તો બતાવ્યો છે.ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે કેઃ

અન્યે ત્વેવમજાનન્તઃશ્રુત્વાન્યેભ્ય ઉપાસતે !તેઅપિ ચાતિતરન્ત્યેવ મૃત્યું શ્રુતિપરાયણા !! (ગીતાઃ૧૩/૨૫)

(બીજા મનુષ્યો આ રીતે ધ્યાનયોગ,સાંખ્યયોગ,કર્મયોગ..વગેરે સાધનોને નથી જાણતા,ફકત જીવન્મુક્ત મહાપુરૂષો પાસેથી સાંભળીને ઉપાસના કરે છે એવા તેઓ સાંભળવાને પરાયણ થયેલા મનુષ્યો પણ મૃત્યુને તરી જાય છે)

સંત મહાપુરૂષોની આજ્ઞાનું પાલન કરવાથી એમના મનની કે સંકેતની આજ્ઞાનુસાર તત્પરતાપૂર્વક ચાલવાથી મનુષ્ય આપમેળે એ પરમાત્માતત્વને પ્રાપ્ત થઇ જાય છે.શરીરની સાથે સબંધ રાખવાથી જ મૃત્યુ થાય છે.જે મનુષ્યો મહાપુરૂષોની આજ્ઞાને પરાયણ થઇ જાય છે એમનો શરીર સાથે માનેલો સબંધ છુટી જાય છે આથી તેઓ મૃત્યુને તરી જાય છે. ભગવાન માનવા અને જાણવા ઉપર વધારે જોર આપે છે.સાંભળવાની અપેક્ષાએ માનવું ઉત્તમ છે અને માનવાની અપેક્ષાએ તત્વથી જાણી લેવું ઉત્તમ છે,જેમ કેઃ એક બાળકને અમે કહીએ કેઃઆ તારી મા છે,આ પિતા છે,કાકા છે તો તે સાંભળીને તેમને માની લે છે,પછી આગળ જતાં તેને ખબર પડે છે કેઃતેનો અર્થ શું થાય છે.આમ,અમે પણ સાંભળેલી વાતોને માની લઇએ છીએ.

ભગવાન કહે છે કેઃજ્ઞાત્વા માં શાંતિમૃચ્છતિ (ગીતાઃ૫/૨૯)જે મને તત્વતઃ જાણી લે છે તે શાંતિને પ્રાપ્ત થાય છે. ભગવાનની આ વાતને અમે સાંભળીએ છીએ પરંતુ તેને માનતા નથી અને માની લઇએ તો અમારૂં કામ થઇ જાય.

ભગવાને ગીતામાં જાણવા ઉપર વિશેષ બળ આપ્યું છે.વાસ્તવમાં જે કામ મનથી થાય છે તેની જ કિંમત છે.કોઇપણ ક્રિયામાં જો મનમાં કોઇ સ્વાર્થ છે તો તે નીચા દર્જાનું છે. ક્રિયામાં ત્રણ વાત મુખ્ય છે.ક્રિયા કાં તો સ્વાર્થથી થાય છે અથવા પરમાર્થથી અથવા આ બંનેથી રહિત.જ્યાં સ્વાર્થ અને પરમાર્થ બંને નથી તે ક્રિયાઓને ત્યાગ કરી દેવો જોઇએ.પ્રમાદ અને આળસથી બચવું જઇએ.સમગ્ર સમય ભગવાનની તરફ લગાવવું જોઇએ.જેમ અમોને ખબર હોય કેઃઅહી ખાડો છે અને તેમાં પડીશું તો પ્રાણનાશ થઇ જશે તો અમે

તેની પાસે પણ નથી તેવી જ રીતે જો અમે પાપોને સમજી લઇશું તો અમારાથી કયારેય પાપ નહી થાય,કેમકેઃભગવાન કહે છે કેઃ

અધો ગચ્છન્તિ તામસાઃતામસી વ્યક્તિ અધોલોકમાં જાય છે,આ સમજ્યા પછી કોઇપણ દુર્ગુણ દુરાચાર અમારામાં આવી શકતા જ નથી.જો લૌકિક સ્વાર્થનું ચિંતન પણ હાનીકારક માલૂમ પડે તો તેનાથી છૂટકારો થઇ શકે છે,પરમાર્થ વિષય જ સૌથી ઉચ્ચકોટીની ચીજ છે.ઉપરોકત કહેલી વાતોને એકાંતમાં બેસીને વારંવાર વિચાર કરવો જોઇએ.ભલે સર્વસ્વનો નાશ થઇ જાય પરંતુ જેનાથી ચૌરાશી લાખ યોનિયોમાં ભટકવું પડે તે કામ અમો નહી કરીએ.આવી રીતે દ્રઢતાથી વિચારવાથી અમે વાસ્તવમાં સુખી બની જઇએ છીએ.આવું સમજવાથી અન્ય કામ ગૌણ બની જાય છે.જો અમે આ વાતોને સમજી લઇએ તો અમોને અન્ય કામ ખતરનાક દેખાય છે અને અમે સૌથી પહેલાં ભજન જ કરવા લાગીએ છીએ.હજુ તો માન્યતામાં જ ખામી છે પછી જાણવાની વાત તો ખૂબ દૂરની વાત છે.વસ્તુના તત્વનું જ્ઞાન થવાથી તો પછી અન્ય કામ ખતમ થઇ જાય છે.અમારે અમારા નિત્ય કર્મની સાથે સાથે પાંચ મિનિટ આ વિચારને નિત્યકર્મમાં સામેલ કરી લેવાં જોઇએ.જો અમારા શરીરનો નાશ થઇ જાય તો અમારૂં શું નુકશાન થવાનું છે? કારણ કેઃઆ સર્વ તો નાશવાન છે જ.મનુષ્યયોનિ સિવાય અન્ય યોનિયોમાં આત્મ કલ્યાણના માટે આગળ આવી શકતાં નથી,એટલા માટે આ મનુષ્યશરીરને પામીને પોતાનો ઉદેશ્ય સફળ કરી લેવો જોઇએ.શાસ્ત્ર કહે છે કેઃ

!! ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ત વરાન્નિબોધત !!

ઉઠો,જાગો અને આત્મકલ્યાણકારી શ્રેષ્ઠ વચનોને સાંભળીને,જાણીને લક્ષ્યની પ્રાપ્તિ માટે આગળ વધો.આપણે આધ્યાત્મિક વિષયમાં સૂઇ રહ્યા હોઇએ તો તેનાથી આગળ વધીએ.ઉઠો,જાગો અને તે તત્વને સમજો,પરંતુ અમે તો મોહ માયારૂપી મદિરા પીને નશામાં ચૂર છીએ.અમારે વિચારવું જોઇએ કેઃ પાપીથી અધીક પાપી પણ જો હોય અને આજે જ મરણ પામનાર હોય તો તેનું પણ કલ્યાણ થઇ શકતું હોય તો પછી અમારી પાસે તો હજુ ઘણો સમય છે,તેમ છતાં જો અમે પોતાનું આત્મકલ્યાણ નહી કરીએ તો અમારા જેવો મૂર્ખ બીજો કોઇ નથી.અમે નહી માનીએ તો શાસ્ત્રો અને સંતોને તો કોઇ નુકશાન થવાનું નથી,નુકશાન તો અમારૂં જ થવાનું છે,એટલે અમારે વિચાર કરવો જોઇએ કેઃઅમારૂં જેમાં પરમહિત છે તે કામ ના માટે પ્રાણપર્યન્ત પ્રયત્ન કરવો જોઇએ.તેના માટે મરવું મિટવું જોઇએ.લોકો તો ધન અને માન-બડાઇના માટે મરી જાય છે,જેલ જાય છે તેનાથી તેમને માન મળે છે પણ...તેમનું કલ્યાણ થતું નથી.વસ્તુતઃ કલ્યાણના માટે મરવું જ અસલી ચીજ છે.માનવ મરે તો એવી રીતે મરે કે ફરીથી મરવું ના પડે..ધર્મના માટે મરે...!!

..........................................................................................................................

## જેવું અન્ન તેવું મન

મનુષ્યની જે સ્વાભાવિક વૃત્તિ સ્થિતિ ભાવ બને છે તેના બનવાના કેટલાય કારણો હોય છે,તેમાં આહાર પણ એક કારણ છે.કહેવત પણ છે કે જેવું ખાય અન્ન તેવું થાય મન..એટલે આહાર જેટલો સાત્વિક હોય છે,મનુષ્યની વૃત્તિ તેટલી જ સાત્વિક બને છે..એટલે કે સાત્વિક વૃત્તિ બનવામાં સાત્વિક આહારથી સહાયતા મળે છે.

ઉપનિષદોમાં કહેવામાં આવ્યું છે કેઃ અન્નમયં હિ સૌમ્ય મનઃ  જેવું અન્ન હોય છે તેવું જ મન બને છે.

(છાંદોગ્ય ઉપનિષદ)

અન્નની અસર મન ઉપર પડે છે.અન્નના સૂક્ષ્મભાગથી મન (અંતઃકરણ) બને છે.બીજા નંબરના ભાગથી વિર્ય..ત્રીજા ભાગથી રક્ત અને ચોથાભાગથી મળ બને છે કે જે બહાર નીકળી જાય છે.આથી મનને શુદ્ધ

બનાવવા માટે ભોજન શુદ્ધ પવિત્ર હોવું જોઇએ.ભોજનની શુદ્ધિથી મન (અંતઃકરણ)ની શુદ્ધિ થાય છે.

આહારશુદ્ધૌ સત્વશુદ્ધિઃ (છાંદોગ્ય ઉપનિષદઃ૨/૨૮/૨)

જ્યાં ભોજન કરીએ છીએ ત્યાંનું સ્થાન..વાયુમંડળ..દ્દશ્ય તથા તેના પર બેસીને ભોજન કરીએ છીએ તે આસન પણ શુદ્ધ..પવિત્ર હોવું જોઇએ,કારણ કેઃ ભોજન કરતી વખતે પ્રાણો જ્યારે અન્ન ગ્રહણ કરે છે ત્યારે તેઓ શરીરના બધા જ રોમકૂપોથી આસપાસના પરમાણુંઓને પણ ખેંચે છે..ગ્રહણ કરે છે, આથી ત્યાંનું સ્થાન વાયુમંડળ..વગેરે જેવા હશે.પ્રાણો તેવાં જ પરમાણુંઓ ખેંચશે અને તેઓના અનુસાર જ મન બનશે.ભોજન બનાવવાવાળાના ભાવો-વિચારો પણ શુદ્ધ સાત્વિક હોવા જોઇએ.

ભોજન કરતાં પહેલાં બંન્ને હાથ..બંન્ને પગ અને મુખ...આ પાંચેય શુદ્ધ-પવિત્ર જળથી ધોઇ લીધા પછી પૂર્વ કે ઉત્તર દિશાની તરફ મુખ રાખીને શુદ્ધ આસન પર બેસીને ભોજનની તમામ ચીજોને ભગવાનને અપર્ણ કરીને પ્રથમ કોળીયો ભગવાનનું નામ લઇને જ મુખમાં મુકવો.પ્રત્યેક કોળીયો મુખમાં મુક્યા પછી બત્રીસવાર ચાવવાથી તે તે ભોજન સુપાચ્ય અને આરોગ્યદાયક થાય છે તથા થોડા અન્નથી જ તૃપ્તિ થાય છે.ભોજન કરતી વખતે દરેક ગ્રાસે ભગવાનનું નામ જપવાથી અન્નદોષ દૂર થાય છે.

જે લોકો ઇર્ષ્યા..ભય અને ક્રોધથી યુક્ત છે તથા લોભી છે અને રોગ તથા દીનતાથી પીડિત છે તેઓ જે ભોજન કરે છે તે સારી રીતે પચતું નથી તેનાથી અજીર્ણ થઇ જાય છે એટલા માટે મનુષ્યએ ભોજન કરતી વેળાએ મનને શાંત તથા પ્રસન્ન રાખવું જોઇએ.મનમાં કામ,ક્રોધ,લોભ,મોહ..વગેરે દોષોની વૃત્તિઓને આવવા ન દેવી અને જો આવી જાય તો તે વેળાએ ભોજન ન કરવું, કેમકે વૃત્તિઓની અસર ભોજન પર પડે છે અને તે અનુસાર અંતઃકરણ બને છે.

ખરાબ વ્યક્તિની અથવા ભૂખ્યા કૂતરાની દ્દષ્ટ્રિ ભોજન પર પડી જવાથી ભોજન અપવિત્ર બની જાય છે.હવે તે ભોજન પવિત્ર કેવી રીતે થાય ? ભોજન પર તેની દ્દષ્ટિ પડી જાય તો તેને દેખીને મનમાં પ્રસન્ન થઇ જવું જોઇએ કે ભગવાન પધાર્યા છે,આથી તેને સૌથી પહેલાં થોડું અન્ન આપીને ભોજન કરાવી દેવું તેને આપ્યા પછી વધેલા શુદ્ધ અન્નને પોતે ગ્રહણ કરવાથી દ્દષ્ટિદોષ મટી જાય છે અને તે અન્ન પવિત્ર થઇ જાય છે.ભોજન કરવાવાળા તથા ભોજન કરાવવાવાળાના ભાવની પણ ભોજન પર અસર પડે છે જેમકે...

(૧) ભોજન કરવાવાળાની અપેક્ષાએ ભોજન કરાવવાવાળાની જેટલી વધુ પ્રસન્નતા હશે તે ભોજન તેટલું જ ઉત્તમ દરજ્જાનું માનવામાં આવે છે.

(૨) ભોજન કરાવવાળો તો ઘણી જ પ્રસન્નતાથી ભોજન કરાવે છે પરંતુ ભોજન કરવાવાળો મફતમાં ભોજન મળી ગયું,મારા આટલા પૈસા બચી ગયા..આનાથી મારામાં બળ આવી જશે.. વગેરે સ્વાર્થનો ભાવ રાખી લે તો તે ભોજન મધ્યમ દરજ્જાનું થઇ જાય છે..અને...

(૩) ભોજન કરાવવાવાળાનો એ ભાવ હોય કે આ ક્યાંથી મારા ઘેર આવી ગયો..આની પાછળ આટલો ખર્ચો કરવો પડશે..વગેરે ભાવો તથા ભોજન કરવાવાળામાં પણ સ્વાર્થભાવ હોય તો તે નિકૃષ્ટ દરજ્જાનું ભોજન થઇ જાય છે.

ભોજનના પદાર્થો સાત્વિક હોવા છતાં પણ જો તે ન્યાયયુક્ત અને સાચી કમાણીના નહીં હોય,પરંતુ નિષિદ્ધ રીતિથી પેદા કરેલા હશે તો તેનું પરીણામ સારૂ આવતું નથી..તેનામાં કંઇને કંઇ રાજસી..તામસી વૃત્તિઓ પેદા થશે જેથી પદાર્થોમાં રાગ વધશે,નિદ્રા,આળસ પણ વધારે થશે એટલે ભોજનના પદાર્થો સાત્વિક હોય..સાચી કમાણીના હોય પવિત્રતાપૂર્વક બનાવેલ હોય અને ભગવાનને ભોગ લગાવી શાંતિપૂર્વક ઓછી માત્રામાં ખાવામાં આવે તો તેનું પરીણામ ખુબ જ સારૂં આવે છે.

રાજસ ભોજન ન્યાયયુક્ત અને સાચી કમાણીનું હોવા છતાં પણ તત્કાળ તો ભોજનની અસર થવાની જ ! કારણ કેઃ ભોજ્ય પદાર્થોના શરીર સાથે વધારે સબંધ હોય છે પરંતુ ભોજન સાચી કમાણીનું હોવાથી પરીણામમાં વૃત્તિઓ સારી બનશે.

તામસ ભોજન સાચી કમાણીનું હોવા છતાં તામસી વૃત્તિઓ બનશે જ ! પરંતુ સાચી કમાણીનું હોવાથી આપણી વૃત્તિઓનું સ્થાયિત્વ રહેશે નહીં.શુદ્ધ કમાણીના પૈસાથી અનાજ વગેરેમાંથી પદાર્થો ખરીદવામાં આવે,રસોઇ પવિત્ર જગ્યાએ સ્વચ્છ વસ્ત્ર પહેરીને પવિત્રતાપૂર્વક બનાવવામાં આવે..ભોજન ભગવાનને અર્પણ કરવામાં આવે અને ભગવાનનું ચિન્તન અને તેમના નામનો જપ કરતાં કરતાં પ્રસાદ બુદ્ધિથી ભોજન ગ્રહણ કરવામાં આવે તો એવું ભોજન સાત્વિક ભોજન કહેવાય છે.

સ્વાર્થ અને અભિમાનની પ્રધાનતાના લીધે, સત્ય-અસત્યનો કોઇ વિચાર કર્યા વિના પૈસા કમાવવામાં આવે, સ્વાદ-શરીરની પૃષ્ટિ ભોગ ભોગવવાનું સામર્થ્ય વધારવાનો ઉદ્દેશ્ય રાખીને ભોજનના પદાર્થો ખરીદવામાં આવે,,જીભને સ્વાદિષ્ટ લાગે અને દેખવામાં પણ સુંદર લાગે એવી દ્દષ્ટિથી,રીતથી તેને બનાવવામાં આવે અને આસક્તિપૂર્વક ખાવામાં આવે એવું ભોજન તામસ ભોજન હોય છે.

જૂઠ-કપટ-ચોરી-લૂંટ-દગાબાજી..વગેરે કોઇ રીતે પૈસા કમાવવામાં આવે,શુદ્ધિ-અશુદ્ધિનો વિચાર કર્યા વિના માંસ-માછલી-ઇંડા..વગેરે ખરીદવામાં આવે,વિધિ-વિધાનનો કોઇ ખ્યાલ રાખ્યા વિના ભોજન બનાવવામાં આવે અને હાથ-પગ ધોયા વિના અને પગરખાં પહેરીને અશુદ્ધ વાયુમંડળમાં તેને ખાવામાં આવે તેવું ભોજન તામસી ભોજન કહેવાય છે.

એક મહાત્મા રાજ્યગુરૂ હતા.અવારનવાર તે રાજમહેલમાં રાજાને ઉપદેશ આપવા માટે જતા હતા.એક દિવસ તે રાજમહેલમાં ગયા અને ત્યાં જ ભોજન પણ લીધું.બપોરના સમયે તેઓ એકલા આરામ કરી રહ્યા હતા.નજીકમાં જ ખીટીં ઉપર રાણીનો કિંમતી હાર ભરાવેલ હતો. મહાત્માની નજર હાર ઉપર પડતાં જ તેમના મનમાં લોભ જાગી ઉઠ્યો.મહાત્માજીએ હાર ઉતારીને પોતાની ઝોળીમાં નાખી દીધો અને સમય થતાં પોતાની કુટીયા ઉપર આવી ગયા.આ બાજું રાજમહેલમાં હાર ન મળતાં તેની શોધખોળ શરૂ કરવામાં આવી.નોકરોની પૂછપરછ શરૂ કરવામાં આવી.મહાત્માજી ઉપર શંકા કરવાનો તો કોઇ પ્રશ્ન જ ન હતો,પરંતુ નોકરોની પૂછપરછ કરવાથી હારની ખબર કેવી રીતે પડવાની હતી ! કારણ કે તેઓ તો બિચારા નિર્દોષ હતા.પૂરા ચોવીસ કલાક વિતિ ગયા છતાં હારનો પત્તો ના મળ્યો.બીજી તરફ મહાત્માનો મનોવિકાર દૂર થયો,તેમને પોતાના કૃત્ય પર ઘણો જ પશ્ચાતાપ થયો.તે તુરંત જ રાજદરબારમાં પહોચ્યા અને રાજાની સામે જ હાર મુકીને બોલ્યા કે ગઇકાલે હું જ આ હારને ચોરી લઇ ગયો હતો.મારી બુદ્ધિ બગડી ગઇ હતી..મારા મનમાં લોભ આવી ગયો હતો.આજે જ્યારે મને પોતાની ભુલની ખબર પડી હો હાર લઇને દોડતો આવ્યો છું,પરંતુ મને સૌથી વધુ દુઃખ એ વાતનું છે કે ચોર હું હતો અને અહી બિચારા નિર્દોષ નોકરોની દશા ખરાબ કરવામાં આવી રહી છે.

રાજાએ હસીને કહ્યું કેઃ મહારાજ ! આપ હાર લઇ જાઓ ! એ તો અસંભવ વાત છે.મને લાગે છે કે જે કોઇ હારની ચોરી કરી લઇ ગયો હશે તે આપની પાસે પહોચી ગયો હશે આપ રહ્યા દયાળુ એટલે તેને બચાવવા માટે આપ આ ચોરીનો અપરાધ પોતાની ઉપર લઇ રહ્યા છો.

મહાત્માજીએ ઘણી જ સમજાવીને રાજાજીને કહ્યું કેઃ હે રાજન ! હું જુઠું બોલતો નથી.ખરેખર હાર હું જ લઇ ગયો હતો,પરંતુ મારી નિઃસ્પૃહા નિર્લોભ વૃત્તિમાં આ પાપ  કેવી રીતે આવી ગયું તેનો હું નિર્ણય કરી શકતો નથી.આજે સવારે જ્યારે જ્યારે મને અતિસાર(ઝાડા) થઇ ગયા અને અત્યાર સુધી મને પાંચ વાર

ઝાડા થઇ ગયા,તેથી મારૂં અનુમાન છે કે ગઇકાલે તમારે ત્યાં જે ભોજન જમ્યો હતો તેનો મારા નિર્મલ મન ઉપર પ્રભાવ પડ્યો હતો અને આજે અતિસાર થઇ જવાથી તે અન્નનો અધિકાંશ ભાગ મારી અંદરથી નીકળી ગયો છે ત્યારે મારો મનોવિકાર દૂર થયો છે.તમે શોધખોળ કરીને મને બતાવો કે ગઇકાલે મને જે ભોજન પીરસવામાં આવ્યું હતું તે કેવું હતું અને ક્યાંથી આવ્યું હતું ?

રાજાએ તપાસ કરાવી તો ભંડારીએ બતાવ્યું કેઃ એક ચોરે ખુબ જ સારી જાતના ચોખાની ચોરી કરી હતી.ચોરને અદાલતમાં સજા થઇ પરંતુ ફરીયાદી પોતાનો માલ લેવા અદાલતમાં હાજર ન હતો એટલા માટે આ માલ રાજ્યના ખજાનામાં જમા કરવામાં આવ્યો અને ત્યાંથી રાજમહેલમાં લાવવામાં આવ્યો.ચોખા ખુબ જ સારી જાતના અને કિંમતી હતા એટલે મહાત્માજીના ભોજન માટે ચોખાની ખીર બનાવવામાં આવી હતી.મહાત્માજીએ કહ્યું કે એટલા માટે જ રાજ્યના અન્નનો નિષેધ કરવામાં આવ્યો છે.જેમ શારીરીક રોગના સુક્ષ્મ માનસિક પરમાણુ ફેલાઇને રોગનો વિસ્તાર કરે છે તેવી જ રીતે સુક્ષ્મ માનસિક પરમાણુ પણ પોતાનો પ્રભાવ ફેલાવે છે.ચોરીના પરમાણુ ચોખામાં હતા તેનાથી જ મારૂં મન ચંચળ બન્યું અને ભગવાનની કૃપાથી અતિસાર(ઝાડા) થવાથી જ્યારે તેનો અધિકાંશ ભાગ મળ દ્વારા નીકળી ગયો ત્યારે મારી બુદ્ધિ શુદ્ધ થઇ ગઇ,એટલા માટે આહાર શુદ્ધિની આવશ્યકતા છે. કેમકે...

અન્નથી મન અને પાણીથી વાણી નિર્માણ થાય છે..!

મનુષ્યનું મન સ્વાભાવિક જ કયા ભોજનમાં લલચાય છે એટલે કે જે ભોજનની વાત સાંભળીને તેને જોઇને અને તેને ચાખીને મન આકૃષ્ટ થાય છે તેના અનુસાર તેની સાત્વિકી..રાજસી કે તામસી નિષ્ઠા માનવામાં આવે છે.

સાત્વિકી મનુષ્યોની રૂચિ સાત્વિક ખાનપાન..રહેણીકરણી કાર્યસમાજ વ્યક્તિ..વગેરેમાં હોય છે અને તેઓનો જ સંગ કરવાનો તેમને સારો લાગે છે.રાજસી મનુષ્યોની રુચિ રાજસ ખાનપાન.. રહેણી-કરણી..કાર્યસમાજ..વ્યક્તિ..વગેરેમાં હોય છે અને તેઓનો જ સંગ તેમને સારો લાગે છે. તામસી મનુષ્યોની રૂચિ તામસ ખાનપાન,રહેણી-કરણી,કાર્યસમાજ,વ્યક્તિ વગેરેમાં તથા શાસ્ત્ર વિરૂદ્ધ આચરણો કરવાવાળા નીચ મનુષ્યોની સાથે ઉઠવા બેસવા,ખાવા પીવા,વાતચીત કરવા, સાથે રહેવા,મિત્રતા કરવામાં હોય છે.તેઓનો જ સંગ તેમને સારો લાગે છે તથા તેવાં જ આચરણોમાં તેઓની પ્રવૃત્તિ થાય છે.

આયુષ્ય..સત્વગુણ..બળ..આરોગ્ય સુખ અને પ્રસન્નતા વધારવાવાળા હૃદયને શક્તિ આપવાવાળા રસયુક્ત તથા ચિકણા ભોજન કરવાના પદાર્થો સાત્વિક મનુષ્યને પ્રિય હોય છે.

અતિ કડવા-ખાટા,અતિ ખારા,અતિ ગરમ,અતિ તીખા,અતિ સૂકા તથા અતિ દાહકકારક આહાર રાજસી મનુષ્યને પ્રિય હોય છે કે જે દુઃખ, શોક અને રોગોને આપવાવાળા છે.

આવા ભોજન કર્યા પછી મનમાં પ્રસન્નતા થતી નથી પરંતુ સ્વાભાવિક ચિંતા રહે છે.આવા ભોજનથી રોગો થાય છે.

જે ભોજન અડધું પકાવેલું..રસરહિત..દુર્ગંધયુક્ત વાસી અને એંઠું છે તથા જે મહાન અપવિત્ર છે તે તામસી મનુષ્યને પ્રિય હોય છે.ચડવાના માટે જેમને પુરો સમય મળ્યો નથી તેવા અર્ધા ચઢેલા..તાપ વગેરેથી જેમનો સ્વાભાવિક રસ સૂકાઇ ગયો છે અથવા મશીન વગેરેથી જેમનો સાર ખેંચી લેવામાં આવ્યો છે તેવા દૂધ..દુર્ગંધવાળા..ડુગળી..લસણ વગેરે પાણી અને મીઠું ભેળવીને બનાવેલાં શાક રોટલા..વગેરે પદાર્થો રાત્રી વિતતાં વાસી કહેવાય છે. ભોજન પછી પાત્રમાં બચેલું અથવા એઠા હાથ લગાડેલું અને જેને ગાય બિલાડી-કૂતરૂં-કાગડો વગેરે પશુપક્ષી જોઇ લે તે બધું એંઠું માનવામાં આવે છે.

રજ-વિર્યથી પેદા થયેલા માંસ માછલી ઇંડા વગેરે મહાન અપવિત્ર પદાર્થો જે મડદાં છે અને જેમને અડવા માત્રથી સ્નાન કરવું પડે છે તે તામસ ભોજન છે.

ઘણા લોકો પ્રશ્ન કરે છે કે જો શરીર રહેશે તો મનુષ્ય સાધન ભજન કરશે તેથી અભક્ષ્ય ભક્ષણ કરવાથી જો શરીર બચી જાય તો શી હાની છે ? તેનો જવાબ છે કે અભક્ષ્ય ભોજન કરવાથી શરીર બચી જાય,મૃત્યુ ટળી જાય એ કોઇ નિયમ નથી.જો આયુષ્ય શેષ હશે તો શરીર બચી જશે અને આયુષ્ય શેષ નહીં હોય તો શરીર બચશે નહીં કેમકે શરીરનું બચવું કે ન બચવું પ્રારબ્ધને આધિન છે,વર્તમાન કર્મોને આધિન નથી.અભક્ષ્ય ભક્ષણથી  શરીર બચતું નથી.ફક્ત શરીરની થોડીક પૃષ્ટિ જ થઇ શકે છે,પરંતુ અભક્ષણનું ભક્ષણ કરવાથી જે પાપ લાગે છે તેનો દંડ તો ભોગવવો જ પડે છે.

આજકાલ કેટલાક લોકો જીવરહીત ઇંડા ખાવામાં દોષ માનતા નથી,પરંતુ તે ઉચિત નથી.જીવ રહીત હોવા છતાં પણ તે શાકભાજીની જેમ શુદ્ધ નથી,પરંતુ મહાન અશુદ્ધ છે કેમકે તે ઇડું મહાન અપવિત્ર રજ(રક્ત) અને માંસથી જ બને છે.

માતાઓ બહેનો જ્યારે રજસ્વલા(માસિક ધર્મમાં) થઇ જાય છે ત્યારે આપણે તેમને અડકતા પણ નથી,દૂરથી જ નમસ્કાર કરીએ છીએ કેમકે તેમનો સ્પર્શ કરવાથી અપવિત્ર થવાય છે.રજસ્વલા સ્ત્રીનો પડછાયો પ્ડવાથી સાપ આંધળો બની જાય છે અને પાપડ કાળા પડી જાય છે અને જળાશયને અડકતાં તેમાં જીવજંતુઓ પેદા થઇ જાય છે કારણ કે રજસ્વલા સ્ત્રીના શરીરમાંથી ઝેર નીકળે છે જેના નીકળી જવાથી તે શુદ્ધ થઇ જાય છે આ રીતે જે રજને અપવિત્ર માનવામાં આવે છે તે રજથી ઇડું બને છે એટલે ઇંડા ખાનારમાં તે અપવિત્રતા આવશે જ !!

## આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઃ    ભાગ-૧

- દેવતાઓ પણ મનુષ્યનો અવતાર કેમ ઝંખે છે ?

  સર્જનમાં મનુષ્ય અવતાર શ્રેષ્ઠ છે કારણ કે તેમાં ૨૪ તત્વો છે.

  પાંચ મહાભૂતઃ- પૃથ્વી,પાણી,અગ્નિ,વાયુ અને આકાશ.

  પાંચ જ્ઞાનેન્દ્રિયોઃ- આંખ,કાન,નાક,જીભ અને ત્વચા.

  પાંચ કર્મેન્દ્રિયોઃ- હાથ,પગ,વાણી,ગુદા અને ઉપસ્થ.

  પાંચ તન્માત્રાઓઃ- શબ્દ,સ્પર્શ,રૂપ,રસ અને ગંધ..

  અંતઃકરણના ચાર ભાગઃ મન,બુધ્ધિ,ચિત્ત અને અહંકાર..દેવોમાં પાંચ મહાભૂત નથી,માત્ર બે તત્વો જ છે.મનુષ્યયોનિ કર્મયોનિ છે,ભક્તિ કરી નરમાંથી નારાયણ બનવાની ક્ષમતા એકમાત્ર મનુષ્યમાં જ છે તેથી દેવતા પણ મનુષ્ય જન્મ ઇચ્છે છે.

- બત્રીસ લક્ષણો પુરૂષ કોને કહેવાય...

  પાંચ લક્ષણો માનવીનાં ગ્રહણ કર્યા હોયઃ- સ્વમાન,ધીરજ,વાક્પટુતા,ક્ષમા અને સત્ય.

  સાત લક્ષણો મોરલાનાં ગ્રહણ કર્યા હોયઃ- ઉચ્ચસ્થાને રહેવું,શત્રુને મારવો,મધુર બોલવું, સ્વરૂપે સુંદર હોવું,સુઘડતા રાખવી અને યુક્તિ પ્રયુક્તિ જાણવી અને એકલા રહેવું.

  છ લક્ષણો કૂતરાનાં ગ્રહણ કર્યા હોય...સંતોષ,અલ્પ નિન્દ્રા,તરત સમજી જવું,સ્વામી ભક્તિ,સાહસ અને કૃતજ્ઞતા.

પાંચ લક્ષણ કાગડાનાં ગ્રહણ કર્યા હોયઃ અવિશ્વાસ,લાજ,સમય પરીક્ષા,ચંચળતા અને
પોતાનાં હોય તેને સાથે રાખવાં.

ચાર લક્ષણ કૂકડાનાં ગ્રહણ કર્યા હોયઃ વહેલા ઉઠવું,યુધ્ધમાં અડગ રહેવું,પરીવારનું પોષણ
કરવું,સ્ત્રી ઉપર પ્રીતિ રાખવી.

ત્રણ લક્ષણ ગધેડાનાં ગ્રહણ કરવાં...મહેનત કરવી,દુઃખને ગણકારવું નહી,સંતોષી રહેવું.

એક લક્ષણ બગલાનું ગ્રહણ કરવું... ધ્યાન કરવું.

એક લક્ષણ સિંહનું ગ્રહણ કરવું... પરાક્રમ કરતા રહેવું.

- **યોનિઓ કેટલા પ્રકારની અને કંઇ કંઇ છે ?**

ચાર પ્રકારની યોનિઓ છે.

(૧) અંડજઃ ઇંડામાંથી ઉત્પન્ન થતા જીવો પક્ષીઓ વગેરે..આ યોનિઓમાં જ્ઞાનેન્દ્રિયો
તથા કર્મેન્દ્રિયો વિકાસ પામી હોય છે,પરંતુ તેનું કાર્યક્ષેત્ર ઘણું મર્યાદિત હોય છે.ઇન્દ્રિયો સહજ પ્રવૃતિથી કાર્યાન્વિત થાય છે તેમાં વિચાર શક્તિ હોતી નથી.

(૨) પિંડજઃ (જરાયુજ) પશુ અને મનુષ્યનો આ યોનિઓમાં સમાવેશ થાય છે.પક્ષીઓ કરતાં
પશુઓમાં કર્મેન્દ્રિયો વધુ પ્રમાણમાં વિકસિત હોય છે.ભલે સંકુચિતરૂપમાં પણ બુધ્ધિનો ઉપયોગ જોવા મળે છે,પરંતુ પશુ મનન-ચિંન્તન કરી શકતું નથી કે એને દૂરનું જોવાનું કાળજ્ઞાન હોતું નથી.પશુઓ મનુષ્યની જેમ સમજી વિચારીને કોઇ કાર્ય કરતાં નથી.

(૩) સ્વેદજઃ પરસેવામાંથી અથવા ગંદકીમાંથી ઉત્પન્ન થવાવાળા જીવો. આમાં અનેક
પ્રકારના જીવ જંતુઓનો સમાવેશ થાય છે,એમાં કર્મેન્દ્રિયો સક્રિય બને છે અને જ્ઞાનેન્દ્રિયો પણ મર્યાદિત પણે કામ કરે છે.

(૪) ઉદભિજ્જઃ પૃથ્વીને ફાળીને નીકળતાં વૃક્ષ વનસ્પતિ વગેરે.. એમાં કર્મેન્દ્રિયોનો પુરો
વિકાસ થતો હોતો નથી અને જ્ઞાનેન્દ્રિયો અજ્ઞાનને આધિન હોય છે.

- **રામાયણમાં ગરૂડજી કાકભુશુંડિજીને કયા સાત પ્રશ્નો પૂછે છે ?**

(૧) સૌથી દુર્લભ શરીર કયું ?

મનુષ્ય શરીરથી ચડીયાતું અન્ય કોઇ શરીર નથી.આવો દેવદુર્લભ દેહ મળ્યા પછી પણ જે વાસનાના કાદવમાં રગદોળાયા કરે છે તેને માત્ર દેહ જ મળ્યો છે-એમ માનવું જોઇએ.

(૨) સૌથી મોટું દુઃખ કયું ?

અણસમજ..દરિદ્રતા સમાન અન્ય કોઇ દુઃખ નથી.

(૩) સૌથી મોટું સુખ કયું ?

સાચી સમજ..સંતમિલન જેવું અન્ય કોઇ સુખ નથી.

(૪) સંત અને અસંત વચ્ચે ભેદ શું છે ?

સંતનાં લક્ષણઃમન..વચન અને શરીરથી અન્ય પ્રત્યે ઉપકાર કરવો એ સંતોનો સહજ સ્વભાવ હોય છે.સંત અન્યના હીત માટે પોતે કષ્ટ સહન કરે છે.

અસંતનાં લક્ષણઃઅન્યને કષ્ટ આપે છે.કષ્ટ આપવું એ તેનો સ્વભાવ બની જાય છે.

(૫) પરમધર્મ કોને કહેવાય ?

સ્વધર્મને જાણીને તે પ્રમાણે વર્તવું તથા અહિંસા એ જ પરમધર્મ છે.

(૬) સૌથી મોટું પાપ કયું ?

કોઇને બોજારૂપ બનવું..અન્યની નિંદા કરવી એ જ સૌથી મોટું પાપ છે.

(૭) વિપત્તિમાંથી નીકળવાનો માર્ગ કયો ?

નિરાશ ન થવું..હિંમત રાખવી..ધૈર્ય રાખવું..કર્તવ્યકર્મ કર્યા કરવું – એ જ વિપત્તિમાંથી બહાર નીકળવાનો માર્ગ છે.

- કોનો સંગ ના કરવો ?

દુષ્ટવૃત્તિ ધરાવનારાઓનો..કપટી અને લુચ્ચાઓનો..મૂર્ખ અને વ્યસનીઓનો સંગ ના કરવો.

- ધર્મનાં લક્ષણ કયા કયા છે ?

ધૈર્ય..ક્ષમા..દમ..અસ્તેય..શૌચ..ઇન્દ્રિયનિગ્રહ..બુધ્ધિ..વિધા..સત્ય અને અક્રોધ.. આ ધર્મનાં દશ લક્ષણો છે.

- અવિધા કોને કહેવાય ? તે કુટુંબના સભ્યો કોન છે ?

જે અહમભાવનું નિર્માણ કરે..જે અસત્ય છે તેને સત્ય માને..અનિત્યને નિત્ય માને એટલે કેઃમાયાને ઇશ્વર અને શરીરને આત્મા માને તેને અવિધા કહે છે. કામ..ક્રોધ..લોભ..મોહ..તૃષ્ણા..મમત્વ..મદ..મત્સર..શોક..ચિંતા..વગેરે અવિધાના કુટુંબના સભ્યો છે.

- ચિત્ત એટલે શું ? તેની અવસ્થા કંઇ કંઇ છે ?

ચિત્ત એટલે ચિન્તન કરવાની અંતઃકરણની વૃત્તિ..લાગણીઓના સમુહને અને સંગ્રહસ્થાનને..જ્યાં કતૃત્વનું અભિમાન અને ભોગવવાની વૃત્તિનો અભાવ પ્રવર્તે છે તે ચિત્ત છે.

મૂઢ ચિત્ત(પશુઓનું)...નિશ્ચેતન અથવા નિદ્રામાં પડેલું ચિત્ત.

ક્ષિપ્ત ચિત્તઃ(પશુઓનું)...અનિશ્ચિત અને ચંચલ ચિત્ત.

વિક્ષિપ્ત ચિત્તઃ  ક્યારેક નિશ્ચિત અને ક્યારેક અનિશ્ચિત.

એકાગ્ર ચિત્તઃ એકાગ્ર ચિત્ત અભ્યાસ દ્વારા પ્રાપ્ત થાય છે.આ સ્થિતિમાં મન ફક્ત એક જ પરમાત્મા તત્વમાં એકાગ્ર થવાનું શીખી લે છે.

નિરુધ્ધ ચિત્તઃ આ આ સ્થિતિમાં કશાયનું ચિન્તન રહેતું નથી.

- પાપના માતા પિતા કોન છે ?

મમતા – પાપની માતા છે..લોભ – પાપનો પિતા છે.

- શરીરને રથની ઉપમા કેમ આપવામાં આવે છે ?

જ્ઞાનીઓએ શરીરને રથ કહ્યો છે અને જીવને તેનો સ્વામી કહ્યો છે.કામ,ક્રોધ,લોભ.. જેવા રિપુઓને હણીને જીવ જીવનનું ધ્યેય સાધી શકે છે.

શરીર-રથ છે..ઇન્દ્રિયો-અશ્વો છે.વિષયો-માર્ગો છે.મન-લગામ છે.બુધ્ધિ-સારથી છે.ચિત્ત-રાસ(દોરડાં) છે.પૈડાંની ધરી-પ્રાણ છે.પૈડાં-ધર્મ અધર્મ છે.પ્રણવ-ધનુષ્ય છે.આત્મા-બાણ છે.જ્ઞાન-તલવાર છે.કામ..ક્રોધ..લોભ..વગેરે શત્રુઓ તથા લક્ષ્ય-બ્રહ્મ પ્રાપ્તિ છે.

- ચાર મહાવાક્ય કયાં ?

પ્રજ્ઞાનબ્રહ્મ – પ્રજ્ઞા બ્રહ્મ છેઃ ઋગ્વેદ.

તત્વમસિ - તે તું જ છેઃ સામવેદ.

અહં બ્રહ્માસ્મિ – હું બ્રહ્મ છું યર્જુવેદ.

અયમાત્મા બ્રહ્મ – આ આત્મા જ બ્રહ્મ છેઃઅથર્વવેદ..

- સપ્તર્ષિઓ અને ઋષિ પત્નિઓનાં નામ શું ?

વશિષ્ટ – અરૂંધતી, ભારદ્વાજ – પૈઠનસી, અત્રિ – અનસૂયા, વિશ્ર્વામિત્ર – હેમવતી, જમદગ્નિ – રેણુકા, ગૌતમ – અહલ્યા, અને કશ્યપ – અદિતિ.

.................................................................................................................

## આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઃ ભાગ-૨

(૧) મનુષ્યએ કઇ બાબતને નાની નજીવી ના ગણવી જોઇએ ?

પરમાત્માને..પાપને..રોગને..અગ્નિને તથા ઝેરના ટીંપાને નાનું સમજવું જોઇએ નહી.

(૨) મનુષ્યને શાનો ભય વધુ લાગે છે ?

પોતે કરેલા પાપનો..ભવિષ્યનો..આબરૂનો..વૃધ્ધાવસ્થાનો..આધિ-વ્યાધિ-ઉપાધિનો.. અતિનિકટના સ્નેહીજનોના કાયમી વિયોગનો..મૃત્યુનો..પોતે જેને મૂલ્યવાન સમજે છે તેને ગુમાવવાનો મનુષ્યને ભય લાગે છે.

(૩) પુનઃજન્મનું કારણ શું ?

અતૃપ્ત વાસનાઓ એ પુનઃજન્મનું કારણ છે.મૃત્યુથી ભૌતિક શરીર નાશ પામે છે,પરંતુ સુક્ષ્મ સંસ્કારો ટકી રહે છે,એ સંસ્કારો જ પુનઃજન્મનું કારણ બને છે.સુક્ષ્મ શરીર અકબંધ રહે છે.જીવ પ્રારબ્ધ કર્મ અનુસાર સુક્ષ્મ શરીર દ્વારા નવો જન્મ પામે છે.

(૪) કંઇ વ્યક્તિઓનો વિરોધ ના કરવો ?

ગુણવાન સજ્જનોનો,ડાંકટરોનો,લુચ્ચા લોકોનો,સંપત્તિવાનોનો અને પાલનપોષણ કરનારનો, શસ્ત્રધારીઓનો..રહસ્ય જાણનાર પડોશીનો તથા કવિ અને પંડિતજનોનો વિરોધ ના કરવો.

(૫) બે હાથ જોડીને પ્રણામ કરવા પાછળનું કારણ શું હોઇ શકે ?

બે હાથ દ્વૈત સૂચવે છે.ભેગા થાય ત્યારે અદ્વૈતનો સંકેત કરે છે અને સર્વમાં એ અદ્વૈત તત્વ જ રહેલુ છે તેનું સ્મરણ કરાવે છે.બે હાથ જોડાય છે ત્યારે અદ્વૈત સ્થિતિ પ્રાપ્ત કરવાની છે તેનું સ્મરણ થાય છે અથવા બે હાથ ભેગા થઇને અદ્વૈતના મહિમાનો સ્વીકાર કરે છે.દ્વૈતમાં અહમની હાજરી છે.બે હાથ ભેગા થઇ વ્યક્તિ કે મૂર્તિને પ્રણામ કરે છે ત્યારે અહમ ઓગળવાની શરૂઆત થાય છે, નમ્રતાનો પ્રારંભ થાય છે.

(૬) નમસ્કાર એટલે શું ?

નમસ્કાર એટલે નમ્રતાનું દર્શન..મમતા અને અહંકારની નિવૃત્તિ.જે વસ્તુને આપણે આપની માનીએ છીએ તે ખરેખર ભગવાનની છે અને આપણે પણ ભગવાનના છીએ એવા ભાવ સહિતની વંદના.

(૭) શંખ..ચક્ર..ગદા અને પદ્મ શું સૂચવે છે ?

શંખ – વાણીની શુધ્ધિ, સુદર્શન ચક્ર – દ્રષ્ટિની શુધ્ધિ, ગદા – કર્મમાં અહંકારનો નાશ કરતી શક્તિ અને પદ્મ – ચિત્તને નિર્મલ કરતી શક્તિ છે.

(૮) કોનો સંગ ના કરવો ?

દુષ્ટવૃત્તિ ધરાવનારાઓનો..કપટી અને લુચ્ચાઓનો..મૂર્ખ અને વ્યસનીઓનો સંગ ના કરવો.

(૯) આરતીનું મહત્વ શું છે ?

આરતી પાંચ મહાભૂતોનું સ્મરણ કરાવી તેમને પ્રણામ કરે છે.આચમની જળતત્વનું પ્રતિક છે. વસ્ત્ર પૃથ્વી તત્વનું પ્રતિક છે.ધૂપ વાયુ તત્વનું પ્રતિક છે.દિપક તેજતત્વનું પ્રતિક છે.ઘંટ આકાશતત્વનું પ્રતિક છે.જ્ઞાનેન્દ્રિયો પણ આરતી દ્વારા ઇશ્વરને અર્પણ કરવાની છે.દિપક આંખનું,ઘંટનાદ કાનનું,ધૂપ નાકનું,જળ જીભનું અને વસ્ત્ર ત્વચાનું પ્રતિક છે.

(૧૦) ચાર આર્યવૃત્તિઓ કંઇ છે ?

મૈત્રી..કરૂણા..મુદિતા અને ઉપેક્ષા – આ ચાર આર્યવૃત્તિઓ છે.

સૌના પ્રત્યે સ્નેહ..સૌનું હિત કરવાનો ભાવ..અન્યના સુખે સુખી થવાનો ભાવ તે મૈત્રી..

અન્યના દુઃખે દુઃખી થવું અને અન્યના દુઃખને દૂર કરવાનો ભાવ થવો તે કરૂણા..

અન્યની પ્રગતિથી પ્રસન્ન થવું..અન્યની ઉન્નતિની ઇર્ષા ના જાગવી એ  મુદિતા..

દુર્જનો પ્રત્યે દ્વેષભાવ ના રાખવો..તેમના પ્રત્યે રોષ ના કરવો..તેમનું બગાડવું નહી તે ઉપેક્ષા..

(૧૧) અભિમાનના કેટલા પ્રકાર છે ? કયા કયા ?

અનુભવી પુરૂષોએ અભિમાનના નવ પ્રકાર ગણાવ્યા છેઃ

કૂળનું અભિમાન..સંપત્તિનું અભિમાન..બળનું અભિમાન..સત્તાનું અભિમાન..

રૂપનું અભિમાન..વિદ્વતાનું અભિમાન..ચારિત્ર્યનું અભિમાન..કર્તવ્યનું અભિમાન..

દશમું અભિમાન ગણાવ્યું નથી પણ તે અતિ જોખમી છે તે એ કેઃમને અભિમાન આવતું નથી અથવા હું અભિમાનથી પર છું એવા ભાવની હાજરી અથવા તો નમ્રતા દેખાડવાનો પ્રયત્ન કરવો – તે દશમું અભિમાન છે.

(૧૨) બ્રહ્મજ્ઞાની અને બ્રહ્મર્ષિમાં શું ફરક છે ?

જેને બ્રહ્મનું જ્ઞાન થઇ જાય તેને બ્રહ્મજ્ઞાની કહેવામાં આવે છે,પરંતુ જે બ્રહ્મને વિજ્ઞાન અને જ્ઞાન દ્વારા અપનાવીને પોતાના જીવનમાં ઢાળે છે અને જે સિધ્ધ કરી શકે તેને બ્રહ્મ ઋષિ(બ્રહ્મર્ષિ) કહેવામાં આવે છે.જ્ઞાની જાણવાવાળાનું નામ છે તથા પ્રાપ્તિ સિધ્ધ કરનારને કહે છે.ખાંડ મીઠી છે તે દરેક જાણે છે,પરંતુ કેમ મીઠી છે? અને મિઠાશ શું છે? તે કોઇક જ જાણે છે.

(૧૩) જ્યારે કોઇ માણસનું મૃત્યુ થાય છે તો પાંચે તત્વો(પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-આકાશ) પોતપોતાના સ્ત્રોતમાં ભળી જાય છે...જેમકે, સાગરમાં પાણી ભરેલી ગાગર જ્યારે તૂટી જાય છે તો સાગરનું પાણી સાગર બની જાય છે..આ પરમાત્મા પણ સાગર જેવા છે અને તમામ માનવ(ગાગર) મટી જાય(તૂટી જાય) તો તમામ માનવ (બ્રહ્મજ્ઞાની હોય કે અજ્ઞાની) પરમાત્મારૂપી સાગરમાં મળી પરમાત્મા સ્વરૂપ બની જવા જોઇએ...શું આમ થાય છે ખરૂ ?

જી..હા.. પરંતુ આ ગૂઢ રહસ્યને સમજવા માટે આપશ્રીએ વેદાંકીય શાસ્ત્રોનું અધ્યયન કરવું પડશે.જેથી આપ નિરાકાર અને સાગર એટલે કે,જડ અને ચેતનનું વાસ્તવિક સ્વરૂપ અને કાર્ય સમજી

શકો.સાધારણ રૂપમાં એમ કહી શકાય કે, આત્માનું પરમાત્મામાં મળવું એક ભ્રમ છે. આત્મા તો પરમાત્મા સાથે સદૈવ મળેલી જ હોય છે.શરીર રહે કે તૂટે તેનાથી આત્મા ટ્રટતી કે મરતી નથી.જેમ બલ્બ તૂટતાં કે ખરાબ થવાથી મૂળ વિજળીની લહેર તૂટતી નથી.વિજળી બલ્બ હોય તો પણ અને ના હોય તો પણ પોતાના કેન્દ્ર સાથે જોડાયેલી હોય છે.જીવના મન,બુધ્ધિ,ચિત્ત અને અહંકાર..એટલે કે,જીવનું સૂક્ષ્મ શરીર જ જડ શરીરને ધારણ અથવા ત્યાગનાર છે આત્મા નહી.

(૧૪) શું નિર્ગુણ નિરાકાર પરમાત્માએ તમામે તમામ પહેલેથી જ રચી(નિયત કરી) રાખ્યું છે ? જો એમ હોય તો માનવીને કોઇ દૌડ ધૂપ કરવાની શું આવશ્યકતા છે ?

વાત તો તમારી સાચી છે કે પ્રભુએ તમામે તમામ પહેલાંથી જ નિયત કરી રાખ્યું છે,પરંતુ તે તમામનો ઉપભોગ અથવા ઉપયોગ કરવા માટે અમારે પરિશ્રમ કરવો પડે છે.જેમ આપ જાણો છો કે,રસોડામાં ખાવાપીવાનો સામાન હોય છે,પરંતુ તેનો ઉપભોગ કરવા માટે પ્રયત્ન તો કરવો જ પડે છે.આ પ્રયત્નને કર્મ કહેવામાં આવે છે અને કર્મ કરવામાં મનુષ્ય એવી જ રીતે સ્વતંત્ર છે જેવી રીતે રસોઇ ઘરમાં દાળ-શાક-પૂરીની પસંદગીમાં મહીલા...

(૧૫) નિરાકાર (પરમાત્મા) અને આકાશમાં શું ફર્ક છે ?

નિરાકારનો અર્થ થાય છે જેનો કોઇ આકાર ના હોય..અને આકાર તો આકાશનો પણ હોતો નથી..આકાશ સૃષ્ટ્રિ રચનામાં પાંચ મહાભૂતોમાંનું એક છે અને શબ્દ ગુણવાળું માનવામાં આવે છે.શબ્દાર્થમાં અમે તેને પણ નિરાકાર કહી દઇએ છીએ..પરંતુ વાસ્તવમાં મન-બુધ્ધિ દ્વારા જે જડ અને સુક્ષ્મનું જ્ઞાન થાય તે તમામ આકાર રહિત માનવા જોઇએ અને જે વિવેક દ્વારા અનુભૂતિ છે તેને નિરાકાર સમજવો જોઇએ, એટલા માટે ફક્ત સર્વવ્યાપક બ્રહ્મને જ નિરાકાર પ્રભુની સંજ્ઞા આપવામાં આવે છે.જો કે આકાશ ગુણ સહિત છે,તેનો ગુણ શબ્દ છે.જ્યારે બ્રહ્મ ગુણાતીત છે.(ગુણોના જન્મદાતા હોવા છતાં નિર્ગુણ છે)..પાંચો તત્વ(પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-આકાશ) ગમે તેટલાં વિશાળ અને શક્તિશાળી ભલે હોય,પરંતુ તમામ સિમાબધ્ધ છે.જ્યારે બ્રહ્મ અસિમ છે.વૈજ્ઞાનિકોના મત અનુસાર વાયુમંડળની ઉપર આકાશ મંડળ છે જેને તે શૂન્ય અથવા ઇશ્વર પણ કહે છે,પરંતુ હજુ તેમને એ શૂન્ય જેમાં સમાયું છે તેની સંજ્ઞા આપવાની બાકી છે.જ્યારે આધ્યાત્મિક દાર્શનિકોએ તેને બ્રહ્મનું નામ આપી દીધું છે.એટલે આ બંન્નેમાં ફર્ક સ્પષ્ટ છે કે એક સર્વશક્તિમાન છે અને બીજી શક્તિ..એક સર્વવ્યાપક છે તો બીજું અતિવ્યાપક છે.એક સર્વગુણનિધાન છે તો બીજું વિશેષ ગુણવાન.. ટૂંકમાં કહેવું હોય તો એક રચયિતા તો બીજી રચના છે.આ સંદર્ભમાં આપે દ્વિતિય મુંડક ઉપનિષદના પ્રથમ ખંડનો અભ્યાસ કરવો જોઇએ,તેના બીજા અને ત્રીજા શ્લોકમાં જ આપના પ્રશ્નનો જવાબ આપવામાં આવ્યો છે.

(૧૬) જ્ઞાન જીવને થાય છે કે આત્માને...? મુક્ત જીવ થાય છે કે આત્મા...? જીવ અને આત્મા વચ્ચે શું સબંધ છે ? જીવના ગુણો અને પરિભાષા શું ?

જીવના વિશે ધર્મગ્રંથોમાં એટલી બધી પરિભાષા આપવામાં આવી છે કે તમામનું વર્ણન કરવું કઠિન છે,તેમછતાં સારગ્રહી જે વાત અમે સમજી શક્યા તે એ છે કેઃ- પાંચ જ્ઞાનેન્દ્રિયો..પાંચ કર્મેન્દ્રિયો..મન..બુધ્ધિ..ચિત્ત અને અહંકાર.. આ ચૌદ સંમિલિત થાય તેને જીવ કહેવામાં આવે છે એ માયાના ભ્રમમાં પડીને પોતાના નિજ સ્વરૂપને ભૂલી જાય છે.સાધનને જ સર્વસ્વ સમજી બેસે છે અને તેના મોહમાં આવાગમનના ચક્કરમાં ફર્યા કરે છે,પરંતુ જ્યારે તેના પોતાના નિજ સ્વરૂપનું જ્ઞાન

થાય છે ત્યારે પોતાના મૂળની સાથે જોડાઇને મુક્ત થઇ જાય છે,એટલા માટે જીવને લગભગ જીવાત્માની સંજ્ઞા આપવામાં આવે છે.

(૧૭) સૃષ્ટ્રિના રચયિતાએ સૌથી પહેલાં શું બનાવ્યું ત્રણ ગુણ કે પાંચ તત્વ...?

ધર્મશાસ્ત્રોમાં વર્ણવ્યા અનુસાર સૃષ્ટ્રિ જેનું નામ છે તે પાંચ તત્વોનો સંગ્રહ છે એટલા માટે જ્યારે સૃષ્ટ્રિ નામ જ પાંચ તત્વોનું છે તો પછી પહેલાં કે પછીનો પ્રશ્ન જ કેવો ?

(૧૮) એક ગુરૂભક્તમાં કયા કયા ગુણો હોવા જોઇએ ?

એક જ ગુણ પુરતો છે એટલે કે પૂર્ણ સમર્પણ.

(૧૯) માનવી સન્માન પ્રાપ્ત કરવા યોગ્ય ક્યારે બને છે ? તેને સન્માન પ્રાપ્ત કરવા શું કરવું જોઇએ ?

સન્માન પ્રાપ્ત કરવાનું એક જ સાધન છેઃબીજાઓનું સન્માન કરો અને આમ કરવા માટે નમ્રતા અને સદભાવના હોવી અનિવાર્ય છે, એટલે સન્માન પ્રાપ્ત કરવા માટે નમ્રતા અને નિઃસ્વાર્થભાવથી માનવતાના ઉત્તમ સિધ્ધાંતો પર આધારિત વ્યવહારિક જીવન જીવવું જોઇએ.

(૨૦) સૃષ્ટ્રિનું નિર્માણ ક્યારે.. અને કેવી રીતે અને કેમ થયું ?

આ વિશે અલગ અલગ ધર્મગ્રંથોમાં અલગ અલગ વિવરણ છે,એટલા માટે આપે તમામ વેદાંત્તિક ગ્રંથો વાંચવા જોઇએ.આર્ય માન્યતા અનુસાર સૃષ્ટ્રિની રચના પરમાત્માએ એક સે અનેક હો જાઉં-ના સંકલ્પથી કરી છે.આ સંકલ્પ ક્યારે કર્યો? આ વિશે કોઇ સમય નિશ્ચિત કરવો કઠિન છે,કારણ કેઃઆ વિશે ગ્રંથો બતાવે છે કેઃલીલાધારીએ પોતાની લીલા જોવા માટે જ આમ કરેલ છે.વિજ્ઞાન તો ઉર્જા અને તેની ક્રિયા પ્રક્રિયાને સૃષ્ટ્રિ માને છે અને તેનું કારણ ઉર્જાની સ્વચાલિત ગતિને પરિણામ સમજે છે.

(૨૧)જેના મનને દુનિયા ડાવાડોલ કરી દે તો તેને શું કરવું જોઇએ ?

દુનિયા મનને ડાવાડોલ કરતી નથી એ તો અમે પોતે બીજાઓનો પ્રભાવ ગ્રહણ કરીને પોતાની સ્થિતિ બદલી લઇએ છીએ.અમારે યાદ રાખવું જોઇએ કે,મન વિચારોનું નામ છે.જો અમારા વિચારો શુધ્ધ અને પવિત્ર છે અને અમોને તેના ઉપર દ્રઢ વિશ્વાસ છે તો પછી તે હલી શકતા નથી.

(૨૨)કર્મોના ફળ કોને ભોગવવા પડે છે ? જ્યારે આત્મા તો નિર્લેપ હોય છે ?

પ્રશ્ન ખૂબ જ વિસ્તારથી સમજવો પડે...કારણ કેઃકર્મોનું પોતાનું એક વિધાન છે.જેને સૃષ્ટ્રિકર્તાએ પોતે બનાવ્યું છે,પરંતુ તેમાં પોતે(પરમાત્મા)લિપ્ત થતા નથી.ચેતન સત્તાની સહાયતાથી અમારૂં સૂક્ષ્મ શરીર જડ શરીર દ્વારા કર્મો કરે છે અને તેને જ ફળ ભોગવવાં પડે છે.જડ શરીરની કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો સાધન હોય છે,એટલા માટે તેમાં વિકાર આવી જવો સ્વાભાવિક છે,પરંતુ સુખદુઃખનો અહેસાસ વાસ્તવમાં સૂક્ષ્મ શરીરને થાય છે.શાસ્ત્રોમાં સૂક્ષ્મ શરીર મન..બુધ્ધિ..ચિત્ત..અહંકારના મિશ્રણને કહે છે.ચેતનસત્તા(આત્મા)નિર્લેપ છે,પરંતુ સુક્ષ્મ શરીર કામ..ક્રોધ..વગેરે..પાંચ વિકારોથી ગ્રસ્ત છે,એટલા માટે તેને કર્મફળ ભોગવવાનું..સુખદુઃખનો અનુભવ થાય છે.દા.ત..જેમ વિજળીની સત્તાથી સૂક્ષ્મ પ્રકાશ કોઇ વડ બલ્બ દ્વારા પ્રગટ થાય છે.સતત સળગતો રહેવાથી બલ્બ વગેરે..ખરાબ થઇ જાય છે,પરંતુ સૂક્ષ્મ પ્રકાશ વિધુત્ત તારોમાં હાજર હોય છે.વિજળીની સત્તા દરેક સ્થિતિમાં નિર્લેપ રહે છે તેવું સમજો...

.......................................................................................................................

ધર્મ દરેક માનવને માનવ બનવાની પ્રેરણા આપે છે તથા કંઇક બનતાં પહેલાં માનવ બનવાની શીખ આપે છે.માનવ જ માનવના દુઃખ દર્દને સમજી શકે છે એટલે જ માનવ કંઇપણ બનતાં પહેલાં ફક્ત માનવ બને તો સમાજની કાયાકલ્પ થઇ શકે છે.સમાજના તમામ ઝઘડા.. તમામ મુસિબતોનો ઉકેલ નીકળી શકે છે..કારણ કેઃએક સાચો માનવ જ સાચો અધિકારી બની શકે છે..સાચો માલિક બની શકે છે..એક સાચો માનવ જ સાચો નોકર..સાચો મજદૂર બને છે.એક સાચા માનવમાં અહંકાર, ધૃણા..ઇર્ષ્યા..વેર વિરોધની ભાવના રહેતી નથી.ધર્મનું શિક્ષણ અપનાવવાથી તથા પરમપિતા પરમાત્માને તત્વરૂપમાં જાણવાથી જ માનવ માનવ બની શકે છે અને આ જ માનવમાત્રનો ધર્મ છે.

કુશળ માર્ગદર્શકના કુશળ નેતૃત્વમાં આજે "બહુજન હિતાય..બહુજન સુખાય" ની ભાવના સંત નિરંકારી સમાજમાં સ્પષ્ટ પરિલક્ષિત થાય છે.

સંત નિરંકારી મિશનના વડા સદગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજ(નિરંકારી બાબા)નું કથન છે કેઃ સંસારમાં કોઇપણ મનુષ્યને કોઇપણ પ્રકારનું સુખ પ્રાપ્ત થાય છે તો તે એમ જ સમજે છે કેઃ બસ ! હું જ સુખી બનેલો રહું અથવા મારો પરીવાર જ સુખી રહે ! પરંતુ ભક્તના હ્રદયમાં આવી ભાવના હોતી નથી.ભક્ત સમગ્ર સંસારના માટે સુખોની કામના કરે છે.ભક્તના હ્રદયમાં એવી ભાવના હોય છે કેઃ જેવી રીતે મેં આ આત્મિક સુખને મેળવ્યું છે.આ આત્મિક સુખ સંસારમાં વસનાર તમામ પ્રાણીઓ પણ મેળવે. આ આત્મિક સુખ પરમાત્માને જાણવાથી જ પ્રાપ્ત થાય છે અને ત્યારબાદ માનવને દરેક જગ્યાએ એક પરમાત્માનું નૂર જ નજરમાં આવે છે તથા વૈર વિરોધની, નફરતની ભાવના આપોઆપ દૂર થાય છે.માનવમાત્રને સુખી જોવાની સંતોમાં અદમ્ય અભિલાષા હોય છે. સંતોનું કર્મ જ એ હોય છે કેઃ તમામને મૂળ સત્ય(પરમાત્મા)ની સાથે જોડવામાં આવે.

સંત નિરંકારી મિશનના વડા ગુરૂદેવ હરદેવજી મહારાજ કહે છે કેઃ

"સંતોની એવી ભાવના હોય છે કે કોઇપણ પ્રાણી કે જેને મનુષ્ય જન્મ મળ્યો છે તેમને મૂળ સત્ય (પરમાત્મા)ની સાથે જોડવામાં આવે,જેનાથી તેને પણ આ સત્યની સાથે મળીને અમર અવસ્થા પ્રાપ્ત થાય અને આવાગમનનું ચક્ર સમાપ્ત થાય તથા તેના મનમાં પ્રેમ અને નમ્રતાનો નિવાસ થાય."

સંસારની તમામ શક્તિઓ અસ્થિર છે.જો માનવી આવી શક્તિઓ ઉપર પોતાનો વિશ્વાસ રાખશે તો તેનું જીવન પણ અસ્થિર બનેલું રહેશે.આવી પરિવર્તનશીલ શક્તિઓનો સહારો લેવાથી માનવ જીવનમાં સ્થિરતા આવી શકતી નથી.જો અમારે પોતાના જીવનમાં સ્થિરતા પ્રાપ્ત કરવી હશે તો સત્ય..સનાતન..સ્થિર પરમાત્માની સાથે પોતાનો સબંધ જોડવો પડશે કે જે આદિથી અંત સુધી એકરસ છે અને એકરસ રહેવાના છે,તેમાં કોઇ પરીવર્તન થતું નથી.

શ્રીમદ ભગવદગીતા (૨/૨૩-૩૪) માં આ પરમતત્વના વિશે કહ્યું છે કેઃ

"આ અશરીરીને શસ્ત્રો છેદી શકતાં નથી..અગ્નિ બાળી શકતો નથી..જળ ભિંજવી શકતું નથી અને વાયુ સુકવી શકતો નથી."

કારણ કેઃઆ નિત્ય રહેવાવાળો,બધામાં પરીપૂર્ણ..અચળ..સ્થિર સ્વભાવવાળો અને અનાદિ છે.આ વિશાળ શક્તિ જ સમગ્ર સંસારને ચલાવનાર છે તેને જાણીને જ માનવ આનંદ સ્વરૂપ બની પરમધામને પ્રાપ્ત કરી શકે છે.પરમાત્માની સાથે જોડાવવું એટલે પરમાત્માને જાણીને..માનીને..સેવા સુમિરણ-સત્સંગમાં દિલથી લાગી જવું.હરક્ષણ આ પ્રભુ પરમાત્માને અંગસંગ જોઇને તેમની પ્રાર્થના.. સ્તુતિ..સુમિરણ કરવાં. અમારે અહીં તહીં ભટકવાની જરૂર નથી.ઘણીવાર અમોને એ ચિંતા થાય છે કે સંસારના ભયાનક કષ્ટો અમોને પરેશાન

કરશે ! આ દુનિયાના લડાઇ ઝઘડા અમોને જીવન જીવવા નહી દે ! પરંતુ અમે જ્યારે પરમાત્માથી પોતાને અલગ સમજી બેસીએ છીએ ત્યારે જ આવી ચિંતા થાય છે.જો અમે પૂર્ણ રીતે પૂર્ણભાવથી પ્રભુ પરમાત્માને અંગસંગ સમજીને તેનું ધ્યાન કરીએ તો કોઇ વાળ પણ વાંકો થઇ શકતો નથી.અમારી અંદર તમામ પ્રકારની મુસીબતો સહન કરવાની શક્તિ આવી જાય છે.

ભક્તિથી જીવનમાં નમ્રતા અને સહિષ્ણુતા આવી જાય છે.ભક્તની અર્પણ ભાવનાના કારણે..બીજાના દૃષ્ટિકોણનો આદર કરવાના કારણે ભક્તનું પ્રેમભર્યું દિલ સમગ્ર જગતને પોતાનો જ પરીવાર જુવે છે.

વાસ્તવમાં ભક્ત પ્રાચિન સંતોના જીવન અનુસાર પોતાનું જીવન બનાવી દરેકની સાથે નિઃસ્વાર્થ પ્રેમ કરે છે અને તેથી તેમના જીવનમાં આનંદ આવે છે.આજે જગતનો માનવ ભૌતિક સાધનોના માધ્યમથી આનંદની પ્રાપ્તિ કરવા પ્રયત્ન કરે છે,પરંતુ વાસ્તવિક સાચો આનંદ પોતે પોતાને અદનો આદમી સમજવાથી,પોતે પોતાને અર્પણ કરવાથી અને પોતાનામાં દાસ ભાવના લાવવાથી જ આવે છે.અલગ અલગ ફુલોની જેમ સંસારમાં ભિન્ન ભિન્ન પ્રકારના સામાજીક પરીવેશમાં જીવનાર લોકો હંમેશાં રહ્યા છે અને રહેશે,તેમનામાં ફુલહારની જેમ એકતા કે સામ્યભાવ બ્રહ્મજ્ઞાનથી જ સંભવ છે.આ બ્રહ્મજ્ઞાન જ એક એવું માધ્યમ છે કે જેનાથી વિભિન્ન જાતિઓ..સંપ્રદાયો અને માન્યતા ના લોકોને માનવતાની માળામાં પરોવી શકે છે અને એ જ માનવ સમાજની શાન છે.સંસારમાં ઘણા જ પ્રકારના ફુલો હોય છે.આ ફુલો જ્યાં સુધી છુટાં હોય છે ત્યાં સુધી પવન તેમને ઉડાડીને દૂર દૂર ફેંકી દે છે,પરંતુ જો આ ફુલોને સોઇ-દોરાની મદદથી એક ફુલહારનું રૂપ આપી દેવામાં આવે તો પવન તેને અલગ કરી શકતો નથી,એવી જ રીતે આ જ્ઞાનરૂપી દોરાથી જ્યારે માનવોને પરોવી દેવામાં આવે તો પછી તે બધા એક બની જાય છે,પછી ગોરા કાળાની ભાવના,ઉંચ નીચના ભેદની ભાવના, જાતિપાતિની ભાવના તેમનામાં આવતી નથી અને તે જગતને સુંદરતા પ્રદાન કરે છે, સંકિર્ણ સાપ્રદાયિકતા નહી ! પરંતુ આજે સમાજની એ દુર્દશા છે કેઃ તે સંપ્રદાયને જ ધર્મ માની બેઠો છે,માટે ધર્મના મૌલિક સિદ્ધાંતોને પ્રાથમિકતા આપવાની જરૂર છે.જો માનવ ધર્મના મર્મને સમજે તો આંતરીક સંઘર્ષ તથા તનાવ આપોઆપ સમાપ્ત થઇ જાય છે.ધર્મનો મર્મ-ધર્મ શું છે ? ધર્મની વાસ્તવિકતા શું છે તે સમજાવતાં ગુરૂદેવ હરદેવસિંહજી મહારાજ(નિરંકારી બાબા) કહે છે કેઃ

"ધર્મ તો અપનાવવાનું નામ છે,પડતાને ઉઠાવવાનું નામ છે,ધર્મ તો બીજાને બચાવવા માટે પોતે પોતાને સમર્પિત કરવાનું નામ છે,ધર્મ અનેક નથી, ધર્મ એક જ છે કેઃ પોતાના સ્વામી એક પરબ્રહ્મ પરમાત્મા કે જે નિર્ગુણ નિરાકાર અવ્યક્ત છે તેમને જાણવા અને માનવમાત્રમાં તેમનું જ દર્શન કરવું."

આજે સંસારમાં માનવ અનેક ધર્મોને માનવાની વાતો કરે છે,પરંતુ જે વાસ્તવિક ધર્મ છે તેનાથી દૂર નીકળી ગયો છે.માનવ શરીરની બનાવટ..તેનો પહેરવશે તથા તેના ખાન-પાનને જોઇને જ કહેવામાં આવે છે કેઃ આ ફલાણાનો ધર્મ છે,પરંતુ સંત મહાત્માઓએ આ બધી વાતોથી પર જે અટલ ધર્મની વાત કરી છે તે વાસ્તવિક ધર્મ છે.સંતોએ માનવમાત્રને સંદેશ આપ્યો છે કેઃ હે માનવ ! તને આ માનવ જન્મ મળ્યો છે તો પોતાના માલિક નિરાકાર પરબ્રહ્મ પરમાત્માની ઓળખાણ કરી લે અને ત્યાર પછી તમામ માનવોમાં તેમનું જ નૂર જોઇને તમામની સાથે પ્રેમ કર..તમામના ભલા માટે કામના કર...એ જ વાસ્તવિક ધર્મ છે,તેના સિવાય અન્ય કોઇ ધર્મ નથી.

સાંપ્રદાયિક લડાઇ ઝઘડાઓ તથા વૈરભાવના..દ્વેષવૃત્તિના પર ટીપ્પણી કરતાં તથા તેના નિદાન વિશે મંતવ્ય આપતાં ગુરૂદેવ હરદેવસિંહજી મહારાજ કહે છે કેઃ

"અમારા દેશમાં આજે જે લડાઇ ઝઘડાઓ થઇ રહ્યા છે તેનું મૂળ કારણ તંગદિલી અને સંકુચિતતા છે. જ્યારે

અમે ધર્મના વાસ્તવિક સ્વરૂપને સમજી લઇશું અને માનવ એકતાની ભાવના જીવનમાં કર્મરૂપમાં લાવીશું તો જ આનો અંત આવશે.માનવોએ એ સમજી લેવું જોઇએ કેઃ

"ધર્મનું કામ જોડવાનું છે તોડવાનું નહિ"

કોઇપણ ગુરૂ-પીર-પેગમ્બરોએ અંદરોઅંદર વેર વિરોધ કરવાનું શિક્ષણ આપ્યું નથી.પરમાત્મા એક છે અને તમામ મનુષ્ય એક પરમાત્માનાં જ સંતાન છે તેથી સંસારના તમામ માનવ ભાઇ ભાઇ છે.

જો માનવ સત્ય ધર્મની સાથે જોડાઇ જાય તો સમાજમાં અવશ્ય સુધારો થઇ જશે.ઉપરોક્ત વાતોથી એ સ્પષ્ટ થાય છે કેઃ આજે સંત નિરંકારી મિશન એક એવા સમાજને જન્મ આપી રહ્યું છે જેમાં તમામ ધર્માવલમ્બી કોઇપણ ભેદભાવ વિના માનવતાની ધરાતલ પર ભેગા થઇ રહ્યા છે તે તમામ પોતાની સામાજીક જીંદગીને પોતાની માન્યતાઓ..ધારણાઓ..પરંપરાઓને અનુરૂપ જીવવા માટે સ્વતંત્ર છે.એક પરમાત્માનું જ્ઞાન તેમને આત્મિક એકતાના સૂત્રમાં બાંધે છે.સત્ય ધર્મ બધાને અંદરો અંદર જોડવાનું કામ કરે છે કેમકેઃ ધર્મનું કામ જોડવાનું છે તોડવાનું નહિ"

વર્તમાન સમયમાં ધર્મના નામ ઉપર માનવજાતિનું વિભાજન થઇ રહ્યું છે.આજે અલગ અલગ સંપ્રદાય તથા વિભિન્ન પ્રકારની પૂજા પદ્ધતિઓના કારણે એકબીજાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે.સાકાર ઉપાસનાથી ઉપાસ્યના અનેક રૂપ બનાવીને એક અખંડ પરમાત્માના પણ વિભિન્ન પ્રકારને અલગ અલગ રૂપોમાં પ્રગટ કરવામાં આવ્યા છે.માનવસમાજની આ વિષમ પરિસ્થિતિમાં સમાજના રોગનું યોગ્ય નિદાન કરીને સંત નિરંકારી મિશનના વડા ગુરૂદેવ હરદેવજી મહારાજે આરાધ્યદેવ અથવા ઉપાસ્યની જગ્યાએ એક પ્રભુની સ્થાપના કરી અને અનેક ધર્મો તથા પંથોની જગ્યાએ એક માનવધર્મનો પ્રચાર કર્યો છે.સંત નિરંકારી મિશનના સંસ્થાપકોએ અનુભવ કર્યો કેઃ ઉપાસ્યની દ્રષ્ટિથી જે પણ ભેદભાવ છે તે તમામ સાકારમાં છે,પરમાત્માના મૂળ સ્વરૂપ નિરાકાર તત્વમાં કોઇ ભેદભાવ નથી,એટલે તેમને યુગની આવશ્યકતાને ધ્યાનમાં રાખીને પ્રભુનું સર્વશ્રેષ્ઠ નામ "નિરાકાર" ની ઘોષણા કરી છેઃ

મહા આકાશ આકાશની અંદર, વ્યાપી રહ્યો છે જે દાતાર,
સમયના માલિકે રાખ્યું છે, આનું નામ જ નિરાકાર.
જે કાંઇ દ્રશ્યમાન છે જગમાં, એ સૌ આનો જ છે વિસ્તાર,
દીન-દુઃખીને ભક્તોનો રક્ષક, સૃષ્ટિનો છે સર્જનહાર.
આ જ છે નૈયા, આ જ છે નાવિક, આ જ ઉતારે છે ભવપાર,
વેદ ગ્રંથ સૌ કહી કહી થાક્યા, આ અનંત ને છે અપાર.
જપ-તપથી ના જાણી શકાતો, કર્મ ધર્મથી ઘણો જ દૂર,
કહે "અવતાર" મળે જો સદગુરૂ, હટાવી પડદો દેખાડે નૂર. (અવતારવાણીઃપદ-૧૧)

પ્રભુના એક નામની જેમ જ અનેક સંપ્રદાયો..પંથો તથા ધર્મોના સ્થાને ફક્ત એક માનવધર્મની ઘોષણા કરવામાં આવી છે.હિન્દુ-મુસ્લિમ-શીખ-ઇસાઇ..કહેવડાવવાવાળા તમામ માનવ જ્યારે એક સમાન જ છે તો પછી આ લોકો પ્રેમથી કેમ રહેતા નથી ? ગીતા..વેદ..કુરાન..બાઇબલ..વગેરે ધાર્મિક ગ્રંથ જો એક જ પરમાત્માનું નિરૂપણ કરે છે તો તેમના અનુયાયીઓ એક સ્થાન પર બેસીને ઉપાસના કેમ કરતા નથી ? જો પરમાત્મા મનુષ્યમાત્રના પરમપિતા છે તો પછી તેમનામાં અંદરો અંદર વિરોધ કેમ ?

હિન્દુ-મુસ્લિમ, શિખ-ઇસાઇ, સૌ માનવ છે એક સમાન,
એક જ સહુ સમજણ આપે છે, ગીતા-વેદ ને ગ્રંથ-કુરાન.

એકને જાણી એકને માનો, એક જ છે આ એક ભગવાન,
માંગી ખાય છે આની પાસે, મોટા મોટા જગ સુલતાન.
એક જ સર્જનહાર આ જગનો, સૌને નાચ નચાવે છે,
પૂતળા અંદર પ્રાણ મુકીને, ખેલ આ ખુબ રચાવે છે.
જગને પ્રકાશિત કરવા માટે, ચંદ્ર-સૂરજ ચમકાવે છે,
આ એક જ છે પ્રભુ જગકર્તા, સૌ પર હુકમ ચલાવે છે.
કોન ખેલાડી ખેલ છે કોનો, જે માનવને થાયે જાણ,
કહે અવતાર" કે એ માનવને, મળે જગતમાં સુખ મહાન.. (અવતારવાણીઃ પદ-૧૮૦)

હિન્દુ-મુસ્લિમ-શિખ-ઇસાઇ-જૈન-બૌદ્ધ-પારસી..વગેરે વિભિન્ન વર્ગોએ જો નામ જ અલગ રાખ્યું છે તો પછી પરસ્પર પ્રેમનો અભાવ કેમ ? આ બધા પોતાની અલગ અલગ દુનિયા બનાવીને કેમ બેસી ગયા છે ? અજ્ઞાનતા અને સ્વાર્થના કારણે તેમનામાં પરસ્પર જે વેર વિરોધ ઉત્પન્ન થયેલ છે તેને જ તેઓ ધર્મપાલન સમજવા લાગ્યા છે.આ વેરની અગ્નિ એકત્વનાં દર્શનમૂલક પ્રેમ તથા માનવધર્મના પ્રસારથી જ શક્ય બનશે અને આ કાર્ય ફક્ત શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સંત (સદગુરૂ) જ કરી શકે છે."અવતારવાણી"માં કહ્યું છે કેઃ

કોઇ હિન્દુ કોઇ મુસ્લિમ, કોઇ શીખ-ઇસાઇ છે,
ભાત ભાતની પોતાની દુનિયા, સૌએ અલગ વસાવી છે.
સ્વાર્થ પોતાનો મનમાં રાખી, કરતાં પ્રેમની એ વાતો,
મુરખ માનવ આગ જગતની, આગથી બુજાવતા ચાહતો.
એક પ્રભુને જાણ્યા વિના, એકતા કદિપણ આવે નહિ,
કહે "અવતાર" વિના ગુરૂ પૂરા, બીજો કોઇ સમજાવે નહિ.. (અવતારવાણીઃ પદ-૩૧૮)

વિભિન્ન જાતિઓ અને મત..રૂઢિઓ અને પરંપરાઓ..વર્ણ..આશ્રમ..વગેરે ઇશ્વરકૃત નહી,પરંતુ સમાજે બનાવેલા છે.અલગ અલગ જાતિઓના ટોળાં પણ ઇશ્વરે બનાવ્યાં નથી.વિભિન્ન સંપ્રદાયો અને જાતિઓનાં જે બાહ્ય ચિહ્નને કોઇ વ્યક્તિ પોતાની સાથે લઇને જન્મ્યો નથી.ખાન-પાન..આવાસ..વગેરે ની વિભિન્નતા પણ પરમાત્માએ બનાવેલ નથી એ વાત નિર્વિવાદરૂપથી સત્ય છે કેઃ અમારો એકમાત્ર ધર્મ "માનવતા" છે,જેમાં તમામ વિષમતાઓનો પરિત્યાગ કરીને આત્મદર્શન કરવું આવશ્યક છે.

જાતિ વર્ણ રિવાજ જગતના, પ્રભુ એ પોતે બનાવ્યા નથી,
હિન્દુ-મુસ્લિમ-શિખ-ઇસાઇ, પ્રભુ એ ભેદ બનાવ્યા નથી.
જનોઇ-સુન્નતને પહેરાવા, કોઇ સાથે આવ્યા નથી,
ખાનપાનને દેશ-વેશના, પ્રભુએ ચિહ્ન લગાવ્યા નથી.
માનવતા છે ધર્મ અમારો, માલિકને બસ પામવું છે,
કહે અવતાર" તોડી બધાં બંધન, સદગુરૂ શરણમાં આવવું છે... (અવતારવાણીઃ પદ-૩૩૬)

જાતિ-પાંતિ,વર્ણ-આશ્રમ-ધર્મ..વગેરેની તમામ વિષમતાઓ આજના માનવના ગળામાં બંધન નાખી રહ્યા છે. હિન્દુ-મુસ્લિમ-શિખ-ઇસાઇ..પહેલાં ફક્ત માનવ છે.આ વર્ગોએ વિભિન્ન પ્રકારના વિરોધ માનવ હૃદયમાં ઉત્પન્ન કરેલ છે.આ તમામ વિષમતાઓ હૃદયમાંથી કાઢી નાખવાથી જ વ્યક્તિ વિવેકનો અધિકારી બને છે..

જાત-પાંત-વર્ણોમાં રહીને, પ્રભુની સમજ ના આવી છે,
ડૂબી જાય તેમાં જગ આખું, એવી ઉંડી આ ખાઇ છે.

હિન્દુ-મુસ્લિમ-શિખના પહેલાં, કેવળ એક ઇન્સાન છે તું,
મનથી હટાવ દ્વેષ ને ઇર્ષા, જો પ્રભુને ચાહતો હોય તું.
પ્રભુ દાતાની ઓળખ વિના, આત્મા શાંતિ પામે નહિ,
કહે અવતાર" વિના ગુરૂ પૂરા, વાત સમજમાં આવે નહિ... (અવતારવાણીઃપદ-૩૫૫)

સદગુરૂ નિરંકારી બાબા તમામ જાતિઓ અને ધર્માવલંબીઓને દિક્ષા આપીને આદર્શ મહાત્માની જેમ સમાજમાં એકતાનો સંદેશ આપી રહ્યા છે.બાબા અવતારસિહજી મહારાજ સત્સંગ સભામાં પોતાના પ્રવચનમાં કહેતા હતા કેઃ

"આ ખુલ્લો દરબાર છે,અહી રાજા-રંક,ગરીબ-તવંગર..કોઇપણ આવે તે તમામને સહારો મળે છે. સદગુરૂ આવેલ જિજ્ઞાસુઓને કહે છે કેઃ આવો મહારાજ ! કોઇ ચિંતા ના કરો..આપનું કામ થઇ જશે. અહી હિન્દુ-મુસ્લિમનો ઝઘડો નથી.ચારેય વર્ણોને એક સરખો જ ઉપદેશ આપવામાં આવે છે."

(અવતાર ઉપદેશ...પુસ્તકમાંથી ભાગ-૧, પાન-૧૧૦)

નિરંકારી વિચારધારામાં કટ્ટરતાને કોઇ સ્થાન નથી.ધર્મગ્રંથ "અવતારવાણી" ના રચિયતાએ માનવમાત્રના હ્રદયમાં ઘૂસેલી કટ્ટરપંથી ભાવનાને લલકારતાં કહ્યું છે કેઃ

હે માનવ ! જ્યારે તૂં પેદા થયો ત્યારે તારો કોઇ પંથ..ધર્મ કે વિશ્વાસ ન હતો.જ્યારે તૂં પ્રથમવાર આવ્યો ત્યારે કોઇ કર્મકાંડનો સામાન તારી પાસે ન હતો..જ્યારે તે મહાવાયુમાં આવીને પ્રથમવાર શ્વાસ લીધો હતો ત્યારે તારા ગળામાં જનોઇ કે કિરપાણ ન હતું..શાન અને અભિમાનથી તૂં દૂર હતો.

આવ્યો તો જ્યારે તૂં જગમાં, કોઇ ધર્મ ઇમાન ન હતો,
આવ્યો તો જ્યારે તૂં જગમાં, કર્મકાંડ સામાન ન હતો.
આવ્યો તો જ્યારે તૂં જગમાં, કંઇપણ તારી શાન ન હતી,
આવ્યો તો જ્યારે તૂં જગમાં, તારો તૂંજને સાર ન હતો.
આવ્યો તો જ્યારે તૂં જગમાં,મનમાં તારા અહંકાર ન હતો,
આવ્યો તો જ્યારે તૂં જગમાં, તુજને કોઇથી ખાર ન હતો.
પોતે નાખી જંજાળ ગળામાં, માથે બોજો છે,
કહે અવતાર" જો આવે દ્દષ્ટિ, સઘળા ભરમથી છુટ્યો છે... (અવતારવાણીઃ પદ-૧૭૮)

જ્યારે તૂં ઉત્પન્ન થયો તો તે વખતે તારો કોઇ મિત્ર કે શત્રુ ન હતો.આ અનેક જાતિ-પાંતિ અને સંપ્રદાયોના ઝઘડા તથા વિભિન્ન પ્રકારની પૂજા પદ્ધતિઓનો ફંદો તે જ તારા ગળામાં પહેરી લીધો છે.તારે સમજી લેવું જોઇએ કે આ તમામ સંસાર અસાર અને ભ્રાંતિમાન છે.

જ્યારે તમામ માનવ પાંચ જડ તત્વો (ક્ષિતિ..જલ..પાવક..ગગન..સમીર)તથા છઠ્ઠા ચેતન તત્વમાંથી ઉત્પન્ન થયેલ છે.તમામના નિર્માતા પણ એક જ છે તો પછી તેને વિભિન્ન સંપ્રદાયો અને ધર્મોમાં વિભાજીત થવાની શું જરૂર છે ? આજના માનવની બુદ્ધિના જ્ઞાનરૂપી પ્રકાશ પર અજ્ઞાનતાનું આવરણ છવાઇ ગયું છે તેથી જ તો તે અનેક ધર્મો અને જાતિઓ બનાવીને બેસી ગયો છે.આજે સંસારમાં એવી ભ્રાંતિ ફેલાઇ છે કેઃ પ્રત્યક્ષ વસ્તુને જોઇને પણ માનવ આંખો બંધ કરીને બેસી ગયો છે.તેમના નેતા તથા અનુયાયી આંધળા બની ગયા છે, જેમને પોતાની આંખોની સામેની ઉંડી ખાઇ દેખાતી જ નથી અને જો કોઇ તેની સામે પ્રકાશની વાત કરે તો તે તેમનો વિશ્વાસ કરતો નથી.

પાંચ તત્વના પૂતળા દેખો, આ કેવા ઇન્સાન બન્યા ?

કોઇ હિન્દુ..શિખ..ઇસાઇ અને મુસલમાન બન્યા.
આ માનવની બુદ્ધિ ઉપર પડ્યા પડદા અજ્ઞાનોના,
રાગ અનૈતિક છેડી રહ્યાં છે, માનવ ધર્મને જાતોના.
અતિ ભ્રમમાં પડ્યા જગવાળા, પ્રત્યક્ષ છતાંના જોઇ શકે,
અંધો અંધને માર્ગ બતાવે, મારગ એ શું જોઇ શકે ?
અંધાને જો દિવો બતાવે, કરતો ના વિશ્વાસ કદિ,
કહે "અવતાર" વિના ગુરૂ પુરા, થાતો ના આભાસ કદિ... (અવતારવાણીઃપદ-૯૧)

વિભિન્ન તથાકથિત ધર્મોની સાથે સાથે વિભિન્ન ધાર્મિક સ્થળ પણ માનવ એકતામાં બાધક બની ગયા છે અને તે જ કારણે આજે મંદિરમાં જઇ કોઇ મુસલમાન કલમા વાંચી શકતો નથી..ગુરૂદ્વારામાં જઇ કોઇ હિન્દુ રામ રામનો જપ કરી શકતો નથી..મસ્જીદમાં બેસીને કોઇ ઇસાઇ ધર્માવલમ્બી God God કહીને પ્રભુને પોતાની ભાષામાં પોકારી શકતો નથી.કોઇ તત્વદર્શી સંત જ માનવને આ ઝંઝટમાંથી મુક્ત કરી શકે છે.

સંત નિરંકારી મિશનના પ્રસિદ્ધ ગ્રંથ "અવતારવાણી" માં આ વાત સમજાવતાં કહ્યું છે કેઃ

મંદિરમાં જઇ કોઇ મુસ્લિમ, કલમા ના સંભળાવી શકે,
હિન્દુ જઇને ગુરૂદ્વારામાં, રામાયણ ના ગાઇ શકે.
મસ્જિદ અંદર જઇને શીખ કોઇ વાહેગુરૂ ના ભજી શકે,
આ ત્રણ સ્થાનોમાં જઇને ખ્રિસ્તી, બાઇબલ ના સંભળાવી શકે.
પૂરા સદગુરૂ જાતપાતના, સૌ ઝઘડાને મિટાવે છે,
કહે અવતાર" સદગુરૂ સૌને, એક સાથે બેસાડે છે... (અવતારવાણીઃ પદ-૨૦૫)

જેમ સોનામાંથી અનેક આભૂષણો બનાવ્યા પછી અનેક નામોથી ઓળખવામાં આવે છે,પરંતુ જ્યારે તમામ આભૂષણોને ભેગાં કરીને ઓગાળી નાખવામાં આવે તો પછી અનેક આભૂષણોના નામ અને રૂપ રહેતાં નથી,તેવી જ રીતે નામરૂપમય જગત પણ બ્રહ્મમાં મિથ્યારૂપથી કલ્પિત છે.જેનું અસ્તિત્વ પહેલાં ન હતું અને ભવિષ્યમાં પણ હશે નહી,તેવી રીતે હિન્દુ..મુસ્લિમ..શિખ..ઇસાઇ..વગેરે સંપ્રદાયો ની કલ્પના પણ મિથ્યા છે.આ બધા પહેલાં પણ માનવ હતા.અત્યારે પણ માનવ છે અને આ બધાની પારમાર્થિક સત્તા ફક્ત "બ્રહ્મ" છે.માનવે આ મિથ્યાને સત્ય માનીને ખોટો વિવાદ ઉભો કર્યો છે.

લઇને લગડી સોનાની ને, ઘણાં ઘરેણાં બનાવી લો,
હાર બંગડી કાનના એરીંગ, જે ઇચ્છો તે ઘડાવી લો.
બધાં ઘરેણાં કરી એકઠાં, એને ફરી ગળાવી લો,
સોનું અંતે રહેશે સોનું, ઘાટ ઘણાં બદલાવી લો.
એવી રીતે માનવી હિન્દુ, મુસ્લિમને શીખ થઇ બેઠા,
કહે "અવતાર" આ મૂરખ માનવ, વ્યર્થનો ઝઘડો લઇ બેઠા... (અવતારવાણીઃ પદ-૨૧૧)

માનવ ફક્ત સાંપ્રદાયિક વર્ગોમાં વિભાજીત નથી,પરંતુ ખાન પાન અને પરીધાનને કારણે પણ પોતાના વિભિન્ન વર્ગ બનાવી બેઠો છે.એક વર્ગ પોતાના ખાન પાન અને પરીધાનને શ્રેષ્ઠ માને છે અને બીજા વર્ગથી ઘૃણા કરે છે.જેનાથી સામાજીક વૈમનસ્ય..ઇર્ષ્યા..દ્વેષ..વગેરેની ભાવનાઓ સમાજમાં ફુલીફાલી છે તે જાતિપાંતિના કિચડમાં એટલો ઉંડો ઉતરી ગયો છે કેઃ ઉપર સુધી કિચડ આવી ગયો છે.એક માનવ બીજાને

જોઇને ધૃણા કરે તે બિલ્કુલ યોગ્ય નથી.બીજા ઉપર ધૃણા કરીને વ્યક્તિ પોતે ધૃણિત બની જાય છે અને તેનું જીવન વ્યર્થમાં જ નષ્ટ થઇ જાય છે.

અવતારવાણી કહે છે કેઃ

પહેરવેશ ને ખાનપાન પર, ધૃણા કોઇની કરતો કેમ ?
વધતો જોઇ કોઇને આગળ, મનની અંદર બળતો કેમ ?
જાતપાતના પડી કીચડમાં, મન મેલું તું કરતો કેમ ?
છોડી ઘરને જંગલમાં જઇ, દુનિયાથી તું ડરતો કેમ ?
નીચ કર્મમાં ફસાઇ મૂરખ, કાળુ મોઢું કરતો કેમ ?
કર્મને નિરખીને બીજાનું, ઘર કાજળથી ભરતો કેમ ?
સત્યની ધૂની છોડી મૂરખ, તન પર રાખ લગાવે કેમ ?
કર્મ-ધર્મની નદીની અંદર, તૂં તણાતો જાય છે કેમ ?
હે મન ત્યાગી દે ચતુરાઇ, એથી જ મનની શુદ્ધિ છે,
કહે અવતાર" વલોવ ના પાણી, સંતે બતાવી વિધિ છે... (અવતારવાણીઃ૫૬-૧૯૧)

સંત નિરંકારી મિશનમાં સમ્યકરૂપથી પ્રવેશ કરવા જ્યારે કોઇ જિજ્ઞાસુ આવે છે તો તેને દિક્ષિત કરતાં પહેલાં તેને પાંચ પ્રણો(પ્રતિજ્ઞા) લેવડાવવામાં આવે છે.તેમાં બીજી પ્રતિજ્ઞા એ છે છે કેઃ જાતિ- વર્ણના કારણે ધૃણા કરવી નહી.જાતિના આધાર પર કોઇને ઉંચ નીચ સમજવા નહી.જાતિ વૈમનસ્ય તો ઠીક પરંતુ તેમને તો સ્ત્રી પુરૂષમાં પણ સમાનતા રાખવાની વાત કરી છે.તમામમાં એક જ શક્તિ વિરાજમાન છે.ચારે વર્ણ એક પ્રભુ પરમાત્માનું જ નિર્માણ છે.તમામનું શરીર પણ પ્રભુએ એકસરખું બનાવ્યું છે તો પછી જાતિ પાંતિના વિવાદ અને લોકાચારમાં ભિન્નતા શા માટે ? તમામ ધર્માવલંબી અને તમામ જાતિઓના મનુષ્યોને એક પરમપિતાએ બનાવ્યા છે તેમને માનવ સમજીને પ્રેમ કરવો જોઇએ..

નિરંકારી બાબા હરદેવસિહજી મહારાજએ "આચાર્ય જગદગુરૂ શંકરાચાર્ય" ના અદ્વેત સિદ્ધાંતનું વ્યવહારીક રૂપ પ્રદાન કરીને તેને સામાજીક જીવનમાં ઉતારવાનો સફળ પ્રયોગ કર્યો છે.જે સત્યનાં તેમને દર્શન થયાં તે સત્યના તમામ પ્રયોગ તેમને સમાજની પ્રયોગશાળામાં રજૂ કર્યા છે.

તમામ મતમતાંતરોના સામાન્ય સિદ્ધાંત..પરીચય એ બતાવે છે કે આજે એક એવા મંચની આવશ્યકતા છે કે જ્યાં વિભિન્ન વર્ગ..સંપ્રદાય..પ્રાંત..જાતિ..દેશ..વેશ..ભાષા..વગેરે સાથે સબંધિત વ્યક્તિઓ એક સાથે એકત્ર થઇ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં રહી શકે અને આ ત્યારે જ શક્ય બનશે કે જ્યારે આ ધર્મ અથવા મંચ કોઇપણ સંકિર્ણતાથી ગ્રસિત ના હોય ! આજે યુગની એવી જ માંગ છે કેઃ હે વિભિન્ન ધર્માવલંબીઓ ! એક મંચ ઉપર આવો..

સંત નિરંકારી મિશનના આ આદર્શ સમાજની મુખ્ય ધરી આત્મજ્ઞાન તથા સાધન સત્સંગ છે.સત્સંગ દ્વારા જ આવા સમાજનું ગઠન થઇ શકે છે.જેમાં વ્યક્તિ નિશ્ચિત દુઃખ દરિદ્રથી મુક્ત..વિનમ્ર તથા પૂર્ણ સુખી થઇ શકે છે.મનની તૃષ્ણા તથા અસંતોષ દૂર થતાં માનવ તૃપ્તિની માદક મસ્તીમાં ઝુમવા લાગે છે.કામ..ક્રોધ..લોભ..મોહ..મત્સર..વગેરે માનવના હ્રદયના એવા કાળા દાગ છે જે માનવને માનવની સાથે જોડતા નથી પરંતુ તોડે છે.

જો આત્મજ્ઞાનના માધ્યમથી માનવ હ્રદયમાં પ્રેમનો ઉદય ના થાય તો તે દુનિયાનો રાજા હોવા છતાં વ્યક્તિ નિંદનીય છે.

આજદિન સુધી જેટલા પણ તત્વદર્શી મહાન સંત થયા તે તમામ આદર્શ ગૃહસ્થ હતા. આદર્શ ગૃહસ્થી જ આદર્શ સંત બની શકે છે.સંતનું પ્રથમ લક્ષણ છે તમામની સાથે પ્રેમ કરવો અને પરીવાર તેનું પ્રારંભિક સ્થળ છે.

આધ્યાત્મિક સાધનામાં પ્રાચિન કાળથી બે માર્ગો બતાવ્યા છે.નિવૃતિમાર્ગ અને પ્રવૃતિમાર્ગ.

નિવૃતિમાર્ગમાં વ્યક્તિ ધન..દૌલત..પરીવાર અને સમાજનો ત્યાગ કરીને વનોમાં..પર્વતોમાં.. કંદરાઓમાં રહે છે,સમાજમાં ભિક્ષા માંગીને જીવનયાપન કરે છે.

પ્રવૃતિમાર્ગમાં પરીવાર..સમાજ..માયા..વગેરે પરીત્યાગની આવશ્યકતા નથી,પરંતુ તેની આસક્તિના ત્યાગ ઉપર ભાર મુકવામાં આવે છે.નિવૃતિમાર્ગમાં વિષયોનો સ્વરૂપથી ત્યાગ છે,પરંતુ પ્રવૃતિમાર્ગમાં વિષયોનો સ્વરૂપથી ત્યાગ નહી,પરંતુ વિષયોની આસક્તિનો મનથી ત્યાગ કરવાનો હોય છે. જલકમલવત્ અનાસક્ત રહેવું એ પ્રવૃતિમાર્ગ છે.

શ્રીમદ ભગવદગીતામાં નિવૃતિના સ્થાને પ્રવૃતિમાર્ગની સ્થાપના કરી છે.

કમેન્દ્રિયાણિ સંયમ્ય ય આસ્તે મનસા સ્મરન !

ઇન્દ્રિયાર્થાન્વિમૂઢાત્મા મિથ્યાચારઃ સ ઉચ્યતે !! ૩/૬ !!

જે વ્યક્તિ સ્વરૂપથી તો ઇન્દ્રિયોના વિષયોનો ત્યાગ કરી દે છે,પરંતુ મનથી તેનું ચિંતન કરતો રહે છે તે ક્યારેય સંન્યાસી કહેવાતો નથી તે તો મિથ્યાચારી અને દંભી કહેવાય છે.

પ્રવૃતિમાર્ગનું સબળ સમર્થન કરતાં શ્રીમદ ભગવદ ગીતામાં કહ્યું છે કેઃ

યસ્ત્વિન્દ્રિયાણિ મનસા નિયમ્યારભતેઽર્જુન !

કર્મેન્દ્રિયૈઃ કૃમયોગમસક્તઃ સ વિશિષ્યતે !! ૩/૭ !!

જે સાધક મનથી ઇન્દ્રિયોને વશમાં કરીને અનાસક્ત થઇ તમામ ઇન્દ્રિયો દ્વારા કર્મયોગનું આચરણ કરે છે તે જ શ્રેષ્ઠ છે.

જ્ઞાની અને અજ્ઞાની, માયાસક્ત અને અનાસક્ત બંન્ને પ્રકારના સાધક સ્વરૂપથી તો એક જ પ્રકારના કર્મ કરે છે,પરંતુ તેમના ચિંતન અને લક્ષ્યમાં અંતર હોય છે...!

..........................................................................................................................................

ગીતામૃતમ્ શ્રીમદ્ ભગવદ્ ગીતા અનુસાર પ્રભુ પ્રિય ભક્તોનાં લક્ષણો

શ્રીમદ્ ભગવદગીતાના બારમા અધ્યાયમાં શ્લોકઃ૧૩ થી ૧૯માં સિદ્ધાવસ્થાને પ્રાપ્ત થયેલા પ્રભુ પ્રિય ભક્તોનાં ૩૬ લક્ષણોનું વર્ણન છે.ભક્ત એટલે જે વિભક્ત નથી તે ! ભક્ત જ્ઞાનથી મધુર ભાવવાન હૃદય..કર્મથી મક્કમ અને પ્રેમનો ભીનો હોય છે.ભક્તિ એટલે મન..બુદ્ધિ પ્રભુને અર્પણ કરવાં.ભક્તિ એ મનનું સ્નાન છે.જગતમાં આવીને જે આ ૩૬ ગુણો મેળવે છે તે પ્રભુને ગમે છે અને વાસ્તવમાં જ ભક્ત છે.

અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કરુણ એવ ચ | નિર્મમો નિરહંકારઃ સમદુઃખસુખઃ ક્ષમી || 13 ||

સંતુષ્ટઃ સતતં યોગી યતાત્મા દૃઢનિશ્ચયઃ | મય્યર્પિતમનોબુદ્ધિર્યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ || 14 ||

યસ્માન્નોદ્વિજતે લોકો લોકાન્નોદ્વિજતે ચ યઃ | હર્ષામર્ષભયોદ્વેગૈર્મુક્તો યઃ સ ચ મે પ્રિયઃ || 15 ||

અનપેક્ષઃ શુચિર્દક્ષ ઉદાસીનો ગતવ્યથઃ | સર્વારમ્ભપરિત્યાગી યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ || 16 ||

યો ન હ્રષ્યતિ ન દ્વેષ્ટિ ન શોચતિ ન કાङ્क્ષતિ | શુભાશુભપરિત્યાગી ભક્તિમાન્યઃ સ મે પ્રિયઃ || 17 ||

સમઃ શત્રૌ ચ મિત્રે ચ તથા માનાપમાનયોઃ | શીતોષ્ણસુખદુઃખેષુ સમઃ સઙ્ગવિવર્જિતઃ || 18 ||

તુલ્યનિન્દાસ્તુતિર્મૌની સંતુષ્ટો યેન કેનચિત | અનિકેતઃ સ્થિરમતિર્ભક્તિમાન્મે પ્રિયો નરઃ || 19 ||

**1) અદ્વેષ્ટા સર્વભૂતાનાં...**

પ્રાણીમાત્રના પ્રત્યે દ્વેષનો અભાવ..

ધન..મોટાઇ..આદર..સત્કાર વગેરેની પ્રાપ્તિમાં કોઇ ગમે તેવાં વિઘ્ન પેદા કરે..શરીર..મન..બુદ્ધિ.. ઇન્દ્રિયો અને સિદ્ધાંતને પ્રતિકૂળ કોઇ ગમે તેવો વ્યવહાર કરે..ઇષ્ટની પ્રાપ્તિમાં વિઘ્ન નાખે.. કોઇપણ પ્રકારની આર્થિક અને શારીરિક હાની પહોચાડે,પરંતુ ભક્તના હ્રદયમાં તેના પ્રત્યે ક્યારેય સહેજપણ દ્વેષ થતો નથી,કારણ કેઃ તે પ્રાણીમાત્રમાં પોતાના પ્રભુને જ વ્યાપક દેખે છે.આવી સ્થિતિમાં તે કોનો વિરોધ કરે...?

"નિજ પ્રભુમય દેખહિં જગત કેહી સન કરહિં વિરોધ" (રામાયાણઃ૭/૧૧૨-ખ)

તે અનિષ્ટ કરવાવાળાઓની બધી ક્રિયાઓને પણ પ્રભુનું કૃપાપૂર્ણ..મંગલમય વિધાન જ માને છે. પ્રાણી માત્ર સ્વરૂપથી પ્રભુનો જ અંશ છે,તેથી કોઇપણ પ્રાણીના પ્રત્યે દ્વેષભાવ રહેવો એ પ્રભુ પ્રત્યે જ દ્વેષ છે.ઘણીવાર ભક્ત કોઇનો દ્વેષ ના કરતો હોવા છતાં પણ કેટલાક લોકો તેમનો દ્વેષ કરે છે. આવા અજ્ઞાનીઓનો ભક્ત દ્વેષ કરતા નથી પણ તેમના અજ્ઞાનનો તે દ્વેષ કરે છે અને અજ્ઞાન કાઢી નાખે છે.

ભક્ત થવા માટે અંતઃકરણને શુદ્ધ કરવું પડે છે.અદ્વેષ્ટામાં તટસ્થ ના રહેતાં ભૂતમાત્ર ઉપર પ્રેમ કરવાનો છે.

**2) મૈત્ર...**

ભક્તના અંતઃકરણમાં પ્રાણીમાત્ર સાથે મૈત્રી તથા દયાનો વ્યવહાર હોય છે.તે બીજા માટે જે કંઇ કરે છે તે કર્તવ્ય તરીકે નહી,પરંતુ સ્નેહથી કરે છે.પોતાનું અનિષ્ટ કરવાવાળા પ્રત્યે પણ ભક્ત મિત્રતાનો વ્યવહાર કરે છે.ભક્ત માને છે કેઃમારૂં અનિષ્ટ કરવાવાળો..અનિષ્ટમાં નિમિત્ત બનીને મારા પૂર્વમાં કરેલા પાપકર્મોનો નાશ કરી રહ્યા છે તેથી તે વિશેષરૂપે આદરને પાત્ર છે.

પાતંજલ યોગદર્શનમાં ચિત્તશુદ્ધિનાં ચાર સાધનો બતાવવામાં આવ્યાં છેઃ સુખીઓ પ્રત્યે મૈત્રી.. દુઃખીઓ પ્રત્યે કરૂણા..પુણ્યાત્માઓ પ્રત્યે મુદિતા(પ્રસન્નતા) અને પાપાત્માઓ પ્રત્યે ઉપેક્ષાના ભાવથી ચિત્તમાં નિર્મળતા આવે છે.

**3) કરૂણા...**

કરૂણા હોવી. સિદ્ધ ભક્તોનો સુખીઓ પ્રત્યે તથા પુણ્યાત્માઓ પ્રત્યે મૈત્રીનો ભાવ તથા દુઃખીઓ અને પાપાત્માઓના પ્રત્યે કરૂણાનો ભાવ રહે છે.ભગવાન તેજોમય..જ્ઞાનમય..પ્રેમમય અને કરૂણામય છે.કરૂણામાં દયા..આત્મિયતા અને કૃતિશીલતા...આ ત્રણ વાતો આવે છે.

સાધક અવસ્થામાં પોતાના ઉપર કરૂણા લાવો અને વિચારો કે...પ્રભુએ મને આટલી સરસ બુદ્ધિ આપી પણ...! મેં શું કર્યું ? માનવજીવનનો ઉદ્દેશ્ય શું ? હું કોન ? મને પ્રભુએ કેમ મોકલ્યો ? જે કામ માટે ચૌરાશી લાખ યોનિઓમાં શ્રેષ્ઠ માનવ શરીર આપ્યું છે તો જે કાર્ય કરવા માટે આપ્યું છે તે કાર્ય કર્યું છે ખરૂં ? કે ફક્ત આહાર..નિદ્રા..ભય..મૈથુનમાં જ જીવન વેડફી નાખ્યું ? આમ, સાધક અવસ્થામાં પોતાના માટે અને સિદ્ધાવસ્થામાં લોકો માટે કરૂણા ઉપજવી જોઇએ.પ્રભુ આપણા માટે કેટલી મહેનત કરે છે,પરંતુ એકપણ માણસ ભગવાનને યશ આપતો નથી..પ્રભુની કદર કરતો નથી..એ જોઇને ભક્તનું હ્રદય કરૂણાથી ભરાઇ આવે છે.

ભતૃહરી કહે છે કેઃ

હે પંડિતો ! સ્ત્રીસંગના ક્ષણભંગુર સુખથી વિરામ પામો અને સ્ત્રીસંગની ઇચ્છા હોય તો કરૂણા..મૈત્રી અને પ્રજ્ઞારૂપી સ્ત્રીનો સંગ કરો.પ્રત્યેક ચાર સ્ત્રીઓ (કરૂણા..મૈત્રી..પ્રજ્ઞા અને સ્ત્રી) સાથે પરણવું જોઇએ,કારણ કેઃ

હારયુક્ત ભારે સ્તન મંડલ કે મણીની મેખલાથી રૂમઝુમ થતા નિતંબનો ભાર કંઇ નરકમાં શરણ (તારનાર) થનાર નથી.

4) નિર્મમ...

ભક્તનો પ્રાણીમાત્રના પ્રત્યે પ્રેમ..મૈત્રી અને કરૂણાનો ભાવ રહે છે તો પણ તેમની કોઇના પ્રત્યે સહેજપણ "મમતા" હોતી નથી.પ્રાણીઓ અને પદાર્થોમાં મમતા (મારાપણાનો ભાવ) અને અહમ્ જ મનુષ્યને સંસારમાં બાંધવાવાળી થાય છે.ભક્ત આ મમતાથી રહીત હોય છે.તેમની પોતાના શરીર..ઇન્દ્રિયો..મમન અને બુદ્ધિમાં પણ મમતા હોતી નથી.

આ જગતમાં મારૂ કંઇ જ નથી પણ બધું ભગવાનનું છે.

5) નિરહંકાર...

શરીર ઇન્દ્રિયો..વગેરે જડ પદાર્થોને પોતાનું સ્વરૂપ માનવાથી અહંકાર ઉત્પન્ન થાય છે.ભક્તની પોતાના શરીર..વગેરે પ્રત્યે સહેજપણ અહમ્ બુદ્ધિ ના હોવાથી તથા પ્રભુ સાથે પોતાનો નિત્ય સબંધનો અનુભવ થઇ જવાથી તેના અંતઃકરણમાં આપોઆપ શ્રેષ્ઠ..દિવ્ય અને અલૌકીક ગુણો પ્રગટ થવા લાગે છે.આ ગુણોને પણ તે પોતાના ગુણો માનતો નથી,પરંતુ દૈવી સંપત્તિ હોવાથી પ્રભુના જ માને છે.સત્ (પરમાત્મા)ના હોવાથી જ આ ગુણ સદગુણ કહેવાય છે.આવી દશામાં ભક્ત તેમને પોતાના માની જ કેવી રીતે શકે ? એટલા માટે તે અહંકારથી સર્વથા રહીત હોય છે.

6) સુખ-દુઃખમાં સમતા...

ભક્ત સુખ-દુઃખની પ્રાપ્તિમાં સમાન રહે છે,એટલે કેઃઅનુકૂળતા-પ્રતિકૂળતા તેમના હ્રદયમાં રાગ-દ્વેષ..હર્ષ-શોક...વગેરે પેદા કરી શકતાં નથી.અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિ આવતાં પોતાનામાં હર્ષ-શોક વગેરે વિકારો ના આવવા જોઇએ..કારણ કેઃસુખ જેને મોકલ્યું છે તેને જ દુઃખ મોકલ્યું છે.સુખ પણ શિવ અને દુઃખ પણ શિવ (કલ્યાણ) છે.

ગુરૂદેવ હરદેવ (નિરંકારી બાબા) આ વાત સમજાવતાં કહે છે કેઃ

!! જૈસી ભી હો પરિસ્થિતિ એકરસ રહે મનઃસ્થિતિ !!

ગમે તેવી પરિસ્થિતિ નિર્માણ થાય છતાં જેના મનની સ્થિતિ એકરસ રહે તે ભક્ત...!

અજ્ઞાની મનુષ્યને સુખની પ્રાપ્તિમાં હર્ષ અને દુઃખમાં દ્વેષ થાય છે..એટલે કેઃ તેનો શોક કરે છે પણ જ્ઞાની ભક્તનો સુખ-દુઃખમાં સમભાવ હોવાથી કોઇપણ અવસ્થામાં તેના અંતઃકરણમાં હર્ષ શોક..વગેરે વિકારો આવતા નથી.

7) ક્ષમી...

પોતાનો કોઇપણ જાતનો અપરાધ કરવાવાળાને કોઇપણ પ્રકારનો દંડ ન આપવાની ઇચ્છા રાખીને ક્ષમા કરી દેવાવાળાને "ક્ષમી" કહેવામાં આવે છે.અપરાધ કરવાવાળાને શિક્ષા કરવાનું સામર્થ્ય હોવા છતાં પણ તેના અપરાધને સહન કરી લેવો અને તેને માફ કરી દેવો એ ક્ષમા" છે. જો મનુષ્ય પોતાના માટે કોઇની પાસેથી કોઇપણ પ્રકારની સુખની આશા ન રાખે અને પોતાના ઉપર અપકાર કરવાવાળાનું ખરાબ ન ઇચ્છે તો તેનામાં ક્ષમાભાવ પ્રગટ થાય છે.

8) સંતુષ્ટ...

ભગવાનનો ભક્ત ખૂબ જ સંતોષી હોય છે.પોતે નિત્ય હોવાના કારણે જીવને નિત્ય પરમાત્માની અનુભૂતિથી જ વાસ્તવિક અને સ્થાઇ સંતોષ થાય છે.

શ્રીમદ્ ભાગવત(૭/૧૫/૧૭) માં કહ્યું છે કેઃ

જેવી રીતે પગમાં જોડા પહેરીને ચાલવાવાળાને કાંકરા અને કાંટાનો કોઇ ભય હોતો નથી,તેવી જ રીતે જેના મનમાં સંતોષ છે તેના માટે હંમેશાં બધી જગ્યાએ સુખને સુખ જ છે..દુઃખ છે જ નહી ! ભક્તોને મન બધી વસ્તુઓની કિંમત હોતી નથી અને યોગ્ય સમયે મને મળશે તેની ખાત્રી તેમને હોય છે તેથી તે સંતુષ્ટ હોય છે.

"કબીરદાસજી"એ કહ્યું છે કેઃ

ગોધન ગજધન બાજીધન ઔર રતનધન ખાણ,
જબ આવે સંતોષ ધન સબ ધન ધુરિ સમાન....!

અવતારવાણીમાં કહ્યું છે કેઃ

ધીરજ સંયમને સમદ્દષ્ટિ, સંતોના આભૂષણ છે,
શૃંગાર હરિના જનનો,  હરિ ઇચ્છામાં જીવન છે... (અવતારવાણીઃ૨૮)

9) સતત યોગી...

ભક્તિયોગ દ્વારા પરમાત્માને પ્રાપ્ત (નિત્ય નિરંતર પરમાત્મા સાથે સંયુક્ત) પુરૂષનું નામ "યોગી" છે.વાસ્તવમાં કોઇપણ મનુષ્યનો પરમાત્માથી ક્યારેય વિયોગ થયો નથી..છે નહી..થઇ શકતો નથી અને સંભવ પણ નથી.આ વાસ્તવિકતાનો જેને અનુભવ કર્યો તે યોગી. આવો ભક્ત પરમાનંદના અક્ષય..અનંત ભંડાર પ્રભુ-પરમાત્માની પ્રત્યક્ષ અનુભૂતિ કરી લે છે તેથી સદાય તે સંતુષ્ટ રહે છે.સંસારી મનુષ્યને જે સંતોષ થાય છે તેની ખાત્રી થતાં અસંતોષ ઉત્પન્ન થાય છે તેથી તે હંમેશાં સંતુષ્ટ રહી શકતો નથી.

10) યતાત્મા...

જેનો મન..બુદ્ધિ અને ઇન્દ્રિયો સહીત શરીર ઉપર પૂર્ણ અધિકાર છે તે "યતાત્મા" છે.જ્ઞાની ભક્તોનાં મન..બુદ્ધિ અને ઇન્દ્રિયો સહીત શરીર હંમેશાં તેના વશમાં રહે છે.તે ક્યારેય મન..બુદ્ધિ અને ઇન્દ્રિયોના વશમાં થતા નથી.જેથી તેનામાં કોઇપણ પ્રકારના દુર્ગુણ-દુરાચારની સંભાવના હોતી નથી.

11) દ્દઢ નિશ્ચયી..

જેને બુદ્ધિ દ્વારા પરમાત્માના સ્વરૂપનો નિશ્ચય કરી લીધો છે.જેને સર્વત્ર ભગવાનનું જ પ્રત્યક્ષ દર્શન થાય છે તથા જેની બુદ્ધિ..ગુણ..કર્મ અને દુઃખ..વગેરેના કારણે પરમાત્માના સ્વરૂપથી ક્યારેય વિચલિત થતી નથી તેવો દ્દઢ નિશ્ચયી ભક્ત પ્રભુને પ્રિય હોય છે.

12) મય્યઅર્પિતમનોબુદ્ધિ...

ભક્ત નિત્ય નિરંતર મનથી ભગવાનના સ્વરૂપનું ચિંતન અને બુદ્ધિથી તેમનો નિશ્ચય કરતાં કરતાં તેનાં મન અને બુદ્ધિ ભગવાનના સ્વરૂપમાં કાયમના માટે તન્મય થઇ જાય છે.

ભગવાનને તો બધા પ્રિય હોય છે,પરંતુ ભક્તનો પ્રેમ ભગવાન સિવાય બીજે ક્યાંય હોતો નથી તેથી ભગવાનને પણ ભક્ત પ્રિય હોય છે.જેનો ભગવાનમાં અહૈતુક અને અનન્ય પ્રેમ છે,તેથી ભગવાનના સ્વરૂપમાં અટલ સ્થિતિ છે જેનો ક્યારેય પ્રભુ પરમાત્માથી વિયોગ થતો નથી.જેને મન બુદ્ધિ ભગવાનને અર્પણ કર્યા છે,ભગવાન જ જેનું જીવન..ધન..પ્રાણ તથા સર્વસ્વ છે..જે ભગવાનના હાથની કઠપૂતળી છે એવા જ્ઞાની ભક્તોને ભગવાન પ્રિય બનાવે છે..

13) અનુદ્વિગ્નતા...

ભક્ત સર્વત્ર અને સર્વમાં પોતાના પરમ પ્રિય પ્રભુને જ જુવે છે.આથી તેની દષ્ટિમાં મન..વાણી અને શરીરથી થવાવાળી તમામ ક્રિયાઓ પ્રભુની પ્રસન્નતા માટે જ થાય છે,એવી અવસ્થામાં ભક્ત કોઇપણ પ્રાણીને ઉદ્વેગ કેવી રીતે પહોચાડી શકે...?

**14) અન્ય કોઇ પ્રાણીથી ઉદ્વિગ્ન ન થવું...**

બ્રહ્મદર્શન પછી જ્ઞાની ભક્તનો તમામમાં સમભાવ થઇ જાય છે.જેના લીધે તે જાણી જોઇને પોતાના તરફથી કોઇપણ એવું કાર્ય કરતો નથી જેનાથી તેનો કોઇ દ્વેષ કરે..તેથી બીજા લોકો પણ તેને દુઃખ પહોચાડનારી કોઇપણ ચેષ્ટા કરતા નથી.જ્ઞાની ભક્તને પણ પ્રારબ્ધ અનુસાર પરેચ્છાથી દુઃખનું નિર્મિત પ્રાપ્ત થાય છે,પરંતુ તેમાં રાગ..દ્વેષનો અભાવ હોય છે,તેથી મોટામાં મોટા દુઃખની પ્રાપ્તિમાં પણ તે વિચલિત થતો નથી.

**15) હર્ષ-અમર્ષ-ભય-ઉદ્વેગથી મુક્ત...**

હર્ષથી મુક્ત થવાનો અર્થ છે કેઃ સિદ્ધ ભક્ત તમામ પ્રકારના હર્ષ..વગેરે વિકારોથી રહીત હોય છે..પરંતુ તેનો આશય એવો નથી કે તે હર્ષરહીત (પ્રસન્નતાશૂન્ય) હોય છે.ઉલ્ટાની તેની પ્રસન્નતા તો નિત્ય..એકરસ..વિલક્ષણ અને અલૌકિક હોય છે.તેની પ્રસન્નતા સાંસારીક પદાર્થોના સંયોગ-વિયોગથી ઉત્પન્ન ક્ષણિક..નાશવાન અને વધવા ઘટવાવાળી હોતી નથી.સર્વત્ર ભગવદ્ બુદ્ધિ રહેવાથી તે સર્વવ્યાપક પ્રભુને જોઇને તે સદાય પ્રસન્ન રહે છે..

અમર્ષ...એટલે કોઇના ઉત્કર્ષ (ઉન્નત્તિ)ને સહન કરવો.બીજા લોકોને પોતાના સમાન કે પોતાનાથી અધિક સુખ સુવિધાઓ..ધન..વિદ્યા..મહિમા..આદર સત્કાર પ્રાપ્ત થયેલા જોઇને સાધારણ મનુષ્યના અંતઃકરણમાં તેમના પ્રત્યે ઇર્ષ્યા થવા લાગે છે,કારણ કેઃ તેનાથી બીજાનો ઉત્કર્ષ સહન થતો નથી.કેટલીકવાર સાધકો (સામાન્ય ભગતો)ના અંતઃકરણમાં પણ બીજા સાધકોની આધ્યાત્મિક ઉન્નત્તિ તથા પ્રસન્નતા જોઇને..સાંભળીને..ઇર્ષ્યાનો ભાવ પેદા થાય છે..પરંતુ "ભક્ત" આ વિકારથી રહીત હોય છે..કેમકેઃ તેમની દષ્ટિમાં પોતાના પ્રિય પ્રભુના સિવાય અન્ય કોઇની સ્વતંત્ર સત્તા રહેતી જ નથી પછી કોના પ્રત્યે અમર્ષ કરે અને શા માટે કરે...?

ઇષ્ટના વિયોગ અને અનિષ્ટના સંયોગની આશંકાથી થવાવાળા વિકારને "ભય" કહે છે.

ભય બે પ્રકારથી થાય છે.

(૧)બહારના કારણોથી...જેમકે સિંહ..સાપ..ચોર..ડાકુ..વગેરેથી અનિષ્ટ થવાની અથવા કોઇ પ્રકારની સાંસારીક હાનિ પહોચવાની આશંકાથી થવાવાળો ભય અને...

(૨)આંતરીક કારણોથી...જેમકે ચોરી..હિંસા..જૂઠ..કપટ..વ્યભિચાર..વગેરે શાસ્ત્ર વિરૂદ્ધ નિષિદ્ધ કર્મોથી થવાવાળો ભય...

સૌથી મોટો ભય મોતનો હોય છે.વિવેકશીલ કહેવાનારા પુરૂષોને પણ મોતનો ભય રહ્યા કરે છે. સાધકને પણ સત્સંગ..ભજન..ધ્યાન..વગેરે સાધનોથી શરીર કૃશ થવા વગેરેનો ભય રહે છે.આ બધા ભય ફક્ત શરીર (જડતા)ના આશ્રયથી જ પેદા થાય છે.ભક્ત હંમેશાં ભગવદ્ ચરણોનો આશ્રિત રહે છે એટલા માટે તે હંમેશાં ભયરહીત હોય છે.સાધક પણ જ્યાંસુધી ભગવદ્ચરણોમાં આશ્રિત થતો નથી ત્યાંસુધી ભય રહે છે.સિદ્ધ ભક્ત (બ્રહ્મદર્શી) ને તો હંમેશાં સર્વત્ર પોતાના પ્રિય પ્રભુ જ દેખાય છે પછી તેનામાં ભય કેવી રીતે પેદા થઇ શકે ?

મનનું એકરૂપ ન રહેતાં હલચલયુક્ત થઇ જવું એ "ઉદ્વેગ" કહેવાય છે.

ગીતાના અધ્યાયઃ૧૨/૧૫મા શ્લોકમાં "ઉદ્વેગ" શબ્દ ત્રણવાર આવ્યો છે.પહેલીવાર ઉદ્વેગની વાત કહીને ભગવાને બતાવ્યું છે કેઃ ભક્તની કોઇપણ ક્રિયા તેના તરફથી કોઇ મનુષ્યના ઉદ્વેગનું કારણ બનતી નથી...બીજીવાર ઉદ્વેગની વાત કહીને એ બતાવ્યું છે કેઃ બીજા મનુષ્યની કોઇપણ ક્રિયાથી ભક્તના અંતઃકરણમાં ઉદ્વેગ થતો નથી.આ સિવાય પણ બીજા કેટલાક કારણોથી પણ મનુષ્યને ઉદ્વેગ થાય છે..જેમકેઃ વારંવાર પ્રયત્ન કરવા છતાં પણ પોતાનું કાર્ય ના થવું..કાર્યનું ઇચ્છાનુસાર ફળ ના મળવું..અનિચ્છાએ ઋતુ પરીવર્તન..ધરતીકંપ..પૂર..વગેરે ઘટના બનવી..પોતાની કામના.. માન્યતા..સિદ્ધાંત અથવા સાધનમાં વિઘ્ન પડવું..વગેરે. ભક્ત આ બધા પ્રકારના ઉદ્વેગોથી મુક્ત હોય છે. આ બતાવવા માટે ઉદ્વેગની ત્રીજીવાર વાત કરવામાં આવી છે.ટૂંકમાં જે ભક્ત હોય છે તેના અંતઃકરણમાં ઉદ્વેગ નામની કોઇ ચીજ રહેતી નથી.

ઉદ્વેગ થવામાં અજ્ઞાનજનિન ઇચ્છા અને આસુરી સ્વભાવ જ કારણ છે.ભક્તમાં અજ્ઞાનનો અભાવ હોવાથી કોઇ સ્વતંત્ર ઇચ્છા જ રહેતી નથી..પછી આસુરી સ્વભાવ તો સાધનાવસ્થામાં જ નષ્ટ થઇ જાય છે.ભગવાનની ઇચ્છા જ ભક્તની ઇચ્છા હોય છે.

મુક્ત એટલે વિકારોથી છૂટેલો.. અંતઃકરણમાં સંસાર હોવાથી તથા પરમાત્મામાં પૂર્ણપણે મન-બુદ્ધિ ન લાગવાથી જ હર્ષ..અમર્ષ..ભય..ઉદ્વેગ..વગેરે વિકારો ઉત્પન્ન થાય છે..પરંતુ ભક્તની દૃષ્ટિમાં એક પ્રભુ પરમાત્મા સિવાય અન્ય કોઇની સત્તા અને મહત્તા ન રહેવાથી તેનામાં આ વિકારો ઉત્પન્ન થતા જ નથી. ભક્ત આ તમામ દુર્ગુણ દુરાચારોથી રહીત હોય છે.ગુણોનું અભિમાન થવાથી દુર્ગુણો આપોઆપ આવી જાય છે.વાસ્તવમાં ગુણોના અભિમાનમાં ગુણ ઓછા અને દુર્ગુણ (અભિમાન) વધારે હોય છે.અભિમાનથી દુર્ગુણોની વૃદ્ધિ થાય છે કેમકેઃ બધા દુર્ગુણ દુરાચાર અભિમાનના જ આશ્રિત રહે છે.

ભક્તને ખબર પણ નથી હોતી કે મારામાં કોઇ ગુણ છે ! જો એમને પોતાનામાં ક્યારે કોઇ ગુણ દેખાય છે તો તે તેને પ્રભુનો જ માને છે..પોતાનો નહી ! આ રીતે ગુણોનું અભિમાન ન હોવાથી ભક્ત બધા દુર્ગુણ દુરાચારોથી અને વિકારોથી મુક્ત હોય છે.ભક્તનો જીવન વ્યવહાર કેવો હોવો જોઇએ તે હવે પછી ના છ લક્ષણોમાં બતાવવામાં આવ્યું છે...

16) અનપેક્ષ....

અનપેક્ષ એટલે તેને કંઇપણ અપેક્ષા નહી.ભક્ત ભગવાનને જ સર્વશ્રેષ્ઠ માને છે.તેમની દૃષ્ટિમાં ભગવદપ્રાપ્તિ (પ્રભુની પ્રત્યક્ષ અનુભૂતિ..આત્મસાક્ષાત્કાર)થી વધીને બીજો કોઇ લાભ હોતો નથી. આથી સંસારની કોઇપણ વસ્તુમાં તેનું સહેજપણ ખેંચાણ હોતું નથી..એટલું જ નહી પોતાનાં કહેવાતાં શરીર..ઇન્દ્રિયો..મન અને બુદ્ધિમાં પણ તેને પોતાપણું હોતું નથી,પરંતુ તેને ભગવાનનાં જ માને છે.આથી તેને શરીરનિર્વાહની પણ ચિંતા હોતી નથી..પછી તે બીજી કંઇ વાતની અપેક્ષા રાખે..? નાશવાન પદાર્થો રહેવાના નથી અને અવિનાશી પરમાત્માથી ક્યારેય વિયોગ થતો જ નથી...આ વાસ્તવિકતા જાણવાના લીધે ભક્તમાં સ્વાભાવિક જ નાશવાન પદાર્થોની ઇચ્છા પેદા થતી નથી.ફક્ત ઇચ્છા કરવાથી શરીર નિર્વાહના પદાર્થો મળતા હોય અને ઇચ્છા ન કરવાથી ન મળતા હોય...એવો કોઇ નિયમ નથી.વાસ્તવમાં શરીર નિર્વાહની આવશ્યક સામગ્રી આપમેળે પ્રાપ્ત થાય છે..કેમકે જીવમાત્રના શરીરનિર્વાહની આવશ્યક સામગ્રીનો પ્રબંધ પ્રભુ તરફથી પહેલાંથી જ થયેલો રહે છે.જીવનનિર્વાહની આવશ્યક વસ્તુઓ વિના માગ્યે આપોઆપ મળે છે, આથી વસ્તુઓની ઇચ્છા કરવી એ ફક્ત મૂર્ખતા અને વિના કારણે દુઃખ પામવું

છે.સિદ્ધ..બ્રહ્મજ્ઞાની ભક્તને તો પોતાના શરીરની પણ અપેક્ષા હોતી નથી..એટલા માટે તે હંમેશાં નિરપેક્ષ હોય છે..

શ્રીમદ્ ભાગવતમાં(૧૧/૧૪/૧૬) કહ્યું છે કેઃ

"જે નિરપેક્ષ (કોઇની અપેક્ષા ન રાખવાવાળો)..નિરંતર મારૂં મનન કરવાવાળો..શાંત..દ્વેષરહીત અને બધાના પ્રત્યે સમાનદ્દષ્ટિ રાખવાવાળો છે તે મહાત્માની પાછળ પાછળ હું સદા એવું વિચારીને ઘુમ્યા કરૂં છું કેઃ તેમની ચરણરજ મારા ઉપર પડી જાય અને હું પવિત્ર થઇ જાઉં છું."

કોઇપણ વસ્તુની ઇચ્છાને લીધે ભગવાનની ભક્તિ કરવાવાળો મનુષ્ય વસ્તુતઃ એ ઇચ્છીત વસ્તુનો જ ભક્ત થઇ જાય છે કેમકેઃ વસ્તુની તરફ લક્ષ્ય રહેવાથી તે વસ્તુના માટે જ ભગવાનની ભક્તિ કરે છે..ભગવાનના માટે નહી ! પરંતુ ભગવાનની એ ઉદારતા છે કેઃ તેને પણ પોતાનો ભક્ત માને છે (ગીતાઃ૭/૧૬) કેમકે તે ઇચ્છિત વસ્તુના માટે કોઇ બીજા ઉપર ભરોસો ન રાખીને ફક્ત ભગવાન ઉપર ભરોસો રાખીને ભક્તિ કરે છે,એટલું જ નહી ભગવાન પણ ભક્ત ધ્રુવની જેમ તે અથાર્થી ભક્તની ઇચ્છા પુરી કરીને તેને સર્વથા નિઃસ્પૃહ પણ બનાવી દે છે..

17) શુચિ....

અંદર બહારની શુદ્ધિનું નામ શૌચ છે.જળ..માટી..વગેરેથી શરીરની શુદ્ધિ થાય છે અને દયા..ક્ષમા.. ઉદારતા તથા અંતઃકરણમાં રાગ-દ્વેષ..હર્ષ-શોક..કામ-ક્રોધ..વગેરે વિકારો ન હોવાથી અંતઃકરણ શુદ્ધ અને પવિત્ર થાય છે.પરમ હિતકારી સત્ય વચનો બોલવાં..કોઇના દિલને દુઃખ થાય તેવું ના બોલવું..એ વાણીની પવિત્રતા છે.ભક્ત શુદ્ધ હોય..તેનું પ્રત્યેક કર્મ શુદ્ધ હોય. શરીરમાં અહંતા.. મમતા (હું મારાપણું) ન હોવાથી ભક્તનું શરીર અત્યંત પવિત્ર હોય છે.એવા ભક્તનાં દર્શન..સ્પર્શ વાર્તાલાપ અને ચિંતનથી બીજા લોકો પણ પવિત્ર થઇ જાય છે.તીર્થો લોકોને પવિત્ર કરે છે,પરંતુ આવા ભક્તો તીર્થોને તીર્થત્વ પ્રદાન કરે છે,એટલે કેઃ તીર્થ પણ એમના ચરણસ્પર્શથી પવિત્ર થઇ જાય છે.(પરંતુ ભક્તના મનમાં એવો અહંકાર હોતો નથી) એવા ભક્તો પોતાના હ્રદયમાં વિરાજીત "પવિત્રાણાં પવિત્રમ્ " પ્રભુના પ્રભાવથી તીર્થોને પણ મહાતીર્થ બનાવતા રહીને વિચરણ કરે છે...

18) દક્ષ...

દક્ષતા એટલે ચતુરતા.જેનામાં દક્ષતા હોય તેને કોઇ છેતરી ના શકે..તે ખુબજ કૌશલ્યવાન હોય. જે ઉદ્દેશ્યની સફળતા માટે મનુષ્ય શરીર મળ્યું છે તે ઉદ્દેશ્યની પ્રાપ્તિ કરવી એ જ ચતુરતા (દક્ષતા) છે.અનન્ય ભક્તિ દ્વારા એક પ્રભુ પરમાત્માની પ્રત્યક્ષ અનુભૂતિ..પરમાત્માની પ્રાપ્તિ કરી લેવી એ જ મનુષ્યજન્મનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

ભગવાન કહે છે કેઃ વિવેકીઓના વિવેક અને ચતુરોની ચતુરાઇની પરાકાષ્ટા તેમાં જ છે કે તેઓ આ વિનાશી અને અસત્ય શરીરના દ્વારા મારા અવિનાશી તેમજ સત્ય તત્વને પ્રાપ્ત કરી લે." (શ્રીમદ ભાગવદઃ૧૧/૨૯/૨૨)

19) ઉદાસીન...

ઉદાસીન એટલે ઉત્+આસીન..એટલે કે ઉપર બેઠેલો..તટસ્થ..પક્ષપાતથી રહીત.વિવાદ કરવાવાળી બે વ્યક્તિઓ પ્રત્યે જેનો હંમેશાં તટસ્થભાવ રહે છે તેને ઉદાસીન" કહેવાય છે. ઉદાસીન શબ્દ નિર્લિપ્તતાનો ઘોતક છે.કોઇપણ અવસ્થા..ઘટના..પરિસ્થિતિ..વગેરેની ભક્ત ઉપર કોઇ અસર પડતી નથી.તે હંમેશાં

નિર્લિપ્ત રહે છે.ભક્તના અંતઃકરણમાં પોતાની સ્વતંત્રતા સત્તા રહેતી નથી તે શરીર સહિત તમામ સંસારને પરમાત્માનો માને છે એટલા માટે તેનો વ્યવહાર પક્ષપાતથી રહીત થાય છે.

**20)** **ગતવ્યથ...**

ભક્તને વ્યથા ના હોય..જે કંઇ મળે કે ના મળે..કંઇપણ આવે કે ચાલ્યુ જાય..જેના ચિત્તમાં દુઃખ.. ચિંતા..શોકરૂપી હલચલ ક્યારેય થતી જ નથી.વ્યથા એટલે દુઃખ એકલું નહી..અનુકૂળતાની પ્રાપ્તિ થતાં ચિત્તમાં ખિન્નતાની જે હલચલ થાય છે તે પણ વ્યથા છે.ભક્તને અનુકૂળતા તથા પ્રતિકૂળતાની પ્રાપ્તિ થતાં અંતઃકરણમાં થવાવાળા રાગ-દ્વેષ,હર્ષ-શોક..વગેરે વિકારોનો હંમેશાં અભાવ હોય છે.

**21)** **સર્વારમ્ભપરીત્યાગી....**

ભોગ અને સંગ્રહના ઉદ્દેશ્યથી નવાં નવાં કર્મ કરવાને આરંભ" કહે છે.ભક્ત ભોગ અને સંગ્રહના માટે કરવામાં આવનારાં તમામ કર્મોનો સર્વથા ત્યાગી હોય છે.જેનો ઉદ્દેશ્ય સંસારનો છે અને જે વર્ણ..આશ્રમ..વિદ્યા..યોગ્યતા..પદ..અધિકારી..વગેરેને લીધે પોતાનામાં વિશેષતા જુવે છે તે ભક્ત હોતો નથી.ભક્ત ભગવદ્ નિષ્ઠ હોય છે આથી તેના કહેવાતા શરીર..મન..ઇન્દ્રિયો..બુદ્ધિ..ક્રિયા..ફળ વગેરે ભગવાનને અર્પિત હોય છે.વાસ્તવમાં આ શરીર વગેરેના માલિક ભગવાન જ છે.પ્રકૃતિ અને પ્રકૃતિનું કાર્યમાત્ર ભગવાનનું છે આથી ભક્ત એક ભગવાન સિવાય કોઇને પણ પોતાનાં માનતો નથી.તે પોતાને માટે ક્યારેય કંઇ કરતો નથી..તેના દ્વારા થવાવાળા તમામ કર્મો ભગવાનની પ્રસન્નતાના માટે જ હોય છે.ધન..સંપત્તિ..સુખ..આરામ..માન..મોટાઇ માટે કરવામાં આવતા કર્મો તેના દ્વારા ક્યારેય થતા નથી.આમ,બુદ્ધિમાં સંકલ્પરહીતતા આવે ત્યારે જ આરંભ છૂટે છે.જેના હૈયામાં પરમાત્માતત્વની પ્રાપ્તિની..બ્રહ્મદર્શનની લગની લાગી છે તે ભલે કોઇપણ માર્ગનો કેમ ના હોય ! ભોગ ભોગવવા અને સંગ્રહ કરવાના ઉદ્દેશ્યથી તે ક્યારેય નવાં કર્મનો આરંભ કરતો નથી.૮૪૬

ભગવાનમાં સ્વભાવીક જ એટલું મહાન આકર્ષણ હોય છે કે ભક્ત આપમેળે તેમના તરફ ખેચાઇ જાય છે..એમનો પ્રેમી બની જાય છે.

**શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કેઃ**

જ્ઞાન દ્વારા જેમની ચિત્તગ્રંથિઓ કપાઇ ગઇ છે એવા આત્મારામ મુનિગણ પણ ભગવાનની નિષ્કામ ભક્તિ કર્યા કરે છે,કેમ કેઃભગવાનના ગુણ જ એવા છે કે તેઓ પ્રાણીઓને પોતાની તરફ ખેંચી લે છે.

**કાર્યનો આરંભ બે કારણોથી થાય છે.**

કાર્યની શરૂઆત આપણે બુદ્ધિથી કરીએ છીએ અને કેટલાક કાર્યો ગયા જન્મારાના કર્મો આપણને દબાણ કરીને કરાવે છે..તો પછી કાર્યનો આરંભ છોડવો કેવી રીતે ? સંપૂર્ણ શરણાગતિ વિના સર્વારંભપરિત્યાગી થવાતું નથી.આજે આપણે સત્કર્મો..સેવા..સુમિરણ..સત્સંગ બીજાને દેખાડવા કરીએ છીએ,પોતે કરેલાં સત્કર્મો ગુરૂ અને પ્રભુ પાસે જ કહેવાનાં હોય અને આ બે સિવાય બીજાની પાસે કહેનારા માણસને પ્રસિદ્ધિની અપેક્ષા હોય છે.સર્વારંભપરિત્યાગી થવા માટે ફળ..કર્મ અને સંકલ્પ પ્રભુને અર્પણ કરવાનો હોય છે..

**22)** **યો ન હ્રષ્યતિ... હર્ષિત થતો નથી.**

ઇષ્ટવસ્તુની પ્રાપ્તિમાં અને અનિષ્ટના વિયોગથી હર્ષ થાય છે.ભક્તના માટે સર્વશક્તિમાન પરમાત્મા જ પરમ પ્રિય વસ્તુ છે અને તેમની ભક્તએ અંગસંગ અનુભૂતિ કરેલ હોય છે એટલે તે હંમેશાં પરમાનંદમાં સ્થિત રહે છે.સંસારની કોઇપણ વસ્તુમાં તેનો સહેજપણ રાગ-દ્વેષ હોતો નથી, તેથી લોકદૃષ્ટિથી થનાર

કોઇપણ પ્રિય વસ્તુના સંયોગથી કે વિયોગથી તેના અંતઃકરણમાં ક્યારેય સહેજપણ હર્ષનો વિકાર થતો નથી.

જે હર્ષિત થતો નથી તે ભક્ત પ્રભુને ગમે છે.ઇન્દ્રિયોનો વિષયો સાથે સબંધ થતાં જ સુખનો અનુભવ થાય છે,પરંતુ સુખનો અનુભવ ભોગવ્યા પછી માણસમાં જે ગાંડપણ આવે છે તેને હર્ષ" કહે છે.હર્ષ કર્તવ્યની વિસ્મૃતિ લાવે છે.આમ,જ્યારે સુખનો અનુભવ આપણને કર્તવ્યની અને ભાવની વિસ્મૃતિ કરાવે ત્યારે સમજી લેવાનું કેઃ આપણને હર્ષ થયો.સુખ પચે તેવાં મન અને બુદ્ધિ તૈયાર કરવાં જોઇએ.ચિત્ત એકાગ્ર કરીને ભક્તિ કરવી અને સેવા..સુમિરણ..સત્સંગ કરવાં.જીવનમાં સુખ દુઃખ આવવાનાં જ..તેના લીધે આપણા નિશ્ચયો બદલાવવા ન જોઇએ.

અવતારવાણી"માં કહ્યું છે કેઃ

હોઇ ભલે કોઇ રાજા છતાં તે, દુઃખોથી ના છૂટી શકતો,
પ્રભુના ભેદને જાણીને સંત, હરપલ પ્રસન્ન રહી શકતો..
વૈભવ હોય સર્વ પ્રકારે, છતાં તૃપ્ત ના થાવાનો,
પ્રભુને જાણ્યા માણ્યા વિના, વિશ્વાસ કદિ ના થાવાનો... (અવતારવાણીઃ૩૯)

## 23) દ્વેષ કરતો નથી...

ભગવાનનો ભક્ત સંપૂર્ણ જગતને ભગવાનનું સ્વરૂપ સમજે છે તેથી તેનો કોઇપણ્ વસ્તુ પ્રાણીમાં ક્યારેય કોઇપણ કારણથી દ્વેષ હોતો નથી.તે સર્વ જગતને સિયારામમય જુવે છે.

સિયારામમય સબ જગ જાની,
કરઉં પ્રણામ જોરી જુગ પાની... (રામાયણ)

અવતારવાણીમાં કહ્યું છે કેઃ

કણકણમાં છે તારી જ્યોતિ, પાન પાન પર તારૂં નામ,
જ્યાં જોઉં ત્યાં સર્વ દિશામાં, જોઇ રહ્યો છું તારૂં ધામ.. (અવતારવાણીઃ૨)

આપણે સ્વને ભુલી ગયા છીએ તેથી બીજાઓનો દ્વેષ કરીએ છીએ.

જેના વિચારોની બેઠક દ્વેષના આધારે હોય તેને તત્વજ્ઞા..તત્વદર્શન થઇ શકતું નથી."

હર્ષ-શોક બન્ને રાગ-દ્વેષનાં જ પરીણામ છે.જેના પ્રત્યે રાગ છે તેના સંયોગથી અને જેના પ્રત્યે દ્વેષ છે તેના વિયોગથી હર્ષ થાય છે.સિદ્ધ ભક્ત રાગ-દ્વેષ જેવા વિકારોથી રહીત હોય છે.

## 24) શોક કરતો નથી...

ભગવાનના ભક્તમાં શોકનો વિકાર હોતો નથી.અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિમાં અને ઇષ્ટના વિયોગથી શોક થાય છે.પ્રભુની લીલામાંના વિધાન અનુસાર ભક્તને ક્યારેય પ્રતિકૂળતાનો અનુભવ થતો નથી.પ્રભુની લીલાના રહસ્યને તે સમજતો હોવાથી તે દરેક સમયે સર્વવ્યાપક પ્રભુના સ્વરૂપમાં મગ્ન રહે છે..પછી તેને શોક કેવી રીતે થઇ શકે ? હર્ષ અને શોકના પ્રસંગમાં જે બુદ્ધિ અને મનનું સમતોલપણું ગુમાવતા નથી તે ભક્ત ભગવાનને ગમે છે..

## 25) આકાંક્ષા (કામના) કરતો નથી...

ભગવાનથી વિમુખ અને સંસારથી સન્મુખ થવાથી શરીર નિર્વાહ અને સુખના માટે અનુકૂળ પદાર્થ..પરિસ્થિતિ..વગેરે મેળવવાની કામના થાય છે,તેમના મળવાથી હર્ષ થાય છે અને તેની પ્રાપ્તિમાં વિઘ્ન પહોચાડવાવાળા પ્રત્યે દ્વેષ કે ક્રોધ થાય છે અને ન મળવાથી કેવી રીતે મળે ? એવી ચિંતા થાય

છે,પરંતુ જેને પરમાત્માની પ્રાપ્તિ (બ્રહ્માનુભૂતિ) થઇ ગઇ છે તેનામાં આ વિકારો રહેતા નથી.બુદ્ધિ અને મન પ્રભુને અર્પણ કરી દેવામાં આવે તો જ તે બદલાઇ જાય છે અને ત્યારબાદ જ આ સ્થિતિ પ્રાપ્ત થાય છે.

26) શુભાશુભ પરિત્યાગી...

યજ્ઞ..દાન..તપ..સેવા..સુમિરણ..સત્સંગ તથા વર્ણાશ્રમ અનુસાર જીવિકા તથા શરીર નિર્વાહ માટે કરવામાં આવતાં શાસ્ત્રવિહિત કર્મોને શુભ તથા જૂઠ..કપટ..ચોરી..હિંસા..વ્યભિચાર..વગેરે પાપ કર્મને અશુભ કર્મ કહેવામાં આવે છે.ભગવાનનો જ્ઞાની ભક્ત આ બંન્ને પ્રકારના કર્મોનો ત્યાગી હોય છે,કારણ કે તેના શરીર ઇન્દ્રિયો અને મન દ્વારા થતાં તમામ શુભ કર્મોને તે ભગવાનને સમર્પિત કરી દે છે તેમાં તેની સહેજપણ મમતા..આસક્તિ કે ફલેચ્છા હોતી નથી અને રાગ..દ્વેષનો તેનામાં અભાવ હોવાથી પાપકર્મો તેના દ્વારા થતાં જ નથી,એટલે તેને શુભાશુભપરિત્યાગી" કહે છે.

મનુષ્યને કર્મો નથી બાંધતાં,પરંતુ કર્મોમાં રાગ-દ્વેષ જ બાંધે છે.શરૂઆતમાં માણસ અશુભ કર્મોનો ત્યાગ કરે ત્યારબાદ તે શુભકર્મોનો ત્યાગ કરે ! જ્યાં સુધી આપણે શુભ કર્મો છોડતા નથી ત્યાંસુધી અશુભ કર્મો પણ છૂટતાં નથી.જે શુભ અને અશુભ બન્ને કર્મો છોડે તેની જવાબદારી ભગવાન ઉપાડે છે,તેનાથી શુભની આસક્તિ નહી અને અશુભની ધૃણા નહિ !

27) અને (૨૮)

28) સમઃશત્રો ચ મિત્રે ચ..... (શત્રુ અને મિત્રમાં સમાન)

ભક્તની દ્દષ્ટિમાં તેનો કોઇ શત્રુ કે મિત્ર હોતો નથી,તેમછતાં લોકો પોત પોતાની ભાવના અનુસાર મૂર્ખતાવશ ભક્ત દ્વારા પોતાનું અનિષ્ટ થાય છે તેમ સમજીને..ભક્તનો સ્વભાવ તેમને અનુકૂળ ન દેખાતો હોવાથી અથવા ઇર્ષ્યાવશ ભક્તમાં શત્રુભાવનો આરોપ લગાવે છે.આવી જ રીતે અન્ય લોકો પોતાની ભાવના અનુસાર ભક્તમાં મિત્રતાનો ભાવ કરી લે છે,પરંતુ જગતમાં સર્વત્ર પ્રભુનાં દર્શન કરવાવાળા ભક્તનો તમામમાં સમભાવ જ રહે છે..તેમની દ્દષ્ટિમાં શત્રુ-મિત્રનો સહેજપણ ભેદ હોતો નથી,તે તો હંમેશાં તમામની સાથે પ્રેમનો જ વ્યવહાર કરે છે.તમામને પ્રભુનું જ સ્વરૂપ સમજીને સમભાવથી તમામની સેવા કરવી એ જ તેમનો સ્વભાવ બની જાય છે.

અવતારવાણીમાં ગુરૂદેવ નિરંકારી બાબાએ કહ્યું છે કેઃ

દશે દિશામાં પ્રભુને જોવો, એથી ઉત્તમ ધર્મ નથી,
સંતજનોની સેવા કરવી, એથી ઉંચુ કર્મ નથી..
સંતોની સેવા કરવામાં, તન મન ધન જે લૂંટાવે છે,
સાચું માનો મેલ હ્રદયનો, આપ મેળે ધોવાયે છે..
સદગુરૂના ઉપદેશથી વધીને, જગમાં બીજી વાણી નથી... (અવતારવાણીઃ૧૫૪)

29) માન-અપમાનમાં સમતા...

માન-અપમાન પરકૃત ક્રિયા છે.જે શરીર પ્રત્યે થાય છે.ભક્તની પોતાના કહેવાતા શરીરમાં અહંતા મમતા ન હોવાથી શરીરનું માન-અપમાન થવા છતાં પણ ભક્તના અંતઃકરણમાં કોઇ હર્ષ-શોકનો વિકાર પેદા થતો નથી,તે નિત્ય નિરંતર સમતામાં જ સ્થિત રહે છે.

30) શિતોષ્ણ સુખ-દુઃખેષુ સમ....(ઠંડી-ગરમી અને સુખ-દુઃખના દ્વંન્દ્વોમાં સમાન..)

શિતોષ્ણ શબ્દ તમામ ઇન્દ્રિયોના વિષયોનો વાચક છે.પ્રત્યેક ઇન્દ્રિયનો પોતપોતાના વિષયની સાથે સંયોગ થતાં ભક્તને એ (અનુકૂળ કે પ્રતિકૂળ) વિષયોનું જ્ઞાન તો થાય છે,પરંતુ તેના અંતઃકરણમાં હર્ષ-

શોક..વગેરે વિકારો થતા નથી,તે હંમેશાં સમાન રહે છે.સાધારણ મનુષ્ય ધન.. ભૌતિક સંપત્તિ..વગેરે અનુકૂળ પદાર્થોની પ્રાપ્તિમાં સુખ અને પ્રતિકૂળ પદાર્થોની પ્રાપ્તિમાં દુઃખનો અનુભવ કરે છે,પરંતુ તે જ પદાર્થો પ્રાપ્ત થતાં અથવા ન થતાં સિદ્ધ ભક્તના અંતઃકરણમાં હર્ષ- શોક..વગેરે વિકારો થતા નથી તે હંમેશાં સમાન રહે છે.

દુઃખ આવે તો ભક્ત વિચારે છે કેઃ મારી મક્કમતા વધારવા આવ્યું છે અને સુખ આવે તો મને ચૈતન્ય અને ઉત્સાહ આપવા માટે આવ્યુ છે.

**31)** **સંગવિર્વજિત...**

સંગ શબ્દનો અર્થ સબંધ (સંયોગ) તથા આસક્તિ થાય છે.મનુષ્યના માટે સ્વરૂપથી બધા પદાર્થોનો સંગ (સબંધ) છોડવાનું શક્ય નથી,કેમકે જ્યાંસુધી મનુષ્ય જીવિત છે ત્યાંસુધી શરીર.. મન..બુદ્ધિ અને ઇન્દ્રિયો તેની સાથે જ રહે છે.શરીરથી ભિન્ન કેટલાક પદાર્થોનો સ્વરૂપથી ત્યાગ કરી શકાય છે,પરંતુ તેના અંતઃકરણમાં તેમના પ્રત્યે સહેજપણ આસક્તિ ચાલુ રહી હોય તો તે પ્રાણી પદાર્થોથી દૂર રહેવા છતાં પણ વાસ્તવમાં તેનો તેમની સાથે સબંધ ચાલુ રહેલો જ છે.બીજી બાજુ જો અંતઃકરણમાં પ્રાણી પદાર્થોમાં સહેજપણ આસક્તિ ના હોય તો પાસે રહેવા છતાં પણ તેમની સાથે સબંધ હોતો નથી.જો પદાર્થોનો સ્વરૂપથી ત્યાગ કરવાથી જ મુક્તિ થાત તો મરવાવાળી દરેક વ્યક્તિ મુક્ત થઇ જાત ! કેમકે તેણે તો પોતાના શરીરનો પણ ત્યાગ કરી દીધો ! પરંતુ એવી વાત નથી.અંતઃકરણમાં આસક્તિ રહેવાથી શરીરનો ત્યાગ કરવા છતાં સંસારનું બંધન ચાલુ જ રહે છે.આથી મનુષ્યને સાંસારીક આસક્તિ જ બાંધવાવાળી છે..સાંસારીક પ્રાણી પદાર્થોનો સ્વરૂપથી સબંધ નહી.

આસક્તિ દૂર કરવા માટે પદાર્થોનો સ્વરૂપથી ત્યાગ કરવો એ પણ એક સાધન થઇ શકે છે,પરંતુ ખાસ જરૂર આસક્તિનો સર્વથા ત્યાગ કરવાથી જ થાય છે.સંસાર પ્રત્યે જો સહેજપણ આસક્તિ હોય તો તેનું ચિંતન અવશ્ય થશે,આ કારણે તે આસક્તિ સાધકને ક્રમશઃ કામના..ક્રોધ..મૂઢતા.. વગેરે પ્રાપ્ત કરાવતી રહીને તેને પતનના ખાડામાં પાડવાનું સાધન બની શકે છે. (ગીતાઃ૨/૬૨-૬૩)

પરમાત્માના શુદ્ધ અંશ ચેતનમાં કે જડપ્રકૃતિમાં આસક્તિ નથી હોતી,પણ જડ અને ચેતનના સબંધરૂપી હું” પણાની માન્યતામાં છે..તે જ આસક્તિ મન..બુદ્ધિ..ઇન્દ્રિયો અને વિષયો (પદાર્થો) માં પ્રતિત થાય છે.

આસક્તિનું કારણ અવિવેક છે.પોતાના અંશી પ્રભુથી વિમુખ થઇને ભૂલથી સંસારને પોતાનો માની લેવાથી સંસારમાં રાગ થઇ જાય છે અને રાગ થવાથી સંસારમાં આસક્તિ થઇ જાય છે.સંસાર સાથે માનેલું પોતાપણું સર્વથા દૂર થઇ જવાથી બુદ્ધિ સમ થઇ જાય છે..બુદ્ધિ સમ થતાં પોતે આસક્તિ રહીત થઇ જાય છે.

માણસ આધ્યાત્મિક દ્રષ્ટિએ એવી સ્થિતિ ઉપર પહોચવો જોઇએ કેઃ વ્યક્તિ કે વસ્તુના સંગની તેના ઉપર અસર ના થાય.જે સબંધથી માણસની બુદ્ધિ અને વૃત્તિ બદલાય તેને જ સંગ કહેવાય. વસ્તુ..વ્યક્તિ અને વિચાર આપણી પાસે હોવા છતાં આપણી બુદ્ધિ અને વૃત્તિમાં બદલાવ ના થાય તો તે સંગવિવર્જીત સ્થિતિ કહેવાય.

**32)** **તુલ્ય નિંદાસ્તુતિ...** જે નિંદા-સ્તુતિને સમાન સમજે છે.

બીજાના મનમાંથી અમુક માણસ ઉતરી જાય એવો પ્રયત્ન કરવો એ "નિંદા" કહેવાય.

સ્વાર્થ રહીત વર્ણનને (વખાણને) પ્રસંશા કહેવાય.

સ્વાર્થ સહિત વર્ણનને સ્તુતિ કહેવાય છે.

જે માણસ નિંદા-સ્તુતિથી પર થયો હોય તેની જવાબદારી ભગવાન ઉપાડે છે.ભગવાનના ભક્તનો પોતાના નામ અને શરીરમાં સહેજપણ અભિમાન કે મમત્વ હોતું નથી..તેથી તેને સ્તુતિથી હર્ષ કે નિંદાથી કોઇપણ પ્રકારનો શોક થતો નથી..તેનો બંન્નેમાં સમભાવ રહે છે.ભક્ત દ્વારા અશુભ કર્મો તો થઇ શકતાં જ નથી અને શુભ કર્મો થવામાં તે ફક્ત ભગવાનને કારણ માને છે.છતાં પણ તેની કોઇ નિંદા કે સ્તુતિ કરે તો તેના ચિત્તમાં વિકાર પેદા થતા નથી.જો કે માનવના જીવનમાં પ્રાથમિક અવસ્થામાં નિંદા-સ્તુતિની આવશ્યકતા છે.

**33) મૌની...**

આપણે બોલવાનું બંધ કરીએ તે મૌન નથી..*Silence* છે.મૌનમાં માણસની બધી ઇન્દ્રિયોની પ્રવૃતિ આત્મા સાથે જોડાવવી જોઇએ.વાસના અને કામના બંધ કરવાં એ મન અને બુદ્ધિનું મૌન છે.સિદ્ધ ભક્ત દ્વારા આપોઆપ સ્વાભાવિક ભગવત્સ્વરૂપનું મનન થતું રહે છે એટલા માટે તેને "મૌની" એટલે કેઃ મનનશીલ કહેવામાં આવ્યો છે.અંતઃકરણમાં આવવાવાળી પ્રત્યેક વૃતિમાં તેને ભગવાન જ દેખાય છે,એટલા માટે તેના દ્વારા નિરંતર ભગવાનનું જ મનન થાય છે.ટૂંકમાં મૌની એટલે ભગવાનના સ્વરૂપનું મનન કરવાવાળો...!

**34) સંતુષ્ટો યેન કેનચિત...**

બીજા લોકોને ભક્ત પ્રારબ્ધ અનુસાર શરીર નિર્વાહના માટે જે કંઇ મળે તેમાં જ સંતુષ્ટ દેખાય છે,પરંતુ વાસ્તવમાં ભક્તના સંતોષનું કારણ કોઇ સાંસારીક પદાર્થ કે પરિસ્થિતિ હોતું નથી. એકમાત્ર ભગવાનમાં જ પ્રેમ હોવાના લીધે તે નિત્યનિરંતર ભગવાનમાં જ સંતુષ્ટ રહે છે.આ સંતોષના કારણે તે સંસારની પ્રત્યેક અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિમાં સમ રહે છે કારણ કેઃ તેના અનુભવમાં પ્રત્યેક અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ ભગવાનના મંગલમય વિધાનથી જ આવે છે.આ રીતે પ્રત્યેક પરિસ્થિતિમાં નિત્ય નિરંતર સંતુષ્ટ રહેવાના કારણે તેને સંતુષ્ટો યેન કેનચિત કહેવામાં આવે છે.

**35) અનિકેત...**

જેમનું કોઇ નિકેત એટલે કે વાસ સ્થાન નથી તે જ અનિકેત હોય તેવી વાત નથી.ભલે ગૃહસ્થ હોય કે સાધુ સંન્યાસી..જેમની પોતાના રહેવાના સ્થાનમાં મમતા કે આસક્તિ નથી તે બધા અનિકેત" છે.ભક્તને રહેવાના સ્થાનમાં કે શરીર(સ્થૂલ..સૂક્ષ્મ..કારણ શરીર)માં લેશમાત્ર પણ પોતાપણું તથા આસક્તિ હોતી નથી એટલા માટે તેને અનિકેત કહેવામાં આવે છે.અનિકેત સ્થિતિ લાવવા માટે મમત્વ તથા આસક્તિ આઘાં કરવાં જોઇએ..

**36) સ્થિરમતિ...**

ભક્તને ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન થયાં હોવાથી તેના તમામ સંશય નષ્ટ થઇ જાય છે.. ભગવાનમાં તેનો દ્દઢ વિશ્વાસ થઇ જાય છે..તેનો નિશ્ચય અટલ અને નિશ્ચલ હોય છે તેથી તે સાધારણ મનુષ્યની જેમ કામ..ક્રોધ..લોભ..મોહ કે ભય વગેરે..વિકારોના વશમાં આવીને ધર્મથી કે ભગવાનના સ્વરૂપથી ક્યારેય વિચલિત થતો નથી તેથી તેને "સ્થિર બુદ્ધિ" કહ્યો છે.

સ્થિર બુદ્ધિ થવામાં કામનાઓ જ બાધક થાય છે આથી કામનાઓના ત્યાગથી જ સ્થિર બુદ્ધિ થઇ શકે છે.

ઉપરોક્ત ૩૬ લક્ષણોમાં રાગ-દ્વેષ અને હર્ષ-શોકનો અભાવ બતાવવામાં આવ્યો છે..અંતમાં ભગવાને કહ્યું છે કેઃ "જેઓ મારામાં શ્રદ્ધા રાખવાવાળા અને મારા પરાયણ થયેલા ભક્તો ઉપર કહેલા આ ધર્મમય અમૃતનું સારી રીતે સેવન કરે છે તેઓ મને અત્યંત પ્રિય છે." (ગીતાઃ૧૨/૨૦)

**મન સ્વસ્થ..શુદ્ધ..પવિત્ર અને સંસ્કારી બનાવવા માટે ભક્તિ એ ભગવાને આપેલ ઉત્કૃષ્ટ સાધન છે તે આપણે બધા અપનાવીએ એવી પ્રાર્થના.....!!**

..........................................................................................................................

## યુધિષ્ઠિર અને સર્પ સંવાદ

બાર વર્ષના વનવાસ દરમ્યાન વીરવર પાંડવોએ વિશાળયૂપ નામના વનમાં એક વર્ષ આનંદપૂર્વક નિવાસ કર્યો હતો.મહાભારતના વનપર્વના ૧૭૮મા અધ્યાયમાં તેનું વર્ણન કરવામાં આવ્યું છે.આ વનમાં નિવાસ દરમ્યાન એક દિવસ ભીમ પર્વતની કંદરામાં એક મહાબલી અજગર કે જે મૃત્યુ સમાન ભયાનક અને પીડિત હતો.આ અજગરે ભીમના શરીરને લપેટી લીધું. અજગરને મળેલા પ્રભાવથી તેનો સ્પર્શ થતાં જ ભીમસેનની ચેતના લુપ્ત થઇ ગઇ.ભીમની ભુજાઓમાં દશ હજાર હાથીઓનું બળ હોવા છતાં તે તરફડવા લાગ્યો.ભીમસેને તેના પ્રબળ પાશમાંથી છુટવાના અનેક પ્રયાસ કર્યા,પણ તેના તમામ પ્રયાસ નિષ્ફળ નિવડ્યા ત્યારે તેને પૂછ્યું કે આપ કોન છો ? અને શું કરવા માંગો છો ? તેના જવાબમાં અજગરે કહ્યું કે હું ઘણા સમયથી ભૂખ્યો હોવાથી તને મારા ભક્ષ્ય તરીકે તને મેળવીને મને ઘણો જ આનંદ થયો છે.શરીરધારીઓમાં પ્રાણ જ સૌથી વધુ પ્રિય હોય છે. ભીમસેનના પૂછવાથી અજગરે પોતાના પૂર્વ જન્મનો પરીચય આપ્યો તથા શ્રાપ અને વરદાનની વાત સંભળાવી. ભીમસેને ઘણો જ અનુનય વિનય કરવા છતાં તે સર્પના બંધનથી છુટકારો મેળવી શક્યો નહી.બીજી તરફ રાજા યુધિષ્ઠિર ઘણા જ ભયંકર ઉત્પાત જોઇને ગભરાઇ ગયા.તેમના આશ્રમની દક્ષિણ દિશાના વનમાં ભયાનક આગ લાગી અને તેથી ગભરાયેલ ગીધો અમંગળ સૂચક સ્વરમાં દારૂણ ચિત્કાર કરવા લાગ્યાં.હવા પ્રચંડ વેગથી વહેવા લાગી.રેત અને કાંકરાઓનો વરસાદ શરૂ થયો.યુધિષ્ઠિરનો ડાબો હાથ તથા આંખ ફરકવા લાગ્યાં. આ બધાં અપશુકન જોઇને બુદ્ધિમાન રાજા યુધિષ્ઠિર સમજી ગયા કે અમારી ઉપર કોઇ મહાન ભય ઉપસ્થિત થયો છે.તેમને દ્રોપદીને પૂછ્યું કેઃ ભીમસેન ક્યાં છે ? દ્રોપદીએ કહ્યું કેઃ તેમને વનમાં ગયાને ઘણો જ સમય થયો છે.આ સાંભળીને યુધિષ્ઠિર ધૌમ્ય ઋષિને લઇને ભીમસેનને શોધવા માટે નીકળી પડે છે.વનમાં શોધતાં શોધતાં પર્વતના દુર્ગમ પ્રદેશમાં જઇને તેમને જોયું કે એક મહાન અજગરે ભીમસેનનો ભરડો લીધો છે તેથી તેઓ નિષ્ચેષ્ઠ બની ગયા હતા.

યુધિષ્ઠિરે સર્પને કહ્યું કેઃ આયુષ્યમાન ! તમે મારા આ પરાક્રમી ભાઇને છોડી દો.તમારી ભુખ મટાડવા હું તમોને બીજો આહાર આપીશ.સર્પે કહ્યું કેઃ આ રાજકુમાર મારા મુખની પાસે સ્વંય આવીને આહારના રૂપમાં પ્રાપ્ત થયો છે.તમો અહીથી ચાલ્યા જાવ, અહી રોકાવામાં આપનું કલ્યાણ નથી.જો તમો પણ અહી રોકાઇ જશો તો કાલે તમે પણ મારો આહાર બની જશો.

યુધિષ્ઠિરે કહ્યું કેઃ હે સર્પ ! આપ કોઇ દેવતા..દૈત્ય છો કે વાસ્તવમાં સર્પ છો ? આપ મને ભીમસેનના છુટકારા માટેનો ઉપાય બતાવો.સર્પએ કહ્યું કે હું ગયા જન્મમાં તમારો પૂર્વજ નહૂષ નામનો રાજા હતો.ચંદ્દમાની પાંચમી પેઢીમાં જે આપ નામના રાજા થઇ ગયા તેમનો પૂત્ર હતો.મેં અનેક યજ્ઞો કર્યા..તપસ્યા કરી..સ્વાધ્યાય..સત્કર્મો તથા પોતાના પરાક્રમથી મને ત્રણે લોકોનું ઐશ્વર્ય પ્રાપ્ત થયું. આ ઐશ્વર્ય પ્રાપ્ત થતાં મારો અહંકાર વધી ગયો.અહંકારમાં મદોન્મત બનીને મેં બ્રાહ્મણો તથા ઋષિમુનિઓનું અપમાન કર્યું.મેં સહસ્ત્ર શ્રેષ્ઠ ઋષિઓ પાસે મારી પાલખી ઉચકાવી.મહર્ષિઓના આવા અસાધારણ અપમાનથી કોપાયમાન થઇને મહર્ષિ અગત્સ્યજીએ મને શ્રાપ આપવાથી મારી આવી દશા થઇ છે.ખરેખર દૈવ ખૂબ જ બળવાન છે એ દેવના લીધે જ આ ભીમસેન મારી પાસે આવી પહોચ્યો છે અને મારો વંશજ હોવા છતાં હું તેને મારવા માટે તૈયાર થયો છું.સ્વર્ગલોકમાંથી શ્રાપના લીધે ભ્રષ્ટ થઇને નીચે પડતી વખતે મેં મહર્ષિ અગત્સ્યને શ્રાપના

નિવારણ માટે પ્રાર્થના કરતાં તેમને જણાવેલું કેઃ તૂં થોડા વખત પછી આ શ્રાપમાંથી મુક્ત થઇશ. સત્ય-અસત્યના મર્મને સમજનારો જે પુરૂષ તારા પ્રશ્નના જવાબો આપશે તે તારા શ્રાપમાંથી મુક્તનું કારણ બનશે.તું જે પણ પ્રાણીને પકડશે તે તારા કરતાં બળવાન હશે તો પણ તે તુરંત જ નિર્બળ તથા અસહાય બની જશે.મહર્ષિના અગત્સ્યના શ્રાપના લીધે હું પૃથ્વી પર પડ્યો છું છતાં મહર્ષિના અગત્સ્યની કૃપાથી આજદિન સુધી મારી પૂર્વજન્મની સ્મૃતિ લુપ્ત થઇ નથી.ઋષિના શ્રાપ અનુસાર દિવસના છઠ્ઠા ભાગમાં આ તમારો ભાઇ મને ભોજનના રૂપમાં પ્રાપ્ત થયેલ છે એટલે હું તેમને છોડીશ નહી,પરંતુ જો તમે મારા પૂછેલા પ્રશ્નોના જવાબ આપશો તો હું તમારા ભાઇ ભીમસેનને છોડી દઇશ.

યુધિષ્ઠિરે કહ્યું કેઃ હે સર્પ ! તમો ઇચ્છાનુસાર પ્રશ્ન પૂછો.જો મારાથી શક્ય બનશે તો તમારી પ્રસન્નતાના માટે અવશ્ય તમારા તમામ પ્રશ્નોના જવાબ આપીશ.

સર્પે પૂછ્યું કેઃ બ્રાહ્મણ કોન છે ? અને જાણવા યોગ્ય તત્વ શું છે ?

યુધિષ્ઠિરે કહ્યું કેઃ હે નાગરાજ ! જેનામાં સત્ય..દાન..ક્ષમા..સુશીલતા..ક્રૂરતાનો અભાવ..તપસ્યા અને દયા...આ સદગુણો જોવા મળે તે જ બ્રાહ્મણ (બ્રહ્મજ્ઞાની સંત) છે.આવો સ્મૃતિઓનો સિદ્ધાંત છે અને જાણવા યોગ્ય તત્વ એક પરબ્રહ્મ પરમાત્મા જ છે કે જે સુખ-દુઃખથી પર છે અને જ્યાં પહોંચીને..જેને જાણીને મનુષ્ય શોકથી પર થઇ જાય છે.

સર્પે પૂછ્યું કેઃ હે યુધિષ્ઠર ! બ્રહ્મ અને સત્ય તો ચારેય વર્ણોના માટે હિતકર તથા પ્રમાણભૂત છે તથા વેદોમાં બતાવેલ સત્ય..દાન..ક્રોધનો અભાવ..ક્રૂરતાનો અભાવ..અહિંસા અને દયા...વગેરે સદગુણો તો શુદ્રોમાં પણ જોવા મળે છે એટલે તમારી માન્યતા અનુસાર તો શૂદ્ર પણ બ્રાહ્મણ કહેવાય,તેના સિવાય તમોએ જે સુખ-દુઃખથી રહિત જાણવા યોગ્ય પદ(પરબ્રહ્મ) પરમાત્મા બતાવ્યું છે તેમાં પણ મને આપત્તિ છે.મારા વિચારમાં તો એવું આવે છે કે સુખ-દુઃખ બંન્નેથી રહીત કોઇ બીજું પદ છે જ નહી.

યુધિષ્ઠિરે કહ્યું કેઃ જો શૂદ્રમાં સત્ય..વગેરે ઉપરોક્ત લક્ષણો છે અને બ્રાહ્મણમાં તે લક્ષણો ના હોય તો તે શૂદ્ર શૂદ્ર નથી અને બ્રાહ્મણ બ્રાહ્મણ નથી.હે સર્પ ! જેનામાં ઉપર દર્શાવેલ સત્ય...વગેરે લક્ષણો હોય તેને બ્રાહ્મણ સમજવો જોઇએ અને જેનામાં તેનો અભાવ હોય તેને શૂદ્ર કહેવો જોઇએ તથા તમે કહ્યું કેઃ સુખ અને દુઃખ બંન્નેથી રહિત કોઇ બીજું પદ છે જ નહી તે તમારો મત યોગ્ય છે.વાસ્તવમાં જે અપ્રાપ્ત છે અને કર્મોથી પ્રાપ્ત થનાર છે એવું પદ કોઇપણ કેમ ના હોય તે સુખ દુઃખથી શૂન્ય(રહિત) નથી..પરંતુ જેવી રીતે શિતલ પાણીમાં ગરમી રહેતી નથી તથા ઉષ્ણ સ્વભાવવાળા અગ્નિમાં શિતળતા હોતી નથી,કારણ કેઃતેમાં વિરોધ છે,તેવી જ રીતે જે વેદ્ય પદ છે તેને ફક્ત અજ્ઞાનનું આવરણ દૂર કરીને પોતાનાથી ભિન્ન સમજવાનું છે,તેનો ક્યારેય અને ક્યાંય પણ વાસ્તવિક સુખ દુઃખથી સંપર્ક હોતો નથી.

સર્પે કહ્યું કેઃ રાજન ! જો તમે આચારથી જ બ્રાહ્મણની પરીક્ષા કરતા હો તો પછી જ્યાં સુધી તેના અનુસાર કર્મ ના હોય તો જાતિ વ્યર્થ જ છે.

યુધિષ્ઠિરે કહ્યું કેઃ મારા વિચારથી તો મનુષ્યમાં જાતિની પરીક્ષા કરવી એ ઘણું જ કઠિન કામ છે,કારણ કેઃ વર્તમાન સમયમાં તમામ વર્ણનું અંદરોઅંદર શંકર(સમ્મિશ્રણ) થઇ ગયું છે.તમામ મનુષ્યો તમામ જાતિની સ્ત્રીઓથી સંતાનો પેદા કરી રહ્યા છે.બોલચાલ..મૈથુનમાં પ્રવૃતિ તથા જન્મ-મરણ...આ તમામ મનુષ્યોમાં એક સરખાં જોવા મળે છે.જે તત્વદર્શી વિદ્વાન છે તે શીલ(સદાચાર) ને જ પ્રધાનતા આપે છે.જ્યારે બાળકનો જન્મ થાય છે ત્યારે નાળ છેદનના પહેલાં તેના જાતકર્મ સંસ્કાર કરવામાં આવે છે..તેમાં માતા સાવિત્રી અને પિતા આચાર્ય કહેવામાં આવે છે.જ્યાં સુધી બાળકના સંસ્કાર કરીને વેદાધ્યાન કરવા છતાં પણ શીલ અને

સદાચાર ના આવે તો તેનામાં પ્રબળ વર્ણ શંકરતા છે...આવો વિચારપૂર્વક નિશ્ચય કરવામાં આવ્યો છે.જેનામાં સંસ્કારની સાથે શીલ અને સદાચારનો વિકાસ થયો હોય તે જ બ્રાહ્મણ છે.

સર્પે પૂછ્યુ કેઃ સર્વ દેવો..મહર્ષિઓ ધર્મની પ્રસંશા કરે છે તે ધર્મનું સંક્ષેપમાં વર્ણન કરો..

યુધિષ્ઠિરે કહ્યું કેઃ ધૃતિઃ..ક્ષમા..દમ..અસ્તેય..શૌચ..ઇન્દ્રિય નિગ્રહ..ધીઃ વિદ્યા..સત્ય અને અક્રોધ..એ સનાતન ધર્મનાં લક્ષણ છે.

સર્પે કહ્યું કેઃ સત્ય કોને કહેવાય ? તમે જે શમ કહ્યો તે કેવો હોય ? ઉત્તમ દયા કોને કહેવાય ? અને ધ્યાન કોને કહે છે ?

યુધિષ્ઠિરે કહ્યું કેઃ પ્રાણીઓના હિતને સત્ય કહ્યું છે.મનનો નિગ્રહને દમ, ચિત્તની શાંતિ તે શમ, સ્વધર્મ પ્રમાણે વર્તવું તે તપ, શંકરતાનો ત્યાગ તે શૌચ, નહી કરવા જેવા કાર્યથી નિવૃત્તિ તે હ્રી, ટાઢ-તાપ વગેરે..દ્વન્દ્વો સહન કરવા તે ક્ષમા, ચિત્તની સમતા તે આર્જવ, તત્વાર્થનો બોધ તે જ્ઞાન, પ્રાણીઓના હિતની ઇચ્છા તે દયા અને મનની નિર્વિષયતા તેને ધ્યાન કહેવામાં આવે છે.

સર્પે કહ્યું કેઃ પુરૂષોનો દુર્જય શત્રુ કોન ? અને મહા અસાધુ કોને કહેવાય ?

યુધિષ્ઠિરે કહ્યું કેઃ કામ એ દુર્જય શત્રુ છે..લોભ એ અનંતકાળનો વ્યાધિ છે..સર્વ પ્રાણીઓ ઉપર દયા કરનારો તે સાધુ અને નિર્દય મનુષ્ય તે અસાધુ છે.

સર્પે કહ્યું કેઃ મોહ કોને કહેવાય ? માન એટલે શું ? આળસ કોને કહેવાય ? અને શોક કોને કહે છે ?

યુધિષ્ઠિરે કહ્યું કેઃ ધર્મ સબંધી મૂઢતા તેને મોહ કહે છે.પોતાના સબંધમાં અભિમાન તે માન..ધર્મકૃત્ય ના કરવા તે આળસ..અને અજ્ઞાન જ શોક કહેવાય છે.

સર્પે કહ્યું કેઃ સ્થૈર્ય કોને કહેવાય ? ધૈર્ય કોને કહ્યું છે ? મુખ્ય સ્નાન કયું અને દાન કોને કહેવાય છે ?

યુધિષ્ઠિરે કહ્યું કેઃ સ્વધર્મમાં સ્થિરતા તે સ્થૈર્ય..ઇન્દ્રિયોનો નિગ્રહ તે ધૈર્ય..મનના મળનો ત્યાગ તે સ્નાન અને અભયદક્ષિણાને દાન કહેવાય છે.

સર્પે કહ્યું કેઃ કયા પુરૂષને પંડીત કહેવાય છે ? મૂર્ખ કોને કહેવો ? સંસારનું કારણ શું ? મુખ્ય તાપ કયા ?

યુધિષ્ઠિરે કહ્યું કેઃ ધર્માત્મા પુરૂષને પંડીત જાણવો..નાસ્તિકને મૂર્ખ જાણવો..કામનાએ સંસારનો હેતુ છે અને અદેખાઇ એ જ હ્રદયમાં થનારો મુખ્ય તાપ છે.

સર્પે કહ્યું કેઃઅહંકાર કોને કહેવાય ? દંભ એટલે શું ? અસૂયા કોને કહેવાય અને પૈશુન્ય એટલે શું ?

યુધિષ્ઠિરે કહ્યું કેઃ મોહયુક્ત જ્ઞાન તે અહંકાર..ધર્મનો ધ્વજ ફરકાવવો તે દંભ..ધર્મનો દ્વેષ તે અસૂયા.. અને પારકાને દૂષણ આપવું તે પૈશુન્ય છે.

સર્પે કહ્યું કેઃહે રાજા! ધર્મ..અર્થ અને કામ એ પરસ્પર વિરોધી છે તો તેમનો સંયોગ કેવી રીતે થાય ?

યુધિષ્ઠિરે કહ્યું કેઃ જે કૂળમાં ભાર્યાથી ભર્તા અને ભર્તાથી ભાર્યા સંતુષ્ટ રહે છે તે કુળમાં નિત્ય ધર્મ.. અર્થ અને કામ વૃદ્ધિ પામે છે.જ્યારે ભાર્યા અને ભર્તા પરસ્પર વશ થઇને અનુકૂળ રહે છે ત્યારે ત્યાં ધર્મ..અર્થ અને કામ એ ત્રણેનો મેળાપ થાય છે.

સર્પે કહ્યું કેઃ જાતિ..કૂળ..આચાર..વેદાધ્યયન અને શાસ્ત્ર પઠન એ સર્વમાંથી શાના લીધે બ્રાહ્મણપણું આવે છે ?

યુધિષ્ઠિરે કહ્યું કેઃ હે તાત ! જાતિ..કૂળ..સ્વાધ્યાય..શાસ્ત્રપઠન..એ બ્રાહ્મણપણા માટે કારણ નથી, પણ આચાર જ મુખ્ય કારણ છે.અનેક મુનિઓ તિર્યક યોનિઓમાં ઉત્પન્ન થયા હતા તો પણ તેઓ સ્વધર્મના આચરણમાં તત્પર રહેવાથી આલોકમાંથી બ્રહ્મલોકમાં ગયા છે.જે ધર્માચાર પ્રમાણે વર્તે છે તેને ભણેલો અને પંડિત

જાણવો.દુષ્ટ આચરણવાળો સારા કૂળમાં ઉત્પન્ન થાય તેથી તે સારો ગણાતો નથી, માટે આચાર જ બ્રાહ્મણનું લક્ષણ છે.ચાર વેદ ભણેલો બ્રાહ્મણ પણ જો દુરાચારી હોય તો તેને શૂદ્ર કરતાં પણ અધિક દૂષિત કહેવાય છે.જે અગ્નિહોત્ર પરાયણ..જિતેન્દ્રિય..નિત્ય સંતુષ્ટ.. શુદ્ધ..તપસ્વી અને વેદાધ્યયન નિષ્ઠ હોય તેને દેવો બ્રાહ્મણ જાણે છે.જે ટાઢ..તાપ..વગેરે દ્વન્દ્વને સહન કરનારો..ધીર..સર્વ સંગથી રહીત..સર્વ પ્રાણીઓના હીતમાં તત્પર અને મિત્ર ભાવનાવાળો હોય છે તેને દેવો બ્રાહ્મણ જાણે છે.જે હંમેશાં પારકાના ગુણોને શોધનારો અને દોષોને ક્યારેય ના જુવે..દીન ઉપર દયા કરનારો..સજ્જનો પ્રત્યે પ્રેમ રાખનારો અને પોતાની સ્ત્રી ઉપર જ પ્રિતિવાળો હોય તેને દેવો બ્રાહ્મણ તરીકે ઓળખે છે.

સર્પે કહ્યું કેઃ યુધિષ્ઠિર ! આપ જાણવા યોગ્ય બધું જ જાણો છો.તમે મારા જે પ્રશ્નોના જવાબ આપ્યા છે તેનાથી હું સંતુષ્ઠ છું.હવે હું તમારા ભાઇ ભીમસેનને મુક્ત કરૂં છું.

સર્પને તમામ પ્રશ્નોના જવાબ આપ્યા પછી યુધિષ્ઠિરે પોતે સર્પને પ્રશ્ન પૂછ્યો કેઃ સર્પરાજ ! તમો તમામ વેદ વેદાંગના જ્ઞાતા છો તો મને બતાવો કે... ક્યા કર્મના આચરણથી સર્વોત્તમ ગતિ પ્રાપ્ત થાય છે ?

સર્પે કહ્યું કેઃ ભારત ! સત્પાત્રને દાન આપવાથી..સત્ય અને પ્રિય વચન બોલવાથી તથા અહિંસા ધર્મમાં તત્પર રહેવાથી મનુષ્યને ઉત્તમ ગતિની પ્રાપ્તિ થાય છે.

યુધિષ્ઠિરે કહ્યું કેઃ દાન અને સત્યમાં મોટું કોન છે ? અહિંસા અને પ્રિય ભાષણ... આમાં કોનું મહત્વ વધારે છે ?

સર્પે જવાબ આપ્યો કેઃ રાજન ! દાન..સત્ય..અહિંસા અને પ્રિય ભાષણ...આ બધાનું ગૌરવ કાર્યની મહત્તા અનુસાર જોવામાં આવે છે.કેટલાક દાનથી સત્યનુ મહત્વ વધી જાય છે અને કોઇક સત્ય ભાષણથી દાન અધિક કહેવાય છે..તેવી જ રીતે ક્યાંક તો પ્રિય બોલવાની અપેક્ષાએ અહિંસાનું ગૌરવ વધુ હોય છે અને ક્યાંક અહિંસાથી વધુ પ્રિય ભાષણનું મહત્વ વધુ હોય છે.આમ, તેના ગૌરવ લાઘવનો વિચાર કાર્યની અપેક્ષાથી હોય છે.

યુધિષ્ઠિરે પૂછ્યું કેઃ મૃત્યુકાળમાં મનુષ્ય પોતાનું શરીર તો અહીયાં જ ત્યાગી દે છે તો પછી દેહ વિના તે સ્વર્ગમાં કેવી રીતે જાય છે ? અને કર્મોના અવશ્યામ્ભાવી ફળને તે કેવી રીતે ભોગવે છે ?

સર્પે કહ્યું કેઃ રાજન ! પોત પોતાના કર્મ અનુસાર જીવોની ત્રણ પ્રકારની ગતિ કહેવામાં આવી છે.સ્વર્ગલોકની પ્રાપ્તિ..મનુષ્ય યોનિમાં જન્મ લેવો અને પશુ-પક્ષી..વગેરે યોનિઓમાં જન્મ લેવો તેને જ ક્રમશઃ ઉધ્વગતિ..મધ્યગતિ અને અધોગતિ કહેવાય છે.આ જ ત્રણ યોનિઓ છે.આમાંથી જે જીવ મનુષ્ય યોનિમાં ઉત્પન્ન થાય છે તેમાં જ આળસ અને પ્રમાદનો ત્યાગ કરીને..અહિંસાનું પાલન કરીને દાન..વગેરે શુભ કર્મો કરે છે તો તેને પુણ્યની અધિકતાના કારણે સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે..તેનાથી વિપરીત કારણ ઉપસ્થિત થતાં મનુષ્ય યોનિ તથા પશુ-પક્ષી..વગેરે યોનિઓમાં જન્મ લેવો પડે છે..પરંતુ કામ..ક્રોધ..લોભ અને હિંસામાં તત્પર થઇને જે જીવ માનવતાથી ભ્રષ્ટ થઇ જાય છે..પોતાના મનુષ્ય હોવાની યોગ્યતાને પણ ખોઇ બેસે છે તે તિર્યક યોનિઓમાં જન્મ પામે છે..પછી સત્કર્મોનું આચરણ કરવા માટે નિમિત્ત બનાવવા મનુષ્ય યોનિમાં જન્મ લેવાના કારણે તેની તિર્યક યોનિથી ઉદ્ધાર થાય છે તેના પછી તે જગતના ભોગોથી વિરક્ત થઇ મુક્ત થઇ જાય છે.

યુધિષ્ઠિરે પૂછ્યું કેઃ શબ્દ..સ્પર્શ..રૂપ..રસ અને ગંધ..આનો આધાર શું છે ? તેનું યથાર્થ રીતથી વર્ણન કરો..આપણે તમામ વિષયોને એક સાથે કેમ ગ્રહણ કરી શકતા નથી ? તેનું રહસ્ય બતાવો.

સર્પે કહ્યું કેઃ રાજન ! જેને લોકો આત્મા કહે છે તે સ્થૂળ..સુક્ષ્મ શરીરરૂપી ઉપાધિનો સ્વીકાર કરવાના કારણે બુદ્ધિ..વગેરે અંતઃકરણથી યુક્ત બની જાય છે અને આ ઉપાધિ વિશિષ્ટ આત્મા જ ઇન્દ્રિયોના દ્વારા નાના પ્રકારના ભોગ ભોગવે છે.જ્ઞાનેન્દ્રિયો..બુદ્ધિ અને મન... એ જ આ શરીરમાં તેનાં કરણ (ભોગ સાધન) છે.હે તાત ! વિષયોની આધારભૂત જે ઇન્દ્રિયો છે તેનામાં સ્થિત થયેલ મનના દ્વારા જ આ જીવાત્મા બાહ્યવૃત્તિ દ્વારા ભિન્ન ભિન્ન વિષયોનો ભોગ કરે છે.વિષયોના ઉપભોગના સમયે બુદ્ધિના દ્વારા આ મન કોઇ એક જ વિષયમાં લાગી જાય છે એટલા માટે એક સાથે તેમના દ્વારા અનેક વિષયોને ગ્રહણ કરવા સંભવ નથી.જેને અમે બુદ્ધિ..ઇન્દ્રિયો અને મનથી યુક્ત થતાં "ભોક્તા" કહે છે, તે જ આત્મા કે અનાત્માના ચિન્તનમાં લાગેલા ઉત્તમ..અધમ બુદ્ધિને રૂપાદિ વિષયોની તરફ પ્રેરીત કરે છે.બુદ્ધિના ઉત્તરકાળમાં પણ વિદ્વાન પુરૂષોને એક અનુભૂતિ દેખાય છે.જ્યાં બુદ્ધિનો લય અને ઉદય થવો સ્પષ્ટ સમજવામાં આવે છે આ જ્ઞાન જ આત્માનું સ્વરૂપ છે અને તે જ તમામનો આધાર છે.રાજન ! બસ આ જ ક્ષેત્રજ્ઞ આત્માને પ્રકાશિત કરવાવાળી વિધિ છે.

યુધિષ્ઠિરે પૂછ્યું કેઃ હે સર્પ ! મને મન અને બુદ્ધિનાં લક્ષણો બતાવવાની કૃપા કરો.અધ્યાત્મ શાસ્ત્રોના વિદ્વાનોએ તે જાણવું અત્યંત આવશ્યક બતાવ્યું છે.

સર્પે કહ્યું કેઃ બુદ્ધિને આત્માને આશ્રિત સમજવી જોઇએ, તેથી તે પોતાના અધિષ્ઠાનભૂત આત્માની ઇચ્છા કરતી રહે છે..નહી તો તે આધારના વિના ટકી શકતી નથી.વિષય અને ઇન્દ્રિયોના સંયોગથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે અને મન તો પહેલાંથી જ ઉત્પન્ન હોય છે.બુદ્ધિ પોતે વાસનાવાળી નથી.. વાસનાવાળું તો મન જ માનવામાં આવે છે.મન અને બુદ્ધિમાં આટલો જ ભેદ છે.

યુધિષ્ઠિરે પૂછ્યું કેઃ આપનાથી પૂર્વકાળમાં બ્રાહ્મણોનું અપમાન કેમ થયું ?

સર્પે કહે છે કેઃ ધન અને સંપત્તિ મોટા મોટા બુદ્ધિમાન અને શૂરવીર મનુષ્યોને પણ મોહમાં નાખી દે છે. સુખ અને વિલાસનું જીવન વ્યતિત કરનારા તમામ મનુષ્યો તેનાથી મોહિત થઇ જાય છે.

..........................................................................................................................................

## રામાયણમાં વર્ણવેલ જીવન ઉપયોગી વાતો

- આળસ ત્યજીને યથા સમય કામ કરી લેવું..હમણાં કરવાનું કાર્ય હમણાં જ કરી દેવું.
- વિધાતાએ પણ સ્ત્રીના હ્રદયની ગતિ જાણી નથી.
- સારા સ્વભાવથી જ સ્નેહ વરતાઇ જાય છે.વેર અને પ્રેમ છુપાવ્યાં છુપતાં નથી.
- કામના(ઇચ્છા) અને કામવાસના ખરાબ નથી તેનો અતિરેક ભયંકર છે.
- તમામ જીવો પોતપોતાના કર્મો દ્વારા સુખ-દુઃખ ભોગવે છે.
- શઠ સેવક..કૃપણ રાજા..દુષ્ટ સ્ત્રી..કપટી મિત્ર...આ ચાર શૂળી સમાન છે.
- મૂર્ખ માણસો સુખમાં રાજી થઇ જાય છે અને દુઃખમાં ખેદ પામીને રડવા લાગે છે પણ ધીર પુરૂષો બંન્ને પરિસ્થિતિને એક સમાન ગણીને ચાલે છે.
- મનુષ્યનું જીવન શ્રદ્ધા અને વિવેકથી ચાલે છે..વિવેક ના હોય પરંતુ શ્રદ્ધા હોય તો બીજાના વિવેકથી લાભ ઉઠાવી શકાય છે.બીજાના વિવેકથી લાભ ઉઠાવવાની યોગ્યતાનું નામ શ્રદ્ધા છે.
- જીવનમાં નિરંતર તાજગી અને અતૂટ દિલચસ્પી ત્યારે જ મળે છે કે જ્યારે આંતરીક વિકાસ નિરંતર થયો હોય.
- મનુષ્ય કેવી રીતે મરે છે તે મહત્વનું નથી,પરંતુ મનુષ્ય જીવન કેવી રીતે જીવે છે તે મહત્વ છે.
- અત્યાધિક વિરોધી પરિસ્થિતિમાં જ મનુષ્યની પરીક્ષા થાય છે.

- પોતાની આવશ્યકતાઓ ઓછી કરીને આપ વાસ્તવિક શાંતિ પ્રાપ્ત કરી શકો છો.
- દરેક પર્વતમાંથી મણી નીકળતા નથી..દરેક હાથીમાં મુક્તામણી હોતા નથી..સાધુઓ તમામ જગ્યાએ મળતા નથી..દરેક જંગલમાં ચંદન હોતું નથી..સારી સારી ચીજો વિશેષ સ્થાનો પર જ મળે છે.
- કઠિનાઇઓ અમોને આત્મજ્ઞાન કરાવે છે કેઃઅમે કંઇ માટીના બનેલા છીએ.
- દુઃખને જો અમે ભગવાનનો પ્રસાદ સમજીએ તો ખરેખર જીવનમાં ચમક આવશે.
- ફક્ત ચાલવાથી જ પ્રગતિ થતી નથી..દિશા પણ જોવી પડે છે.
- માણસ જીભ ઉપર સંયમ રાખે તો અડધા ભાગના ઝઘડા સમાપ્ત થઇ જાય છે.
- ઓછું બોલવું..સત્ય અને સુંદર બોલવું. ભગવાને તમામ ઇન્દ્રિયો બે બે આપી છે જ્યારે જીભ ફક્ત એક જ આપી છે.
- જેવી ભાવના હશે તેવી સિદ્ધિ મળે છે.
- જન્મથી કોઇ ખરાબ હોતું નથી..કુસંગથી જ માણસ બગડે છે.
- શુદ્ધ પ્રેમમાં બીજાને સુખી કરવાની ભાવના હોય છે.
- ભેગું કરીને નહી..ભેગા મળીને ખાવાનું છે.
- માણસ વિચારે અને વિચરે ત્યાંસુધી જીવે છે.
- જે કામ કરીએ તેમાં જ મન રાખીએ તે જ ધ્યાન છે.
- થયેલી ભૂલોથી મળેલો સબક એને જ અનુભવ કહેવાય છે.
- પ્રમાદ અને આળસ માણસના શત્રુઓ છે.
- વિવેક વિનાનું જીવન બ્રેક વિનાના વાહન જેવું છે.
- વાંચે અને વિચારે એના કરતાં જીવનમાં .તારે તે શ્રેષ્ઠ છે.
- ફક્ત જાણેલું કામ આવશે નહી,પણ જીવનમાં ઉતારેલું કામ આવશે.
- જીવનમાં સંયમ..સદાચાર જ્યાંસુધી ના આવે ત્યાંસુધી પુસ્તકમાંનું જ્ઞાન કામ લાગશે નહી.
- આપણે મિતભાષી બનીશું તો જ સત્યભાષી બની શકીશું.
- આંખ અને કાન એ ભગવાનને હ્રદયમાં દાખલ કરવાના દેહના બે દરવાજા છે.
- ક્યારેય બીજાની નિન્દા ન કરવી.
- આત્મસ્તુતિથી હંમેશાં બચવું અને કોઇનો પણ અપકાર ના કરવો.
- શ્રેષ્ઠજનોનો દ્રોહ ન કરવો..વેદ નિન્દા ના કરવી..પાપ ન કરવું..અભક્ષ્ય ભક્ષણ અને પરનારીગમન ન કરવું.
- માતા-પિતા અને ગુરૂની સેવા કરવી.
- ગરીબ..આંધળાઓને અન્ન..વસ્ત્ર આપી તેમનો આદર સત્કાર કરવો અને સત્યને ક્યારેય ન છોડવું.
- કોઇની પણ સાથે કપટપૂર્ણ વ્યવહાર ન કરવો અને કોઇની પણ આજીવિકાને નુકશાન ન પહોચાડવું તથા ક્યારેય કોઇના પણ વિશે મનમાં અહિત ન વિચારવું.
- દુર્જનોનો સંગ ક્યારેય ના કરવો.
- સુખનો ઉપભોગ એકલા ના કરવો..તમામની ઉપર વિશ્વાસ ના કરવો અને તમામ ઉપર શંકા પણ ના કરવી.

- રાગ (આસક્તિ-મમત્વ) તથા દ્વેષ (ઇર્ષાભાવ) થી મુક્ત થવું..તમામ પ્રાણીઓના હિત (કલ્યાણ)માં કાર્યરત રહેવું..બ્રહ્મજ્ઞાન વિષયક બોધને દ્રઢ કરવો..ધૈર્યવાન બનવું....આ પરમપદ પ્રાપ્તિનાં ચાર સોપાન છે.
- જે પોતાની તમામ કામનાઓ ઉપર વિજ્ય પ્રાપ્ત કરી લે છે તે સદાયના માટે સુખી બની જાય છે.
- ગૃહસ્થોએ સદાય સત્પુરૂષોની આચારનીતિનું પાલન કરવું...પોતાની જ સ્ત્રીની સાથે પ્રેમ કરવો... જિતેન્દ્રિય રહેવું તથા પાંચ મહા યજ્ઞ કરવા.
- કોઇ ભલે તપ કરે..પર્વત ઉપરથી ભૃગુપતન કરે..તીર્થોમાં ભ્રમણ કરે..શાસ્ત્રોનો અભ્યાસ કરે..યજ્ઞો કરે અથવા તર્ક-વિતર્કો દ્વારા વાદ વિવાદ કરે,પરંતુ પ્રભુ પરમાત્માની કૃપા વિના કોઇપણ પ્રાણી મૃત્યુ ઉપર વિજ્ય મેળવી શકતો નથી.
- જેને મમત્વનો ત્યાગ કર્યો છે તથા લોભ અને મોહને છોડી દીધા છે તે કામ..ક્રોધથી રહીત માનવ પરમપદને પ્રાપ્ત કરે છે.
- આચરણમાં લાવ્યા વિનાના કોરા જ્ઞાનથી કોઇ ફાયદો થતો નથી.
- સત્ય એ જ સૌથી મોટો ધર્મ છે અને અસત્ય એ જ સૌથી મોટુ પાપ છે..એટલે મન..વચન અને કર્મથી હંમેશાં સત્ય વ્યવહાર કરવો જોઇએ.
- જીવ જેવું કર્મ કરે છે તેવું જ ફળ પામે છે.
- તૃષ્ણા સમાન કોઇ દુઃખ નથી અને ત્યાગ સમાન કોઇ સુખ નથી.
- તમામ કામનાઓનો પરીત્યાગ કરીને મનુષ્ય બ્રહ્મજ્ઞાનને પ્રાપ્ત થાય છે.
- મનુષ્ય એ હંમેશાં જે મળ્યું છે તેમાં સંતોષ રાખવો જોઇએ..વધુની ઇચ્છા ન કરવી.હંમેશાં મધુર વાણીનો જ ઉપયોગ કરવો..અભદ્ર વચનો ક્યારેય ન બોલવાં.કોઇપણ પ્રકારનું અભિમાન ન કરવું.
- સંસાર અનિત્ય તથા દુઃખાલય છે.અહીના તમામ ભોગો ક્ષણિક તથા દુઃખદાયી છે તેથી તેમાંથી મમત્વ હટાવીને ભગવદ્ ભક્તો..સંતો મહાપુરૂષોનો સંગ કરવો.
- જે દેશમાં આજીવિકા..અભય..લાજ..સજ્જનતા અને ઉદારતા...આ પાંચ વસ્તુઓ ના હોય તે દેશમાં પગ સુદ્ધાં ના મુકવો જોઇએ.
- જે પ્રદેશમાં ધનિક..વૈદ..વેદપાઠી અને મીઠા જળથી ભરેલી નદી...આ ચાર ના હોય ત્યાં રહેવું યોગ્ય નથી.
- બાળક..યુવાન..વૃદ્ધ ગમે તે હોય પણ આપણે આંગણે આવીને ઉભા રહે એટલે તેમનો સત્કાર કરવો જોઇએ.
- દુનિયામાં ધનથી જ તમામ માણસો બળવાન બને છે.જેમની પાસે સંપત્તિ છે એ જ બળવાન અને વિદ્વાન છે.
- ધન જવાથી મનુષ્યની બુદ્ધિ ઘટી જાય છે.
- નિર્ધનતા અને મૃત્યુ એ બંન્નેમાં નિર્ધનતા વિશેષ ખરાબ ગણાય છે.
- બુદ્ધિમાનોએ ધનના વિનાશની..મનના સંતાપની..ઘરના ખરાબ આચરણની..ઠગ વિદ્યાની અને અપમાનની વાતો બીજાઓની પાસે કહેવી નહી..
- ધનહીન માનવી પોતાનું માન ખોઇને લોભી માણસ પાસે યાચના કરે તેના કરતાં અગ્નિસ્નાન સારૂં.

- જૂઠી વાત કરવી તેના કરતાં મૌન રહેવું સારૂ..પરસ્ત્રી ગમન કરવું તેના કરતાં નપુંસક હોવું સારૂ.. ધૂર્તની વાતોમાં લોભાવું તેના કરતાં મરણ સારૂ અને પારકા ધનથી મીઠા ભોજનનો સ્વાદ કરવો તેના કરતાં ભીખ માંગીને ખાવું સારૂ..વૈશ્યા સ્ત્રી સારી પરંતુ કૂળની દુરાચારીણી વહુ સારી નહી તથા પ્રાણ ત્યાગ કરવો સારો પણ દુષ્ટ માનવીનો સંગ સારો નહી..
- સેવા માનને..ચાંદની અંધારાને..વૃદ્ધાવસ્થા સુંદરતાને તથા ભગવાનની કથા પાપોને હરે છે.
- હંમેશનો રોગી..લાંબા સમય સુધી પરદેશમાં રહેનાર..પરાધીન પેટ ભરનાર અને પારકાને ઘેર સૂનાર એ બધાનું જીવન મૃત્યું સમાન છે.
- લોભથી બુદ્ધિ ચલાયમાન થાય છે.
- ધનનો લોભી..અપ્રસન્ન ચિત્તવાળો..અવશ ઇન્દ્રિયોવાળો અને અસંતોષી...આટલાઓ માટે જ્યાં જાય ત્યાં આપત્તિઓ જ હોય છે.
- જેને ધનીકના ઘેર ચાકરી કરી નથી..વીરહનું દુઃખ જોયું નથી અને ક્યારેય મુખમાં દીનતાનાં વચનો ઉચ્ચાર્યા નથી તેમનું જીવન ધન્ય છે..
- કૂળ માટે એક માનવીનો..ગામ માટે કૂળનો અને દેશ માટે ગામને છોડવું..પણ જ્યારે તે બધા ઉપરથી મન ઉઠી જાય ત્યારે સંસારને છોડી દેવામાં જ કલ્યાણ છે.
- આ સંસારરૂપી વિષવૃક્ષને બે મીઠાં ફળ છેઃ કાવ્યરૂપી અમૃતના રસનો સ્વાદ અને સજ્જનોનો સંગ.
- અહંકાર રહીત જ્ઞાન..ક્ષમા સહિત શૌર્ય અને ધનપતિ હોવા છતાં વિનયપૂર્વક દાનશીલતા...આ ત્રણ દુર્લભ કહેવાય છે.
- ઇશ્વર કોઇને મારતો નથી..પરંતુ જળ..અગ્નિ..વિષ..શસ્ત્ર..ક્ષુધા..રોગ અને પર્વત ઉપરથી પડવું... એમાંથી ગમે તે એકાદ બહાને પ્રાણી મરણને શરણ થાય છે.
- બુદ્ધિમાન મનુષ્યો દુર્લભ વસ્તુની ઇચ્છા કરતા નથી..બની ગયેલી ઘટનાનો શોક કરતા નથી અને વિપત્તિમાં ગભરાતા નથી..
- જે સ્થિતિમાં મુકાયા હોઇએ તેમાં સંતોષ માનવાથી જ સુખ મળે છે.
- રાજા..કૂળની નારી..બ્રાહ્મણ..મંત્રી..સ્તન..દાંત..કેશ..નખ અને નર... આટલાં સ્થાનભ્રષ્ટ થવાથી શોભતાં નથી.
- ઉદ્યમી મનુષ્યની પાસે તમામ પ્રકારની સંપત્તિ આપોઆપ આવી જાય છે.
- જે મનુષ્ય સાહસિક..આળસ વિનાનો..કાર્યની રીતનો જાણકાર..નિર્વ્યસની..શૂરો તથા ઉપકાર માનનાર હોય છે તથા જેને ઘણા મિત્રો હોય છે તેની પાસે લક્ષ્મી પોતાની જાતે જ સામે પગલે ચાલી આવે છે..
- માનવીનું ધનવાન અથવા તો ગરીબ હોવું એ તો તેની મનોદશા ઉપર આધાર રાખે છે.
- ધર્મરૂપી જળથી ધનરૂપી કીચડને ધોવાનો પ્રયાસ કરવો..
- માનવીને જેમ મૃત્યુનો ભય લાગે છે તેમ ધનવાનને રાજાનો..જળનો..અગ્નિનો..ચોરનો તથા પોતાના પરીવારનો ભય કાયમ રહે છે.
- માનવી જે વસ્તુની જેટલી વધુ ઇચ્છા કરતો જાય છે તેટલી તે ઇચ્છા વધતી જ જાય છે અને જ્યારે તે વસ્તુ પ્રાપ્ત થાય ત્યારે તેની ઇચ્છા દૂર થઇ જાય છે.

- ક્રોધ માત્ર ક્ષણભર ટકે છે..વિયોગ અલ્પ સમય લાગે છે,પરંતુ મહાત્માઓનો પ્રેમ આજીવન ટકી રહે છે.
- દુનિયામાં ચાર પ્રકારના મિત્રો હોય છેઃપૂત્રાદિ..બીજા વિવાહ વગેરે..સબંધવાળા..ત્રીજા કુળના સબંધીઓ અને ચોથા દુઃખમાંથી બચાવનાર..
- એક દુઃખ પીછો છોડે નહી એટલામાં બીજું આવીને આપણને ઘેરી વળે છે.
- જે પોતાના હાથમાંની વસ્તુને છોડીને દૂરની વસ્તુ લેવા જાય છે તે બંન્ને વસ્તુને ગુમાવી દે છે.
- પોતાનાથી અધિક દરીદ્રોને જોઇને કોઇનું અભિમાન વધતું નથી,પરંતુ જ્યારે મનુષ્ય પોતાના કરતાં વધુ ધનવાનને જુવે છે ત્યારે સહુ પોતાને કંગાળ સમજે છે.
- જેની પાસે ઘણું ધન હોય તે બ્રહ્મઘાતક હોય તો પણ તેનો આદર થાય છે અને જે નિર્ધન હોય તે ચંદ્રમાના જેવા ઉજળા વંશમાં જન્મ્યો હોય તેમ છતાં તેનું અપમાન થાય છે.
- જે માણસની પાસે થોડી સંપત્તિ હોય તેટલામાં તે પોતાને સુખી માનીને ઉદ્યમ કરતો નથી તો વિધાતા પણ એની ચિંતા છોડી દે છે.
- જેનામાં સાહસ..ઉત્સાહ અને પરાક્રમ નથી તેને જોઇને શત્રુઓ હસે છે.
- શાસ્ત્રમાં પારંગત હોવા છતાં જે ધર્મ કરતો નથી તેનું ભણતર વૃથા છે અને જ્ઞાની હોવા છતાં જે જિતેન્દ્રિય નથી તેને ધિક્કાર છે.
- માણસે પોતાના સમયનો સદઉપયોગ દાન આપવામાં..પુણ્ય કાર્યમાં અને શાસ્ત્રનો અભ્યાસ કરવામાં કરવો જોઇએ.
- બળવાનને કશું બોજારૂપ નથી..ઉદ્યમીને કશું દૂર નથી..વિદ્વાનને ક્યાંય વિદેશ નથી અને મીઠા બોલાને કોઇ શત્રુ નથી.
- સંશયમાં પડવાથી બધાં કામ અટકી જાય છે.
- પારકાનો તાબેદાર બની માનવી જેટલો વખત ટાઢ..તાપ અને વર્ષાની વિપત્તિઓ સહન કરે છે તેના એકસોમા ભાગમાં પણ જો ભગવાનનું નામ લે તો તેને અનેક ગણું વધારે સુખ પ્રાપ્ત થાય છે.
- સ્વાધીનોનું જ જીવ્યું સફળ છેઃપરાધીન બનીને જેઓ જીવે છે તેઓ મુડદાં જેવા છે.
- સેવાધર્મ એટલો કઠીન છે કે યોગીઓ પણ તેનું પાલન કરી શકતા નથી.
- સમજ્યા વિચાર્યા વિના કોઇ કામમાં માથું મારવું એ મહામૂર્ખતા છે..
- પોતાના આશ્રિતોનું પાલન..સ્વામીની સેવા..ધર્મ અને પૂત્ર જન્મ...એ કાર્યોમાં બીજાઓથી કામ ચાલી શકતું નથી.
- પારકી પંચાતમાં ક્યારેય પડવું નહીં.
- વિદ્યા..બળ અને યશથી વિખ્યાતિ મેળવે છે તેમનું જીવન ક્ષણભરનું હોય તો પણ સફળ છે.
- જેઓ પોતાના પૂત્ર..ગુરૂ..સેવક અને ગરીબ પરીવાર ઉપર દયા કરતા નથી તેમનું જીવન અફળ છે.
- જેમને શાસ્ત્રનું જ્ઞાન અને સારાસારનો વિચાર નથી..જે માત્ર સારનો વિચાર નથી..જે માત્ર પેટ ભરવાને જ જીવનનું મુખ્ય કર્તવ્ય માને છે તેવા મનુષ્યમાં અને પશુઓમાં કશો જ ફેર નથી.
- જેઓ ચતુર હોય છે તેઓ વગર કહ્યે બીજાના મનોભાવ જાણી લે છે.

- બીજાના ભાવ ઉપરથી એના મનની વાતો જાણવાનું કામ બુદ્ધિમાનો જ કરી શકે છે.આકાર..ભાવ.. ચાલ..કામ..બોલચાલ...વગેરેથી અને આંખો તથા મુખ પરના ભાવથી બીજાના મનની વાત જાણી શકાય છે.
- જે પ્રસંગને યોગ્ય વાત..પ્રેમને યોગ્ય મિત્ર અને પોતાના સામથર્યને યોગ્ય ક્રોધ...આ ત્રણ બાબતોને સમજે છે તે જ વિદ્વાન કહેવાય છે.
- રાજા..સ્ત્રી અને બળદ એમને પાસે જે કોઇ રહે તેની સાથે તે લપેટાઇ જાય છે.
- સમય વિનાની વાત ખુદ બૃહસ્પતિ કરે તો પણ સારી લાગતી નથી.
- કોઇ ગમે તેટલો અનાદર કરે છતાં ધૈર્યવાન માનવીની બુદ્ધિમાં ક્યારેય ફેર પડતો નથી.
- અશ્વ..શસ્ત્ર..શાસ્ત્ર..વીણા..વાણી..મનુષ્ય અને સ્ત્રી...આ બધાં ગુણવાનની પાસે સારાં રહે છે,પરંતુ નિર્ગુણી પાસે જવાથી બગડી જાય છે.
- બાળકની પણ સારી વાત માને તે ડાહ્યો માણસ..
- બાંધવ..પત્ની..સેવક..પોતાની બુદ્ધિ અને પોતાનું બળ...આ પાંચની પરીક્ષા કસોટી વિપત્તિ જ ગણાય છે.
- કામ કર્યા સિવાય કોઇની પાસેથી કાંઇ લેવું નહી.
- શત્રુ નાનો હોય અને પરાક્રમથી પણ તે હાથમાં આવતો ના હોય તો એની બરાબરીનો ઘાતક લાવીને તેને પેલાની સાથે ભિડાવી દેવો જોઇએ.
- શબ્દના કારણને જાણ્યા વિના ડરવું નહી..માત્ર અવાજ સાંભળીને ડરી જવું યોગ્ય નથી.
- ગમે તેવો કુળવાન માણસ હોય પણ ધન વિના એને કોઇ બોલાવતું નથી.અરે ! નિર્ધન માનવીનો તો તેની પત્ની પણ ત્યાગ કરે છે.
- બ્રાહ્મણ..ક્ષત્રિય..સબંધી..ઉપકારી અને મંત્રી...એટલાને અધિકાર આપવો નહી.
- અતિ ધનની પ્રાપ્તિથી માનવી સ્વેચ્છાચારી બની જાય છે.
- ધન ઉપર હાથ મારવો..વસ્તુઓની અદલા-બદલી કરવી..કામમાં આળસ..બુદ્ધિહીન બનવું..પરસ્ત્રીથી પ્રિતિ કરવી..રાજાના ધનને લુંટાવવું..રાજાની નિત્ય પરીક્ષા કરવી..રાજાના પૂછ્યા વિના મહત્વની વસ્તુઓ ગમે તેને આપવી...આ બધાં મંત્રીઓના દોષ છે.
- ચતુર માણસો જ સાચાને જુઠું અને જુઠાને સાચું કરી બતાવે છે.
- જે યુક્તિથી થઇ શકે છે તે પરાક્રમથી બની શકતું નથી.
- દુષ્ટ પત્ની..મૂર્ખ મિત્ર..સામો જવાબ આપનાર નોકર અને સાપવાળા ઘરમાં નિવાસ..આ બધાં મૃત્યુ સમાન છે
- બુદ્ધિ એ જ માનવીનું સાચું બળ છે.
- બોલાવ્યા વિના કોઇની પાસે જવું અને પૂછ્યા વિના વાત કરવી... તે નાદાની કહેવાય છે.
- વિષારી વૃક્ષ..હાલતો દાંત અને દુષ્ટ મંત્રી..આ ત્રણેને ઉખાડી નાખવાથી જ સુખ પ્રાપ્ત થાય છે.
- સારી વાત ભલે કોઇને માઠી લાગે તેમ છતાં તેનો અંત સારો જ આવે છે.
- જે દુષ્ટ છે તે ક્યારેય પોતાનો જાતિ સ્વભાવ છોડતો નથી.
- હલકા માનવીને ગમે તેટલો ઉંચો બનાવો અને માન આપો,પરંતુ છેવટે તે દગો દીધા વિના રહેતો નથી.

- પ્રિય એ છે કે જે આજ્ઞા પ્રમાણે ચાલે..ચતુર એ છે કે જેનો સજ્જનો સત્કાર કરે..સંપદ એ છે કે જે અહંકારના વધારે..સુખી એ છે કે જે લાલચું ના હોય..ખરો મિત્ર એ છે કે જે કપટ રહીત હોય અને પુરૂષ એ કહેવાય કે જે જિતેન્દ્રિય હોય.
- જે વ્યક્તિ ભોગવિલાસમાં ડૂબેલો રહે છે તેને પોતાનું ભલું બુરૂં પણ સમજાતું નથી.
- મનુષ્યએ કાચા કાનના થવું ના ઘટે..કોઇના ચડાવ્યાથી કોઇને શિક્ષા કરવી એ રાજનીતિ નથી.ગુણ દોષની ખાત્રી કર્યા વિના કોઇની પ્રતિષ્ઠા કરવી કે દંડ દેવો એ ઉચિત નથી.
- જે ભેદ ખુલ્લો થઇ જાય તે કોડીની કિંમતનો પણ રહેતો નથી.મંત્ર(સલાહ)રૂપી બીજને ગુપ્ત રાખવું અને તેને બીજાના કાનમાં પડવા દેવું નહી.
- આપવાનું..લેવાનું અને કરવાનું...એ કામોમાં વિલંબ ના કરતાં તત્કાળ કરી નાખવાં,કારણ કેઃ યોગ્ય સમય ચુકી જવાથી આખો ખેલ બગડી જાય છે.
- કોઇનો અપરાધ જાણી લીધા પછી તેને લક્ષ્યમાં લીધા વિના અપરાધીની સાથે મેળ કરવો તે તો વધારે ખરાબ છે,કારણ કેઃ એક વખત મિત્ર બનીને જે શત્રુનું કામ કરી ચુક્યો હોય તેની સાથે મેળ કરવો તે ચાલી ગયેલા મૃત્યુને પાછું બોલાવવા જેવું છે.
- કામ પડ્યા વિના કોઇના સાર્મથ્યનો તાગ કાઢી શકાતો નથી.
- જે માણસોને પોતાના અને પારકાના બળાબળનું જ્ઞાન હોય તે માનવી વિપત્તિમાં પણ દુઃખ પામતો નથી.
- જે અનુચિત કામનો પ્રારંભ..પોતાના ભાઇઓ સાથે લડાઇ..બળવાન સાથે બરાબરી અને સ્ત્રીઓ ઉપર ભરોસો કરે છે તે હાથે કરીને મૃત્યુનું દ્વાર ખખડાવે છે.
- મનની વાત મનમાં રાખી મુકવાથી તો ઉલ્ટું દુઃખ વધે છે.
- જેનું ચિત્ત ઠેકાણે નથી એનું ચરીત્ર ઘણું વિચિત્ર હોય છે.
- જ્યાં સુખ છે ત્યાં કોઇને કોઇ પ્રકારનું વિઘ્ન અવશ્ય હોય છે જ !
- દુષ્ટો એવી માયાવી રમત રમતા હોય છે જે આપણાથી સમજી શકાતી નથી.મિલન વખતે દૂરથી જોતાં ઉંચો હાથ કરીને બોલાવે છે..પ્રેમભરી આંખે જુવે છે..પોતાનું અડધુ આસન ખાલી કરીને તેની ઉપર પોતાની સાથે બેસાડે છે..સારી રીતે પ્રેમથી મળે છે..સારી રીતે વાતો કરાવે છે..જાતે મીઠી મીઠી વાતો કરે છે..છતાં ધીરે રહીને ઠંડે કાળજે પેટમાં છુરી હુલાવે છે.
- ગુમાવેલી ભૂમિ પાછી મેળવવી સહજ છે,પરંતુ ચતુર તથા વફાદાર સેવક પાછો મળી શકતો નથી.
- દયાવંત રાજા..સર્વભક્ષી બ્રાહ્મણ..કામાતુર નારી..દુષ્ટ પ્રકૃતિનો મિત્ર..સામે બોલનાર નોકર.. અસાવધાન અધિકારી અને અનુપકારી...તેમનો ત્યાગ કરવો જોઇએ.
- જેમ સાપને દૂધ પીવડાવવાથી વિષ વધે છે તેમ પંડિતોના ઉપદેશથી મૂર્ખોને શાંતિ થતી નથી,પરંતુ ક્રોધ વધે છે માટે મૂર્ખને ક્યારેય ઉપદેશ આપવો નહી.
- જે પોતાના શત્રુઓને સબળ કે નિર્બળ ધારી લઇને તેમનો ખરેખરો ભેદ જાણી લેતો નથી તેને શત્રુ માર્યા વિના છોડતો નથી.
- સજ્જનના સંગથી પ્રતિષ્ઠા વધે છે,પરંતુ દુર્જનના સંગથી પ્રતિષ્ઠા હણાય છે.
- હાથી સ્પર્શ કરતાં જ..સાપ ડસતાં જ..રાજા રક્ષણ કરતો હોવા છતાં અને દુષ્ટ હસતો હોય તો પણ મારી નાખે છે.

- ❖ રાજા..ગાંડો બાળક..અસાવધાન ધનવંત અને અહંકારી...આટલા અશક્ય વસ્તુઓની પણ ઇચ્છા કરે છે..તો જે મળવી શક્ય નથી તેવી વસ્તુઓની ઇચ્છા કરે તેમાં તો નવાઇ જ શું !
- ❖ દુષ્ટ સાથે બેસવા-ઉઠવાનો ય સંપર્ક રાખવો જોઇએ નહી..ભલે સેકડો રૂપિયાનું નુકશાન થાય તેમ છતાં લડાઇ કરવી નહી...આ મત બુદ્ધિમાનોનો છે અને વિના પ્રયોજન ક્લેશ ઉભો કરવો તે મૂર્ખાઓનું લક્ષણ છે.
- ❖ જે ચતુર હોય છે તેઓ રૂપ..રંગ..ચેષ્ટા..નેત્ર અને મુખના હાવભાવથી બીજાના પેટમાંની વાત જાણી લે છે.
- ❖ જે વાત છ કાન સુધી પહોંચે તેનો તમામ ભેદ ખુલ્લો થઇ જાય છે.
- ❖ સલાહ ગુપ્ત રાખવાથી કેટલાક દિવસ પછી તેનું ફળ મળે છે.
- ❖ માણસે પોતાનાથી જે મોટો હોય તેનાથી દૂરથી જ ડરતા રહેવું જોઇએ,પરંતુ જો તે પાસે આવી જ જાય તો ધીરજ રાખીને તેને શૂરાતન બતાવવું કે જેથી તે આરંભથી જ લડવા-ઝઘડવાની વાત ન કરે,કારણ કેઃ આરંભે એકદમ ગરમ થઇ જવું તે વિઘ્નની નિશાની છે.
- ❖ ગમે તેવો બુદ્ધિમાન પણ જે કામ કરેલ ના હોય તેવું નવું કામ કરવાનું આવે ત્યારે મુંઝાય છે અને તેની બુદ્ધિ ગુંચવાય જાય છે.
- ❖ બળિયાની સાથે બાથ ભિડવી એ શૂરવીરની નિશાની છે.
- ❖ પુરૂષે પોતાના મનનો ભેદ કે પોતાની નિર્બળતા કોઇની સમક્ષ પ્રગટ ન કરવાં.
- ❖ પોતાના પક્ષનો સાથ ક્યારેય છોડવો નહી અને વિદેશીને ક્યારેય ઘરમાં ઘુસાડવો નહી.
- ❖ જે સભામાં વૃદ્ધ ના હોય તે સભા સભા કહેવાતી નથી..જે ધર્મની વાત ના કહે તે વૃદ્ધ કહેવાતો નથી.. જે સત્ય ના હોય તે ધર્મ કહેવાતો નથી અને જેમાં છળ ભરેલું હોય તે સત્ય કહેવાતું નથી.
- ❖ અસંતોષી બ્રાહ્મણ..સંતોષી રાજા..લજ્જાવાળી વેશ્યા અને નિર્લજ્જ કુળવંતી... આ ચાર થોડા જ દિવસોમાં નાશ પામે છે.
- ❖ જર..જમીન..સ્ત્રી..રાજા..મિત્ર અને ધન...આ બધાં લડાઇનાં મૂળ છે.
- ❖ જેમ ફક્ત દવાનું નામ લેવાથી રોગીનો રોગ મટતો નથી તેમ ખાલી સલાહથી કોઇ કાર્ય સિદ્ધ થતું નથી.
- ❖ ધન આપનારની પાસે ભલભલા પણ નમ્રતા રાખે છે.
- ❖ જેમાં આપણો લાભ અને શત્રુનું નુકશાન હોય તે કાર્ય કરવાં..એમાં જ ચતુરાઇ દેખાય છે.
- ❖ હિતકારી શત્રુ પણ મિત્ર છે અને અપકારી ભાઇ પણ શત્રુ છે.
- ❖ દાતા હોવા છતાં મીઠું બોલે અને પાત્રને યોગ્ય જોઇને દાન કરે..વીર હોવા છતાં પોતાના શૌર્યની વાતો ના કરે અને સત્યવાદી હોવા છતાં દયાવાન હોય...તે બધા સિદ્ધ પુરૂષો કહેવાય..
- ❖ ભાગ્યવશાત એક વખતે કોઇકના સબંધમાં એક વાત બની ગઇ તે ઉપરથી એમ માની લેવાની જરૂર નથી કે આપણે માટે પણ એવી ઘટના એ જ પ્રકારે બનશે..
- ❖ જે રાજા કપટી..લોભી..આળસુ..જુઠા..કાયર..અધિર તથા મુરખ હોય અને પોતાના શૂરવીર તેમજ મંત્રીઓનું કહેવું માને નહી તેને સહજ મારી શકાય છે.

- જેમ વૃદ્ધાવસ્થા માનવીના રૂપ રંગનો નાશ કરે છે તેમ અહંકાર લક્ષ્મીનો વિનાશ કરી નાખે છે.જે સમજદાર હશે તે લક્ષ્મીને પ્રાપ્ત કરશે..જે હલકું ભોજન કરશે તે નિરોગી રહેશે અને જે નિરોગી હશે તે સુખથી રહેશે..
- જે અપથ્ય ભોજન કરે તેને રોગ સતાવવાનો..જેની પાસે લક્ષ્મી હશે તેને અભિમાન અવશ્ય થવાનું.. જેનો જન્મ થાય છે તેનું મૃત્યું થવાનું જ તથા જે પરસ્ત્રી(પરપુરૂષ) ના પ્રેમમાં ફસાશે તેને દુઃખ ભોગવવું પડવાનું જ...!
- જેમ આંધળાને આરસીનું કશું પ્રયોજન નથી તેમ જે મુરખ છે તેને ઉપદેશનું કશું પ્રયોજન નથી.. તેથી તેવાઓને ઉપદેશ આપવો વૃથા છે.
- દેવતા..ગુરૂ..ગાય..રાજા..બ્રાહ્મણ..બાળક..વૃદ્ધ અને રોગી...આ બધાં ઉપર ગુસ્સો ના કરવો.
- જેને વિજ્ય મેળવવો હોય તેને આળસનો ત્યાગ કરવો જોઇએ..
- વિવાહ..વિપત્તિ..શત્રુનાશ..યશવૃદ્ધિ..મિત્રાદર..પ્રિય સ્ત્રી અને બંધુઓનાં ભોજન... આટલાં કાર્યોમાં વાપરેલું ધન વૃથા ગણાતું નથી.
- જેને હર્ષ અને ક્રોધ સરખાં છે...જેને શાસ્ત્રમાં શ્રદ્ધા છે તથા સેવકોની ઉપર પ્રેમ અને વિશ્વાસ છે તેને જ પૃથ્વી ઉપર અધિક ધન મળે છે.
- આક્રમણ..પરાક્રમ અને પીછેહઠ જે કાંઇ કરવાનું હોય તે તત્કાળ કરવાં.
- ભાગ્ય ખરાબ હોય તો સુઘડતાથી કરેલ કામ પણ બગડી જાય છે.
- જ્યારે મૂર્ખ માનવીની ખરાબ દશા આવે છે ત્યારે તે ભાગ્યને દોષ દીધા કરે છે,પરંતુ પોતાના કર્મોમાં ભુલ થઇ હોય તેનો વિચાર કરતો નથી.
- આફત આવે તેના પહેલાં ઉપાય કરવો જોઇએ..
- જે હિતૈષીનું કહેવું માને નહી તેને ખુબ દુઃખ ભોગવવું પડે છે.
- જે માણસ શત્રુના ઉપકારની અથવા પ્રેમની પ્રતીતિ કરી લે છે તે વૃક્ષની ડાળી ઉપર સુનાર માણસ જેમ ભોંય પર પડછાયા પછી પસ્તાય તે રીતે પસ્તાય છે.
- જે માનવી આગળ-પાછળનો વિચાર ના કરે તેને ઉપદેશ કરવો તે ભૂસાને દળવા તુલ્ય વ્યર્થ છે તેમજ હલકા માનવી ઉપર ઉપકાર કરવો તે રેતીમાં નિશાન કરવા જેવું છે.
- નીચ જ્યારે ઉચ્ચ પદ પ્રાપ્ત કરે છે ત્યારે તે પોતાના સ્વામીને જ મારવાની ઇચ્છા કરે છે.
- જ્યાં સુધી ભય પાસે આવ્યો ના હોય ત્યાં સુધી તેનાથી ડરવું પણ જ્યારે તે સામે આવીને ખડો થાય ત્યારે નિડર બની તેનો સામનો કરવો જોઇએ..
- સત્યભાષી..ધર્મશીલ..દુષ્ટ..અધિક ભાઇઓવાળા..શૂરવીર અને અનેક સંગ્રામોમાં વિજ્ય પ્રાપ્ત કર્યો હોય... એ સાત પ્રકારના મનુષ્યો સાથે મેળ રાખવો..
- જે સાચુ બોલનારો અને ધર્માત્મા નથી તેની સાથે ક્યારેય મેળ કરવો નહી..
- વિચારનાં પાંચ અંગઃ

  આરંભેલાં કાર્યો પુરાં કરવાં...માનવીનો તથા ધનનો સંચય કરવો...દેશ-કાળનો વિવેક કરવો...વિપત્તિઓને મારી હટાવવી અને કાર્ય સિદ્ધ કરવું..
- ચાર યુક્તિઓઃ સામ..દામ..દંડ અને ભેદ.
- ચાર શક્તિઓઃ ઉત્સાહ શક્તિ..મંત્ર શક્તિ તથા પ્રભુ શક્તિ.

- પ્રાણ ત્યાગ કરવાથી પણ જે લક્ષ્મી મળતી નથી તે લક્ષ્મી જાતે ચંચળ હોવા છતાં પણ નીતિમાનોના ઘેર દોડતી જઇ પહોચે છે.
- ભય વિના પ્રીતિ સંભવ નથી.
- સત્યભાષી માનવી જો સમજ્યા વિચાર્યા વિના સહુ કોઇને પોતાના જેવા જ સમજે તો સામાવાળા દુષ્ટ માણસો તેને ઠગી જાય છે.
- પોતાના કર્મોનું ફળ અવશ્ય ભોગવવું પડે છે...આ વિધાતાનું વિધાન છે.
- જે સાક્ષી કોઇપણ વાતને સાચી રીતે જાણવા છતાં તેને પૂછવાથી કંઇક બીજું જ (જુઠું) બતાવે છે તે પોતાની સાત પેઢીઓનો નાશ કરે છે..મૌન રહે છે તે પણ પાપનો ભાગીદાર બને છે.
- પૂત્રવાન વ્યક્તિ આલોકમાં જે ઉત્તમગતિને પ્રાપ્ત કરે છે તેનું ધર્માનુકૂળ ફળ તપથી પણ પ્રાપ્ત થતું નથી.
- જે અન્ય પ્રાણીઓને હાની પહોચાડે છે તેમની ઉપર વિધાતા દ્વારા પ્રાણનાશક દંડ આપવામાં આવે છે.
- ક્યારેક ઘમંડમાં આવીને બ્રહ્મવાદી મહાત્માઓનું અપમાન..ઉપહાસ ન કરવો,કારણ કેઃ તેમની પાસે વાણીરૂપી અમોઘ વજ્ હોય છે તથા તિક્ષ્ણ કોપવાળા હોય છે.
- સાધુ પુરૂષ સ્વેચ્છાથી ક્યારેય પોતાના બળની સ્તુતિ અને પોતાના મુખથી પોતાના વખાણ કરતા નથી.
- પિતાએ પોતાનો પૂત્ર મોટી અવસ્થાવાળો થઇ જવા છતાં હંમેશાં સત્કર્મોનો ઉપદેશ આપતા રહેવું જોઇએ,જેનાથી તે ગુણવાન બને તથા મહાન યશને પ્રાપ્ત કરે..
- ક્રોધ ધર્મનો નાશક છે..ક્રોધ પ્રયત્નશીલ સાધકને અત્યંત દુઃખથી ઉપાર્જિત કરેલ ધર્મનો નાશ કરી દે છે.
- શમ(મનોનિગ્રહ) જ ક્ષમાશીલ સાધકોને સિદ્ધિની પ્રાપ્તિ કરાવે છે.
- જે પાપાત્મા હોવા છતાં પોતાને ધર્માત્મા કહે છે તે મૂર્ખ પાપથી આવૃત ચોર તથા આત્મવંચક છે.
- સ્ત્રીનું કુમારાવસ્થામાં પિતા..યુવાનીમાં પતિ અને વૃદ્ધાવસ્થામાં પૂત્ર રક્ષણ કરે છે એટલે સ્ત્રીને ક્યારેય સ્વતંત્ર ના રહેવું જોઇએ.
- જે ગર્ભાધાન દ્વારા શરીરનું નિર્માણ કરે છે..જે અભયદાન આપીને પ્રાણોની રક્ષા કરે છે અને જેનું અન્ન ખાવામાં આવે છે... આ ત્રણેય પ્રકારના પુરૂષને પિતા કહેવામાં આવે છે.
- સતી સ્ત્રીઓના માટે સર્વપ્રથમ કર્તવ્ય એ છે કેઃતે મન..વાણી..શરીર અને ચેષ્ટાઓ દ્વારા નિરંતર પતિની સેવા કરતી રહે..
- દેવતા..ગુરૂ..ક્ષત્રિય..સ્વામી તથા સાધુ પુરૂષ...તમામનો સંગ હિતકારી છે.
- સ્ત્રીઓએ પોતાના ભાઇ બંધુઓને ત્યાં વધારે દિવસો સુધી ના રહેવું..તેનાથી તેમની કીર્તિ..શીલ તથા પાતિવ્રત્ય ધર્મનો નાશ થાય છે.

- જે ઘરમાં પતિ-પત્ની બંન્ને એક બીજાનાં ધાર્મિક તથા આધ્યાત્મિક દિશાનાં સહાયક બનતાં હોય તે ઘરમાં કળીયુગનો પ્રભાવ આપોઆપ ઓછો થઇ જાય છે.
- બધાનો ભરોસો કરજો પણ મનનો ભરોસો ના કરશો.
- ચિન્તાતુર..કામાતુર તથા ભયાતુર વ્યક્તિએ બને ત્યાં સુધી એકાંતમાં ના રહેવું.

- દામ્પત્ય જીવનને ધૂળધાણી કરનારાં મુખ્યતઃ ત્રણ ખાડાઓ છેઃકજોડું..અવફાદારી અને અસંતતિ.
- મનના ભાવોથી વિપરીત ચાલનારી પત્ની એટલે સ્થાઇ ઉપાધિ જ સમજી લેવી.
- મિજાજીઓ..વહેમીઓ તથા વારંવાર અપમાનિત કરનારાઓને લગ્નજીવનની મિઠાશ મળતી નથી. પતિના શત્રુઓ સાથે પત્ની અથવા પત્નીના શત્રુઓ સાથે પતિ સારો સબંધ રાખે તો લગ્નજીવનની મિઠાશ સમાપ્ત થઇ જાય છે.
- પ્રસૃતિ(સુવાવડ)ની વેદના એ દારૂણ વેદના છે.
- કામાતુરને કદી ઉપદેશની અસર થતી નથી.
- હતાશ વ્યક્તિ વાણીનો સંયમ ચુકી જતી હોય છે.
- શીલ..ચારીત્ર..એક એવી વસ્તુ છે કે તે એકવાર શત્રુની લાગણી પણ જીતી લેતું હોય છે.
- પ્રેમ..શંકા અને વિશ્વાસના વિકલ્પોમાં પલ્ટી ખાધા કરતો હોય છે.
- સુલક્ષણ તથા શીલથી ત્રણે લોકનાં મન જીતી શકાતાં હોય છે.
- પ્રેમનું પ્રમાણ વધારે..એટલું વાસનાનું પ્રમાણ ઓછું..
- પતિ-પત્નીને સફળતાભર્યું દામ્પત્ય આપનાર ત્રણ તત્વો છેઃવિશ્વાસ..પ્રેમ અને સમજણ.
- ચારીત્રહીન વ્યક્તિ પોતાનું પ્રતિબિંબ બધે નિહાળતી હોય છે..એટલે તેને હંમેશાં વહેમની ગંધ આવ્યા જ કરતી હોય છે.
- ઘણી વાતો જાણવા છતાં પણ ઢાંકી દેવામાં કે ભૂલી જવામાં જ કલ્યાણ હોય છે.સત્ય પણ કલ્યાણકારી હોય તો જ પ્રગટાવવું હિતકર છે.જે સત્યના પ્રગટ થવાથી કોઇનાં જીવન રહેંસાઇ જતાં હોય તેવા સત્યને પ્રગટ કરવું તે વિવેકનું પગલું ના કહેવાય..
- સ્ત્રીઓ માટે નીચે બતાવેલ વાતો ખૂબ જ જરૂરી છેઃ
    - પતિની ગેરહાજરીમાં અન્ય પુરૂષને બોલાવવો..બેસાડવો..ગપ્પાં મારવાં તે યોગ્ય નથી.
    - પોતે કારણ વિના અથવા અલ્પ કારણે બીજાના ઘરમાં રખડ્યા કરવું તે ઠીક નથી.
    - જેમનાં શીલ અને ચારીત્ર્ય શંકાસ્પદ હોય તેમની સાથે વધારે સબંધ ના રાખવો.
    - ઘરની વસ્તુઓ પતિથી છુપાવીને આપવી નહી.
    - કોઇ અન્ય પુરૂષનાં વધારે પડતાં વખાણ પોતાના પતિ આગળ ના કરવાં.
    - પતિનો સાથ હંમેશાં રહે તેવી વૃત્તિ રાખવી.
    - પતિના શત્રુઓની સાથે ક્યારેય પણ સારા સબંધો ના રાખવા.
    - પતિના મિત્રો સાથે પણ સાવધાની રાખવી..વધુ પડતા સબંધો પણ ખતરનાક બનતા હોય છે.
- પ્રેમથી ત્રણ ચીજો સહજ રીતે થયા કરે છેઃબીજાના માટે સ્વસુખનો ત્યાગ..બીજાના દોષોને હસતાં હસતાં સહન કરવા..ભૂલી જવા કે દોષોને દોષો જ ના માનવાની ઉદારતાપૂર્ણ વૃત્તિ..પોતાનું સર્વસ્વ સામેની વ્યક્તિ માટે ન્યોછાવર(અર્પણ) કરી દેવાની તત્પરતા.
- પ્રેમનો સૌથી મોટો શત્રુ સ્વાર્થ છે અને સ્વાર્થમાં સૌથી પ્રબળ સ્વાર્થ ભોગવાસના છે.
- લગ્ન વખતે કન્યાને માતા-પિતાએ ત્રણ વસ્તુઓ દહેજમાં આપવા જેવી છેઃપતિપ્રેમ..પોતાના પતિના કુટુંબ પ્રત્યે ત્યાગભાવના અને સહનશક્તિ..!

- મોઢે ચઢાવેલી સ્ત્રી પ્રથમ પોતાના પતિને નિસ્તેજ કરે છે પછી આધિન કરે છે અને ત્યારબાદ કઠપૂતળીની જેમ જેની સાથે લડાઇ ઝઘડો કરાવવો હોય તેની સાથે ઝઘડો કરાવે છે.
- પતિને પોતાના પ્રત્યે આંધળો બનાવવો તે કામિની સ્ત્રીનો વિજ્ય છે.
- સંસારનું સંપૂર્ણ સુખ એક તરફ મુકો અને બીજી તરફ પતિના સુખને મુકો તો પતિનું સુખ વિશેષ થાય તેવી જ રીતે સંસારના સુખ કરતાં પત્નીનું સુખ વિશેષ થાય છે.
- માણસના ધૈર્યની..ધર્મની..મિત્રની અને પત્નીની કસોટી(પરીક્ષા) વિપત્તિ(દુઃખ)માં જ થતી હોય છે.
- પ્રેમ અને શ્રદ્ધાની પ્રબળતા હોય તો ભયંકરમાં ભયંકર કષ્ટો પણ કોમળ વ્યક્તિ સહન કરતી હોય છે.
- ભગવાન શ્રી રામને તો પ્રેમ જ વહાલો છે..જો જાણનાર હો તો જાણી લો !
- સ્ત્રી મોહરૂપી વનને પ્રફુલ્લિત કરવામાં વસંત ૠતુ રૂપ છે.
- જે મિત્રનું દુઃખ જોઇને દુઃખ પામતો નથી તેને જોવાથી પણ પાપ લાગે છે..પોતાનાં પર્વત જેવડાં મોટાં દુઃખોને પણ રજ સમાન ગણવાં અને મિત્રના રજ જેવડાં અલ્પ દુઃખને પર્વત સમાન ગણવાં.
- સ્ત્રીઓનો સ્વભાવ મૂળે બીકણ હોય છે.
- જે ભગવાને રચી રાખ્યું હશે તે જ થશે..તર્કો કરીને શોકની શાખાઓ કોન વધારે ?
- જેમ જીવ વિનાનો દેહ શોભતો નથી..પાણી વિનાની નદી ના શોભે તેમ પુરૂષ વિના સ્ત્રી પણ ના શોભે !!
- જન્મ-મરણ,સંયોગ-વિયોગ,સુખ-દુઃખનો ભોગ,હાની-લાભ,પ્રેમીજનનો સંયોગ-વિયોગ... આ બધુ કાળ અને કર્મને આધિન છે અને દિવસ અને રાતની જેમ અવશ્ય થયા જ કરે છે.

........................................................................................................................

હનુમાન ચરિત્ર

## રામ દુઆરે તુમ રખવારે

સંતવાણીમાં કહ્યું છે કેઃ

સંત બડે ભગવંતસે કહ ગયે સંત સુજાન,

સેતુ બાંધ શ્રી રામ ગયે, લાંઘ ગયે હનુમાન...!!

પરંતુ હનુમાનજીના માટે તો એટલું જ કહેવામાં આવ્યું છે કેઃ

"રામ દુઆરે તુમ રખવારે,હોત ન આજ્ઞા બિનું પૈસારે.." (હનુમાન ચાલીસા) એટલે કેઃ હે હનુમાનજી..! આપ રામ દ્વારા ઉપર પ્રહરી બનીને ઉભા રહો છો.આપની આજ્ઞા વિના કોઇનો પણ રામ દ્વારમાં પ્રવેશ થઇ શકતો નથી.આ પંક્તિમાં ઘણું મોટું રહસ્ય છે.ઘરના દ્વાર ઉપર પ્રહરી હોય તો તેમની આજ્ઞા વિના ઘરમાં પ્રવેશ કરી શકાતો નથી,પરંતુ અહીયાં તો ઘરના દ્વાર ઉપર નહી પરંતુ રામના દ્વાર ઉપર પ્રહરીના રૂપમાં હનુમાનજી ઉભા છે એટલે તેમની આજ્ઞા વિના રામ(અવિનાશી બ્રહ્મ)માં પ્રવેશ થઇ શકતો નથી.

ભગવાન શ્રી કૃષ્ણ ભગવદ્ ગીતામાં કહે છે કેઃ"તું મારામાં મનને સ્થિર કર અને મારામાં જ બુધ્ધિને જોડ,આ પછી તું મારામાં જ નિવાસ કરીશ એમાં લેશમાત્ર સંશય નથી.. "(ગીતાઃ૧૨/૮)

એટલે કેઃ ભગવાનમાં વાસ કરવાનો છે તેમના ઘરમાં નહી,એટલા માટે તો ભગવાનનું વિશ્વ વિખ્યાત નામ "વાસુદેવ" છે જેનો અર્થ કરતાં આદિ શંકરાચાર્યજીએ કહ્યું છે કેઃ"જેમાં સમગ્ર સૃષ્ટિ વાસ કરે છે તે વાસુદેવ છે. "આમ પણ ભગવાન અને ભગવાનનું ઘર બન્ને અલગ અલગ નથી,કારણ કેઃ ભગવાને સ્વંયમ્ કહ્યું છે કેઃ "તે પરમ પદને સૂર્ય,ચંદ્રમા કે અગ્નિ પણ પ્રકાશિત કરી શકતા નથી અને જે પરમ પદને પામીને મનુષ્યો

પાછા સંસારમાં આવતા નથી તે જ મારૂં પરમધામ છે.."(ગીતાઃ૧૫/૬)
એટલે કેઃ જ્યાં સૂરજ,ચંદ્રમા,તારાઓ,અગ્નિ..વગેરે(નવ દ્વારો) નથી ત્યાં નિરાકાર પ્રભુનું દશમું દ્વાર છે અને તેમાં જ ભક્તો રહે છે.આ રામમાં પ્રવેશ કરવા માટે હરિભક્ત કે હરિજનની કૃપા અનિવાર્ય છે,એટલા માટે જ કબીરજીએ કહ્યું છે કેઃ

"હરિસે જનિ તૂં હેત કર, હરિજનસે કર હે,
ધન દૌલત હરિ દેત હૈ, હરિજન હરિ હી દેત.."(કબીરવાણી)

એટલે કેઃ હે જીજ્ઞાસુ જીવ..! તું હરિથી નહી પરંતુ હરિજન(પ્રભુ ભક્ત) સાથે પ્રેમ કર,કારણ કેઃહરિ તો ધન દૌલત,ભૌત્તિક સંપત્તિ આપશે જ્યારે હરિના ભક્તો તો હરિને જ આપે છે.

હનુમાનજી પ્રભુના પરમ પ્રિય ભક્ત હતા એટલે તેમના માટે કહેવામાં આવ્યું છે કેઃઆપ જેવા ભક્ત જ પ્રભુના દ્વારપાળ છો અને આપની આજ્ઞા વિના કોઇ પ્રભુ પરમાત્મામાં પ્રવેશ કરી ભક્ત બની શકતો નથી.જ્ઞાની તો પ્રભુને જાણે છે,પરંતુ ભક્ત તો તેમનામાં નિવાસ કરે છે.જડ ચેતનમય સમગ્ર સૃષ્ટિને બ્રહ્મદ્રષ્ટિએ જોનાર ભક્ત માટે નારદભક્તિ સૂત્રમાં કહ્યું છે કેઃ
"પ્રેમી ભક્ત પ્રેમને જ જુવે છે,પ્રેમને જ સાંભળે છે,પ્રેમને જ ખાય છે અને પ્રેમને જ સાંભળે છે."
બ્રહ્મજ્ઞાનીઓનું ભોજન જ્ઞાન છે.આવા જ અનન્ય ભક્ત હનુમાનજી હતા કે જેમને રામને હ્રદયમાં વસાવીને સર્વત્ર રામનાં જ દર્શન કરતા હતા.અંદર પણ રામ અને બહાર પણ રામ..સર્વત્ર રામ જ રામ..નિરાકાર પણ રામ અને સકળ સંસારના તમામ જડ ચેતનમાં પણ રામ..તમામને રામરૂપ જાણીને તમામના ભલા માટેની કામના અને તમામના પ્રત્યે દાસ્યભાવ એ જ અનન્ય ભક્તિનું વાસ્તવિક સ્વરૂપ હનુમાનજીમાં જોવા મળે છે.

અહી પ્રશ્ન એ થાય કેઃ આવા ભક્ત કે જે તમામની ભલાઇના માટે જ કામના કરે છે તો હનુમાનજીએ અક્ષયકુમાર વધ..અશોકવાટિકાના માળીઓ સાથે મારપીટ કરી..લંકાદહન..વગેરે કાર્યો કેમ કર્યા..? એનો જવાબ એ છે કેઃ તેઓ સમવર્તન કે વિષમવર્તનનો આગ્રહ રાખતા નથી,પરંતુ તેઓ તમામની સાથે યથાયોગ્ય વર્તન કરતા હોય છે.પોતાના પ્રભુના કાર્યો (સેવા) કરવા માટે તેઓ કાળનો સામનો કરતાં પણ ખચકાતા નથી.આ વાતને આપણે એક ઉદાહરણથી સમજીએ..એક ગુલાબની ડાળખી આપણને મળી. તેનામાં કાંટા,ફુલ અને પાન ત્રણેય છે.આ ત્રણેયને આપણે ગુલાબ જ જાણીએ છીએ,કારણ કેઃત્રણેય ગુલાબનાં જ અંગ છે,એટલે ત્રણેયમાં આપણે ગુલાબને જોઇને સમદર્શન કરીએ છીએ,પરંતુ વર્તનના સમયે આપણે ફુલને ફુલદાનીમાં સજાવીએ છીએ,પાનને કચરાપેટીમાં તથા કાંટાઓને ક્યાંક દૂર ફેકી દઇએ છીએ કે જેથી આવતા જતા કોઇ પથિકને વાગી ન જાય.આ છે યથા યોગ્ય વર્તન.. ભક્ત પણ આમ જ કરે છે અને હનુમાનજીએ પણ આમ જ કર્યું હતું.તેમના માટે પ્રભુની આજ્ઞા જ સર્વોપરી હતી અને આવા ભક્તો જ રામના દ્વારના રખેવાળ હોય છે અને તેઓ જેની પર કૃપા કરે છે તેને રામની સાથે મિલાવી દે છે.સાકાર રામે પણ પોતાના પતિના મૃત્યુંના સમયે વિલાપ કરતી વાલી પત્ની તારાને અવિનાશી રામની સાથે મિલાવીને કહ્યું કેઃ
"ક્ષિતિ જલ પાવક ગગન સમીરા પંચ રચિત અતિ અધમ શરીરા..." (રામચરીત માનસઃ૪/૧૦/૨)
એટલે કેઃ હે તારા ! પૃથ્વી,પાણી,અગ્નિ,વાયુ અને આકાશ-આ પાંચ તત્વોથી બનેલું આ શરીર અત્યંત અધમ એટલે કેઃ અપવિત્ર છે.આ શરીર ક્યાંય ગયું નથી તારી સામે જ પ્રત્યક્ષ પડેલું છે. છઠ્ઠું આત્મ તત્વ (નિરાકાર બ્રહ્મ) અજર,અમર અને અવિનાશી છે અને સર્વત્ર વિરાજમાન છે તો પછી તૂં કોના માટે શોક કરી રહી છે..?
"ઉપજા જ્ઞાન ચરણ તબ લાગી, લિન્હેસિ પરમ ભગતિ બર માંગી" (રામચરીત માનસ)
તારાને જ્યારે આત્મજ્ઞાન થઇ ગયું ત્યારે રડવાનું બંધ થઇ ગયું અને ભગવાનના ચરણનો સ્પર્શ કર્યો.જ્ઞાન

થઇ જાય તો ચરણસ્પર્શ કરવામાં સંકોચ થતો નથી.તારાએ પણ અનન્ય ભક્તિનું વરદાન માંગ્યું તો ભગવાને તેને અવિરલ ભક્તિનું દાન આપ્યું.સાકાર સદગુરૂ,સંત કે ભક્ત વિનાશી અવિનાશી પ્રભુનાં દર્શન થતાં નથી.ભક્ત એ જ ભગવાનના દ્વારપાળ છે અને તેઓ જ સુપાત્ર જિજ્ઞાસુઓને પ્રભુ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી દે છે એટલે જ તો હનુમાનજીના માટે કહેવામાં આવ્યું છે કેઃ

"રામ દુઆરે તુમ રખવારે,હોત ન આજ્ઞા બિનું પૈસારે.." (હનુમાન ચાલીસા)

ઘણીવાર કેટલાક લોકો પ્રશ્ન પુછે છે કેઃ"અવિનાશી નિરાકાર બ્રહ્મને તો તેમની કૃપાથી જ જાણી શકાય છે,સાકાર તો માયા છે,એટલે સાકાર માયાથી નિરાકાર બ્રહ્મને કેવી રીતે જાણી શકાય..?

તેનો જવાબ એ છે કેઃજેવી રીતે ધરતી ઉપર પડેલા વ્યક્તિનો સહારો લીધા વિના ઉઠાવી શકાતો નથી,તેવી જ રીતે માયામાં પડેલા જીવને પણ માયાનો સહારો લઇને જ બ્રહ્મ સુધી પહોંચાડી શકાય છે,એટલે સાકાર સદગુરૂના માધ્યમથી જ નિરાકાર બ્રહ્મની ભક્તિ અને જ્ઞાન ઉપલબ્ધ થાય છે.તમામ સંતોનો..ગ્રંથોનો એ જ મત છે કેઃ

"ગુરૂ બિન ગત્ નહી,સાહ બિન પત નહિ.."

જેમ નિરાકાર વિધુત(વિજળી)ની હાજરી (જ્ઞાન) સાકાર ટેસ્ટરથી જ જોઇ શકાય છે.સાકાર શરીરમાં રહેલો નિરાકાર તાવ સાકાર થર્મોમીટરથી જ જોઇ શકાય છે,તેવી જ રીતે સાકાર સંસારમાં સર્વત્ર રહેલા નિરાકાર પ્રભુ પરમાત્માને પણ સદગુરૂ પ્રદત્ત જ્ઞાનદ્રષ્ટિથી જોઇ શકાય છે.આવી જ રીતે હનુમાનજી..અંગદજી..વગેરે એ સાકાર સદગુરૂ રૂપ રામજીના દ્વારા જ બ્રહ્મદર્શન કરીને અવિરલ ભક્તિ પ્રાપ્ત કરી હતી અને સમર્પિત થઇને ભગવાન રામને કહ્યું કેઃ

"તુમ મોરે પ્રિય ગુરૂ પિતુ માતા,જાઉં કહાં તજિ પદ જલદાતા.. "(રામચરીત માનસઃ૭/૧૧/ખ-૨)

એટલે કેઃહે રામ ! આપ જ અમારા પ્રિય ગુરૂ,માતા અને પિતા છો.હું આપના ચરણકમલોને છોડીને ક્યાં જાઉં..?

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન કહે છે કેઃ

"કાયરતારૂપી દોષોના લીધે તિરસ્કારને પાત્ર સ્વભાવવાળો તથા ધર્મની બાબતમાં મોહિત ચિત્ત થયેલો હું આપને પુછું છું કેઃ જે નિશ્ચિતરૂપથી કલ્યાણકારી વાત હોય તે વાત મારા માટે કહો,કેમકેઃહું આપનો શિષ્ય છું.આપને શરણે આવેલા મને ઉપદેશ આપો..(ગીતાઃ૨/૭)

એટલે હનુમાનજી જેવી અવિરલ ભક્તિ પ્રાપ્ત કરવા માટે સમકાલિન સદગુરૂ(અવતારી પુરૂષ)ની શરણાગતિ લેવી પડે છે,તેના વિના કોઇ અન્ય ઉપાય નથી,કારણ કેઃઆત્મદર્શી સંત જ રામ દ્વારના દ્વારપાળ હોય છે...!!

..................................................................................................................................

આવો કેટલીક રામચરીત માનસમાંની ચોપાઇઓ તરફ નજર નાખીએ..

બડે ભાગ માનુષ તનુ પાવા | સુર દુર્લભ સબ ગ્રંથન્હિ ગાવા ||<br>
સાધન ધામ મોચ્છ કર દ્વારા | પાઈ ન જેહિં પરલોક સંવારા ||<br>
ઇશ્વર અંશ જીવ અવિનાશી, ચેતન અમલ સહજ સુખ રાશી,<br>
સો માયા બસ ભયઉ ગોસાઇ, બંન્ધ્યો કીટ મરકટ કી નાઇ,<br>
જડ ચેતનહિ ગ્રંથ પરિ ગઇ, જદપિ મૃષા છૂટત કઠિનાઇ,<br>
તબ તે જીવ ભયઉ સંસારી, છૂટ ન ગ્રંથિ ન હોઇ સુખારી.... (રામચરીત માનસઃ૧૧૬/ખ/૧-૨-૩)

મોહ સકલ વ્યાધિહ્ન કર મૂલા, તિન્હ તે પુનિ ઉપજહિં બહુ શૂલા,
કામ..વાત..કફ..લોભ અપારા, ક્રોધ પિત્ત નિત છાતી જારા,
પ્રિતિ કરહીં જૌ તીનિઉં ભાઇ, ઉપજઇ સન્યપાત દુઃખ દાઇ,
વિષય મનોરથ દુર્ગમ નાના, તે સબ શૂલ નામકો જાના,
મમતા દાદ્ર કંડુ ઇરષઇ, હરષ વિષાદ ગરહ બહુતાઇ,
પરસુખ દેખી જરનિ સોઇ છઇ, કુષ્ટ દુષ્ટતા મન કુટિલાઇ,
અહંકાર અતિ દુઃખદ ડમરૂઆ, દંભ કપટ મદ માન નેહરૂઆ,
તૃષ્ણા ઉદર વૃદ્ધિ અતિ ભારી, ત્રિવિધ ઇષના તરૂણ તિજારી,
જુગ બિધિ જવર મત્સર અવિવેકા, કહઁ લગિ કહો કુરોગ અનેકા !! (રામચરીત માનસઃ૭/૧૨૦/ખ/૧૫-ઇ)
બુઝે ન કામ અગ્નિ તુલસી કહુઁ..વિષયભોગ બહુ ઘી તે...
જબ જબ હોઇ ધરમકી હાની, બાઢહિં અસુર અધમ અભિમાની,
કરહિં અનીતિ જાઇ નહી બરની, સીદહિં વિપ્ર ધેનુ સુર ધરની,
તબ તબ પ્રભુ ધરી વિવિધ શરીરા, હરહિં કૃપાનિધિ સજ્જન પીરા...!" (બાલકાંડઃ૧૨૦/ઘ/૨)
સંત બડે ભગવંતસે કહ ગયે સંત સુજાન,
સેતુ બાંધ શ્રી રામ ગયે, લાંઘ ગયે હનુમાન...!!
"ક્ષિતિ જલ પાવક ગગન સમીરા પંચ રચિત અતિ અધમ શરીરા..." (રામચરીત માનસઃ૪/૧૦/૨)
"રામ દુઆરે તુમ રખવારે,હોત ન આજ્ઞા બિનું પૈસારે.."
મોરે મન અસ વિશ્વાસા,  રામ તે અધિક રામકર દાસા
સબ કર ફલ હરિ ભગતિ સુહાઇ, સો બિનુ સંત ન કાહૂ પાઇ...
રામચંદ્રકે ભજન બિનુ જો ચહ પદ નિર્વાણ,જ્ઞાનવંત અપિ સો નર પશુ બિનુ પૂંછ સમાન
જે અસિ ભગતિ જાનિ પરિહરહીં, કેવલ ગ્યાન હેતુ શ્રમ કરહીં,
તે જડ કામધેનુ ગૃહ ત્યાગી, ખોજત આકુ ફિરહીં પય લાગી,
સુનુ ખગેસ હરિ ભગતિ બિહાઇ, જે સુખ ચાહહિં  આન ઉપાઇ,
તે શઠ મહાસિંધુ બિન તરની, પૈરી પાર ચાહહિં જડ કરની..... (રામચરીત માનસઃ૧૧૪/ખ/૧-૨)
સુનહું તાત યહ અકથ કહાની,સમુન્ત બનઇ ન જાઇ બખાની,
ઇશ્વર અંશ જીવ અવિનાશી,ચેતન અમલ સહજ સુખ રાશી,
સો માયાબસ ભયઉ ગોસાઇ, બંન્ધ્યો કીટ મરકટકી નાઇ,
જડ ચેતનહિ ગ્રંથિ પરિ ગઇ, જદપિ મૃષા છૂટત કઠિનાઇ !! (રામચરીત માનસઃ૧૧૬/ખ/૧)
રામ ભગતિ ચિંતામણી સુંદર, બસઇ ગરૂડ જાકે ઉર અંતર,
પરમ પ્રકાશરૂપ દિનરાતી, નહી કછુ ચહિઅ દિઆ ધૃત બાતી !!(રામચરીત માનસઃ૧૧૯/ખ/૧-૨)
કહહુ ભગતિ પથ કવન પ્રયાસા | જોગ ન મખ જપ તપ ઉપવાસા ||
સરલ સુભાવ ન મન કુટિલાઈ | જથા લાભ સંતોષ સદાઈ ||

- યાત્રા ચાલુ હોય તો સમજજો કે પહોચ્યા નથી.
- ઘણું જોયું છતાં જોવાનું બાકી રહી ગયું..ઘણું જાણ્યા છતાં જાણવાનું બાકી છે.
- મેળવવામાં આનંદ છે..મેળવેલું આપવું એમાં મહા આનંદ છે.

- અજ્ઞાની કરતાં જ્ઞાની વધુ દુ:ખી છે, કેમકેઃતેમની પાસેની સત્ય વાતો સ્વીકારવાની ક્ષમતા નથી,તેથી જ્ઞાનીની કોઇ વાત માનતું નથી.
- નિષ્ફળ જાય છતાં ન છોડે તે નિષ્ઠા. નિષ્ફળતાનો સરવાળો થાય ત્યાં સફળતા આવીને ઉભી રહે છે.
- તૃપ્તિ થાય તો તૃષ્ણાનું મૃત્યુ થાય છે.
- કર્તાપણાનો ભાવ છોડી દઇએ તો કર્મનો ડંખ રહેતો નથી..નિમિત્રમાત્ર બનીએ..પ્રભુ કરાવે છે તેમ જ હું કરૂ છું, આમ હોવા છતાં કરનકરાવનહાર પ્રભુ છે.
- સરળતા..સહજતા જીવનમાં લાવવાથી તે સફળતાની ચાવી બને છે.
- હજારો વર્ષોમાં ન જાણી શકાય તે ૬૦ વર્ષના આયુષ્યમાં જાણી શકાય છે.
- પ્રભુ પરમાત્મા..સદગુરૂની અનુકંપાથી મોટી ઘાતથી બચી શકાય છે.
- કામના અને કામ વાસના ખરાબ નથી તેનો અતિરેક ભયંકર છે.
- દુર્ગુણોને જીવંત રાખવા માનવ શરીરને માધ્યમ બનાવ્યું છે.
- જેનું પરીણામ સુખ છે તે પુણ્ય અને જેનું પરીણામ દુ:ખ છે તે પાપ !
- જ્ઞાન જ અજ્ઞાનને જન્મ આપે છે.
- એકતારામાં સંગીત છે,પરંતુ તેને ખોલી નાખવાથી હાથમાં કાંઇ ના આવે ! ફુલમાં સુગંધ છે પરંતુ તેને વિખેરી નાખવમાં આવે તો કાંઇ પ્રાપ્ત થતું નથી.સુંદરતાને ભોગવો,પરંતુ તે ક્યાં છે તે શોધવાથી નહી મળે.
- પોતે પોતાનો પરીચય મેળવવો એ જ મહાન કાર્ય છે.
- દયા પણ દુ:ખની દેનારી છે.
- સ્થાનના આધારે સ્થિતિ ફરે..આપણે સ્થિતિના આધારે સ્થાનને ફેરવીએ તે જ ખરી મોટાઇ છે.
- કુસંગનો સંગ ક્યારેય ન કરવો.
- પારકા પાસે પોતાપણું ન ગુમાવતાં પોતાપણું અર્પણ કરી પારકાને પોતાનો કરી લે તે જ શક્તિ સંતોમાં હોય છે.
- જરૂર હોય તો જરૂર લેવું..જરૂર ના હોય તો જરાય ના લેવું...નહી તો જરૂરીયાત ઉભી થશે.
- શિખરની સલામતી તળેટીમાં છૂપાયેલા પાયામાં હોય છે.
- હે માનવી ! તારી માનવતામાં મહાનતાની મહેંક છુપાયેલી છે.
- દેહ અને આત્માને જુદા પાડવાની પ્રક્રિયા એ જ મૃત્યુ..
- શબ્દોના આકારમાં..શબ્દોના સારમાં શબ્દાતિતની સહાનુભૂતિ નથી.
- સર્જન માટે જેટલું જરૂરી તેટલું વિસર્જન માટે પણ જરૂરી છે.
- માયાના માધ્યમથી કાયાનો સદઉપયોગ કરી છાયા સુધી પહોચી શકાય !
- પરીવારના માધ્યમથી પણ પરમાત્મા સુધી પહોચી શકાય છે.
- સત્ય પણ શબ્દોમાં નથી આવતું..સત્ય માટે શબ્દ બનતો હોય તો તેનો કોઇ અર્થ નથી.
- અજ્ઞાન પણ પરમાત્માની લીલાનો એક ભાગ છે.અંધકાર જ ના હોય તો દિપકની ક્યાં જરૂર પડે છે.
- નાની ભૂલને ભૂલ ન સમજવી એ મોટામાં મોટી ભૂલ છે.
- દ્દષ્ટાને દિવ્યતાનો અનુભવ થાય તો કલંકિત દ્દશ્યને નિહાળશે,પરંતુ સ્વીકારશે નહી.

- અમાપ (પરમાત્મા)નું માપ કાઢવામાં સદાય નિષ્ફળતા પામનાર માણસ નિરાશાનો જન્મદાતા બને છે.
- જન્મ અને જીવન માટે જેટલાં પુસ્તકો લખાયાં છે તેના કરતાં મૃત્યુ માટેનું એક પુસ્તક ઉત્કૃષ્ટ છે..આવા જ આ દેશમાંને આદેશમાં આદેશ માની આદર્શ બની અદ્દશ્ય થવું હિતકારી છે.
- મૃત્યુના માધ્યમથી જ્યાં પહોચવું હોય ત્યાં પહોચી શકાય છે.
- ભારતભૂમિમાં કે વિશ્વમાં જે મહાન જ્ઞાનીઓ છે..જે મારી તુલનામાં કંઇ જ નથી આવું માનનાર મહાન અજ્ઞાની છે.
- ઇંટથી બનેલ ઇમારત સલામતી ઇચ્છતી હોય તો અનંત કોષોથી બનેલ કાયા પણ સલામતી માંગી ના શકે ?
- સલાહમતિ આપવાની નહી,પરંતુ લેવાની તે જ સાચી સલામતી છે.
- દુઃખની જાણ અને પીડાની પહેચાન સુખ શોધવાની પહેલી ચાવી છે.
- પીડા વિના પ્રાર્થના જન્મતી નથી..
- શાંતિ પણ બે અશાંતિઓની વચ્ચેનું સ્થાન છે.
- માનવી પોતાના દુઃખે દુઃખી નથી..બીજાનું સુખ જોઇને દુઃખી થાય છે.
- તત્વચિન્તક તત્વ સુધી નથી પહોચતો..પોતે જ પતી જાય છે.
- તારે જે થવું છે તે તૂં જ છે..તારે જ્યાં પહોચવું છે ત્યાં તો તૂં ઉભો જ છે.
- બીજાને સત્ય વાત સમજાવવા..જે નથી સમજતો તેની પાસે હું પહોચ્યો છું..આનું નામ જ ગુરૂપદ ! ગુરૂ માયાએ અંધશ્રદ્ધાના બાંધેલા પાટાને છોડવા-તોડવા માટેનો પ્રયાસ કરે છે.
- અભ્યાસનો અનુભવ નથી..અનુભવનો અભ્યાસ કામમાં લગાવવાનો છે.
- તમે કહો અને હું માની લઉ..એ વાત જુદી અને હું જાણી લઇ તમને કહું તે વાત પણ  જુદી છે.
- નવ માસના ગર્ભના દુઃખનો અનુભવ નથી (અજ્ઞાનતાના કારણે) અનુમાન છે.
- આર્શિવાદ આપનાર ગુરૂ-સંત આર્શિવાદ માંગનારને આળસુ બનાવે છે.
- ચાલો ! આપણે આપણું જીવન વાંચીએ..! શું આધ્યાત્મિક દ્દષ્ટિએ આપણે ગૂનેગાર નથી ? ભલે આપણું જીવન બીજા કોઇ ના જાણી શકે, પરંતુ અંતરર્યામીથી અજાણ્યું હોઇ શકે ખરૂં ?
- નિંદનીય વંદનીય ત્યારે જ બની શકે કે જ્યારે પ્રામાણિકતાથી પોતાની ભૂલો..પાપોનું સંત સમક્ષ પ્રસારણ કરે !
- દરેક ગામમાં સંત અને શાહુકાર હોવા જ જોઇએ.
- સર્વ સામાન્ય માનવી પહેલાં પેટનું (સ્વાર્થનું) પછી શેઠ (પરમાર્થ)નું અને ઠેઠનું (પરમાર્થનું) કાર્ય કરતા હોય છે, જ્યારે સંતના જીવનમાં ઠેઠ(પરમાર્થ)નું કાર્ય પ્રથમ જોવા મળે છે.
- સાચી શ્રદ્ધા અને પરમાત્મા ઉપર પૂર્ણ વિશ્વાસ હોય તો ગમે તેનામાં બ્રહ્મતેજ પ્રગટે છે.
- પંડિતો..વિદ્યા વિનયશીલ બ્રાહ્મણમાં..ગાય..હાથી કે ચાંડાલમાં પણ સમદર્શન કરે છે તે કશાયનો શોક કરતા નથી.
- ભક્તિ એટલે પોતાના સર્જક માટે અંતરમાંથી પ્રગટેલો પ્રેમ..
- ભક્તિ પ્રેમ સ્વરૂપા છે.પૂર્ણ પ્રેમ વિના ભક્તિ થઇ શકતી નથી.

- ગુરૂની દયાથી થયેલ સત્યની જાણકારીમાં શંકા કરવાથી..તર્ક વિતર્ક કરવાથી ગુરૂ શિષ્યના સબંધોમાં અવિશ્વાસ ઉભો થાય છે.ભવસાગરમાંથી પાર ઉતરવા ગુરૂના વચનોમાં વિશ્વાસ ખૂબ જ જરૂરી છે.
- પરીણામની રાહ જોયા વિના પ્રતિક્ષા કરવી.
- કોઇ નથી રહ્યા..! નથી રહેવાના..! જવાના તેની તૈયારી કરો..! તેનું નામ ભક્તિ...!!
- સહનશક્તિ..પાલનશક્તિ તથા સ્વીકારવાની શક્તિથી મળેલ પદ પ્રતિષ્ઠા જળવાય છે.
- શિષ્ય થવાના અધિકારી બનો..ગુરૂ થવું સહેલું, પરંતુ ગુરૂત્વ પામવું કઠિન છે..માનવમાં માનવતાના ગુણો વિકસાવવા કઠિન છે.
- બધાનો વિશ્વાસ રાખજો પણ પોતાના મનનો વિશ્વાસ ના રાખશો..કસમયે ફરી જાય..ફેરવી નાખે..! કેટલાકને મન એ રમાડ્યા ! કેટલાક મનને રમાડે !!
- સંસારનું સુખ (માયા) દુઃખ વિનાનું હોતું નથી.
- પોતાનું જીવન તપાસજો કે તે નિંદનીય છે કે વંદનીય !!
- ઉચ્ચ વિચાર..શુભ કર્મ અને કપટ રહિત વ્યવહાર ચરીત્ર નિર્માણનો મૂળ આધાર છે અને તેની પ્રગતિના માટે સત્સંગ ખૂબ જ જરૂરી છે.
- જે વ્યક્તિ પોતાના વ્યવહારથી કે પોતાની વાણીની કડવાશથી બીજાનું દિલ દુભાવે છે તેના જીવનમાં અંધકાર ભરાઇ જાય છે.
- કર્તાભાવનો ત્યાગ કરીને કરવામાં આવેલ કર્મ જ સાચો આનંદ આપે છે.
- જેવી રીતે ધીરજ ગુમાવીને છોડને વારંવાર ઉપાડી નાખવાથી તેનો વિકાસ થતો નથી,તેવી જ રીતે ભક્તિમાં ધીરજ ના રાખવાથી વિકાસ રૂંધાય છે.
- જ્યારે વચન અને કર્મમાં અંતર આવી જાય છે ત્યારે સંકોચ આવે છે.
- પસ્તાવાના આંસુથી ક્યારેય પાપ ધોવાતા નથી,પરંતુ તેના કારણે થયેલ વિનાશને ફરીથી સુધારી લેવું..એ જ સાચું પ્રાયશ્ચિત છે.
- જેનામાં અભિમાન છે..અહંકાર છે તેને મહાન માનવામાં આવતા નથી.મહાન તે છે કે જેનામાં દાસ ભાવના છે..વિનમ્રતા છે..જેના હ્રદયમાં મિઠાસ છે..જેને શુધ્ધ વ્યવહાર કર્યો છે.
- સંતુષ્ટિ અને તૃપ્તિનો એકમાત્ર રસ્તો છેઃ પ્રભુનું જ્ઞાન.
- નમ્રતાને અપનાવવાથી જ માનવતાનું કલ્યાણ સંભવ છે.
- સંતુષ્ટિ..કરૂણા..દયા અને પ્રેમની ભાવના ભક્તના જીવનમાં દેખાવવી જોઇએ.
- સહનશીલતા અને ક્ષમા માનવનો સૌથી મોટો ગુણ છે.
- નરક એ છે કે જ્યાં બેગુનાહ લોકોની હત્યા કરવામાં આવે છે અને સ્વર્ગ એ છે કે જ્યાં સંત પરમપિતા પરમાત્માના ગુણગાન કરે છે અને આ બન્ને આ ધરતી પર જ વિધમાન છે.
- સંસારમાં ભલાઇ કરનારની ભલાઇ કરનાર તો અનેક મળે છે,પરંતુ બુરાઇ કરનારનું ભલું કરનાર માનવ દુર્લભ હોય છે.
- જો અમારા હ્રદયમાં વેર..નફરત..ઇર્ષા તથા અભિમાનની ભાવના છે તો અમે સુખી થઇ શકવાના નથી,કારણ કેઃ આ ભાવના સળગતા કોલસા જેવી છે જે પોતે બળે છે અને બીજાને પણ બાળે છે.
- શુભ કર્મો કરવાથી જ શુભકામનાઓ સાર્થક થાય છે.

- ધૃણા અને હિંસાએ પ્રત્યેક સંપ્રદાય..સમાજ અને રાષ્ટને ઘેરી લીધેલ છે અને તેથી જ એકબીજાને સમજવાની વાત તો દુર રહી,પરસ્પર વિશ્વાસ કરવા માટે પણ કોઇ તૈયાર નથી.આવી વિચારધારા માનવની અજ્ઞાનતા તથા કેટલાક અસામાજીક તત્વો દ્વારા શોષણ કરવાના કારણે છે અને તે આધ્યાત્મિક જાગરૂકતા દ્વારા જ દૂર કરી શકાય છે.અમે જાણી શકીએ છીએ કેઃ પ્રત્યેક માનવ એક જ પરમપિતા પરમાત્માની સંતાન છે,તેનાથી અમારામાં ભાઇચારો તથા સમાનતાની ભાવના જાગ્રત થાય છે.
- ભક્ત ભલે ગમે તે યુગમાં આવ્યા..તેમને હંમેશાં સંસારના ભલા માટે જ કામના કરી છે અને પોતાનો એક એક શ્વાસ આ કાર્ય માટે સમર્પિત કર્યો છે.તેમને પોતાનું જીવન સહજતા..પ્રેમ અને સુખદભાવથી વ્યતિત કર્યું છે.આવું જીવન જીવીને તેમને સંસારને માર્ગદર્શન આપ્યું.સંસારના માનવોને જીવન જીવવાની રીત શીખવી.
- જે વાતો સાંભળીએ..તેને જોઇએ..વિચારીએ તથા સમજીએ અને જ્યારે માની લઇએ ત્યાર પછી જ દ્રઢતા આવે છે.
- પ્રેમની ભાષા સર્વોત્તમ ભાષા છે.
- જો અમારી ભક્તિ પૂજા પાઠ સુધી સિમિત ના હોય તો ચોક્કસ અમે અમારૂં માનવીય સ્વરૂપ જોઇ શક્યા હોત.માનવ પૂજા તો ભગવાનની કરે છે,પરંતુ તેમના આદર્શ માનતા નથી.ભગવાન શ્રી રામ શબરીના આશ્રમમાં સામેથી ગયા,પરંતુ આજે અમે જાતિઓની દિવાલ મોટી કરી રહ્યા છીએ.જો માનવ માનવની ગોંદમાં જન્મ લઇને માનવની સેવા ન કરી શકે તો તે ભગવાનની સેવા કેવી રીતે કરી શકવાનો છે..?પરમાત્મા એક જ છે.જ્યારે અમે ભગવાન રામ અને ખુદાને એક જ માનીએ છીએ તો તેમનો પરીવાર અલગ કેવી રીતે હોઇ શકે..? જ્યારે અમે એકને જાણીશું તો જ એકતા સંભવ છે.
- જો મનને સુંદર બનાવવું છે..આ મનને આનંદ પ્રદાન કરવો છે તો અમારે પાપ કર્મોથી બચવાનું છે. જો અમે ધૃણા અને નફરત જેવા પાપ કર્મોથી મુક્ત છીએ તો અમારા જીવનમાં શાંતિ અવશ્ય આવશે.
- જીવનમાં સુખ..શાંતિ..આનંદ અને પ્રેમ ઇચ્છતા હો તો આ પ્રભુ પરમાત્મા સાથે સબંધ જોડવો પડશે.જે આત્મા પરમાત્માનું જ્ઞાન મેળવી તેની સાથે જોડાઇ ગયા તેમને જન્મ મરણના બંધનમાંથી મુક્તિ મળી જાય છે.
- નવાઇની વાત તો એ છે કેઃહોટલો..સિનેમાઘરો..તથા ગાડીઓમાં મુસાફરી કરતા સમયે કોઇ ભેદભાવ રાખવામાં આવતો નથી,પરંતુ ભક્તિમાં ભેદભાવ રાખવામાં આવે છે.
- સમજદાર જ્ઞાની ભક્તો મહાપુરૂષોની સંગત કરી..સેવા,સુમિરણ,સત્સંગ કરી પોતાનો ઉધ્ધાર કરે છે તથા તેમને જે કંઇ પ્રેમની દૌલત મળી હોય છે તે બીજાઓને વહેંચી..માર્ગ ભૂલેલાઓને..જીવનયાત્રાના અંજાન લોકોને સદમાર્ગ ઉપર લાવી પરોપકારનું કાર્ય કરે છે.
- ભક્તજનો પરોપકારી હોય છે,તે માનવમાત્રને સંદેશ આપે છે કેઃ હે માનવ..! આ સત્ય પરમાત્માનો બોધ કરી લે..તેમને જાણીને..માનનીને ભક્તિ કરી લે..તેનું જ નૂર ઘટ ઘટમાં સમાયેલું જોઇ..નફરતની તમામ દિવાલો પાડી દે અને ભાઇચારાની ભાવનાથી યુક્ત બની એક માનવ પરીવારનું અંગ બનીને રહે.

- ભક્ત ધન દૌલતથી ભરપુર હોવા છતાં..ખૂબ જ વિદ્વાન હોવા છતાં તે તન..મન..ધનનું કે પોતાની વિદ્વતાનું અભિમાન કરતા નથી.તેમનામાં વિનમ્રભાવ..દાસભાવના ભરેલી હોય છે.
- ભક્તના જીવનમાં માન-સન્માન..યશ કિર્તિની કોઇ લાલસા હોતી નથી.
- અમારા સારા કર્મોનું ફળ બીજાને મળવાનું નથી અને અમારા પાપ કર્મોની શિક્ષા બીજું કોઇ ભોગવવાનું નથી,આ બન્ને ભોગવવા માટે અમારે પોતે તૈયાર રહેવાનું છે.
- પૈસાથી બધુ ખરીદી શકાય છે,પરંતુ પ્રેમ..નમ્રતા..સહનશીલતા ખરીદી શકાતી નથી..તે તો સંત મહાત્માઓના સાનિધ્યથી જ પ્રાપ્ત થાય છે.
- એક તરફ મહેલોમાં રહેનાર કંગાલ હોય છે.જેમની પાસે તમામ સુખ સુવિધાઓ હતી,પરંતુ નામધન થી વંચિત હતા.બીજી તરફ ઝુંપડીઓમાં રહેનાર નામધન ને હ્રદયમાં વસાવી માલામાલ રહે છે.
- જેવી રીતે પક્ષી જે વૃક્ષની ઉપર બેસે છે તેને તે વૃક્ષનાં જ ફળ પ્રાપ્ત થાય છે,તેવી જ રીતે મનની અવસ્થા પણ તેવી જ હોય છે.જેવી સંગત મળે છે તેવો જ તેના ઉપર પ્રભાવ પડે છે.
- ભક્ત સંપૂર્ણ માનવજાતિના પ્રત્યે સદભાવ રાખે છે.
- ભક્તો પરહિતના માટે ફક્ત પ્રાર્થના જ નથી કરતા,પરંતુ પ્રયત્નો પણ કરે છે.પ્રાર્થનાની સાથે તેના અનુરૂપ કર્મ આવશ્યક છે.
- ધીરજ અને સંતોષની અવસ્થા ધારણ કરનારના જીવનમાં આનંદ પ્રાપ્ત થાય છે.જ્યારે પ્રભુ હ્રદયમાં વસી જાય તો વિનમ્રતાનો ભાવ સહજમાં જ આવી જાય છે.
- પરમાત્મા અનેક ગુણોના સ્વામી છે. તેમાંનો એક ગુણ નિર્મલ પાવન છે.મનને નિર્મલ બનાવવા દરેકે પરમાત્માની અનુભૂતિ કરવી જોઇએ.
- ધરતીને સ્વર્ગ બનાવવી હોય તો સુંદર ભાવ..સુંદર ચાલ અને વ્યવહારીક જીવન પણ સુંદર હોવું જોઇએ.
- આજે તમામ વ્યક્તિઓ પરમાત્માની ચર્ચા તો કરે છે,પરંતુ પરમાત્માને જાણ્યા વિના ભક્તિ કરી રહ્યા છે,તે પરમાત્માને જાણીને પૂજા કરે તો ભક્તિનો આનંદ આવે છે.
- બ્રહ્મવેત્તા સદગુરૂની ઓળખાણ..નિરાકાર પ્રભુ પરમાત્માનો બોધ પ્રાપ્ત કરવો..સદગુરૂ પરમાત્માની ઉપર દ્રઢ વિશ્વાસ રાખવો..સદગુરૂ સમક્ષ પૂર્ણ સમર્પણ કરવું..સદગુરૂની આજ્ઞાનું મન,વચન,કર્મથી કિંતુ પરંતુ કર્યા વિના પાલન કરવું..સાંસારીક ભોગોની આસક્તિનો ત્યાગ કરવો..માયાનો સકારાત્મક પ્રયોગ તથા લોભનો ત્યાગ..નમ્રતા..દયા..કરૂણા..વિશાળતા.. સહનશીલતા..પરોપકાર.. ઇષ્ટ ચિન્તન..વગેરે સકારાત્મક ગુણો મનમાં વસાવવા..મૃદુવાણી..સત્ય વચન..પરગુણ વર્ણન..પ્રભુ ચર્ચા..વગેરે દ્વારા સકારાત્મક કાર્ય કરવાં... સેવા..સુમિરણ..સત્સંગ દ્વારા ઇન્દ્રિયોનું સંતુલન.. આ ભક્તિમાર્ગની પગદંડીઓ છે.
- જ્ઞાન અને કર્મના સંગમથી જ પૃથ્વી સ્વર્ગ બનશે.
- એક બનો...નેક બનો.
- નદીના કિનારે ઉભેલા વૃક્ષની જેમ જીવનની સ્થિતિ પણ ક્ષણભંગુર છે.
- ભોગી સંસારને જ પરમાત્મા સમજી લે છે અને જે પરમાત્મા છે તેનો ત્યાગ કરી દે છે.યોગી પરમાત્માને સંસારથી વિપરીત સમજે છે તેથી તે સંસારનો ત્યાગ કરી દે છે.
- યોગ અને ભોગનું મિલન છેઃ ભક્તિ.

- વર્તમાન સમયના માનવીની સામે મોટામાં મોટી ચારિત્રિક સમસ્યા છે.માનવીની પદાર્થવાદી વિચારધારાને તેને એટલો સંકુચિત બનાવી દીધો છે કેઃ તેને પોતાના નિજી સ્વાર્થ સિવાઇ કંઇ સુઝતું જ નથી.માનવના જીવનને સુખમય બનાવવા તેને આધ્યાત્મિક રૂપમાં જાગૃત કરવાની જરૂર છે.
- આજનો માનવ કામ..ક્રોધ..લોભ..મોહ તથા અહંકારની જાળમાં ફસાયેલો છે તેને જે કંઇ શક્તિ પ્રાપ્ત થાય છે તેથી પોતાની કુત્સિત ઇચ્છાઓને પુરી કરવા વિનાશ તથા પરપીડાનો અકલ્પનીય ખેલ ખેલી રહ્યો છે.
- સેવા કાર્ય ફક્ત સેવા ભાવથી જ કરો.સેવા કાર્યમાં જ્યારે અહમ્ તથા કર્તાભાવ આવી જાય છે ત્યારે સુખ-આનંદ મળતાં નથી.
- જે પ્રભુના બનાવેલ માનવોની સાથે પ્રેમ કરે છે તે જ સાચા અર્થમાં પ્રભુની સાથે પ્રેમ કરે છે. ભક્તજનો તપ અને ત્યાગની ભાવનાથી,વિનમ્રતા અને નિર્મલતાના ભાવમાં રહી પ્રેમને જ મહત્તા આપે છે.
- ધર્મની ઓળખાણ માનવતા છે..માનવમાં માનવતા છે તો જ તે ધાર્મિક કહેવાય છે.અનેક પ્રકારના કર્મકાંડમાં ફસાયેલો માનવ કર્મકાંડોને જ ધર્મ માને છે,પરંતુ તેનામાં માનવતાના ગુણ નથી તો તે ધાર્મિક કહેવાતો નથી.
- પરીવર્તન સંસારનો નિયમ છે.અમે જે કંઇ જોઇ રહ્યા છીએ તેમાં હરપલ પરિવર્તન થઇ રહ્યું છે. એકરસ રહેવાવાળી આ એક પરમ સત્તા ઇશ્વર છે.તેની સાથે સબંધ જોડીને એકરસ જીવન જીવવામાં જ જીવનની સાર્થકતા છે.
- સદભાવના હશે તો જ સદવ્યવહાર થશે.
- પ્રેમ..નમ્રતા..સમદ્રષ્ટિ..સહનશીલતાને જીવનનો આધાર બનાવો.
- ધર્મનું કામ જોડવાનું છે,તોડવાનું નહી- આ ફક્ત સૂત્ર નથી,પરંતુ વર્તમાન સમયની આવશ્યકતા છે.
- ભક્તિની શરૂઆત ભગવાનને જાણ્યા પછી જ થાય છે.જે સત્યનો મારગ અપનાવે છે,જગત તેની સાથે વેર કરે છે.હરિના સંતો કષ્ટ ઉઠાવીને હંમેશાં અવેર રહે છે.સ્વાર્થી લોકો પોતાના સ્વાર્થના કારણે સંતની સાથે વાદ-વિવાદ કરે છે..માર્ગ ભૂલેલા અજ્ઞાનીઓ સંતની નિંદા કરે છે,પરંતુ જેની રક્ષા ભગવાન કરે છે તેનો કોઇ વાળ વાંકો કરી શકતો નથી.દેવદુર્લભ માનવ શરીર કોટિ જન્મના પુણ્યથી મળ્યો છે,કાળ-કર્મ-સ્વભાવ તથા ગુણને વશ થઇને અવિદ્યાની પ્રેરણાથી અનેક યોનિઓમાં ભટકતા જીવને પ્રભુ કૃપા કરી આ સર્વોત્તમ મનુષ્ય દેહ આપે છે,જે મોક્ષના દ્વારરૂપ છે તે પ્રાપ્ત કરીને જેઓ પોતાના પરલોકને સુધારતા નથી તે પાછળથી પસ્તાય છે અને પોતાની જ ભૂલથી થયેલ ખરાબ ફળ માટે કાળ,કર્મ કે ઇશ્વર પર મિથ્યા દોષ લગાવે છે.
- સદગુરૂની કૃપાથી પરમપિતા પરમાત્માને જાણીને તેમની સાથે પ્રેમ કરવાથી..ભજન કરવાથી આવાગમનનો ચક્કર પુરો થાય છે..જેવી રીતે માછીમાર માછલીઓને પકડવા નદીમાં જાળ નાખે છે તો જાળની અંદર આવવાવાળી તમામ માછલીઓ પકડાઇ જાય છે,પરંતુ જે માછલી જાળ નાખવાવાળાના ચરણો પાસે આવી જાય છે તે પકડાતી નથી,તેવી જ રીતે ભગવાનની માયા (સંસાર)માં મમતા કરીને જીવો ફસાય છે અને જન્મ મરણના ચક્કરમાં ફસાઇ જાય છે,પરંતુ જે જીવો માયાપતિ પરમાત્માને જાણીને માનીને તેમના શરણમાં આવી જાય છે તેઓ માયાને તરી જાય છે.પરમાત્માની પ્રાપ્તિ અને તેને અંગસંગ જાણવા એ જ માનવ જીવનનું લક્ષ્ય છે.ઉચ્ચ વિચાર,શુભ

કર્મ અને કપટ રહિત વ્યવહાર ચરીત્રનિર્માણનો મૂળ આધાર છે અને તેની પ્રગતિના માટે સત્સંગ ખૂબ જ જરૂરી છે.આજે હોટલો..સિનેમાઘરો તથા ગાડીઓમાં મુસાફરીના સમયે કોઇ ભેદ રાખવામાં આવતો નથી,પરંતુ ભક્તિમાં ભેદભાવ રાખવામાં આવે છે.

- જીવનમાં જે વાતો સાંભળીએ..તેને જોઇએ..વિચારીએ તથા સમજીને અને જ્યારે માની લઇએ ત્યાર પછી પૂર્ણ વિશ્વાસ આવવાથી જ સુખ,શાંતિ તથા દ્રઢતા આવે છે.
- બીજો શું કરે છે તે ના જુવો.પોતાના પરીવારના સદસ્યોમાં પણ પ્રભુ દર્શન કરો.બાળકોને સારા સંસ્કાર અને શિક્ષણ આપો.
- બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ પછી પણ વેર..નફરત..નિંદા..ચુગલી ચાલુ રહી તો ભક્તિનો આનંદ નહી મળે. પરમાત્મા અંગસંગ છે..આવશ્યકતા તેના અસ્તિત્વનો અનુભવ કરવાની છે.નિષ્કામભાવથી ભક્તિ કરો..સ્વાર્થ રહિત સુમિરણ કરો..યશ-અપયશ,માન-અપમાનની અભિલાષા છોડી દેવી.

(ગુરૂદેવ હરદેવજી મહા.(નિરંકારી બાબા)ના પ્રવચનમાંથી સાભાર...)

પરમાત્મા તમામ જગ્યાએ હોવાથી અહી પણ છે.તમામ સમયે (ત્રણેય કાળે) હોવાથી આજે છે.બધામાં હોવાથી આપણામાં છે અને તમામના હોવાથી આપણા પણ છે. આ દષ્ટિથી પરમાત્મા અહીં હોવાથી તેને પ્રાપ્ત કરવા માટે બીજી કોઇ જગ્યાએ જવાની..આજે હોવાથી તેને પ્રાપ્ત કરવા ભવિષ્યની રાહ જોવાની...આપણામાં હોવાથી બહાર શોધવાની અને આપણો હોવાથી તેમના સિવાય બીજા કોઇને પોતાનો માનવાની જરૂર નથી.તે આપણા હોવાથી સ્વાભાવિક જ અત્યંત પ્રિય લાગશે.

પરમાત્મા સાથે આપણે કોઇપણ રીતે સબંધ જોડી લઇએ.જ્ઞાનથી જોડી લઇએ..અથવા મન-બુદ્ધિપુર્વક જોડી લઇએ..અથવા છેવટે જીભથી જોડી લઇએ.ફક્ત ભગવાન નામનું ઉચ્ચારણ કરીને પણ સબંધ બાંધી લઇએ, જેથી આપણાં તમામ કામ સફળ થઇ જાય. આવો મારો નિશ્ચય અને અનુભવ છે.

(સ્વામી સંપૂર્ણાનંદજી મૌની ભિક્ષુ)

કળિયુગમાં સત્ય બોલવું..બ્રહ્મચર્યનું પાલન કરવું..ચોરી ના કરવી..અપરીગ્રહ રાખવો બહુ જ કઠન કામ છે.લાંબા સમય સુધી ચિત્તવૃત્તિઓ ઉપર નિયત્રણ કરવું અને નિયમનું પાલન કરવું બહું અઘરૂં છે.

મનનો અસંયમ..રોગનું બાહુલ્ય અને આયુષ્યની અનિશ્ચિતતા કળિયુગના ફળ છે.

કામ અને ક્રોધ કળિયુગના બાહુ છે.લોભ અને મોહ કળિયુગના પગ છે.સંગ્રહ કળિયુગનું પેટ છે.દંભ કળિયુગનો આત્મા છે.

આ કાળનું પરમ તત્વ રૂપિયો છે.સર્વત્ર રૂપિયો રમી રહ્યો છે અને માયાવી જીવોને રમાડી રહ્યો છે.રમત થોડા સમયની છે પણ સ્વાર્થનું અંધત્વ અને કર્મનું બંધત્વ કાયમી આવી જાય છે.

(મૌન બોલે છે...માંથી સાભાર)

!! આ જગતમાં ચૌદ પ્રકારના મનુષ્યો..જોવા મળે છે...!!

- મૃતિકાઃ મૃતિકા(માટી) જેવા માનવી દૂધથી પલડે..પેશાબથી પલડે તેમજ ગ્રામ કથા અને હરિ કથા બંન્નેમાં સરખો રસ રાખે.
- ચાળણીઃ ચાળણી જેવા દોષગ્રહી સ્વભાવવાળા,સાર સારનો ત્યાગ કરી કૂચાને ગ્રહણ કરે તેવા સ્વભાવવાળા.
- પાડાઃ પાડા જેવા સ્વભાવવાળા,નિરંતર કથા સાંભળે પણ જો મન મરડાય તો કથા..સત્સંગ સંભળાવનારાઓનો પણ ઘાણ કાઢી નાખે તેવા સ્વભાવવાળા..

- હંસઃ હંસ જેવા સારગ્રહી સ્વભાવવાળા..દૂધ,પાણી ભેગું હોય તો પણ દૂધ લઇ લે અને પાણીનો ત્યાગ કરી દે..સદગુણો-દુર્ગુણોમાંથી સદગુણોરૂપી દૂધ ગ્રહણ કરી લે..તેવાઓનો નિરંતર સંગ કરવો જોઇએ.
- પોપટઃ પોપટ જેવા સ્વભાવવાળા..સૌને પ્રિય લાગે તેવી મીઠી વાણી બોલવાવાળા..
- બિલાડીઃ બિલાડી જેવા આંખો મિંચી કથા-વાર્તા-સત્સંગ સાંભળે,પરંતુ મન ગમતો વિષય મળતો હોય તો ધર્મ-નિયમને બાજું પર મુકી તરત જ પોતાનો સ્વાર્થ સાધવા લાગી જાય..
- મચ્છરઃ મચ્છર જેવા..કથા-વાર્તા-સત્સંગ સાંભળતા હોય,પરંતુ બીજાને વચનરૂપી ડંખ મારતા હોય છે..
- ચંદ્રઃ ચંદ્ર જેવા..સૌને શિતળ શાંત કરનારા સ્વભાવવાળા..
- જળઃ જળ જેવા..બીજાને શુધ્ધ કરવાના સ્વભાવવાળા,ગમે તેવો જીવ હોય તો પણ તેને સન્માર્ગે વાળવા પ્રયત્ન કરતા હોય છે..
- ફુટેલા ઘડાઃ ફુટેલા ઘડા જેવા..તેમાં ગમે તેટલું પાણી ભરો તેમાં ટકે જ નહી,તે ગમે તેટલી કથાઓ-વાર્તાઓ સાંભળે,સત્સંગમાં જાય અને સાંભળે,પરંતુ તેમના હ્રદયમાં ટકે જ નહી..
- પશુઃ પશુ જેવા જડ હોય છે.તેઓ ગમે તેટલી કથા વાર્તા સાંભળે તેમ છતાં તેમને સહેજ પણ જ્ઞાન થતું નથી.
- સાપઃસાપ જેવા ઝેરી સ્વભાવવાળા..ગમે તેટલું દૂધ પીવડાવો તેમ છતાં સહેજ પણ ખિંજાય તો તરત જ દૂધ પિવડાવનારનો જ પ્રાણ લઇ લે છે.
- પત્થરઃપત્થર જેવા સ્વભાવવાળા..પત્થર ગમે તેટલો પાણીમાં રહે,પરંતુ બહાર કાઢતાં જ કોરો ને કોરો..! કાપો તો અગ્નિ ઝરે..ગમે તેટલી કથા સાંભળે પણ સહેજ પણ અસર ના થાય..
- ઉંદરઃ ઉંદર જેવા બીજાને કોતરી ખાનારા સ્વભાવવાળા..

ઉપરોક્ત પૈકી હંસ..પોપટ..ચંદ્ર અને જળ..જેવા સ્વભાવવાળા મનુષ્યોનો જ સંગ કરવો જોઇએ..

..........................................................................................................................................

મણિરત્નમાળા

- વિષયાસક્ત એ જ બંધાયેલો કહેવાય છે.
- વિષયોમાં વૈરાગ્ય એ જ મુક્તિ છે.
- દેહાસક્તિ એ જ ભયાનક નરક છે.
- તૃષ્ણાનો ક્ષય થવો એ જ સ્વર્ગ છે.
- શ્રૃતિજનિન આત્મજ્ઞાનથી સંસાર બંધન કપાય છે.
- પૂર્વોક્ત આત્મજ્ઞાનએ મુક્તિનો હેતુ છે.
- નારી-એ નરકનો એકમાત્ર દરવાજો છે.
- જીવોની અહિંસાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે.
- સમાધિનિષ્ઠ અને પરમાત્મામાં નિરૂધ્ધ ચિત્તવાળો સુખથી સુવે છે.
- સત્ અને અસત્નો વિવેકી જ જાગૃત કહેવાય છે.
- પોતાની ઇન્દ્રિયો જ પોતાની શત્રુ છે,પરંતુ એ જ ઇન્દ્રયો જીતી લીધી પછી મિત્ર બની જાય છે.
- જેની તૃષ્ણાઓ વધી ગઇ છે તે દરિદ્ર છે.
- જે પૂર્ણ સંતોષી છે તે જ સાચો ધનવાન છે.
- ઉધમહીન જીવતાં જીવતાં મરેલો છે.

- જે ભોગોથી નિરાશ છે તેને જ જીવિત કહેવાય.
- મમતા અને અને અભિમાન – એ જ ફાંસી છે.
- નારી(કામાસક્તિ)- એ મદિરા જેવી મોહિત કરનારી છે.
- કામાતુર એ મહાન આંધળો છે.
- પોતાનો અપયશ એ મૃત્યુ સમાન છે.
- જે હિતોપદેશ આપે તે ગુરૂ છે.
- જે ગુરુનો ભક્ત છે તે શિષ્ય કહેવાય છે.
- ભવરોગ એ લાંબામાં લાંબો રોગ છે.
- સત્ – અસત્ નો વિચાર એ ભવરોગ મટાડવાની દવા છે.
- સત્ ચરીત્ર એ ઉત્તમમાં ઉત્તમમાં ભૂષણ છે.
- પોતાનું વિશુધ્ધ-એ પરમ તિર્થ છે.
- કામિનિ અને કંચનની આસક્તિ છોડવી જોઇએ.
- સદગુરુનો ઉપદેશ અને વેદવાક્યો હંમેશાં સાંભળવાં જોઇએ.
- સત્સંગ-દાન-વિચાર અને સંતોષ..આ બ્રહ્મપ્રાપ્તિનાં સાધન છે.
- તમામ વિષયોમાં વિતરાગ છે તે જ સંત છે..તે મોહ રહિત બ્રહ્મતત્વમાં નિષ્ઠાવાન છે.
- ચિન્તા એ પ્રાણીઓનો જ્વર છે.
- વિવેકહીનને મૂર્ખ કહેવાય છે.
- જે દોષરહિત જીવન છે તે જ જીવન છે.
- જે બ્રહ્મની પ્રાપ્તિ કરાવે તે જ વિધા છે.
- જે મુક્ત કરાવે તે જ જ્ઞાન કહેવાય છે.
- જેને મનને જીત્યું છે તેને જ જગતને જીત્યું કહેવાય છે.
- જે કામબાણથી પીડિત નથી તે જ મહાવીર છે.
- જે લલના કટાક્ષથી મોહિત થતો નથી તે સમતાવાન ધીર અને પ્રાજ્ઞ છે.
- તમામ વિષયો એ વિષ સમાન છે.
- વિષયાનુરાગી હંમેશાં દુઃખી રહે છે.તમામઅવસ્થામાં વિષયોમાં સ્નેહ અને પાપ ન કરવા જોઇએ.
- વિદ્વાનોએ પ્રયત્નપૂર્વક શાસ્ત્ર પાઠન અને ધર્મકાર્ય કરવા જોઇએ.
- વિષયોની ચિન્તા  એ સંસારનું મૂળ છે.
- મૂર્ખ-પાપી-નીચ અને લુચ્ચા માણસોનો સંગ ના કરવો તથા તેમની સાથે નિવાસ ના કરવો.
- મુમુક્ષુ વ્યક્તિઓએ સત્સંગ-નિર્મમતા- અને ઇશ્વર ભક્તિ કરવી જોઇએ.
- યાચના એ હીનતાનું મૂળ છે.
- જેનો પુનઃજન્મ ના થાય તેનો જ જન્મ સાર્થક છે.
- કામ,ક્રોધ,અસત્ય,લોભ અને તૃષ્ણા – એ મહાશત્રુઓ છે.
- કામી વ્યક્તિ ક્યારેય વિષયભોગથી તૃપ્ત થતા નથી.
- મમતા એ દુઃખનું કારણ છે.

- મૃત્યુ નજીક આવે ત્યારે બુધ્ધિમાન પુરૂષે તન-મન-વચનથી યમના ભયના નિવારણ કર્તા,સુખ દાયક પ્રભુના ચરણકમળોનું ધ્યાન કરવું જોઇએ.
- જેનું મન પવિત્ર છે એ જ પવિત્ર કહેવાય છે.
- ગુરૂજનો તથા મોટા વડીલોનું અપમાન વિષતુલ્ય છે.
- સ્નેહ એ મદિરાની સમાન મોહજનક છે.
- યૌવન-ધન અને આયુષ્ય..કમળપત્ર ઉપર સ્થિત જળની જેમ ચંચળ છે.
- સંત  મહાત્મા ચંદ્ર કિરણોની જેમ નિર્મળ હોય છે.
- તમામ સંગોનો ત્યાગ એ જ સુખ છે.
- જેના દ્વારા પ્રાણીઓનું હિત થાય એ જ સત્ય છે.
- તમામ પ્રાણીઓને પોતાના પ્રાણ પ્રિય હોય છે.
- કામના રહિત દાન એ જ યથાર્થ દાન છે.
- જે પાપ કર્મથી દૂર લઇ જાય તે જ સાચો મિત્ર છે.
- શીલ એ જ આભૂષણ છે.
- જે પોતાના હિતની વાત સાંભળતો નથી તે બહેરો છે.
- જે પ્રિય વચન બોલતો નથી તે ગૂંગો છે.
- મૂર્ખતા એ મરણ છે.
- ગુપ્ત પાપ મૃત્યુના સમય સુધી ડંખે છે.
- સત્ ચરિત્રવાન જ સાધુ કહેવાય છે.
- સત્યનિષ્ઠ અને સહનશીલ(ક્ષમાવાન) જગતને જીતવામાં સમર્થ છે.
- નાસ્તિક આંખો હોવા છતાં આંધળો છે.
- સદ્ બુધ્ધિયુક્ત પુરૂષોએ  પારકા દોષ અને મિથ્યા વાતો ન કરવી જોઇએ.
- જાગ્રતનો વ્યવહાર સ્વપ્નતુલ્ય છે.
- માતા એ પ્રત્યક્ષ દેવતા છે.
- પિતા એ સર્વ દેવતા સ્વરૂપ ,પૂજ્ય અને ગુરૂ છે.
- અવિધાની નિવૃત્તિ એ મોક્ષ છે.
- ભગવદ્ ભક્તિનું ફળ છેઃ ભગવદ્ ધામની પ્રાપ્તિ કે સ્વ-સ્વરૂપનો સાક્ષાત્કાર...

..................................................................................................................

## મનુષ્ય ન ઇચ્છતો હોવા છતાં પાપનું આચરણ કેમ કરે છે ?

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં અર્જુન ભગવાન શ્રી કૃષ્ણને પ્રશ્ન પૂછે છે કેઃ મનુષ્ય ન ઇચ્છતો હોવા છતાં જબરજસ્તીથી જોડાયેલા હોય તેમ કોનાથી પ્રેરાઇને પાપનું આચરણ કરે છે ? (ગીતાઃ3/3૬)

વિચારવાન પુરૂષ પાપ કરવા ઇચ્છતો નથી કેમ કેઃ પાપનું પરિણામ દુઃખ હોય છે અને દુઃખને કોઇપણ મનુષ્ય ઇચ્છતો નથી,પરંતુ હૈયામાં સાંસારીક ભોગ અને સંગ્રહની ઇચ્છા જ તમામ પાપોનું મૂળ છે.પાપવૃત્તિના ઉત્પન્ન થવાથી વિચારશીલ પુરૂષ તે પાપને જાણતો હોવાથી તેનાથી દુર રહેવા ઇચ્છે છે,

છતાં પણ તે એ પાપમાં એવી રીતે લાગી જાય છે કે જેવી રીતે કોઇ તેને પાપમાં જોડી રહ્યું હોય ! આથી એવું જણાય છે કેઃ પાપમાં લગાવવાવાળું કોઇ બળવાન કારણ છે.

દુર્યોધને કહ્યું છે કેઃ !! જાનામિ ધર્મ ન ચ મેવ પ્રવૃત્તિ,જાનામિ અધર્મ ન ચ મેવ નિવૃત્તિ !!

હું ધર્મને સારી રીતે જાણું છું પરંતુ તેમાં મારી પ્રવૃત્તિ થતી નથી અને અધર્મને પણ જાણું છું પરંતુ તેનાથી મારી નિવૃત્તિ થતી નથી.મારા હ્રદયમાં રહેલો કોઇ દેવ જ છે કે જે મારી પાસે આવું કરાવડાવે છે,તેવું જ હું કરૂં છું. (ગર્ગસંહિતા અશ્વમેધઃ૫૦/૩૬)

દુર્યોધન દ્વારા કહેવાયેલો એ "દેવ" વસ્તુતઃ "કામ" એટલે કે સુખભોગ અને સંગ્રહની કામના છે. જેનાથી મનુષ્ય વિચારપૂર્વક જાણતો હોવા છતાં પણ ધર્મનું પાલન અને અધર્મનો ત્યાગ કરી શકતો નથી.અર્જુનના પ્રશ્નનો અભિપ્રાય એ છે કેઃ અશ્રધ્ધા..અસૂયા..દુષ્ટ ચિત્તતા..મુઢતા..પ્રકૃતિ (સ્વભાવ)ની પરવશતા..રાગ..દ્વેષ..સ્વધર્મમાં અરૂચિ અને પરધર્મમાં રૂચિ...આ પૈકી ક્યું કારણ છે કે જેના લીધે મનુષ્ય વિચારપૂર્વક ન ઇચ્છતો હોવા છતાં પણ પાપમાં પ્રવૃત થાય છે..?

અર્જુનના આ પ્રશ્નનો જવાબ આપતાં ભગવાન કહે છે કેઃ "રજોગુણથી ઉત્પન્ન થયેલો આ કામ જ ક્રોધ છે,એ બહુ જ ખાવાવાળો અને મહાપાપી છે,એ વિષયમાં તું એને જ વૈરી જાણ..(ગીતાઃ૩/૩૭)

સાંસારીક પદાર્થોને સુખદાયી માનવાથી રાગ ઉત્પન્ન થાય છે,જેનાથી અંતઃકરણમાં તેનું મહત્વ દ્રઢ થઇ જાય છે,પછી એ જ પદાર્થોનો સંગ્રહ કરવાનો અને એના વડે સુખ લેવાની કામના ઉત્પન્ન થાય છે. ફરી કામનાથી પદાર્થોમાં રાગ વધે છે.આ ક્રમ જ્યાં સુધી ચાલે છે ત્યાં સુધી પાપકર્મોથી સર્વથા નિવૃત્તિ થતી નથી.

મારૂં મનગમતું થાઓ..આ જ કામના છે.ઉત્પત્તિ વિનાશશીલ જડ પદાર્થોના સંગ્રહની ઇચ્છા.. સંયોગજન્ય સુખની ઇચ્છા..સુખની આસક્તિ..આ બધા "કામ" ના જ રૂપ છે.પાપ કર્મ ક્યાંક "ક્રોધ" ને વશીભૂત થઇને કરવામાં આવેલું દેખાય છે.બન્નેથી અલગ અલગ પાપો થાય છે.વાસ્તવમાં "કામ" એટલે કેઃ ઉત્પત્તિ વિનાશશીલ પદાર્થોની કામના..પ્રિતિ અને આકર્ષણ જ તમામ પાપોનું મૂળ છે.કામનાની પૂર્તિ થતાં "લોભ" ઉત્પન્ન થાય છે. " જિમિ પ્રતિ લાભ લોભ અધિકાઇ" (રામચરીત માનસઃ૧/૧૮૦) અને કામનામાં વિઘ્ન પહોંચતાં વિઘ્ન પહોચાડનાર ઉપર "ક્રોધ" ઉત્પન્ન થાય છે.જો વિઘ્ન પહોચાડવાવાળો પોતાથી અધિક બળવાન હોય તો ક્રોધ ઉત્પન્ન ન થતાં "ભય" ઉત્પન્ન થાય છે.

પોતાની પાસે સામથ્ય ન હોય અને યોગ્યતા ન હોય તેવા સુખની અપેક્ષા રાખવી એ જ "કામ" છે. કામ બહુ ખાઉંધરો છે.ભગવાન કહે છે કેઃતૂં પાપથી ડરે છે,પણ પાપ તારામાં ઘુસી ગયું છે.કયુ પાપ..? તું બુધ્ધિ પોતાની છે તેમ સમજ્યો આ પહેલું પાપ.બુધ્ધિ તારા મનને આધિન થઇ એ બીજું પાપ..મનને ઇન્દ્રિયો ખેંચવા લાગી એ ત્રીજું પાપ અને ચૈતન્યરૂપ ઇન્દ્રિયોને જડ વિષયો ખેંચે આ ચોથું પાપ..

કામના તમામ પાપો..સંતાપો..દુઃખો વગેરેની જડ છે.કામનાવાળી વ્યક્તિને જાગૃતમાં સુખ મળવાનું તો દૂર રહ્યું..સ્વપ્નમાં પણ ક્યારેય સુખ મળતું નથી. "કામ અછત સુખ સપનેહું નાહિ" (રામાયણઃ૭-૯૦-૧) જે ઇચ્છે છે તે ના થાય અને જે નથી ઇચ્છતા તે થઇ જાય એને દુઃખ કહે છે.નાશવાન પદાર્થોની ઇચ્છા જ કામના કહેવાય છે.પરમાત્મા પ્રાપ્તિની ઇચ્છા વાસ્તવમાં જીવનની વાસ્તવિક આવશ્યકતા(ભૂખ) છે. જીવને આવશ્યકતા તો પરમાત્માની છે,પરંતુ વિવેક દબાઇ જતાં તે નાશવાન પદાર્થોની કામના કરવા લાગે છે.. તો પછી કામના વિના સંસારનું કાર્ય કેવી રીતે ચાલશે..? કામનાનો સબંધ ફળ (પદાર્થ..પરિસ્થિતિ..વગેરે) ની પ્રાપ્તિની સાથે છે જ નહી..! જે વસ્તુ કર્મને આધિન છે તે કામના કરવાથી કેવી રીતે પ્રાપ્ત થઇ શકશે.? સંસારમાં જોઇએ જ છીએ કેઃ ધનની કામના કરવા છતાં પણ લોકોની દરિદ્રતા મટતી નથી. જીવનમુક્ત

મહાપુરૂષો સિવાય બાકીની બધી જ વ્યક્તિઓ જીવવાની કામના રાખતી રહીને જ મરે છે.કામના કરો કે ના કરો જે ફળ મળવાવાળું છે તે તો મળશે જ..

કામના તાત્કાલિક સુખની પણ હોય છે અને ભાવિ સુખની પણ હોય છે.ભોગ અને સંગ્રહની ઇચ્છા એ તાત્કાલિક સુખની કામના છે અને કર્મફળ પ્રાપ્તિની ઇચ્છા એ ભાવિ સુખની કામના છે.આ બન્નેય કામનાઓ માં દુઃખ જ દુઃખ છે.

કર્મ અને વિકર્મ (નિષિધ્ધ કર્મ)-બન્નેય કામનાના કારણે થાય છે. કામનાના કારણે "કર્મો" થાય છે અને કામનાના અધિક વધવાથી "વિકર્મો" થાય છે.કામનાના કારણે જ અસત્ માં આસક્તિ દ્રઢ થાય છે. કામનાઓની પૂર્તિ સંસારમાં આજ સુધી કોઇની થઇ નથી.આપણી તો વાત જ શું ભગવાનના બાપ (દશરથ રાજા)ની પણ કામના પૂરી નથી થઇ..!! આથી કામનાઓની પૂર્તિ થવી અસંભવ છે પરંતુ કામનાઓનો ત્યાગ કરવો અસંભવ નથી..

કામનાઓના ચાર ભેદ છેઃ

(૧) શરીર નિર્વાહ માત્રની આવશ્યક કામનાઓને પુરી કરી દેવી..એવી કામનામાં ચાર વાતોનું હોવું આવશ્યક છે.

* જે કામના વર્તમાનમાં ઉત્પન્ન થઇ હોય, જેમ કેઃભૂખ લાગતાં ભોજનની કામના..
* જેની પૂર્તિની સાધન સામગ્રી વર્તમાનમાં ઉપલબ્ધ હોય..
* જેની પૂર્તિ કર્યા વિના જીવિત રહેવું સંભવ ન હોય..
* જેની પૂર્તિથી પોતાનું તથા બીજાઓનું કોઇનું પણ અહિત ન થતું હોય..

(૨) જે કામના વ્યક્તિગત તેમજ ન્યાયયુક્ત હોય અને જેને પુરી કરવાનું આપણા સામથ્યની બહાર હોય તેને ભગવાનને અર્પણ કરીને દૂર કરવી..

(૩) બીજાઓની તે કામના પુરી કરી દેવી જે ન્યાયયુક્ત અને હિતકારી હોય તથા જેને પુરી કરવાનું સામથ્ય આપણામાં હોય..

(૪) ઉપરોક્ત ત્રણે પ્રકારની કામનાઓ સિવાયની બીજી બધી કામનાઓને વિચાર દ્વારા દૂર કરી દેવી..

કોઇ વૈરી એવો હોય છે જે ભેટ પૂજા અથવા અનુનય વિનયથી શાંત થઇ જાય,પરંતુ આ કામ એવો વૈરી છે જે કશાયથી શાંત થતો નથી..

"બુઝે ન કામ અગ્નિ તુલસી કહું વિષયભોગ બહું ધી તે" (વિનયપત્રિકાઃ૧૯૮)

જેવી રીતે ધન મળતાં ધનની કામના વધતી જ જાય છે,તેવી જ રીતે જેમ જેમ ભોગ મળતા જાય છે તેમ તેમ કામના વધતી જ જાય છે.કામના જ તમામ પાપોનું કારણ છે.ચોરી,લૂંટ,હિંસા..વગેરે તમામ પાપો કામનાથી જ થાય છે.કામના ઉત્પન્ન થતાં જ મનુષ્ય પોતાના કર્તવ્યથી,પોતાના સ્વરૂપથી અને પોતાના ઇષ્ટ(ભગવાન)થી વિમુખ થઇ જાય છે અને નાશવાન સંસારની સન્મુખ થઇ જાય છે.નાશવાનના સન્મુખ થવાથી પાપો થાય છે અને પાપોના ફળ સ્વરૂપે નરકોની તથા નીચ યોનિયોની પ્રાપ્તિ થાય છે.સંયોગજન્ય સુખની કામનાથી સંસાર સત્ય પ્રતિત થાય છે.વાસ્તવિક તત્વથી વિમુખ થયા વિના કોઇ સાંસારીક ભોગ ભોગવી જ શકતો નથી અને રાગપૂર્વક સાંસારીક ભોગ ભોગવવાથી મનુષ્ય પરમાત્માથી વિમુખ થઇ જ જાય છે.ભોગબુધ્ધિથી સાંસારીક ભોગ ભોગવવાવાળો પુરૂષ પોતાનું તો પતન કરે છે.ભોગ્ય વસ્તુઓનો દુર ઉપયોગ કરીને તેમનો નાશ કરે છે.

કામનાને નષ્ટ કરવાનો મુખ્ય અને સરળ ઉપાય છેઃબીજાઓની સેવા કરવી,તેમને સુખ પહોંચાડવું.

અહંતા(પોતાને શરીર માનવું),મમતા(શરીર..વગેરે પદાર્થોને પોતાના માનવા) અને કામના(અમુક વસ્તુઓ મને જાય તેવો ભાવ) - આ ત્રણેયથી જીવ સંસારમાં બંધાય છે.. "આ પાપ છે"-એવું જાણવા છતાં પણ મનુષ્ય પાપમાં પ્રવૃત થાય છે..તો આ જાણકારીનો પ્રભાવ આચરણમાં ન આવવાનું કારણ શું ? તેનું વિવેચન કરતાં ભગવાન કહે છે કેઃ

"જેવી રીતે ધુમાડાથી અગ્નિ અને મેલથી દર્પણ ઢંકાઇ જાય છે તથા જેવી રીતે ઓરથી ગર્ભ ઢંકાયેલો રહે છે તેવી જ રીતે કામના દ્વારા આ જ્ઞાન(વિવેક) ઢંકાયેલું રહે છે." (ગીતાઃ૩/૩૮)

વિવેક બુધ્ધિમાં પ્રગટ થાય છે.બુધ્ધિ ત્રણ પ્રકારની હોય છેઃસાત્વિક,રાજસી અને તામસી..

સાત્વિક બુધ્ધિમાં કર્તવ્ય-અકર્તવ્યનું પુરેપુરૂ જ્ઞાન હોય છે..

રાજસી બુધ્ધિમાં કર્તવ્ય-અકર્તવ્યનું પુરેપુરૂ જ્ઞાન હોતું નથી.. અને

તામસી બુધ્ધિમાં સર્વ વસ્તુઓનું વિપરીત જ્ઞાન હોય છે..

કામના ઉત્પન્ન થતાં સાત્વિક બુધ્ધિ પણ ધુમાડાથી અગ્નિની જેમ ઢંકાઇ જાય છે,પછી રાજસી અને તામસી બુધ્ધિનું તો કહેવું જ શું..? કામના વધતાં પારમાર્થિક માર્ગમાં અંધારૂ થઇ જાય છે.ઉત્પત્તિ વિનાશશીલ જડ વસ્તુઓમાં પ્રીતિ..મહત્તા..સુખરૂપતા..સુંદરતા..વિશેષતા..વગેરે દેખાવાના કારણે જ તેમની કામના પેદા થાય છે.આ કામના જ મૂળમાં વિવેકને ઢાંકવાવાળી છે.અન્ય શરીરોની તુલનામાં મનુષ્ય શરીરમાં વિવેક વિશેષરૂપથી પ્રગટ છે.જડ પદાર્થોની કામનાના કારણે તે વિવેક કામ કરતો નથી.કામના ઉત્પન્ન થતાં જ વિવેક ધુંધળો થઇ જાય છે.

કામનાને નષ્ટ કરવાનો સરળ ઉપાય એ છે કેઃ કામના ઉત્પન્ન થતાં જ વિચાર કરવો કે આપણે જે વસ્તુની કામના કરીએ છીએ તે વસ્તુ આપણી સાથે હંમેશાં રહેવાવાળી નથી.તે વસ્તુ પહેલાં પણ આપણી પાસે ન હતી અને પછી પણ આપણી સાથે નહી રહે તથા વચમાં પણ તે વસ્તુનો આપણાથી નિરંતર વિયોગ થઇ રહ્યો છે.આવો વિચાર કરવાથી કામના રહેતી નથી.જેવી રીતે મેલના ઢંકાઇ જવાથી દર્પણમાં પ્રતિબિંબ દેખાવાનું બંધ થઇ જાય છે તેવી જ રીતે કામનાનો વેગ વધતાં કર્તવ્ય-અકર્તવ્યનું જ્ઞાન રહેતું નથી.દર્પણ ઉપર મેલ ઢંકાઇ જવાથી પ્રતિબિંબ તો નથી દેખાતું,પરંતુ આ દર્પણ છે એવું જ્ઞાન તો રહે છે, પરંતુ જેમ ઓરથી ઢંકાયેલ ગર્ભને એ ખબર પડતી જ નથી કે છોકરી છે કે છોકરો..? તેમ કામનાની તૃતિયાવસ્થામાં કર્તવ્ય-અકર્તવ્યની ખબર જ પડતી નથી,એટલે કેઃવિવેક પુરી રીતે ઢંકાઇ જાય છે.વિવેક ઢંકાઇ જવાથી કામનાનો વેધ વધતો જાય છે.

શાસ્ત્રો અનુસાર પરમાત્માની પ્રાપ્તિમાં ત્રણ દોષ બાધક છેઃ મળ..વિક્ષેપ અને આવરણ. આ દોષો અસત્ (સંસાર)ના સબંધથી જ ઉત્પન્ન થાય છે.અસત્ નો સબંધ કામનાથી થાય છે.આથી મૂળ દોષ કામનાનો જ છે.કામનાનો નાશ થતાં જ અસત્ સાથે સબંધ વિચ્છેદ થઇ જાય છે અને વિવેક પ્રગટ થઇ જાય છે.

ભગવાન કહે છે કેઃ આ અગ્નિની સમાન કદી તૃપ્ત ન થવાવાળો અવિવેકીઓના નિત્ય વૈરી આ કામ દ્વારા મનુષ્યનો વિવેક ઢંકાયેલો છે..(ગીતાઃ૩/૩૯) જેવી રીતે અગ્નિમાં અનુકૂળ આહૂતિ આપતા રહેવાથી અગ્નિ ક્યારેય તૃપ્ત થતો નથી ઉલ્ટાનો વધતો જ જાય છે તેવી જ રીતે કામનાને અનુકૂળ ભોગ ભોગવતા રહેવાથી કામના ક્યારેય તૃપ્ત થતી નથી,ઉલ્ટાની વધતી જ રહે છે.ભોગ અને સંગ્રહની કામના ક્યારેય પુરી થતી નથી.જેટલા પણ ભોગ અને પદાર્થો મળતા રહે છે તેટલી જ તેમની ભૂખ વધે છે,કારણ કેઃ કામના જડની હોય છે એટલા માટે જડના સબંધથી તે ક્યારેય દૂર થતી જ નથી.

સંતવાણી કહે છે કેઃ

"કોટિ અરબ ખરબ અસંખ્ય,પૃથ્વીપતિ હોનકી ચાહ જગેગીં,
સ્વર્ગ પાતાલકો રાજ કરૌ,તૃષ્ણા અધકો અતિ આગ લગેગી,
સુંદર એક સંતોષ બિના શઠ,તેરી તો ભૂખ કભી ન ભગૈગી... "

જેટલું ધન મળે છે તેટલી જ દરીદ્રતા (ધનની ભૂખ) વધે છે.વાસ્તવમાં દરીદ્રતા તેની જ દૂર થાય છે જેને ધનની ભૂખ નથી.

"ચાહ ગઇ ચિન્તા મિટી મનુઆ બેપરવાહ, જિનકો કછું ન ચાહિએ સો શાહન કા સાહું.."

વાસ્તવમાં ધન એટલું બાધક નથી,જેટલી બાધક તેની કામના છે.જડના સબંધથી થવાવાળી સુખની ઇચ્છાને કામ કહે છે.અપ્રાપ્તને પ્રાપ્ત કરવાની ઇચ્છાએ કામના છે.અંતઃકરણમાં જે અનેક સુક્ષ્મ કામનાઓ દબાયેલી રહે છે તેને વાસના કહે છે.વસ્તુઓની આવશ્યકતા પ્રતિત થવી એ સ્પૃહા છે.વસ્તુમાં ઉત્તમતા અને પ્રિતી દેખાવી એ આસક્તિ છે.વસ્તુ મળવાની સંભાવના રાખવી એ આશા છે અને અધિક વસ્તુ મળી જાય એ લોભ કે તૃષ્ણા છે.વસ્તુની ઇચ્છા અધિક વધવાથી યાચના થાય છે.આ બધા કામ ના જ રૂપ છે.કોઇપણ શત્રુનો નાશ કરવા માટે તેના રહેવાના સ્થાનોની જાણકારી હોવી આવશ્યક છે,એટલા માટે ભગવાન જ્ઞાનીઓના નિત્ય વૈરી કામ ના રહેવાના સ્થાન બતાવતાં કહે છે કેઃ

"ઇન્દ્રિયો, મન અને બુધ્ધિને કામ ના નિવાસસ્થાનો કહેવામાં આવ્યા છે.આ કામ દેહાભિમાની મનુષ્યને મોહીત કરે છે. " (ગીતાઃ૩/૪૦)

કામ પાંચ સ્થાનોમાં દેખાય છે.પદાર્થોમાં, ઇન્દ્રિયોમાં, મનમાં, બુધ્ધિમાં તથા માનેલા અહમ્ માં જ રહે છે. આ કામના જીવને બાંધવાવાળી છે.

મહાભારતમાં કહ્યું છે કેઃ "જગતમાં કામના જ એકમાત્ર બંધન છે,બીજું કોઇ બંધન નથી.જે કામનાના બંધનથી છુટી જાય છે તે બ્રહ્મભાવ પ્રાપ્ત કરવામાં સમર્થ બની જાય છે.. "(શાંતિપર્વઃ૨૫૧/૭)

ભગવાન કામને મારવાની રીત બતાવતા રહીને તેને મારવાની આજ્ઞા આપતાં કહે છે કેઃ

"તૂં સૌથી પહેલાં ઇન્દ્રિયોને વશમાં કરીને આ જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરવાવાળા મહાન પાપી કામને અવશ્ય બળપૂર્વક મારી નાખ...,ઇન્દ્રિયોને (સ્થુળ શરીર)થી પર(શ્રેષ્ઠ) સબળ પ્રકાશક વ્યાપક તથા સુક્ષ્મ) કહે છે.ઇન્દ્રિયોથી પર મન છે.મનથી પર બુધ્ધિ છે અને જે બુધ્ધિથી પણ પર છે તે આત્મા છે. આ રીતે બુધ્ધિથી પર આત્માને જાણીને પોતાના દ્વારા પોતાની જાતને વશ કરીને તું કામરૂપી દુર્જેય શત્રુને મારી નાખ.." (ગીતાઃ૩/૪૧ થી ૪૩)

ભગવાનથી વિમુખ થઇને સંસારની કામના કરવી એ જ બધા પાપોનું મુખ્ય કારણ છે.કામના આસક્તિથી ઉત્પન્ન થાય છે.કામના ના હોય તો પાપ થવાની સંભાવના જ રહેતી નથી.....

..........................................................................................................................................

!!...ભજ ગોવિંદમ્ મૂઢમતે...!!

## આદિ ગુરૂ શંકરાચાર્યજીની સંસારને ચેતવણી

"ભજ ગોવિંદમ્...ભજ ગોવિંદમ્...ભજ ગોવિંદમ્...મૂઢમતે..." આ આદિ શંકરાચાર્યજી મહારાજનું પ્રસિધ્ધ સ્રોત છે.એકવાર એક વ્યક્તિ મૃત્યુથી બચવા માટે આ મંત્રનો જપ કરી રહ્યો હતો.આચાર્યશ્રી ત્યાંથી પસાર થઇ રહ્યા હતા..તો તેમને સમજાવ્યું કેઃ હે મુરખ ! મંત્રથી ક્યારેય મૃત્યુનો ભય દૂર થતો નથી. તું એક નિરાકાર

પ્રભુ પરમાત્મા બ્રહ્મ ગોવિંદને ભજ ત્યારે જ યમરાજાના ચુંગુલમાંથી બચી શકીશ.

" મૃત્યુ નિકટ આવીને જ્યારે તારા પ્રાણને,
ડુકૃંજ કરણે ધાતુ ત્યાં તને ના બચાવી,
એટલે વ્યોમોહ છોડીને સુન આ રહસ્ય ગૂંઢ,
ભજ ગોવિન્દમ્ ભજ ગોવિન્દમ્ ભજ ગોવિન્દમ્..."

જે માનવ સત્યને છોડીને અસત્યમાં લાગેલા છે,જેને માયા ઠગીનીએ ઠગ્યા છે,જે અપરીવર્તનશીલને ભુલીને પરીવર્તનશીલમાં ભટકે છે. ક્ષણભંગુરના નામમાં અટકી ગયા છે, જે શિતલ જળથી પોતાની તરસ છીપાવવાના બદલે પાણીને એકત્ર કરવામાં વ્યસ્ત છે, સ્વપ્નમાં મસ્ત છે અને મૃત્યુથી ત્રસ્ત છે..એવા માનવો માટે શંકરાચાર્યજીએ મૂઢ શબ્દનો પ્રયોગ કર્યો છે.આદિ શંકરાચાર્યજી એક નિરાકાર બ્રહ્મને જાણતા તથા માનતા હતા.સંસારમાં આજસુધી જેટલા પણ બ્રહ્મજ્ઞાની તત્વદ્રષ્ટા સિધ્ધ મહાપુરૂષો થઇ ગયા તે તમામ એક નિર્ગુણ નિરાકાર બ્રહ્મના ઉપાસક હતા.ભગવાન શ્રી રામ અને ભગવાન શ્રી કૃષ્ણ પણ પોતાના સમયના નિર્ગુણ નિરાકાર બ્રહ્મને માનવાવાળા હતા,કારણ કેઃ રામાયણમાં કહ્યું છે કેઃ સિયારામ મય સબ જગ જાની,કરહું પ્રણામ જોરી જુગ પાની...!!!

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન કહે છે કેઃ પ્રકૃતિ અને પુરૂષનો સ્વામી પરબ્રહ્મ સર્વ તરફ હાથ-પગ ધરાવનાર,સર્વ તરફ આંખ,મસ્તક અને મુખ ધરાવનાર અને સર્વ તરફ કાન ધરાવનાર છે,કેમકે સંસારમાં એ સૌને વ્યાપીને સ્થિત છે.. (ગીતાઃ૧૩/૧૩) પરંતુ આદિ ગુરૂ શંકરાચાર્યજી તો ભગવાન વિષ્ણુને માનતા હતા કેઃજેમના ચાર હાથ હતા.આ સબંધમાં તેમના જ આ સ્ત્રોતના ૨૪મા શ્ર્લોકનું અનુવાદ જોઇએ..

""મારા તારા અને અન્યમાં વ્યાપ્ત એક જ વિષ્ણુ,તેથી વૃથા તું ક્રોધિત થાય છે મુજ પર અસહિષ્ણુ.. આત્મરૂપ પરમેશ્વરને જ તૂં સૌ જીવોમાં જાણ,હવેથી તૂં સર્વત્ર ત્યાગી દે ભેદભાવનું જ્ઞાન.." આનાથી સિધ્ધ થાય છે કેઃ જગતગુરૂ શંકરાચાર્યજીએ આવશ્યકતાઓ ઉપર ભાર મુક્યો છે.પરમાત્માને ફક્ત માનવાથી કામ ચાલતું નથી.માનવું એ કલ્પના હોય છે.અસત્ય હોય છે અને જાણવું એ જ્ઞાન હોય છે, વાસ્તવિકતા હોય છે.આજે સૌથી વધુ પ્રમાણમાં લોકો પરમાત્માને જાણીને નહી,પરંતુ માનીને ચાલે છે. જ્યારે તુલસીદાસજી જેવા મનિષીઓએ સ્પષ્ટરૂપમાં કહ્યું છે કેઃ-

"" જાને બિનુ ન હોઇ પરતીતિ, બિનુ પરતીતિ હોઇ નહિ પ્રીતિ " જાણ્યા વિના વિશ્વાસ આવતો નથી, વિશ્વાસ પ્રાપ્ત થાય વિના પ્રીતિ થતી નથી અને પ્રીતિ પ્રાપ્ત થયા વિના ભક્તિમાં દ્રઢતા થતી નથી. અથવા સિયારામ મય બસ જગ જાની કરહું પ્રણામ જોરી જુગ પાની... તેમને "જાની" ના બદલે "માની" નથી લખ્યું.. કેમ? કારણ કેઃ તે જાણતા હતા કેઃ જાણવામાં અને માનવામાં સત્ય-અસત્ય, દિવસ-રાત અને આકાશ-પાતાળ જેટલું અંતર છે.શંકરાચાર્યજી પોતાના સમયના બ્રહ્મજ્ઞાની હતા,પરંતુ આજે શંકરાચાર્યજીના નામધારી અનેક લોકો આપણને મળશે,જે તમામને બ્રહ્મજ્ઞાની સમજી લેવાની ભૂલ ના કરીએ.

સંત નિરંકારી મિશનના પ્રસિધ્ધ ગ્રંથ "અવતારવાણી"માં ગુરૂદેવ નિરંકારી બાબા કહે છે કેઃ

વિના દેખે મન ના માને, મન માન્યા વિના પ્રેમ નહી,
પ્રેમ વિના ના ભક્તિ થાયે, ભક્તિ વિના ઉધ્ધાર નહી..
ગુરૂ દેખાડે ગુરૂ મનાવે, ગુરૂ જ પ્રેમ શિખવાડે છે,
ગુરૂ વિનાની ભક્તિ નકામી, જીવન વ્યર્થ ગુમાવે છે..

સદગુરૂના ચરણોમાં આવી, ઇશ્વરની ઓળખાણ કરો,
"અવતાર" ગુરૂની કૃપાળુ દ્રષ્ટિ, જીવનનું કલ્યાણ કરે... (અવતારવાણી-૭૮)

લોકો માને છે કેઃ હું ગંગાજી...વગેરે તિર્થો પર જઇને વ્રત કરૂં છું..જે ભક્તિ છે, પરંતુ આદિ ગુરૂ શંકરાચાર્યજીએ તેની અનાવશ્યકતાઓનો ઉલ્લેખ કર્યો છે.તેમના મત અનુસાર જો આપણને જ્ઞાન ના થાય તો આ તમામ નાટક વ્યર્થ છે.તેમને મોહ મુગદ્દરના ૧૭મા શ્લોકમાં લખ્યું છે કેઃ

કોઇ તો કરે ગંગાસાગર માટે જ પ્રસ્થાન,
કોઇ વ્રતનું પાલન કરે અથવા દે છે દાન..
છતાં સૌનો એક મત છે, જે રહે જ્ઞાન વિહીન,
સો જન્મમાં પણ ના પામે મુક્તિ-પદ વો દીન... (ભાવાનુવાદ)

એનો અર્થ એ થયો કેઃઆપણે આજદિન સુધી વ્યર્થના કાર્યોમાં ફસાઇ રહ્યા ? હા..આપણે નદીના કિનારે ખૂંટે બાંધેલ નાવની રસ્સી તો છોડી જ નહી અને નાવને ચલાવવા લાગ્યા, ખૂબ હલેસાં માર્યા, પરસેવે રેઝબેઝ થઇ ગયા..!! અને પાછું જોયું તો નાવ ત્યાંની ત્યાં જ..!! જેમ ઘાંચીનો બળદ સેંકડો મીલની મુસાફરી કરે છે છતાં ત્યાંનો ત્યાં જ..!! આવી જ હાલત ફક્ત કર્મકાંડમાં ફસાયેલા રહે છે તે સૌની છે.

અવતારવાણી-માં કહ્યું છે કેઃ

ગંગા યમુના સરસ્વતીમાં, ન્હાવાથી જો જાતાં પાપ,
તો તો બધાં જ જળચર પ્રાણી, તરી જતાં એ આપોઆપ..
કર્મકાંડમાં ફસાઇ માનવ, પોતાનું જીવન ગુમાવે છે,
ગયો સમય પછી હાથ ના આવે, પછી એ નર પસ્તાયે છે..
સંતની સેવા સરખું ઉચું, કોઇ બીજું કર્મ નથી,
કહે "અવતાર" જ્ઞાનથી ઉંચો, કોઇ જગતમાં ધર્મ નથી..
જપ-તપથી ના જાણી શકાતો, કર્મ ધર્મથી ઘણો જ દૂર,
કહે "અવતાર" મળે જો સદગુરૂ, હટાવી પડદો દેખાડે નૂર... (અવતારવાણી)

હવે પ્રશ્ન થાય કેઃ તો પછી જ્ઞાન મળે ક્યાંથી? આ વિષયમાં શંકરાચાર્યજી પોતાના ગ્રંથોમાં બતાવ્યું છે કેઃ કોઇ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂની શોધ કરો. એવા ગુરૂ કે જે આપણને વિનમ્રતા શિખવાડીને પ્રભુ પરમાત્માનાં દર્શન કરાવે.ત્યારબાદ પોતાના ગુરૂના ચરણ કમલોના ભક્ત બની જઇએ, કેમ કેઃ જ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ જ ભક્તિનો ઉદય થાય છે. બ્રહ્મની પ્રાપ્તિ થયા બાદ જ ભ્રમોની સમાપ્તિ થાય છે. કલ્યાણની પ્રાપ્તિ માટે સંત સેવા અને પોતાના ગુરૂની આજ્ઞાનું પાલન પરમ આવશ્યક છે.

અવતારવાણી-માં કહ્યું છે કેઃ

પ્રભુ મળેના તિરથ ભ્રમણથી, મળેના ભસ્મ લગાવેથી,
જપ-તપ કરવાથી ના મળતો, મળે ના પાઠ કરાવ્યેથી,
પુરા ગુરૂના શરણમાં આવી, શીશ ઝુકાવે મળે છે નામ,
કહે "અવતાર" ગુરૂના શરણે, ક્ષણમાં મળે છે રમતો રામ..

ભગવાન શ્રી રામ અને ભગવાન શ્રીકૃષ્ણ..વગેરે પોતાના સમયના ગુરૂ જ હતા અને તેમની ભક્તિ કરવાથી જ ભક્તોનું કલ્યાણ થયું હતું. આપણે પણ ગુરૂ પાસેથી જ્ઞાન લઇ પ્રભુ પરમાત્માનાં કણકણમાં દર્શન કરવાના છે..જ્યાં સુધી ગુરૂના શાબ્દિક અર્થનો સબંધ છે.આ બે શબ્દો "ગુ" અને "રૂ" ની સંધિ છે. "ગુ" નો

અર્થ છે -અંધકાર અને "રૂ" નો અર્થ છેઃ પ્રકાશ. અજ્ઞાનને નષ્ટ કરનાર જે બ્રહ્મરૂપ પ્રકાશ છે તે ગુરૂ છે.ગુરૂ એ આધ્યાત્મિક અજ્ઞાન દૂર કરનાર આચાર્ય છે. જે અંધકારમાંથી પ્રકાશમાં લાવે અથવા જે આત્મિક અજ્ઞાનતાને દૂર કરી આત્મિક બોધ,સ્વંયમનું જ્ઞાન કરાવે તેમને ગુરૂ કહેવામાં આવે છે..

વર્તમાન સમયમાં ગુરૂ માટે સદગુરૂનો શબ્દ પ્રયોગ કરવામાં આવે છે.જ્યારે પુરાતન ગ્રંથોમાં ગુરૂ શબ્દનો જ પ્રયોગ કરવામાં આવેલ છે,તેનું કારણ એ છે કેઃ જેમ અમારા પૂર્વજો દેશી ઘી ને જ ઘી કહેતા હતા, પરંતુ જ્યારથી બનાવટી ઘી બજારમાં આવ્યું છે ત્યારથી ઘી શબ્દની આગળ દેશી ઘી કહેવું આવશ્યક બન્યું છે.જેથી બનાવટી ઘી અને દેશી ઘી ની ઓળખાણ થઇ શકે.તેવી જ રીતે જ્યારથી બનાવટી પાખંડી ગુરૂઓ ફુટી નિકળ્યા છે ત્યારથી ગુરૂની આગળ સત્ શબ્દ લગાવવો આવશ્યક થઇ ગયું છે.સદગુરૂ એટલે સત્ (પરમાત્મા) ને જાણવાવાળા હોય અને શરણે આવેલા જિજ્ઞાસુ ભક્તોને સત્ય પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી દે.સત(પરમાત્મા) સાથે જોડે તે સદગુરૂ કહેવાય છે. જે ફક્ત કોઇ મંત્ર,તિર્થ,હવન,પુસ્તક,સ્થાન,મૂર્તિ..વગેરે નાશવાન વસ્તુઓની સાથે જોડે છે તેમને સદગુરૂ કહેવામાં આવતા નથી,તેમને તો ગુરૂ ઘંટાલ જ સમજવા જોઇએ..

હરિભજન દ્વારા ઇશ્વરનો સાક્ષાત્કાર કરવો એ જ માનવ જીવનનો વાસ્તવિક ઉદેશ્ય છે. સંત કબીરજીએ સંસાર ને ચેતવણી આપી છે કેઃ આયે થે હરિભજનકો ઓટન લગે કપાસ...(કબીરવાણી)

ઇશ્વરે અમોને મનુષ્ય જન્મ પ્રભુ ભક્તિના માટે જ આપ્યો છે,પરંતુ અમો આ સંસારમાં આવીને અહીના સાંસારીક કાર્યોમાં પોતાને એટલા બધા લીન કરી બેઠા છીએ કેઃ જીવનના વાસ્તવિક ઉદેશ્ય સેવા-સુમિરણ-સત્સંગ-ભજનના માધ્યમથી ઇશ્વરની પ્રાપ્તિ કરવાનું ભુલી ગયા છીએ..

ઇશ્વરે મનુષ્યને જીવ રચનાનો શિરોમણી બનાવીને તેને બુધ્ધિ-વિવેક તથા અંતરાત્મા જેવી અનમોલ વસ્તુ પ્રદાન કરીને ઇશ્વર તેની દ્રષ્ટ્રિથી ઓજલ બની નિરાકાર રૂપમાં મનુષ્યની અંદર બિરાજમાન થયેલ છે, પરંતુ સદગુરૂ કૃપા તથા સહાયતા વિના પ્રભુ પરમાત્માનો સાક્ષાત્કાર થવો અસંભવ છે.

અવતારવાણી-માં કહ્યું છે કેઃ

કરી પ્રયત્નો હજાર જોયા પણ દ્રષ્ટ્રિમાં આવ્યો નહી,
કહે "અવતાર" ગુરૂએ જ્યાં સુધી ભેદ અમોને સમજાવ્યો નહી,
સદગુરૂ પુરાની એ જ નિશાની, પલમાં દેખાડે અંગસંગ રામ,
કહે "અવતાર" એ બ્રહ્મજ્ઞાની છે જે દેખાડે બ્રહ્મનું ધામ... (અવતારવાણી)

સંત કબીરજી તો ગુરૂનું મહાત્મય બીજા જ ઢંગથી રજૂ કરતાં કહે છે કેઃ-

ગુરૂ ગોવિંદ દોનો ખડે કાકે લાગૂં પાય,
બલિહારી ગુરૂ આપની, જિન ગોવિંદ દિયો બતાય...

ઇશ્વર અને સદગુરૂ બંન્ને મારી સમક્ષ વિધમાન છે,પરંતુ મારા પ્રથમ નમન સદગુરૂના ચરણોમાં જ થશે,કે જેમની અપાર કૃપાથી જ હું ઇશ્વરનો સાક્ષાત્કાર કરી શકવામાં સમર્થ બન્યો છું.સદગુરૂ આ ધરતી ઉપર ઇશ્વરનો દૈવી પ્રતિનિધિ હોય છે,કે જેના માધ્યમથી જ અમો જેવા અજ્ઞાની જીવો અમારા આત્માને ઇશ્વરરૂપી સાગરમાં લીન કરી શકીએ છીએ.આધ્યાત્મિક જ્ઞાનની પ્રાપ્તિના માટે સમયના સદગુરૂના શરણમાં જવું અનિવાર્ય છે.મનુષ્ય ગમે તેટલા પ્રયત્નો કરે તેમ છતાં સદગુરૂ કૃપા વિના આત્મજ્ઞાન-બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થતું નથી.

આ સંસારમાં ફક્ત ગુરૂ શિષ્યનો સબંધ જ પૂર્ણતયા નિઃસ્વાર્થ હોય છે.સદગુરૂ પોતે પૂર્ણ હોય છે તથા ડગલે

ને પગલે અમારી સહાયતા તથા માર્ગદર્શન સ્વાર્થ વિના જ કરતા હોય છે.સદગુરૂ અમારૂં ઉત્તરદાયિત્વ પોતાના શિરે લઇ અમોને કાળના ક્રૂર પંજામાંથી છોડાવી અમારી આત્માને પોતાનું નિરાકાર રૂપ પ્રદાન કરતા હોય છે.સદગુરૂ કૃપાથી પ્રભુ પરમાત્માનાં દર્શન કરી માનવજીવનનો ઉદેશ્ય પ્રાપ્ત કરી આ અસાર સંસાર(ભવસાગર)માં સદગુરૂ રૂપી કુશળ નાવિકની નૌકામાં અવતરણ કરી જન્મ-મરણના આવાગમનથી છુટકારો મેળવી મોક્ષ પ્રાપ્ત કરી શકીએ છીએ.

આવા પરમગુરૂના ચરણોમાં લાગીને તુલસીદાસજીની જેમ ગાવાનું છે કેઃ- જાઉં કહાં તજી ચરણ તિહારો...

જ્યાં ચરણની વાત આવે છે ત્યાં સમજી લેવાનું કેઃ તે વાત સદગુરૂના માટે જ કહેવામાં આવી છે, કારણ કેઃ રામ(બ્રહ્મ) તો...

બિનું પદ ચલઇ સુનઇ બિનું કાના, કર બિનુ કરમ કરઇ બિધિ નાના,
આનન રહિત સકલ રસ ભોગી, બિન બાની બક્તા બડ જોગી...!! (રામચરીત માનસઃ૧૧૭/૩)

આવું તેમનું સ્વરૂપ છે...!!

અવતારવાણીમાં કહ્યું છે કેઃ-

કાન વિના પ્રભુ સૌનું સાંભળે, હાથ વિના કારભાર કરે,
પગ વિના પ્રભુ હરતા ફરતા, અને પર્વતને પાર કરે..
નાક વિના પ્રભુ સૂધીં શકતા, જીભ વિના રાગ ગાય છે,
આંખ વિના પ્રભુ દેખે સઘળું, મોઢા વિના પણ ખાયે છે..
આમ તો આનું રૂપ નથી પણ, રૂપ લઇને આવે છે,
કહે "અવતાર" અલખની ઓળખ, સદગુરૂ પોતે કરાવે છે.. (અવતારવાણી-૨૫૬)

આ વાત શંકરાચાર્યજીએ ૩૨ મા શ્લોકમાં કહી છે કેઃ

ગુરૂ ચરણામ્બુજ નિર્ભર ભક્ત... તેનું ગુજરાતી ભાવાનુવાદ જોઇએ..

શ્રી ગુરૂદેવ ચરણ પંકજનો બની નિર્ભર ભક્ત,
આ અસાર સંસારથી તૂં બન અવિલંબ વિમુક્ત,
ઇન્દ્રિયયુત મનનું નિયમન કર આ પ્રકાર,
જોઇ શકીશ હૃદય સ્થિત ઇશ્વરને અનિર્વાર..

ધર્મશાસ્ત્રમાં જ્ઞાન પ્રાપ્તિના આઠ અંતરંગ સાધનોના માધ્યમથી જ્ઞાન પ્રાપ્તિની પ્રચલિત પ્રક્રિયાનું વર્ણન કરવામાં આવેલ છે.

(૧) વિવેકઃ સત્ અને અસત્ ને અલગ-અલગ જાણવા એ વિવેક છે.

(૨) વૈરાગ્યઃ સત્ અને અસત્ ને અલગ અલગ જાણીને અસત્ નો ત્યાગ કરવો,એટલે કેઃસંસારથી વિમુખ થવું એ વેરાગ્ય છે.

(૩) શમ..વગેરે ષટ્સંપત્તિ..શમ..દમ..શ્રધ્ધા..ઉપરતિ..તિતિક્ષા અને સમાધાન..

મન અને ઇન્દ્રિયોઓને વિષયોમાંથી હટાવવી એ દમ છે.

ઇશ્વર..શાસ્ત્ર..વગેરે ઉપર પૂજ્ય ભાવપૂર્વક પ્રત્યક્ષથી પણ વધારે વિશ્વાસ રાખવો એ શ્રધ્ધા છે.

વૃત્તિઓનું સંસાર તરફથી હટી જવું એ ઉપરતિ છે..

શરદી-ગરમી,સુખ-દુઃખ,માન-અપમાન...વગેરે દ્વંન્દ્રોને સહન કરવાં તેમની ઉપેક્ષા કરવી તે તિતિક્ષા છે.

અંતઃકરણમાં શંકાઓ ના રહેવી એ સમાધાન છે..

(૪) મુમુક્ષતાઃ સંસારથી છુટવાની ઇચ્છાને મુમુક્ષતા કહે છે.

(૫) શ્રવણઃ મુમુક્ષતા જાગૃત થાય બાદ પદાર્થો અને કર્મોનો સ્વરૂપથી ત્યાગ કરીને શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરૂની પાસે નિવાસ કરતા રહીને,શાસ્ત્રોને સાંભળીને તેના તાત્પર્યનો નિર્ણય કરવો તથા તેને ધારણ કરવો તેને શ્રવણ કહે છે.શ્રવણથી પ્રમાણગત સંશય દુર થાય છે.

(૬) મનનઃ પરમાત્માનું યુક્તિ-પ્રયુક્તિઓથી ચિન્તન કરવું એ મનન છે.મનનથી પ્રમેયગત સંશય દૂર થાય છે.

(૭) નિદિધ્યાસનઃ સંસારની સત્તાને માનવી અને પરમાત્માની સત્તાને ના માનવી એ વિપરીત ભાવના કહેવાય છે.વિપરીત ભાવના હટાવવી એ નિદિધ્યાસન છે.

(૮) તત્વ પદાર્થ સંશોધનઃ પ્રાકૃત પદાર્થ માત્ર સાથે સબંધ વિચ્છેદ થઇ જાય અને ફક્ત એક ચિન્મય તત્વ શેષ રહી જાય એ તત્વપદાર્થ સંશોધન છે.

આ પરમતત્વને પ્રાપ્ત કરવાની વિધિ બતાવતાં ભગવાન શ્રી કૃષ્ણજી ગીતા(૪/૩૪)માં કહે છે કેઃ

તમામ કર્મો જ્ઞાનમાં સમાપ્તિને પામે છે એ જ્ઞાનને તૂં તત્વદર્શી જ્ઞાનીજનો પાસે જઇને જાણી લે.એમને યોગ્ય રીતે દંડવત્ પ્રણામ કરવાથી,તેમની સેવા કરવાથી તેમજ કપટ છોડીને સરળ ભાવે પ્રશ્ન પૂછવાથી પરમાત્મા તત્વને બરાબર ઓળખનારા એ જ્ઞાની મહાત્માજનો તને એ તત્વજ્ઞાનનો ઉપદેશ આપશે.જ્ઞાનના આ માધ્યમથી તૂં તમામ ભૂતોમાં નિઃશેષ ભાવથી પહેલાં પોતાનામાં અને પછી મારા નિર્ગુણ નિરાકાર સ્વરૂપમાં જોઇશ.. (શ્રીમદ્ ભગવદ્ ગીતાઃ૪/૩૪)

સદગુરૂની કૃપાથી જ મનમાં વિધમાન અજ્ઞાનરૂપી અંધકાર દૂર થાય છે અને જ્ઞાનનો પ્રકાશ થતાં તમામ ભ્રમો-સંશયો દૂર થાય છે.સદગુરૂ વિના પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત થઇ શકતું નથી એ વાતનું પ્રમાણ ધર્મગ્રંથોમાં મળે છેઃ નારદજી જ્યારે વૈકુંઠમાં ગયા તો તેમને અંદર જવાની પરવાનગી ના મળી,કારણ કેઃ નારદજીને કોઇ ગુરૂ ન હતા,જ્યારે તેમને ગુરૂ ધારણ કર્યા ત્યારે તેમને વેકુંઠમાં પ્રવેશ મળ્યો. વેદ વ્યાસજીના પૂત્ર શુકદેવજીને માતાના ગર્ભમાંથી જ બ્રહ્મજ્ઞાન હતું, એટલા માટે તેમને ગુરૂ ધારણ કર્યા ન હતા,તેથી તેમને પણ વૈકુંઠમાં જવાની પરવાનગી મળી ન હતી.પરમપિતા પરમાત્માના રહસ્યની જાણકારીના માટે તેમને રાજા જનકને ગુરૂ ધારણ કર્યા હતા.આમ, ગુરૂ તમામના માટે અત્યંત આવશ્યક છે.

ભગવાન વિષ્ણુના અવતાર શ્રી રામચંદ્રજીએ પણ બ્રહ્મર્ષિ વશિષ્ઠજીને ગુરૂ તરીકે ધારણ કર્યા હતા. પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણજીએ મહાત્મા સાંદિપનીજીને ગુરૂ તરીકે ધારણ કર્યા હતા.અર્જુનને ભગવાન શ્રી કૃષ્ણજીએ..સ્વામી વિવેકાનંદજીને રામકૃષ્ણ પરમહંસજીએ બ્રહ્મજ્ઞાન આપ્યું હતું.

ગોસ્વામી તુલસીદાસજી રામચરીત માનસમાં લખે છે કેઃ

!! ગુરૂ બિન ભવનિધિ તરહિં ન કોઇ, જો બિરંચી શંકર સમ હોઇ...!!

આ સંસાર એક તોફાની સાગર છે તેને પાર કરવા માટે સદગુરૂ જહાજ છે તથા કપ્તાન છે.સદગુરૂ વિના કોઇ ભવસાગર પાર ઉતરી શકતો નથી.તેમની કૃપાથી જ અમે પરમાત્માનાં દર્શન કરી શકીએ છીએ.તમામ શાસ્ત્રો આત્મજ્ઞાન-બ્રહ્મજ્ઞાનની ચર્ચા કરે છે પરંતુ સદગુરૂ વિના ધર્મશાસ્ત્રોનો ઉપદેશ સમજમાં આવતો નથી.

સદગુરૂ એ માતા-પિતા-સ્વામી તથા પરમેશ્વર છે.સુખ પ્રદાન કરનાર સાચા મિત્ર છે.જે ક્યારેય સાથ છોડતા નથી.ગુરૂ તમામ પાપોનો નાશ કરનાર પતિત પાવન છે.સદગુરૂનો મંત્ર હરિનો મંત્ર છે.જેના જપવાથી જીવનો ઉધ્ધાર થાય છે.સદગુરૂ મળ્યા પછી તેમની આજ્ઞા અને ઇચ્છામાં ચાલવું શિષ્યના માટે અતિ

આવશ્યક છે.ગુરૂની મહિમાનું પૂર્ણ વર્ણન વેદ..આદિ ધર્મશાસ્ત્રો પણ કરી શકતા નથી.ગુરૂને વેદોમાં ઇશ્વરનું રૂપ માન્યું છે.

ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ ગુરૂ દેવો મહેશ્વર,
ગુરૂ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ !!

ગુરૂગીતામાં કહ્યું છે કેઃ

ગુરૂથી અધિક તત્વ અર્થાત્ ઇશ્વર નથી,ગુરૂથી અધિક કોઇ તપ નથી અને ગુરૂથી અધિક કોઇ જ્ઞાની નથી. ગુરૂદેવના કૃપા પ્રસાદથી બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.જેવી રીતે સ્વેચ્છાચારી સ્ત્રી પોતાના પ્રેમી પુરૂષનું ચિન્તન કરે છે તેવી રીતે હંમેશાં પોતાના ગુરૂદેવનું ધ્યાન કરવું જોઇએ.

માનવને ડગલેને પગલે ગુરૂની આવશ્યકતા પડે છે.વર્તમાન સમયમાં સાત પ્રકારના ગુરૂઓ જોવા મળે છે.

(૧) સૂચક ગુરૂઃ ફક્ત ધર્મગ્રંથોની સૂચના આપે છે.

(૨) વાચક ગુરૂઃ વર્ણાશ્રમ..ધર્મ-અધર્મ ઉપર વ્યાખ્યાન આપે છે.

(૩) બોધક ગુરૂઃ ફક્ત મંત્ર આપે છે.

(૪) નિષિધ્ધ ગુરૂઃ સંમોહન..મારન..વશીકરણ..વગેરે તુચ્છ મંત્રોનું જ્ઞાન આપે છે.

(૫) વિહિત ગુરૂઃ સંસારમાંના દુઃખ અને નશ્વરતા સમજાવી વૈરાગ્યનો માર્ગ બતાવે છે.

(૬) કારણ ગુરૂઃ મહામંત્રનો આદેશ આપીને સાંસારીક રોગ દૂર કરે છે.

(૭) પરમ ગુરૂઃ પરમાત્માનાં અંગસંગ દર્શન કરાવી દે છે.જે અહંકાર શૂન્ય તથા શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ હોય છે. આવા ગુરૂએ આપેલ જ્ઞાનથી જ શિષ્યનું કલ્યાણ થાય છે.ઘણા જન્મોના પુણ્યોથી આવા પરમ ગુરૂ મળે છે.જેને આવા ગુરૂ મળે છે તે જન્મ-મરણના ચક્કરમાંથી મુક્ત થાય છે.

આ બધી વાતો વાંચી પ્રશ્ન થાય કેઃ શું આપની દ્રષ્ટિમાં એવો કોઇ ગુરૂ છે જે સત્ય પરમાત્માની સાથે જોડે અને મને લક્ષચૌરાશીના આવાગમનથી મુક્ત કરી શકે,જેમના ચરણોની ભક્તિ કરવાથી મારૂં જીવન સાર્થક થાય ? જો આવી જિજ્ઞાસા હોય તો સંપર્ક કરજો,આપે જિજ્ઞાસા અને વિશ્વાસનું પ્રમાણ આપવું પડશે.શંકરાચાર્યજીએ જિજ્ઞાસાને વેરાગ્ય કહ્યો છે.વૈરાગ્ય અને વિશ્વાસની બે પાંખોથી ઉંડીને સદગુરૂના શ્રી ચરણોમાં પહોચી શકાય છે.....

..................................................................................................................................

## સુવિચાર

- કીમત પાણીની નહિ તરસની થાય છે...કિંમત મૃત્યુની નહિ શ્વાસની થાય છે,
- સત્ય બોલવાનો સૌથી મોટો લાભ એ છે કે, આપણે એ યાદ નથી રાખવું પડતું કે મેં પહેલાં શું કહ્યું હતું.
- આ પૃથ્વી પર બે જણા સુખી છે: એક બાળક અને બીજો ગાંડો...! તમારું લક્ષ્ય સિદ્ધ કરવા ગાંડા બનો અને પછી તમારી પાસે જે કઈ છે તે માણવા બાળક બનો.
- અભિમાનથી માનવી ફુલાઈ શકે છે...ફેલાઈ શકતો નથી.
- તમારા કદીયે નિષ્ફળ ન જનારા મિત્રોમાં પુસ્તકો સૌથી મોખરે છે.
- વિવેક એ મનુષ્યની જીવનરૂપી ગાડીની 'હેડલાઈટ' છે. એના અજવાળે જ અંધકારરૂપી વિપરીત પરિસ્થિતિઓમાં માર્ગ કાપી શકાય છે. 'ઓવરટેઈક' કરવાની ક્ષમતા પ્રાપ્ત થાય ત્યારે વિવેક ચૂકવો ન જોઈએ. વિવેકનો ઉપયોગ કરીને માનવીએ નમ્રતાપૂર્વક જીવનમાં આગળ વધવું જોઈએ.

- અજ્ઞાની વ્યક્તિ દુઃખનું કારણ શોધે છે, જયારે જ્ઞાની વ્યક્તિ દુખનું નિવારણ શોધે છે.
- જે ખુશી આપણે પ્રાપ્ત કરીએ છીએ તેનો શ્રમ લાગે છે પણ જે ખુશી બીજાને આપીએ છીએ તેનો શ્રમ ક્યારેય લાગતો નથી.
- ક્યારેક નાના નિર્ણયો પણ જીવનમાં કાયમ માટે પરિવર્તન લાવી દેતા હોય છે.
- મૃત્યુ એ વાસ્તવમાં મૃત્યુ નથી હોતુ એ તો જીવન પછીના જીવનની વચ્ચેનો માત્ર એક પડદો હોય છે.


સંકલનઃ



શ્રી વિનોદભાઇ મંગળભાઇ માછી "નિરંકારી"

નવીવાડી,તા.શહેરા,જિ.પંચમહાલ,વાયાઃગોધરા

પિનકોડ:૩૮૯૦૦૧.ફોન:૯૭૨૬૧૬૬૦૭૫(મો)

e-mail: vinodmachhi@gmail.com